
જુગારી



ફ્યોદોર દોસ્તોયેવ્સ્કી

અનુવાદ : રવીન્દ્ર ઠાકોર

ગૂર્જર વિશ્વસાહિત્ય શ્રેણી

જુગારી

ફ્યોદોર દોસ્તોયેવ્સ્કી

અનુવાદક :

રવીન્દ્ર ઠાકોર

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧

JUGARI
Gujarati Translation of Dostoyevsky's classic novel
'GAMBLER', by Dr. Ravindra Thakore
Published by Gurjar Grantha Ratna Karyalaya,
Opp. Ratanpolnaka, Gandhi Road,
Ahmedabad (India) - 380 001
Present Reprint : 2004

પહેલી આવૃત્તિ : ૧૯૯૩
પુનર્મુદ્રણ : ૨૦૦૪

પૃષ્ઠસંખ્યા : ૬ + ૨૦૬

કિંમત : રૂ. ૯૦.૦૦

પ્રકાશક
અમરભાઈ ઠાકોરલાલ શાહ
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧

ટાઇપસેટિંગ
વિક્રમ કમ્પ્યુટર સેન્ટર
એ-૧, વિક્રમ એપાર્ટમેન્ટ,
શ્રેયસ ક્રૉસિંગની પાસે, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦ ૦૧૫

મુદ્રક
ભગવતી ઑફસેટ
૧૫/સી, બંસીધર એસ્ટેટ, બારડોલપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૪

અર્પણ

મારી અનુવાદપ્રવૃત્તિના પ્રણેતા

આચાર્યશ્રી વિ. જે. ત્રિવેદી

શ્રી ભૂપત વડોદરિયા

ને

ગૂર્જર વિશ્વસાહિત્ય શ્રેણી

નોબલ ઇનામપ્રાપ્ત પુસ્તકો અને જગતસાહિત્યની શ્રેષ્ઠ નવલકથાઓ

ત્રેવડા વળનો દોર (દ.આ.)	એલેક્સ લા ગુમા, અનુ. અશોક હર્ષ	૨૪
જીવાદોરી (જિપ્સી)	માતીઓ મૅક્સીમોફ, અનુ. અશોક હર્ષ	૩૨
ડેવિડ કોપરફિલ્ડ (અંગ્રેજી)	ચાર્લ્સ ડિકન્સ, અનુ. ડૉ. રવીન્દ્ર ઠાકોર	૬૪
પાસ્કુઅલ ડ્યુરેટનો પરિવાર (સ્પેનિશ)	અનુ. ડૉ. રવીન્દ્ર ઠાકોર	૩૨
સમણાંભેરુ (અમેરિકી)	જ્હૉન સ્ટાઈનબેક, અનુ. ડૉ. રવીન્દ્ર ઠાકોર	૩૦
સ્વિસ પરિવાર રોબિન્સન (સ્વિસ)	યોહાન વ્હિઝ, અનુ. રવીન્દ્ર ઠાકોર	૮૦
અપહ્યત (અંગ્રેજી)	રોબર્ટ લૂઈસ સ્ટીવન્સન, અનુ. ડૉ. રવીન્દ્ર ઠાકોર	૭૦
ધ ફૉલ (ફ્રેંચ)	આલ્બેર કામૂ, અનુ. ડૉ. રવીન્દ્ર ઠાકોર	૪૮
સિદ્ધાર્થ	હુસૈન હેસ્રી, ડૉ. રવીન્દ્ર ઠાકોર	૬૦
સૌંદર્યો હજુ જન્મ્યાં નથી (ઘાના)	યી ક્વે આર્મ્હ, અનુ. ડૉ. પ્રવીણ દરજી	-
હાઈડી (સ્વિસ)	યોહાન્ના સ્પ્યુરી, અનુ. ડૉ. હસુ યાજ્ઞિક	૫૦
એક અસાધારણ ઘટના (રૂસી)	દોસ્તોયેવ્સ્કી, અનુ. ડૉ. યુવા અય્યર	૩૫
ધૂંધવાતી આગ (સ્પેનિશ)	ગેબ્રીઅલ ગાર્શીયા માર્કવેઝ, અનુ. નિરંજન ત્રિપાઠી	૩૯
હકલબરી ફિનનાં પરાક્રમો (અમેરિકી)	માર્ક ટ્વેઈન અનુ. ધીરુબહેન પટેલ	૯૬
ટૉમ સોયરનાં પરાક્રમો (અમેરિકી)	માર્ક ટ્વેઈન, અનુ. ધીરુબહેન પટેલ	૭૨
અસૂયા (ફ્રેન્ચ)	જ્યોર્જ સિમેનોં, અનુ. બિપિન પટેલ	૩૪.૫૦
શૂટિંગ પાર્ટી (રૂસી)	એન્તન ચેખોવ, અનુ. હોરમઝદિયાર દલાલ	૪૬
બરાબસ (સ્વિડન)	પીરલેગર ક્વિસ્ટ, અનુ. હોરમઝદિયાર દલાલ	૫૦
ક્વો વાડિસ ? (પોલેંડ)	હેન્રિક સેયેન્કવેવિચ, અનુ. ફાધર જે. કે. ડાભી	૧૪૦
પચ્ચીસમો કલાક (રૂમાનિયન)	વર્જિલ ઘોર્ઘ્યૂ, અનુ. કાંતિલાલ શાહ	૧૪૦
પ્લેગ (ફ્રેંચ)	આલ્બેર કામૂ અનુ. રાજેન્દ્ર જોશી	૧૨૬
લાડલી (અમેરિકી)	ટોની મોરિસન, અનુ : બલવંત નાયક	૧૭૫
મુકદમો (જર્મન)	ફ્રાન્ઝ કાફ્કા અનુ. ડૉ. રવીન્દ્ર ઠાકોર	૧૧૦

પ્રકાશકીય

ગૂર્જર વિશ્વસાહિત્ય શ્રેણીનું, વિશ્વવિખ્યાત વિદેશી નવલકથાના ગુજરાતી ભાષાન્તરનું આ ૨૩મું પ્રકાશન છે. એ ઉપરાંત વિશ્વની શ્રેષ્ઠ ટૂંકી વાર્તાઓનાં વિષયાનુસારી સંપાદન અને ગુજરાતી ભાષાન્તરનાં ૧૧ પ્રકાશનો પણ પ્રગટ થયાં છે.

અહીં વિશ્વખ્યાત રશિયન નવલકથાકાર દોસ્તોયેવ્સ્કીની નવલકથા 'ધ ગેમ્બલર'નું ડૉ. રવીન્દ્ર ઠાકોરકૃત ગુજરાતી ભાષાન્તર આપ્યું છે. અમારી આ શ્રેણીમાં સાધારણ રીતે અમે કર્તા અને કૃતિ વિશેની, આ શ્રેણીના સંપાદક ડૉ. હસુ યાજ્ઞિકની અભ્યાસભૂમિકા આપીએ છીએ. આ પહેલાં પ્રગટ થયેલી દોસ્તોયેવ્સ્કીની નવલકથા 'એક અસાધારણ ઘટના'માં અભ્યાસભૂમિકા આપી છે. તેથી અહીં કર્તા વિશેનો ભૂમિકાલેખ આપ્યો નથી. પરંતુ ડૉ. વિજય શાસ્ત્રીનો કૃતિનિષ્ઠ અભ્યાસનો લેખ છે જ, તે વાચકોને કૃતિના હાર્દ સુધી પહોંચવામાં જરૂર ઉપયોગી થશે.

અમારી આ શ્રેણીનાં અન્ય પુસ્તકોની જેમ આ પુસ્તકને પણ સહુનો ઉષ્માપૂર્ણ આવકાર મળશે, એવી અમને શ્રદ્ધા છે.

– પ્રકાશક

પ્રશિષ્ટ નવલકથા 'જુગારી'

ફ્યોદોર દોસ્તોયેવ્સ્કી રશિયાના મૂર્ધન્ય નવલકથાકાર છે અને તેમની અનેક પ્રશિષ્ટ કૃતિઓના અનુવાદો જગતભરની ભાષાઓમાં થયા છે. 'ગેમ્બલર – જુગારી' તેમની પ્રશિષ્ટ કૃતિઓમાંની એક છે. માત્ર ચાર સપ્તાહમાં જ પૂર્ણ થયેલી આ નવલકથામાં ભ્રમણાની સઘનતા તથા વ્યર્થતાનું નિરૂપણ થયું છે. દોસ્તોયેવ્સ્કીની આ નવલકથા સ્વાનુભવ આધારિત છે. આની રચનાની પૂર્વે થોડાં વર્ષ પહેલાં જ એપોલ્લિનારિયા સુસ્લોવાને પારિસ મળવા દોડી ગયેલા દોસ્તોયેવ્સ્કી આત્મસ્ફુરણના બળે વિએસ્બેડન રોકાયા અને રૂલેટ્ટ - જુગાર - રમવાનું તેમને પ્રલોભન થયું અને ત્યાં જ તે સંપૂર્ણતઃ ફસાયા. જુગારીનાં ટેબલો પરની સૃષ્ટિમાંથી જ તેમણે દાદીમા તથા મૂર્ખ, અર્થલોભી મેડમઝે'લ બ્લાન્ચ જેવાં સ્મૃતિમાં કંડારાયેલાં રહે તેવાં પાત્રો ઉપાડી ઉપસાવ્યાં. ઉલ્લાસ અને હતાશાથી ઘેરાયેલો આ કથાનો નાયક 'પોતાની રીતે જ એક કવિ છે.' જ્યારે પોલિનામાં દોસ્તોયેવ્સ્કીએ તેની અનુગામી નવલકથાઓમાં સદાય ઝળૂંબતી ગર્વિષ્ઠ યુવતીનું અતિશય નજાકતભર્યું ચિત્ર નિરૂપ્યું છે.

આ નવલકથા તેનાં માનવીય સંઘર્ષ-અંતરમનોમંથનને કારણે દોસ્તોયેવ્સ્કીની પ્રશિષ્ટ રચના બની છે.

જુગારી

•

અનુ. રવીન્દ્ર ઠાકોર

૧

આખરે, બે સપ્તાહની મારી અનુપસ્થિતિ પછી હું પાછો ફર્યો છું. પરમ દિવસથી અમારી મંડળી રૂલેટ્ટનબર્ગમાં છે. મેં ધાર્યું હતું કે તે સહુ અવર્ણનીય ઉત્કંઠાથી મારી પ્રતીક્ષા કરતાં હશે, પણ તે મારો ભ્રમ હતો. જનરલે મારી ભણી ઠંડી ઉદાસીનતાથી નિહાળ્યું, થોડાક મીઠા શબ્દો બોલ્યો અને પછી મને તેની બહેન પાસે મોકલ્યો. તે તો સ્પષ્ટ વરતાતું હતું કે તેમણે ક્યાંકથી થોડાક પૈસા ઉછીના લીધા હશે. મારી સામે જોતાં પણ જનરલ શરમાતો હતો તેમ મને લાગ્યું. મારિયા ફિલિપ્પોવ્ના અતિ કાર્યરત હતી અને મારી સાથે તેણે થોડીક વાતચીત કરી. જો કે, તેણે પૈસા લીધા, તે ગણ્યા અને મારે જે કૈં કહેવાનું હતું તે બધું જ સાંભળ્યું. પેલા ઠિંગુજી ફ્રેંચ મેઝેન્ત્સોવ અને કોઈ અંગ્રેજ અને અન્યની ખાણા માટે રાહ જોવાતી હતી. હંમેશાં, જ્યારે જ્યારે પૈસા મળતા ત્યારે મિજબાની યોજાતી, મૉસ્કોમાં યોજાતી તેમ જ. પોલિના એલેક્સેન્ડ્રોવ્નાએ મને જોતાંવેંત જ પૂછ્યું કે મને આટલી બધી વાર કેમ થઈ અને પછી મારો ઉત્તર સાંભળ્યા વિના જ તે ચાલી ગઈ. અલબત્ત, તેણે સહેતુક જ આમ કર્યું. અમારે વાત તો કરવી જ પડવાની. ઘણુંબધું એકઠું થઈ ગયું હતું.

હોટેલને ત્રીજે મજલે મને એક નાનો ઓરડો અપાયો હતો. હું જાણે કે જનરલના પરિવારનો હોઉં તેવું મનાતું હતું. તેમણે કોઈ પણ પ્રકારે આવો પ્રભાવ પાડવાનો પ્રબંધ કર્યો હતો તેની પ્રતીતિ બધી રીતે જ થતી હતી. અહીં સહુ જનરલને સમૃદ્ધ અને જાજરમાન વ્યક્તિ માનતા હતા. ખાણા પહેલાંય, બીજા બધાં કામો સાથે તેણે મને બે હજાર ફ્રાન્કની નોટો છૂટી

કરાવવાનું કામ સોંપ્યું. મેં તે હોટેલમાં જ છૂટી કરાવી. હવે તે બધા, કમસે કમ એક સપ્તાહ માટે અમને કરોડપતિ માનશે. હું, મિશા તથા નાડ્યાને બોલાવીને તેમને બહાર ફરવા લઈ જવા માગતો હતો, પણ જેવાં અમે નીચે આવ્યાં કે જનરલે મને બોલાવ્યો. હું તેમને ક્યાં લઈ જતો હતો તે પૂછવું તેને અનિવાર્ય લાગ્યું. નિઃશંક, તે માણસ મારા ચહેરા સામે જોઈ શકવા સમર્થ નહોતો. જો કે તેને તેમ કરવું ઘણું ગમતું પણ હું હંમેશાં એવી હેતુભરી દષ્ટિથી ઉત્તર આપતો એટલે કે એવો અપમાનજનક ઉત્તર આપતો કે તેથી તે અસ્વસ્થ બનતો. તે મોટી મોટી બડાશભરી વાતો કરી, એક વાક્યની સાથે સાથે જ બીજું વાક્ય બોલી મને સમજાવવા પ્રયત્ન કરતો અને છેવટે તે સાવ ગૂંચવાઈ જતો અને મારે રેલવેસ્ટેશનથી થોડે દૂર આવેલા કોક બાગમાં છોકરાઓને ફરવા લઈ જવું પડતું. અંતે, તે ગુસ્સે થતો અને ગમે તેમ બોલતો, 'નહિતર તું તેમને કદાચ સ્ટેશને લઈ જાય અથવા તો ત્યાં આવેલા જુગારના ઓરડાઓના જુગારનાં ટેબલો પર પણ લઈ જાય. મને માફ કરજે.' તેણે કહ્યું, 'પણ તું હજી જરાક બેજવાબદાર છે અને જુગાર રમી શકે તેવો છે. જે હોય તે, હું તારો સલાહકાર નથી અને મારે તે બનવું પણ નથી, પણ કૈં નહિ તો મારા સંતોષ ખાતર મને એવી ઇચ્છાનો અધિકાર ખરો કે તું ન રમે.'

'ખરેખર તો મારી પાસે પૈસા જ નથી,' મેં શાંતિથી ઉત્તર આપ્યો. 'અને ગુમાવતાં પહેલાં માણસ પાસે થોડા પૈસા તો હોવા જોઈએ ને !'

'તને તે સત્વરે મળશે.' જનરલે સહેજ હતાશભર્યા ચહેરે કહ્યું. તેણે તેનું ટેબલ ફંફોસ્યું અને એક ડાયરી તપાસી અને તેમાં લખ્યું હતું કે લગભગ એક સો વીસ જેટલા રુબલ્સ હું તેની પાસે માગતો હતો.

'પણ આપણે આ પતાવટ કરીશું કેવી રીતે ?' તેણે વાતનો પ્રારંભ કર્યો; 'આપણે તેને થેલર્સ[1] માં બદલવા પડશે – આ સો થેલર્સ છે. તે આશરે આપું છું. અલબત્ત, બાકીના થેલર્સ તને મળશે જ.'

---

૧. ચાંદીનો જર્મન સિક્કા.

કશું જ બોલ્યા વિના મેં પૈસા લઈ લીધા.

'મેં કૈં કહ્યું તેનું મહેરબાની કરી ખોટું ન લગાડતો. તું ખૂબ લાગણીશીલ છે. પણ હું જે કહું છું તે તારા સારા માટે. અને એમ કરવાનો મને હક તો છે જ.'

જ્યારે હું, ખાણા પહેલાં બાળકો સાથે ઘર પાછો ફરતો હતો, ત્યારે રસ્તામાં મને વિધિસરનું સરઘસ મળ્યું. અમારી મંડળી આ કે તે ખંડેરો જોવા જતી હતી, બે ભવ્ય બગીચાઓ, પ્રભાવશાળી ઘોડાઓ ! મેડમઝે'લ[૧] બ્લાન્ચ એક બગીમાં મારિયા ફિલિપ્પોવ્ના અને પોલિના સાથે હતી. પેલો ફ્રેંચ, અંગ્રેજ અને અમારો જનરલ તે બધાએ ઘોડાઓ પર સવારી કરી હતી. પસાર થતાં લોકો આ નિહાળવા ઊભા રહેતા. તેણે એક ઉત્તેજના સર્જી હતી, પણ જનરલને તેનાથી કશો લાભ થવાનો નહોતો. મેં ગણતરી કરી કે જે ચાર હજાર ફ્રાન્ક હું લાવ્યો હતો તેમાં તેમણે જે કૈં ઉછીના લીધા હતા તે બધા ઉમેરીએ તો બધા મળી તેમની પાસે સાત કે આઠ હજા ફ્રાન્ક થાય પણ તે મેડમઝે'લ બ્લાન્ચ માટે પૂરતા નહોતા.

મેડમઝે'લ બ્લાન્ચ પણ અમારી હોટેલમાં તેની માતા સાથે રહેતી હતી. અમારો પેલો ફ્રેંચ પણ આસપાસમાં જ રહેતો હતો. નોકરો તેને કાઉન્ટ અને મેડમઝે'લ બ્લાન્ચની માતાને કાઉન્ટેસ કહેતા. કદાચ તે બંને ખરેખર કાઉન્ટ અને કાઉન્ટેસ હોય.

હું જાણતો હતો કે જ્યારે અમે ખાણા માટે એકત્રિત થશું ત્યારે કાઉન્ટ મને અવગણશે. અલબત્ત, અમારો પરિચય કરાવવાનો કે તેની સાથે મારી ઓળખાણ કરાવવાનો વિચાર જનરલ ક્યારેય નહિ કરે. અને કાઉન્ટ રશિયા જઈ અવ્યો હતો અને તે જાણતો હતો કે જેને તેઓ પરાયો કહેતા તે તો ત્યાં સાવ નગણ્ય પ્રાણી હતો. વળી, તે મને સુપેરે ઓળખતો હતો, પણ મારે કબૂલવું જોઈએ કે અનામંત્રિત તરીકે હું ખાણામાં ઉપસ્થિત થયો હતો. હું માનું છું કે વ્યવસ્થા કરવાનું જનરલ ભૂલી ગયો હશે, નહિતર તેણે મને નિયત કરેલા પૈસામાં અપાતા સામાન્ય ભોજન માટે મોકલ્યો હોત. હું સ્વયં

---

૧. ફ્રેંચભાષી અપરિણીત સ્ત્રી.

ઉપસ્થિત રહ્યો હતો અને જનરલ તિરસ્કૃત નજરે મને જોઈ રહ્યો. ભલી મારિયા ફિલિપ્પોવ્નાએ સત્વરે જ મને મારે ક્યાં બેસવું તે કહ્યું. પણ આસ્ત્લે સાથેના મારા મિલને મને ઉગારી લીધો અને મંડળી માટે મારું અસ્તિત્વ કમનનું છતાંય ફરજિયાત હોય તેવું સાબિત થયું.

આ અપરિચિત અંગ્રેજને હું સૌ પ્રથમ પ્રુશિયામાં, ટ્રેનના ડબ્બામાં મળ્યો હતો. ડબ્બામાં અમે એકબીજાની સામસામે બેઠા હતા. હું મારી મંડળીને મળવા જતો હતો. પછી ફ્રાન્સ જતાં મને તેનો ભેટો થયો અને છેવટે સ્વિત્ઝર્લેન્ડમાં. છેલ્લા પખવાડિયામાં આમ બે વાર બન્યું હતું. અને અત્યારે અચાનક જ રૂલેટ્ટનબર્ગમાં હું તેને મળ્યો. મારી આખી જિંદગીમાં હું ક્યારેય આવા શરમાળ માણસને મળ્યો નથી. તે મૂર્ખ લાગે તેટલો શરમાળ છે અને અલબત્ત, તે ખુદ પણ આ વાતથી વાકેફ છે, કારણ કે હકીકતમાં તે લગીરે મૂર્ખ નથી. તે તો માયાળુ અને વિનમ્ર છે. પ્રુશિયામાં અમારા પ્રથમ મિલન વખતે મેં તેની સાથે વાતચીત આરંભી હતી. તેણે મને કહ્યું હતું કે તે આ ઉનાળામાં નોર્થ કેઈપ ગયો હતો અને નિઝહ્‌ની નોવ્ગ્રોડમાં ભરાતા મેળાની મુલાકાત લેવાની તેની તીવ્ર ઇચ્છા છે. જનરલ સાથે તેણે કેવી રીતે ઓળખાણ કરી તે હું નથી જાણતો, પણ તે પોલિનાના ગળાડૂબ પ્રેમમાં હોય તેમ લાગ્યું. જ્યારે તે અંદર આવી ત્યારે તે લાલચોળ બની ગયો. હું ટેબલ પર તેને પડખે જ બેઠો હતો, તેથી તે અતિપ્રસન્ન થયો અને મને તેનો જિગરી દોસ્ત માનવા લાગ્યો.

ખાણાના સમયે પેલો ફ્રેંચ નવાઈ પમાય તે રીતે ડોળ કરવા લાગ્યો, સહુ પ્રત્યે તેનું વર્તન આડંબરી અને ઉપેક્ષાભર્યું હતું. મને યાદ છે કે મોસ્કોમાં તે ખૂબ ખૂબ આડંબરી ભાષામાં વાતો કરતો હતો. આર્થિક નીતિ તથા રશિયાના રાજકારણ અંગે તે ઘણુંબધું બોલતો, ક્યારેક ક્યારેક જનરલ તેના અભિપ્રાયો સાથે અસંમત થવાનું સાહસ કરતો. પરંતુ વિનમ્રતાથી, માત્ર પોતાનાં ખુદનાં પરિણામોને હાનિ પહોંચાડ્યા વિના કરી શકાય ત્યાં સુધી.

મારો મિજાજ વિચિત્ર હતો. હજી અડધુપડધું પણ નહિ જમ્યો હોઉં, ત્યાં મેં મારી જાતને મારો સામાન્ય અફર પ્રશ્ન પૂછ્યો : 'શા માટે હું જનરલની આસપાસ ઘૂમ્યા કરું છું ? મેં આ લોકોને કેમ ક્યારના ન છોડી દીધા ?'

જ્યારેક ક્યારેક મેં પોલિના એલેક્સેન્ડ્રોવ્ના ભણી દૃષ્ટિ ફેંકી પણ તેણે મારી નોંધ સરખીય ન લીધી. એટલે હું ખૂબ ગુસ્સે થયો અને ખરાબ રીતે વર્તવાનો મેં નિર્ધાર કર્યો.

કોઈનાય કહ્યા વગર અને કોઈ પણ કારણ વિના અચાનક હું બીજા લોકોના વાર્તાલાપમાં ઊંચા અવાજે જોડાયો. પેલા ફ્રેંચ સાથે ઝઘડવાનો મારો મુખ્ય હેતુ હતો. જનરલ તરફ વળીને મેં તેને અધવચથી અટકાવી, ઊંચા સાદે, સ્પષ્ટ ટીકા કરી કે આ ઉનાળામાં નિયત કરેલા પૈસામાં અપાતા ભોજનની વીશીમાં જમવું રશિયનો માટે લગભગ સાવ અશક્ય હતું તેમ હું માનું છું. જનરલ મને સાશ્ચર્ય નિહાળી રહ્યો.

'તમે જો સહેજ પણ સ્વમાનશીલ વ્યક્તિ હો,' મેં મારી વાત જારી રાખી, 'તો તમે નક્કી તમારી જાતે તમારી નિંદા થવા દો અને અનન્ય ઉપેક્ષાઓને તાબે થાવ. પારિસમાં, ર્‌હાઈન નદી પર અને સ્વિત્ઝર્લૅન્ડમાં એટલા બધા તુચ્છ પોલૅન્ડવાસીઓ અને તેમના પ્રત્યે સહાનુભૂતિ દર્શાવનારા ફ્રેન્ચો છે કે જો તમે રશિયન હો તો તમારે માટે એક શબ્દ પણ બોલવો મુશ્કેલ બને.'

મેં ફ્રેંચ ભાષામાં આ કહ્યું. જનરલે મારી સામે જોયું. તે દ્વિધામાં હતો – કાં તો ગુસ્સે થવું અથવા અત્યાર સુધી હું મને ભૂલી ગયો હતો તેનું માત્ર આશ્ચર્ય પામવું.

'એટલે, ક્યાંક, કોક તમને પાઠ ભણાવે છે.' પેલા ફ્રેન્ચે બેતમાથી, તિરસ્કારપૂર્વક કહ્યું.

'પારિસમાં સહુ પ્રથમ હું પોલૅન્ડવાસી સાથે ઝઘડ્યો હતો.' મેં પ્રત્યુત્તર આપ્યો. અને ત્યાર પછી તેની પીઠ થાબડતા ફ્રેન્ચ અધિકારી સાથે પણ. પાછળથી જ્યારે મેં તેમને એમ કહ્યું કે ધર્માધિકારીની કૉફીમાં થૂંકતાં મને કેવો આનંદ થાય છે, ત્યારે કેટલાક ફ્રેંચવાસીઓ પણ મારા પક્ષમાં ભળ્યા.

'થૂંકતાં ?' જનરલે આડંબરી મૂંઝવણમાં પૂછ્યું. અરે, સહાનુભૂતિ મેળવવા માટે બાજુ પર નજર પણ ફેંકી. પેલો ફ્રેંચ અવિશ્વાસની નજરે મને નિહાળતો હતો.

'હા, હા.' મેં ઉત્તર આપ્યો, 'છેલ્લા બે દિવસથી મને ખાતરી જ હતી કે મારે અમારા વ્યવસાય માટે થોડો સમય રોમ જવું પડશે. મારા પાસપોર્ટ પર શેરો મરાવવા હું પારિસ આવેલો. ધર્માધિકારીના દૂતાવાસમાં ગયો. ત્યાં લગભગ પચાસ વર્ષની વયનો, ઠંડા ચહેરાવાળો, ચિમળાઈ ગયેલો પાદરી મને મળ્યો. તેણે મને વિનમ્રતાથી પણ અતિશય ઠંડકથી સાંભળ્યો અને મને પ્રતીક્ષા કરવા કહ્યું. હું ઉતાવળમાં હતો, છતાંય રાહ જોતો હું બેઠો. મારું 'ઓપિનિયન નેશનલ' મેં બહાર કાઢ્યું અને રશિયા પરના ભયાનક આક્રમણ વિશે વાંચવા માંડ્યો. તે દરમ્યાન જ પાસેના ઓરડામાંથી ધર્માધિકારીના ઓરડામાં જતા કોકનો પગરવ મેં સાંભળ્યો. પેલો પાદરી તેને લળીને ઝૂકતો હતો તે મેં દીઠું. મેં ફરી મારી વિનંતી દુહરાવી. પહેલાં કરતાંય સવિશેષ ઠંડકથી તેણે મને પ્રતીક્ષા કરવા જણાવ્યું. થોડી વાર પછી એક અજાણ્યો – કોઈ ઓસ્ટ્રિઅનવાસી – કોઈ કામ માટે આવ્યો. તેની વાત સાંભળવામાં આવી અને સત્વરે જ તેને ઉપર લઈ જવામાં આવ્યો. આથી હું ખૂબ ગુસ્સે ભરાયો. હું ઊભો થયો, પાદરી પાસે ગયો અને દઢતાપૂર્વક મેં જણાવ્યું કે ધર્માધિકારી જો લોકોને મળતા જ હોય તો તે મારું કામ પણ પતાવી શકે છે. પેલો પાદરી આશ્ચર્ય પામી પાછો હઠ્યો. તેને તે જ ન સમજાયું કે એક તુચ્છ રશિયન પોતાને ધર્માધિકારીના પેલા અતિથિઓની તોલે મૂકવાનું સાહસ કેમ કરી શકે છે ! જાણે કે મારું અપમાન કરતાં પ્રસન્નતા અનુભવતો હોય તેમ ઘમંડથી તે મને નખશિખ નિહાળી રહ્યો અને પછી બરાડ્યો : 'તમારે માટે ધર્માધિકારી કૉફી પીવી પડતી મૂકશે એવું તમે માનો છો ?' પછી મેં પણ તેનાથી વધુ ઊંચા અવાજે રાડ પાડી કહ્યું : 'એમ જ હોય તો, મને કહેવા દો કે મને તમારા ધર્માધિકારીની કૉફીની કશી પડી નથી. અત્યારે ને અત્યારે જ મારા પાસપોર્ટનું કામ પતાવો, નહિતર હું જાતે તેમની પાસે જઈશ.'

'શું ? જ્યારે કાર્ડિનલ[1] તેમની પાસે હોય ત્યારે ?' પાદરીએ રાડ પાડી. ભયનો માર્યો તે મારી પાસેથી પાછા ફરીને બારણાં પાસે ગયો અને તેના

---

૧. ચર્ચનો મહત્ત્વનો અધિકારી

મન હાથ લંબાવીને ત્યાં આડ રચી. મને અંદર જવા દેવા કરતાં તો તે મરવું પસંદ કરશે તેવો તેનો દેખાવ હતો.

પછી મેં તેને સણસણતો ઉત્તર આપતાં કહ્યું કે હું પાખંડી તથા જંગલી છું અને તેના આર્કબિશપ[1] કાર્ડિનલ કે ધર્માધિકારી વગેરે વગેરે મારે મન તણખલાની તોલે પણ નથી. ટૂંકમાં, હું મારું કામ પતાવ્યા વિના નહિ જાઉં તેવું તેને લાગ્યું. અબોલ તિરસ્કારથી તે પાદરી મને નિહાળી રહ્યો. મારા હાથમાંથી પાસપોર્ટ તેણે ખેંચી લીધો અને તેને તે ઉપર લઈ ગયો. એક જ મિનિટમાં તેના પર શેરો થઈ ગયો હતો !

'આ રહ્યો તે. તમારે તે જોવી છે ?' મેં મારો પાસપોર્ટ બહાર કાઢ્યો અને રોમન વિસા દેખાડ્યો.

'પણ તું....' જનરલે વાતની શરૂઆત કરી.

'તારી જાતને પાખંડી અને જંગલી તરીકે ઓળખાવવાથી તું બચી ગયો ?' પેલા ફ્રેન્ચે સ્મિત વેર્યું. 'જો તું આટલો મૂર્ખ, પજવે તેવો ન હોય તો !'

'અમારી પ્રત્યે – રશિયનો પ્રત્યે આ રીતે જોવાનું ? અહીં અમે કર્કશ અવાજે બોલવાની હિંમત કર્યા વિના બેઠા છીએ. અને કદાચ, અમે રશિયનો છીએ તેનો ઇન્કાર કરવાય તત્પર છીએ.' જ્યારે મેં સહુને પાદરી સાથેના ઝઘડાની વાત કરી ત્યારે પારિસમાંની મારી હોટેલમાં મારા પ્રત્યે વધુ સાલુકાઈથી વર્તાવ કરવામાં આવ્યો. નિયત કરેલા પૈસામાં અપાતા સામાન્ય ભોજનના ટેબલ પર બેઠલો જાડો પોલૅન્ડવાસી જે મારો કટ્ટર દુશ્મન હતો તે પણ પાછળ સરકી ગયો. જ્યારે મેં તેમને કહ્યું કે બે વર્ષ પહેલાં મેં એક એવા માણસને પણ દીઠો હતો કે જેને તેની બંદૂકમાંથી દારૂગોળો ખાલી ન કરવા માટે ફ્રેંચ સૈનિકે ઈ. સ. ૧૮૧૨માં ગોળી વીંધી હતી ત્યારે તે સાંભળવાની સહનશીલતા પણ પેલા ફ્રેન્ચવાસીઓએ વેઠી. મેં જણાવ્યું કે ત્યારે તે માણસની વય બાર વર્ષની હતી અને તેનું કુટુંબ મોસ્કોમાંથી બહાર જઈ શક્યું નહોતું.'

---

૧. મુખ્ય પાદરી.

'આ અશક્ય છે ?' પેલો ફ્રેન્ચ ગુસ્સે થયો. 'એક ફ્રેન્ચ સૈનિક બાર વર્ષના બાળક પર ગોળી ન છોડે.'

'તોય તે બન્યું,' મેં ઉત્તર આપ્યો. 'એક આદરણીય નિવૃત્ત કપ્તાને મને આ વાત કહી હતી અને મેં તેના ગાલ પર મારી સગી આંખે ગોળીના જખમ જોયા હતા.'

પેલો ફ્રેંચ ઝડપથી તથા લંબાણથી વાતો કરવા લાગ્યો. જનરલ તેને સમર્થન આપતો હતો, પણ મેં તેને ઉદાહરણ તરીકે જનરલ પેરોવ્સ્કીનાં સંસ્મરણમાંથી અવતરણો કોઈ પણ હિસાબે વાંચવાની સલાહ આપી. જનરલ પેરોવ્સ્કી ઈ. સ. ૧૮૧૨માં ફ્રેંચવાસીઓનો કેદી હતો. છેવટે મારિયા ફિલિપ્પોવ્નાએ વિષય બદલવાના હેતુથી સહુ પાસે ભોજનની સૂચના લેવા માંડી. હું તથા પેલો ફ્રેંચ એકમેક સામે લગભગ બરાડતા હતા તેથી જનરલ અતિ અપ્રસન્ન હતો. પણ તે ફ્રેન્ચ સાથેની મારી દલીલથી આસ્ત્લે અતિ પ્રસન્ન હતો. તે પોતાના સ્થળ પરથી ઊભો થયો અને તેની સાથે શરાબનો ગ્લાસ પીવા મને આમંત્રણ આપ્યું. સાંજે, પોલિના એલેક્સેન્ડ્રોવ્ના સાથે પોણો કલાક સુધી વાત કરવા માટે હું સફળ થયો. ચાલતાં ચાલતાં અમે વાતો કરી. સ્ટેશનને રસ્તે આવેલા ઉદ્યાનમાં સહુ ગયાં હતાં, ફુવારા સામે નજર માંડીને પોલિના બાંકડા પર બેઠી હતી. અને આસપાસનાં બાળકો સાથે રમવા જવાની રજા તેણે નાદેન્કાને આપી હતી. મિશાને ફુવારા પાસે જવાની રજા મેં તો આપી જ દીધી હતી. અંતે અમે એકલાં પડ્યાં.

અમે વ્યવસાયની વાતથી જ પ્રારંભ કર્યો. મેં તેને માત્ર સાતસો ગલ્ડન[1] આપ્યા હતા તેથી પોલિના ખરેખર ગુસ્સે થઈ હતી. તેને ખાતરી હતી કે તેના હીરા ગીરવે મૂકીને હું તેને પારિસથી કમસે કમ બે હજાર ગલ્ડન તો લાવીને આપીશ જ.

'મારે થોડા પૈસાની જરૂર છે,' તેણે કહ્યું. 'અને તે કોઈ પણ કિંમતે જોઈએ; નહિતર મારો સર્વનાશ થશે.'

મારી અનુપરિસ્થિતિમાં શું બન્યું હતું તે પૂછવાનો મેં પ્રારંભ કર્યો.

---

૧. નેધરલૅન્ડ તથા જર્મનીના ચાંદીના સિક્કા.

'સેન્ટ પિટ્ર્સબર્ગથી આવેલા બે સમાચારો સિવાય કશું જ નહિ. પહેલા સમાચાર હતા કે દાદીમા ખૂબ માંદાં હતાં અને બે દિવસ પછી હું માનું છું કે એવા સમાચાર મળ્યા કે તે મરી ગયાં. તિમોથી પેત્રોવિચે આ સમાચાર આપ્યા હતા.' પોલિનાએ કહ્યું અને ઉમેર્યું, 'અને તે વિશ્વાસપાત્ર માણસ છે આ સમાચારને પુષ્ટિ આપતો છેલ્લો પત્ર આવે તેની રાહ જોઈએ છીએ.'

'એટલે અહીં બધા અપેક્ષાની પરિસ્થિતિમાં છે ?' મેં પૂછ્યું.

'અલબત્ત, દરેક જણ અને દરેક વસ્તુ, છેલ્લા છ મહિનામાં આપણે માત્ર આ જ આશા રાખવાની.'

'તું ય આશા રાખે છે ?' મેં પૂછ્યું.

'ખેર ! હું તેની કશી જ સગી થતી નથી, હું તો માત્ર જનરલની સાવકી દીકરી છું. પણ મને ચોક્કસ જાણ છે કે તેણે તેના વસિયતનામામાં મને યાદ કરી છે.'

'હું માનું છું કે તને ખૂબ ખૂબ પૈસા મળશે.' મેં દૃઢતાથી કહ્યું.

'હા, તે મને ખૂબ ચાહતી હતી, પણ તું એવું કેમ માને છે ?'

'મને કહે.' મેં બીજો પ્રશ્ન પૂછી તેને ઉત્તર આપ્યો. 'આપણો ફ્રેંચ માર્કવિસ પણ કુટુંબની બધી ગુપ્ત વાતો જાણે છે ?'

'પણ તને આ બધામાં આટલો રસ કેમ છે ?' પોલિનાએ મારી સામે કડક આકરાપણાથી નિહાળી પૂછ્યું.

'કેમ ન હોય ? જો હું ભૂલતો ન હોઉં તો જનરલે તેની પાસેથી ઉછીના પૈસા લેવાની પોતાની યોજના પૂરી પાડી છે.'

'તું અનુમાન સારાં કરી શકે છે.'

'લે, જો તેને દાદીમાની ખબર ન હોત તો તેણે પૈસા આપ્યા હોત ખરા ? તેં ખાણા વખતે જોયું'તું ? જ્યારે તે તેમને અંગે કશી વાત કરતો હતો ત્યારે તે તેમને દાદીમા તરીકે સંબોધતો હતો. 'આપણાં દાદીમા !' ત્રણ વાર તે બોલ્યો. કેવા કૌટુંબિક, અરે જાણે કે અંગત સંબંધો ?'

'હા, તારી વાત સાચી છે. જેવી તેને ખબર પડશે કે મને પણ તે વસિયતનામામાં કૈં મળે છે કે તરત જ તે મને પૈસા ધીરવાનું શરૂ કરશે. તારે તે જ જાણવું હતું ને ?'

'માત્ર પૈસા ધીરવાનું શરૂ કરશે ? હું તો માનતો હતો કે તે તો તેણે ક્યારનુંય શરૂ કરી દીધું છે.'

'તું તો જાણે જ છે કે તેણે તેમ કર્યું નથી.' પોલિના ખિજાઈ. 'તું પેલા અંગ્રેજને ક્યાં મળ્યો હતો ?' એક ક્ષણના મૌન પછી તેણે પૂછ્યું.

'મને ખાતરી જ હતી કે તું તેને વિશે સીધો જ સવાલ પૂછશે.'

અહીં આવતાં પહેલાં આસ્ત્લે સાથેનાં મારાં પૂર્વ મિલનોની વાત મેં તેને કહી.

'તે શરમાળ છે અને લાગણીવશ પણ, અને અલબત્ત, તે તારા પ્રેમમાં છે. ખરું ને ?'

'હા, તે મારા પ્રેમમાં છે.' પોલિનાએ ઉત્તર આપ્યો.

'વળી, તે પેલા ફ્રેંચ કરતાં દસ ગણો પૈસાદાર છે. તે ફ્રેંચ પાસે કૈં છે ખરું ? તને તેમાં કંઈ શંકાસ્પદ નથી લાગતું ?'

'ના. તેવું કશું જ નથી. તેની પાસે હવેલી છે. માત્ર ગઈ કાલે જ જનરલે ખૂબ ખાતરીપૂર્વક મને આ કહ્યું. બસ તારે માટે આ પૂરતું છે ?'

'તારી જગ્યાએ હું હોઉં તો હું નક્કી અંગ્રેજને જ પરણું.'

'કેમ ?' પોલિનાએ પૂછ્યું.

'ફ્રેંચ દેખાવડો છે પણ તે વધુ પડતો હરામખોર લાગે છે, જ્યારે પેલો અંગ્રેજ સજ્જન તો છે જ, પણ તે તેનાથી દસ ગણો પૈસાદાર છે.' મેં ટૂંકમાં કહ્યું.

'પણ બીજી રીતે જોઈએ તો તે ફ્રેંચ ઉમરાવ છે અને વધુ ચતુર છે.' તેણે સાવ ઠંડકથી ઉત્તર આપ્યો.

'પણ તને તેની ખ઼ાતરી છે ?' મેં તે જ સ્વરે કહ્યું.

'સંપૂર્ણ.'

પોલિનાને મારા પ્રશ્નો પ્રત્યે ખૂબ અણગમો હતો અને હું જોઈ શકતો હતો કે તે તેના ઉત્તરોના લહેજા તથા રુક્ષતાથી મને ચિડવવા માગતી હતી. મેં સત્વરે જ તેને આ અંગે કહ્યું.

'જે રીતે તું ગુસ્સે થઈ જાય છે તેથી મને મજા પડે છે. હું તને આવા સવાલો પૂછવા દઉં છું અને આવાં અનુમાનો કરવા દઉં છું તેની કિંમત તારે ચૂકવવી જ પડે.'

'હું ખરેખર માનું છું કે તને ગમે તે પ્રશ્ન પૂછવાનો મને અધિકાર છે.' મેં શાંતિથી ઉત્તર આપ્યો, 'કારણ કે હું તે માટે તું જે રીતે જે કૈં માગે તે આપવા તૈયાર છું અને હવે મારી જિંદગીનું ઝાઝું મૂલ્ય હોય તેમ માનતો નથી.'

પોલિના ખડખડાટ હસી.

'ગઈ વખતે સ્કલાન્જેનબર્ગ પર તેં કહ્યું હતું કે મારા એક શબ્દે તેની ટોચ પરથી તું તારી જાતને ફેંકવા તૈયાર છે અને કદાચ તે લગભગ હજાર ફૂટનો કૂદકો હશે. તું તે કિંમત ચૂકવે છે કે નહિ તે જોવા માટે એક દિવસ હું તેવું કહીશ અને તું ખાતરી રાખજે કે હું ખચકાઈશ નહિ. હું તને ધિક્કારું છું એટલા માટે કે મેં તને ઘણી છૂટ આપી અને કદાચ વધારે પડતી. કારણ કે મને તારી અતિશય જરૂર છે, પણ હાલ પૂરતી જ મારે તારી જરૂર છે મારે તારા પર હેત દેખાડવું જોઈએ.'

તે જવા માટે ઊભી થઈ. તે ગુસ્સાથી બોલતી હતી. હમણાં હમણાંથી તે મારી સાથે તોછડાઈથી અને ગુસ્સાથી જ વાત પૂરી કરતી હતી. અને તે તોછડાઈ સાચી હતી.

'એક વાત મને પૂછવા દે કે આ મેડમઝે'લ બ્લાન્ચ કેવી છે ?' મેં પૂછ્યું. તેનો ઉત્તર મેળવ્યા વિના હું તેને જવા દેવા તૈયાર નહોતો.

'તું ખુદ જાણે છે કે મેડમઝે'લ બ્લાન્ચ કેવી છે. તે દિવસો પછીથી કશું જ તેમાં ઉમેરવાનું નથી. મેડમઝે'લ બ્લાન્ચ નક્કી જનરલ સાથે પરણશે. હા, જો દાદીમાના મૃત્યુની અફવા સાચી ઠરે તો, કારણ કે મેડમઝે'લ બ્લાન્ચ અને તેની મા તથા તેનો આ ત્રીજી પેઢીનો પિતરાઈ ઉમરાવ – બધા જ જાણે છે કે આપણે પાયમાલ થઈ ગયા છીએ.'

'આ જનરલ ખરેખર તેના પ્રેમમાં છે ?'

'અત્યારે આ મુદ્દો નથી. સાંભળ અને યાદ રાખ. આ સાતસો ફ્લોરિન[1] લે. જા અને જુગાર રમ અને તારાથી શક્ય હોય તેટલા વધુ પૈસા જીતી લાવ. અત્યારે મારે કોઈ પણ હિસાબે પૈસા જોઈએ જ.'

આમ કહી, તેણે નાદેન્કાને બોલાવી અને સ્ટેશને ગઈ. ત્યાં જઈ તે મંડળીના અન્ય લોકો સાથે ભળી ગઈ. વિચારતો વિચારતો, આશ્ચર્ય પામતો જે પહેલે રસ્તેથી હું આવ્યો હતો તે રસ્તા ભણી ડાબી બાજુ વળ્યો, 'જા અને જુગાર રમ.' તે હુકમ પછી મારું માથું ઘૂમ થઈ ગયું હતું. આ વિચિત્ર હતું. મારે ઘણું ઘણું વિચારવાનું હતું અને છતાંય હું પોલિના પ્રત્યેની મારી લાગણીઓના પૃથક્કરણમાં જ લીન બની ગયો હતો. આજ પહેલાંની બે સપ્તાહની મારી અનુપસ્થિતિમાં, મારા આગમનને દિવસે અને મારા પ્રવાસ દરમિયાન જ્યારે હું કોઈ પાગલ જેટલો દુઃખી હતો, ત્યારે તેને મારી સામે જ, અરે, મારી નીંદરમાં પણ સતત નીરખતો હતો, તે મારી પાસે હોય તેવું માનતો હતો. ત્યારે આવું બનવું સ્વાભાવિક હતું. એક વાર (અને આ બન્યું સ્વિત્ઝર્લૅન્ડમાં) ટ્રેનના ડબ્બામાં એકાએક ઊંઘમાં મેં તેની સાથે ઊંચા સ્વરે વાતો કરી હતી. મારા સહપ્રવાસીઓ પણ આશ્ચર્ય પામ્યા હતા અને ફરી એક વાર મેં મારી જાતને પ્રશ્ન પૂછ્યો : 'હું તેના પ્રેમમાં છું ?' અને ફરી તેનો શો ઉત્તર આપવો તે મને ન સૂઝ્યું અથવા તો સોમી વાર ફરી મેં ઉત્તર આપ્યો કે હું તેને તિરસ્કારતો હતો. હા, હું તેને તિરસ્કારતો હતો. એવી પણ ક્ષણો હતી (ઉદાહરણ તરીકે અમારા પ્રત્યેક વાર્તાલાપને અંતે) કે જ્યારે તેનું ગળું દાબવા મેં મારી અડધી જિંદગી દઈ દીધી હોત ! હું સોગંદપૂર્વક કહું છું કે જો તેની છાતીમાં હું તીક્ષ્ણ છરો હળવેકથી ઘુસાડી શક્યો હોત તો તે ક્ષણને મેં આનંદપૂર્વક વધાવી લીધી હોત. અને છતાંય, જે કૈં પવિત્ર છે તેના સોગંદ ખાઈને કહું છું કે સ્કલાન્જેનબર્ગની સુંદર ટોચ પરથી તેણે જો ખરેખર મને કહ્યું હોત, 'જા, કૂદકો માર.' તો સત્વરે મેં તેમ કર્યું હોત અને તેમ કરતાં આનંદ અનુભવ્યો હોત. હું તેય જાણતો

૧. બે શિલિંગનું એક જૂનું અંગ્રેજી નાણું.

હતો. એક યા બીજી રીતે હવે વાત પતાવવી જોઈએ. તે પણ આ બધું બરોબર જાણે છે અને તેને પામવાની, મારાં પાગલ સપનાં સાકાર કરવાની સઘળી અશક્યતાઓ હું નિશ્ચિતપણે સ્પષ્ટરૂપે જાણું છું તે ખ્યાલ તેને અપૂર્વ આનંદ આપે છે તે વાત પણ મારે ગળે ઊતરી ગઈ છે. નહિતર તેના જેવી સાવધ અને ચતુર સ્ત્રી મારી સાથે આવા ઘનિષ્ઠ અને નિખાલસ સંબંધો રાખે ? હું માનું છું કે અત્યાર સુધીનું મારા પ્રત્યેનું તેનું વલણ પુરાણકાળની મહારાણી જેવું હતું જે તેના ગુલામ સામે નિર્વસ્ત્ર થઈ, તેને પુરુષ માનતી જ નહોતી.

ખેર ! પણ મને તેનો હુકમ મળ્યો છે. કોઈ પણ હિસાબે જુગારના ટેબલ પર જીતવું. શા માટે અને કેટલા વહેલાં જીતવું અનિવાર્ય છે અને તે સતત યોજના ઘડતી બુદ્ધિમાં કઈ નવી યોજનાઓએ આકાર લીધો હશે કે કેમ તે વિચારવાનો મારી પાસે સમય નહોતો. વળી, આ બે સપ્તાહમાં જેના વિશે હું હજી કશું જાણતો નથી તેવી એક હજાર ને એક નવી ઘટનાઓ બની હશે ! આ બધી જ વસ્તુઓ અલૌકિક હશે. પ્રત્યેકને પૂર્ણરૂપે સમજવી જોઈશે અને તેય વહેલામાં વહેલી તકે, પણ તે દરમ્યાન સમય ખોવો મને પાલવે તેમ ન હતું. મારે જુગારનાં ટેબલો પર જવું જોઈએ.

૨

હું કબૂલ કરું છું કે મેં જુગાર રમવાનો નિર્ણય તો કર્યો, પણ મને તે અરુચિકર લાગ્યું. અન્ય કોઈના લાભ માટે આમ કરવાનું મારું વલણ પણ નહોતું. મારી ગણતરીઓ પણ હું ભૂલી ગયો અને જુગારના ઓરડામાં હું ગુસ્સાની તીવ્ર લાગણી સાથે પ્રવેશ્યો. પ્રથમ દૃષ્ટિએ ત્યાં હું કશાયથી પ્રસન્ન ન થયો. સમગ્ર વિશ્વના કૂથલી લેખકો અને ખાસ કરીને અમારા રશિયાનાં અખબારોના લેખકોનાં દંભી વલણ સહેવાની મારી ધીરજ નહોતી. તે અખબારોમાં પ્રત્યેક વસંતે અમારા પત્રકારો એ જ વસ્તુઓની વાતો ઉપજાવતા. એક તો ર્‌હાઈનને કિનારે આવેલાં નગરોના કસીનો[1]માંનાં અનન્ય, ભવ્ય અને આરામદાયક જુગારના ઓરડાઓની અને બીજી ટેબલો પર ઠલવનારા સોનાના ઢગોની. તેમને તેનું કશું વેતન મળતું નહોતું, કારણ કે તે માત્ર નિઃસ્વાર્થ ખુશામતખોરીથી આ કરતા હતા. તે કંગાળ ઓરડાઓ તથા સોના અંગે કશું અનન્ય નહોતું. ટેબલ પર સોનાના ઢગ ઠલવાવાનું તો દૂર રહ્યું, તે ત્યાં ભાગ્યે જ દેખાતું હતું. સ્વાભાવિક છે કે મોસમ દરમિયાન કોઈ વિચિત્ર વ્યક્તિ અચાનક અહીં કે તહીં ટપકી પડે, કોઈ અંગ્રેજ, કોઈ એશિયાવાસી, કદાચ કોઈ તૂર્કી – જેમ આ વર્ષેય બન્યું તેમ – અને પછી કાં તો ખૂબ મોટી રકમ જીતે કે હારવા માંડે. પણ બીજા તો નાની રકમની રમત રમતા અને સામાન્ય રીતે ટેબલો પર બહુ જ ઓછા પૈસા જોવા મળતા. જ્યારે જુગારના ઓરડાઓમાં હું પ્રવેશ્યો. (મારા જિંદગીમાં પહેલી વાર)

---

૧. જુગારનો અડ્ડો

ત્યારે રમવાનું શરૂ કરવાનો નિર્ણય લેતાં પહેલાં મેં થોડીક મૂંઝવણ અનુભવી હતી. વળી, ત્યાં ખાસ્સું એવું ટોળું પણ હતું, પણ જો કદાચ હું એકલો હોત તો પણ હું માનું છું કે રમ્યા વિના જ હું ત્યાંથી પાછો ફર્યો હોત. હું કબૂલું છું કે મારું હૃદય ખૂબ ધબકતું હતું અને હું લગીરે શાંત અને સ્વસ્થ નહોતો. લાંબો સમય ત્યાં હોવાને કારણે મને ચોક્કસ ખાતરી હતી અને મારો દૃઢ નિર્ણય પણ હતો કે રૂલેટ્ટનબર્ગમાં જેવો હું પ્રવેશ્યો હતો તેવી ને તેવી વ્યક્તિ તરીકે તો હું તે નહિ છોડું. મારી નિયતિમાં કેટલાંક ક્રાંતિકારી તથા નિર્ણયાત્મક પરિવર્તનો અવશ્ય થવાનાં જ. તે થવાં જોઈએ તથા થશે જ. જુગારના ટેબલ પરથી એટલું બધું પ્રાપ્ત કરવાની અપેક્ષા હું રાખું તે ગમે તેટલું હાસ્યાસ્પદ હોય તો પણ જુગારમાંથી કૈં પણ પ્રાપ્ત કરવાની અપેક્ષા રાખવી તે વિચિત્રતા તથા મૂર્ખામી છે તેવો પ્રત્યેક દ્વારા સ્વીકૃત અભિપ્રાય મને વિશેષ હાસ્યાસ્પદ લાગે છે અને અર્થપ્રાપ્તિ માટે વ્યાપાર જેવાં અન્ય સાધનો કરતાં જુગાર કનિષ્ટ શા માટે છે ? તે સાચું છે કે સોમાં એક વ્યક્તિ જીતે છે. પણ મારે તેની શી પરવા ?

ગમે તેમ હોય, આજે સાંજે ઉત્સાહમાં આવી રમવાનું શરૂ કરવાનો નહિ, પણ રમત પર પ્રથમ ધ્યાન આપવાનો મેં નિર્ણય કર્યો. આજે સાંજે, જો કૈં પણ બનશે તો તે અલ્પ અને આકસ્મિક હશે – અને તેવું મેં ધાર્યું જ હતું. વળી, મારે પૂરી રમતનો અભ્યાસ કરવો જોઈએ, કારણ કે જુગાર અંગે મેં અગાઉ ઉત્સાહપૂર્વક વાંચેલાં સેંકડો વર્ણનો છતાંય હું તે જાતે ન જોઉં ત્યાં સુધી તો કેવી રીતે રમાય તેનો પૂરો ખ્યાલ મને ન આવે.

એક રીતે, આ બધું મને અતિશય મલિન – નૈતિક રીતે કૈંક અંશે ખરાબ તથા ઘૃણાજનક લાગ્યું. વીસ વીસ કે સો સોની તેમની થપ્પીઓ સાથે ટેબલને વીંટળાઈ વળેલા તે બધા લોભી અને ચતુર ચહેરાઓની લગીરે વાતો નથી કરતો. જેટલું બને તેટલું સત્વરે તથા જેટલું બને તેટલું વધુ જીતવાની ઇચ્છામાં હું લેશ પણ મલિનતા નથી નીરખતો. 'છેવટે તો તેઓ અલ્પ હોડ બકી રમે છે.' તેવા કોઈના બહાનાને 'એટલું ઓછું ખરાબ કારણ કે ત્યાં લોભ અલ્પ છે.' તેવો સુરક્ષિત અને સુસંપન્ન નીતિમાને આપેલો

આ ઉત્તર, મને હંમેશાં મૂર્ખામીભર્યો લાગ્યો છે. આમેય અલ્પ લોભ અને ભારે લોભ એક હતા જ નહિ ! તે તો પ્રમાણનો પ્રશ્ન છે. રોથ્સચાઈલ્ડને મન જે ક્ષુદ્ર રકમ છે તે મારે મન સમૃદ્ધિ છે અને નફા તથા જીતની બાબતમાં તો એવું છે કે લોકો માત્ર જુગારના ટેબલ પર જ નહિ; પણ સર્વત્ર હંમેશ એકબીજાને જીતતા હોય છે અથવા તો એકબીજા પાસેથી કૈંક ને કૈંક પડાવી લેતા હોય છે. નફો અને જીત હંમેશાં ખરાબ હોય છે કે કેમ તે જુદો પ્રશ્ન છે. પણ મારે તેની ચર્ચા અહીં નથી કરવી, પણ જીતવાની ઇચ્છાએ સંપૂર્ણપણે મારા પર પ્રભુત્વ જમાવ્યું હોવાથી જે ક્ષણે હું ઓરડામાં પ્રવેશ્યો ત્યારથી બધા જ લોભ અને તમારે જો એમ કહેવું હોય તો લોભી નીતિભ્રષ્ટતા મારે મને કૈંક અંશે સ્વાભાવિક અને પરિચિત હતાં. જ્યારે લોકો પરસ્પર સાથે ઔપચારિક વિધિ માટે નથી રોકાતા પણ ખુલ્લેઆમ અને અનૌપચારિક રીતે વર્તે છે ત્યારે તે અતિ સુંદર લાગે છે અને આત્મવંચનાનો અર્થ પણ શો ? તે બુદ્ધિહીન, અવિવેકી વ્યવસાય છે ! જુગાર રમવા એકઠા થયેલા તે સર્વ નિમ્ન સ્તરના લોકોમાં પ્રથમ દૃષ્ટિએ સૌથી વધુ કુરૂપતા તો હતી, તેમના આચરણ પ્રત્યેનો તેમનો આદર તથા જે ઉત્કંઠ તથા મર્યાદાશીલ રીતે તેઓ ટેબલને ઘેરી વળ્યા હતા તે. અને એટલે જ અહીં ખરાબ, ખોટા પ્રકારની રમતમાં અને સમ્માનીય વ્યક્તિ પોતે રમી શકે તેવી રમતમાં એક સૂક્ષ્મ ભેદ રહેલો છે. બે પ્રકારના જુગાર છે : એક સજ્જનતાભર્યો અને બીજો અણઘડ અને અર્થકામી પ્રતિષ્ઠાહીનોનો જુગાર. આ ભેદ ચુસ્તપણે પાડેલો છે અને છતાંય આ ભેદનો આધાર કેટલો મહત્ત્વનો છે ! ઉદાહરણ તરીકે, એક સજ્જન પાંચ કે દસ લ્યુઈસ ડૉલર[૧] ની હોડ બકે, ભાગ્યે જ વધારે, – જો કે તે વધુ સમૃદ્ધ હોય તો તે હજાર ફ્રાંક જેટલી હોડ તો બકી જ શકે – પણ તે માત્ર જુગાર માટે જ, પોતાના મનોરંજનથી કશાય વિશેષ માટે નહિ, જીત કે હારની પ્રક્રિયાનું નિરીક્ષણ કરવા જ. તેને કોઈ પણ પ્રકારે તે જીતવામાં રસ ન હોય. જ્યારે તે જીતે તો તે ખડખડાટ હસે અથવા પોતાની પડખે ઊભેલા કોક ને કૈંક કહે અને ફરી પાછો તે રમે. અને ફરી

---

૧. ફ્રાંસનો પુરાણો સોનાનો સિક્કો – ૨૦ ફ્રાંકનો મૂલ્યનો.

એક વાર તેની હોડ બમણી કરે, પણ એક માત્ર ઉત્સુક્તાથી, તકોનું નિરીક્ષણ તથા તેમની ગણતરી કરવાની ઉત્સુક્તાથી. સામાન્ય માનવી જેવી જીતવાની કોઈ ઇચ્છાથી નહિ. ટૂંકમાં તેણે જુગારનાં તે ત્રીસ-ચાલીસ ટેબલોને તેના પોતાના આનંદ માટે જ ગોઠવેલાં મનોરંજન માનવાં જોઈએ. જેણે પૈસા સંઘરી રાખ્યા હોય તેવા ટેબલ સાચવનારના લોભ કે પ્રયુક્તિઓ પર પણ તેણે શંકા આણવી જોઈએ નહિ. ઉદાહરણ તરીકે, બાકીના બીજા, એક ગલ્ડન માટે તડપતા ક્ષુદ્ર અને હલકટ જુગારીઓ તેના જેટલા જ સમૃદ્ધ અને સજ્જન હશે અને માત્ર આનંદ તથા મનોરંજન પૂરતો જ જુગાર રમતા હશે આવું તેનું વર્તન વધુ સંતોષકારક હશે.

વાસ્તવિક્તાનું આવું સંપૂર્ણ અજ્ઞાન તથા માનવતાની આવી નિર્દોષ દૃષ્ટિ અલબત્ત, આત્યંતિકરૂપે ભવ્ય હશે. મેં એવી પણ હેતાળ માતાઓ નિહાળી હતી જે પોતાની પંદર-સોળ વર્ષની નિર્દોષ, સંસ્કારી કન્યાઓને, તેમની દીકરીઓને આગળ આણી, તેમને સોનાના થોડાક સિક્કા આપી તેમને જુગાર રમતાં શીખવાડતી હતી. તે યુવતીઓ જીતે કે હારે પણ ક્યારેય સ્મિત વેરવું ચૂકતી નહોતી અને ભારે સંતોષપૂર્વક ચાલી જતી. અમારો જનરલ સ્વસ્થ અને ઘમંડી દેખાવ ધારણ કરી ટેબલ પાસે પહોંચ્યો. તેને ખુરશી આપવા દરવાન આગળ ધસ્યો, પણ તે પ્રત્યે તેણે ધ્યાન ન આપ્યું. ખૂબ ધીમેથી તેણે તેનો બટવો બહાર કાઢ્યો. અતિ સભાનતાથી તેણે બટવામાંથી સોનાના ત્રણસો ફ્રાંક કાઢ્યા. કાળી પર હોડ બકી અને જીત્યો. તેણે જીતના પૈસા લઈ ન લીધા પણ ટેબલ પર જ રહેવા દીધા. વળી પાછી કાળી નીકળી ત્યારે પણ તેણે તેની જીતના પૈસા ન લીધા અને ત્રીજી વાર જ્યારે લાલ નીકળી ત્યારે તેણે એક જ ઝાટકે બારસો ફ્રાંક ગુમાવ્યા. ઉપલો હોઠ અક્કડ રાખી સ્મિત વેરતો તે ચાલ્યો ગયો. પણ મને ખાતરી થઈ ચૂકી હતી કે તેનું અંતર વ્યથિત હતું અને જો હોડ બે-ત્રણ ગણી મોટી હોત તો તેણે શ્રદ્ધા ખોઈ તેની લાગણીઓને મોકળે મને પ્રદર્શિત કરી હોત. પોતાનું સઘળું ગુમાવ્યા છતાંય સાચા સજ્જને લાગણીવશ ન થવું જોઈએ. સજ્જનને મન પૈસાનું મહત્ત્વ એટલું નથી હોતું કે જે તેને વ્યથિત કરે. અલબત્ત, સહુ નિમ્ન સ્તરના લોકોના સઘળા અતિ દારિદ્ર્યમાં અને સમગ્ર વાતાવરણમાં

આવું ન જોવું તે ઉચ્ચ કક્ષાની ભવ્યતા છે, છતાંય, ક્યારેક નિમ્ન સ્તરના લોકોને જોવાનો ઊલટો ઉપક્રમ એટલે કે મારો કહેવાનો મતલબ એ છે કે કદાચ લાંબી દાંડીનાં ચશમાંથી તેમને નિકટતાથી નિહાળવાનો, તેમનું નિરીક્ષણ કરવાનો ઉપક્રમ નિહાળવા મળે છે અને તે પણ ઓછો ભવ્ય નથી. પણ કોઈ વ્યક્તિ ટોળાને તથા તેની અશ્લીલતાને મનોરંજન તરીકે, જાણે કે તે ઉચ્ચ વર્ગના લોકોના આનંદ માટે પ્રસ્તુત થયેલો કાર્યક્રમ હોય તે રીતે તેને સ્વીકારે તેમ આ થવું જોઈએ. ટોળા સાથે ખભા ઘસવા શક્ય છે અને છતાંય તમે માત્ર તેના પ્રેક્ષક છો અને તેનો અંશ નથી તેવી સંપૂર્ણ ખાતરી માણવી પણ શક્ય છે. પણ તોય તે, વ્યક્તિએ અતિ નિકટથી ન નિહાળવું જોઈએ, તે સજ્જનને ન છાજે, કારણ કે કોઈ પણ રીતે તે દશ્ય લાંબું ન બનવું જોઈએ કે તે ઊંડું નિરીક્ષણ પણ ન બનવું જોઈએ. ખરેખર, સજ્જનનું નિકટનું ધ્યાન ખેંચે તેવા માત્ર થોડાક પ્રેક્ષકો હોય છે. મેં અંગતરીતે વિચાર્યું કે અત્યારનું દશ્ય ઝીણવટથી નિહાળવા યોગ્ય છે. સાથે સાથે મને એમ પણ લાગ્યું કે હું માત્ર જોવા આવ્યો નથી અને સન્નિષ્ઠાપૂર્વક, પ્રામાણિકતાથી મેં મારી જાતને આ ટોળાનો એક અંશ જ માની લીધી. મારી અંતરતમનાં નૈતિક મૂલ્યોની વાત કરીએ તો મારી અત્યારની દલીલમાં તેમને ખરેખર કોઈ સ્થાન હતું જ નહિ. ભલે તે એમ હોય પણ હું મારી વાતો સાવ સ્પષ્ટ કરું છું. પણ મારે એક ટીકા કરવી જોઈએ. તાજેતરમાં, કોણ જાણે કેમ પણ કોઈ પણ નૈતિક ધોરણે મારા આચારવિચાર માપવાનું મારે માટે ખૂબ અણગમતું બન્યું છે. કોઈક જુદી જ ગણતરીઓનું મારા પર વર્ચસ્વ છે.

હલકટ માણસ સાચે જ અતિ ગંદી રમત રમે છે. હું તો તેમ માનવા તૈયાર છું કે ટેબલો પર ઘણા પ્રમાણમાં સામાન્ય ચોરીઓ થતી હોય છે. ટેબલને છેડે બેસતો, જુગારના પૈસા એકઠા કરતો માણસ, હોડને નિહાળે છે અને પૈસા આપે છે. તેનું કામ પણ મોટું હોય છે. વળી, નિમ્ન સ્તરના લોકો પણ હોય છે ! મોટે ભાગે તે ફ્રેંચ લોકો હોય છે. જો કે, જુગારની રમતને વર્ણવવા હું આ બધું નિહાળતો કે નોંધતો નહોતો પણ ભવિષ્યમાં મારે કેમ રમવું તે જાણવા હું તેનાથી ટેવાતો હતો. ઉદાહરણ તરીકે, મેં દીઠું

હતું કે કોઈક અચાનક હાથ લંબાવે (ટેબલની બીજી બાજુથી) અને તમારી જીત છીનવી લે તે તો સામાન્યમાં સામાન્ય વાત હતી. આથી દલીલનો પ્રારંભ થાય, વળી ક્યારેક બૂમબરાડા પણ. અને તે તમારી બાજી હતી તેવું પુરવાર કરવા સાક્ષી શોધવાનું કામ તમારું બને.

શરૂઆતમાં, તો આ આખો મામલો મારે મને સાવ અજાણ્યો હતો. હું અનુમાન કરી શકતો અને કોણ જાણે કેમ પણ મેં નિર્ણય કર્યો કે આંકડાઓ પર, એકી સંખ્યા પર, બેકી સંખ્યા પર અને રંગો પર પૈસાની હોડ બકાતી હતી. તે સાંજે પોલિના એલેક્સેન્ડ્રોવ્નાના સો ગલ્ડન પર મેં મારું નસીબ અજમાવવાનો નિર્ણય કર્યો. કોઈ બીજાને માટે રમવાનો ખ્યાલ કોણ જાણે કેમ મારામાં ધસી આવ્યો. આ સંવેદના અતિશય અણગમતી હતી અને શક્ય તેટલી ત્વરાથી હું તેમાંથી મુક્ત થવા માગતો હતો. મને એમ લાગતું હતું કે પોલિના માટે રમવાનો આરંભ કરીને હું મારું નસીબ બગાડી રહ્યો છું. કોઈ પણ વહેમમાં સત્વર ફસાયા વિના જુગારને સ્પર્શવો શું સાચે જ અશક્ય છે ? મેં પચાસ ગલ્ડન કાઢ્યા અને બેકી સંખ્યાઓ પર હોડ બકી. ચક્ર ફર્યું અને તેરની સંખ્યા નીકળી – હું હારી ગયો. ગમગીન લાગણીથી અને તે પતાવીને ચાલી જવાની ઇચ્છાથી મેં વધુ પચાસ ગલ્ડન લાલ પર મૂક્યા. લાલ રંગ નીકળ્યો. ફરી મેં તે બધા સો ગલ્ડનની હોડ લાલ પર બકી. ફરી લાલ રંગ નીકળ્યો. પછી તો મેં સઘળા પૈસાની હોડ બકી અને ફરી વાર લાલ રંગ નીકળ્યો. ચારસો ગલ્ડન મળતાં જ મેં બસો ગલ્ડન વચલા બાર આંકડા પર, પરિણામ શું આવશે તે જાણ્યા વિના લગાવ્યા. મને ત્રણ ગણી રકમ મળી. આમ, મારા સો ગલ્ડન એકાએક આઠસો થઈ ગયા ! હું અસહ્ય એવી વિચિત્ર તથા અસામાન્ય લાગણી અનુભવતો હતો અને એટલે મેં ચાલ્યા જવાનો નિર્ણય કર્યો. મને થયું કે, જો હું મારે માટે રમતો હોત તો આ રીતે ન રમ્યો હોત, છતાં પણ ફરી એક વાર તે બધા આઠસો ગલ્ડનની હોઠ બેકી સંખ્યા પર બકી. આ વેળાએ ચારની સંખ્યા નીકળી. મને બીજા આઠસો ગલ્ડન મળ્યા. સોળસો ગલ્ડનનો ઢગ એકઠો કરી હું પોલિના એલેક્સેન્ડ્રોવ્નાને શોધવા ગયો.

તે બધાં હજી ઉદ્યાનમાં જ હતાં અને વાળુ સુધી હું તેને ન મળી

શક્યો. આ વખતે પેલો ફ્રેંચ ત્યાં નહોતો અને જનરલે બીજી વાતોની જેમ આને સામાન્ય ગણી. જો કે, ફરી તેને ટીકા કરવાનું મન થયું કે મને જુગારના ટેબલ પર ફરી વાર જોઈ તેને નવાઈ નહિ થાય. તેને મન તો જો હું કોઈ વાર ખૂબ પૈસા ગુમાવું તો તેને સંતોષ થશે. 'પણ છતાંય તું મોટી રકમ જીતે તોય મને તો સંતોષ થશે,' તેણે અર્થસૂચકતાથી ઉમેર્યું, 'અલબત્ત, તારા આચરણ અંગે હું કોઈ આદેશ ન આપી શકું, પણ તું સંમત તો થઈશ કે....' અને પછી હંમેશની જેમ તેણે વાક્ય અધૂરું રાખ્યું. મેં ઠંડકથી ઉત્તર આપ્યો કે મારી પાસે ખૂબ ઓછા પૈસા છે અને તેથી રમવાનું હું શરૂ કરું તોય આટલા બધા ગુમાવવાનું મને ન પોસાય. ઉપર જતાં જતાં મેં પોલિનાને તેની જીતના પૈસા આપ્યા અને તેને કહ્યું કે ફરી વાર હું તેના વતી નહિ રમું.

'કેમ, નહિ રમે ?' અસ્વસ્થતાથી તેણે મને પૂછ્યું.

'કારણ કે હવે હું મારે માટે રમવાનો છું,' તેની સામે આશ્ચર્યથી નિહાળતાં મેં કહ્યું, 'અને તે જ મને અટકાવે છે.'

'એટલે તને નિશ્ચિત્તપણે એવી ખાતરી થઈ ગઈ છે કે જુગાર એ તારી એક માત્ર આશા છે, તારો મોક્ષ ?' તેણે નિર્ણયાત્મકતાથી પૂછ્યું. મેં તેને ફરી ગંભીરતાપૂર્વક કહ્યું : 'હા.' મારી જીતવાની નિશ્ચિતતા હાસ્યાસ્પદ પણ હોય તેય મેં કબૂલ્યું ને કહ્યું, 'કૃપા કરી મને એકલો રહેવા દે.'

પોલિના એલેક્સેન્ડ્રોબ્નાએ એવો આગ્રહ કરવા પ્રયત્ન કર્યો કે મારે તેની જીતનો અડધો ભાગ લેવો. તેણે મને આઠસો ગલ્ડન પાછા આપવા ય પ્રયત્ન કર્યો અને એવો પ્રસ્તાવ મૂક્યો કે હવે અમારે તે જ શરતે રમવું. મેં અંતે, નિઃશંક તે અડધા ભાગનો ઇન્કાર કર્યો અને જાહેર કર્યું કે હું કોઈના વતી ન રમી શકું. એટલા માટે નહિ કે હું તેમ રમવા માગતો નથી, પણ એટલા માટે કે તેમ કરતાં હું નક્કી ગુમાવીશ જ.

'ભલે, તે મૂર્ખતાભર્યું લાગે, પણ જુગાર સિવાય મારી કોઈ આશા જ નથી.' તેણે વિચારપૂર્વક કહ્યું. 'અને એટલે તારે મારી સાથે ભાગીદારીમાં રમવું જ પડશે અને મને ખાતરી છે કે તું રમીશ.' આટલું કહી તે મને છોડીને ચાલી ગઈ, મારા અન્ય વાંધા સાંભળવા પણ ઊભી ન રહી.

૩

જો કે, ગઈ કાલે આખો દિવસ જુગાર વિશે તેણે એક હરફ મને ન કહ્યો. ગઈ કાલે આખો દિવસ તેણે મારી સાથે વાત કરવાનું ટાળ્યું. મારા પ્રત્યેના તેના પહેલાંના વર્તનમાં પરિવર્તન આવ્યું નહોતું. અમે જ્યારે મળતાં, ત્યારે તેવો જ સામાન્ય વ્યવહાર અને ક્યારેક તિરસ્કાર અને ઝઘડાનો પડછાયો પણ ખરો. મારા પ્રત્યેનો તેનો અણગમો સંતાડવાની તેની લેશ પણ ઇચ્છા નહોતી. હું તે નીરખી શકતો હતો. તે છતાં પણ, કોઈ ને કોઈ કારણે તેને મારી અનિવાર્યતા છે અથવા તો તે કોઈ કારણસર મને દૂર રાખે છે, તે પણ તે સંતાડતી નહોતી. અમારી વચ્ચે બંધાયેલા આ સંબંધો વિચિત્ર અને ન સમજાય તેવા હતા અને સહુ પ્રત્યે તેનાં ઘમંડ તથા અભિમાન નીરખી મને મોટે ભાગે તે સમજાતા જ નહોતા. ઉદાહરણ તરીકે, હું તેના પ્રગાઢ પ્રેમમાં છું, તે તે જાણે છે અને મારી લાગણીઓ વ્યક્ત કરવા પણ દે છે – અને અલબત્ત, આમ મારા પ્રેમ અંગે કશાય નિયંત્રણ વિના મુક્તપણે બોલવા દેવાની છૂટમાં જ નર્યો તેનો તિરસ્કાર પૂર્ણપણે વ્યક્ત થાય છે. જાણે કે તે કહેતી ન હોય, 'હું તારી લાગણીઓનો ઝાઝો વિચાર કરતી જ નથી. મારા પૂરતું, તો, તું મને શું કહે છે અથવા મારા પ્રત્યે તારી કેવી લાગણીઓ છે તેથી કશો ફેર પડતો નથી.' આ પહેલાં પણ તે મને તેના પ્રણયવ્યવહારોની વાતો કરતી, પણ તે મારી સાથે સંપૂર્ણપણે નિખાલસ નહોતી. એટલું જ નહિ પણ તેના મારા પ્રત્યેના અનાદરમાં સંસ્કારિતા પણ હતી. ઉદાહરણ તરીકે, ધારો કે તે જાણતી હોય કે હું તેની જિંદગીની કોઈ ઘટના અંગે અથવા તો તેને અત્યંત ચિંતાતુર કરતી પરિસ્થિતિ અંગે વાકેફ છું અને

જો તે કોઈ રીતે ગુલામ અથવા ખેપિયા તરીકે મારો ઉપયોગ કરવા માગતી હોય તો તેની પરિસ્થિતિ વિશે મને કૈં કહે. પણ ખેપિયા તરીકે મારે જાણવું જોઈએ તેટલું જ કહે. અને હું જો હજી સઘળી હકીકત ન જાણતો હોઉં અને તે જોઈ શકતી હોય કે તેની ચિંતાઓથી હું વ્યાકુળ છું, તો પણ ઘણી વાર માત્ર પીડાજનક નહિ પણ ભયનજક કામો મને સોંપે. અને છતાંય, ત્યારે પણ, હું જ્યારે કશું જ ન જાણતો હોઉં ત્યારે પણ, મારી સાથે નિખાલસ બનવામાં જ તેની નૈતિકતા છે, એમ હું માનતો હોઉં તો પણ, મૈત્રીપૂર્ણ, નિખાલસતાથી મારા મનને શાંત કરવાની કૃપા તે ક્યારેય ન દાખવે. પણ મારી લાગણીઓ અંગે અથવા તો હું પણ ચિંતિત છું અને તેની ચિંતાઓ તથા કમભાગ્યથી ત્રણ ગણો ચિંતાતુર અને વ્યથિત છું, તે હકીકત અંગે મને દુઃખી કરવો શું યોગ્ય છે ?

જુગાર રમવાની તેની ઇચ્છા હું ત્રણ સપ્તાહથી જાણું છું. તેણે મને અગાઉથી જણાવી દીધું છે કે તેને બદલે મારે રમવું કારણ કે તેને માટે તેમ કરવું યોગ્ય નહોતું. ક્યારેક, તેના બોલવાના અવાજ પરથી મેં જાણ્યું હતું કે તેને કોઈ ગંભીર ચિંતા છે, માત્ર પૈસા જીતવાની જ ઇચ્છા નથી. તેને મન એકલા પૈસાની શી કિંમત છે ? અહીં કોઈ હેતુ છે, કશીક પરિસ્થિતિ છે એવી હું ધારણા કરું છું, પણ હજી સુધી તે હું જાણતો નથી. અલબત્ત, જે અપમાનજનક તાબેદારીમાં તે મને રાખે છે તે મને તેને સીધો તથા રુક્ષ પ્રશ્ન પૂછવાની શક્યતાઓ આપે. (અને ઘણી ઘણી વાર તેવી ઘણી શક્યતાઓ આપે છે.) પણ હું તેનો ગુલામ હોવાથી, તેની નજરમાં સાવ ક્ષુદ્ર હોવાથી મારી ગમાર આતુરતાથી તેને દુભાવાનું કોઈ કારણ નહોતું. પણ મુશ્કેલી એ હતી કે જ્યારે તે મને પ્રશ્નો પૂછવાની છૂટ આપતી ત્યારે તે તેના ઉત્તરો આપતી નહોતી. ક્યારેક તો તે તેમના પર ધ્યાન પણ ન આપતી. આવી પરિસ્થિતિ હતી અમારા બંનેની વચ્ચે !

ગઈ કાલે આખો દિવસ – ચાર દિવસ પહેલાં સેન્ટ પિટ્ર્સબર્ગે કરેલા તાર પર ખૂબ ચર્ચા ચાલી. હજી સુધી તે તારનો ઉત્તર આવ્યો નહોતો. દેખીતી રીતે જ જનરલ અસ્વસ્થ હતો, વ્યસ્ત હતો. અલબત્ત, ખરેખર તો

સવાલ હતો દાદીમાનો. પેલો ફ્રેન્ચ પણ અસ્વસ્થ હતો. ઉદાહરણ તરીકે, ગઈ કાલે તે બંનેએ ખાણા પછી લાંબી અને ગંભીર ચર્ચા કરી. અમારા મહુના અવાજ કરતાં તે ફ્રેંચનો અવાજ અસામાન્યપણે ઘમંડી અને તોછડો હતો. પેલી કહેતીમાં કહ્યું છે તેમ – 'ડુક્કરને ખાણા માટે નોતરો અને તે ટેબલ પર તેના પગ મૂકશે.' પોલિના સાથે પણ તે તોછડાઈથી જ વાત કરતો. જો કે, સ્ટેશનમાંની સામાન્ય લટારમાં અથવા ઘોડેસવારી પર કે બગીની તે પ્રદેશની સફરમાં તેણે આનંદપૂર્વક ભાગ લીધો, જનરલ તથા તે ફ્રેન્ચને એક સાથે બાંધતી કેટલીક પરિસ્થિતિઓથી હું લાંબા સમયથી વાકેફ હતો. રશિયામાં તે બંને ભાગીદારીમાં કારખાનું ઊભું કરતા હતા. હું જાણતો નથી કે તે યોજના નિષ્ફળ ગઈ કે પછી હજી તે અંગે તેઓ વિનિમય કરતા હતા. તદુપરાંત, મને થોડાક કૌટુંબિક રહસ્યની પણ જાણ થઈ હતી. ગયે વર્ષે, જ્યારે જનરલ નિવૃત્ત થયો, ત્યારે જાહેરનિધિમાંની ખોટ પૂરી પાડવા તે ફ્રેન્ચ જનરલની વહારે આવ્યો હતો અને તેણે ત્રીસ હજાર રૂબલ્સ આપ્યા હતા. અને, અલબત્ત, હવે જનરલ તેની પકડમાં હતો. પણ, આ ક્ષણે, સમગ્ર ઘટનામાં મેડમઝે'લ બ્લાન્ચ મહત્ત્વનો ભાગ ભજવતી હતી. અને મને ખાતરી છે કે તેમાં હું ભૂલ ખાતો નહોતો.

આ મેડમઝે'લ બ્લાન્ચ કોણ છે ? અહીં તે ફ્રેન્ચ સ્ત્રી તરીકે ઓળખાય છે. તેની મા પણ અહીં જ રહે છે અને તેમની પાસે અઢળક સમૃદ્ધિ છે. અમારા ફ્રેન્ચ ઉમરાવ સાથે તેને સગપણ છે, જો કે દૂરનું. કદાચ બીજી કે ત્રીજી પિતરાઈ પેઢીનું. એમ કહેવાય છે કે પારિસના મારા પ્રવાસ પહેલાં આ ફ્રેન્ચ અને મેડમઝે'લ બ્લાન્ચ પરસ્પર પ્રત્યે વધુ ઔપચારિકતાથી વર્તતાં હતાં તથા તેમનાં વ્યવહાર-વર્તન કૈંક વધુ સૂક્ષ્મ અને મૃદુ હતાં. પણ હવે તેમની એ મૈત્રી કે સગપણ કૈંક તોછડાં અને વધુ ગાઢ બન્યાં છે. કદાચ, અમારા વ્યવહારો તેમને એવા તો અયોગ્ય લાગવા માંડ્યા છે કે હવે તેમને ઔપચારિકતા આદરવાની કે અમારી સાથે તેમની લાગણીઓ છુપાવવાની કોઈ અનિવાર્યતા જણાતી નથી. પરમ દિવસે મેં જોયું કે આસ્ત્લે મેડમઝે'લ બ્લાન્ચ તથા તેની માતાને જોતો હતો. મને તેમ પણ લાગ્યું કે અમારો ફ્રેંચ

મિત્ર તે પહેલાં આસ્ત્લેને મળ્યો હતો. જો કે, આ આસ્ત્લે એટલો શરમાળ, આત્મવિશ્વાસ વિનાનો અને ઓછાબોલો છે કે કોઈના અંગત ઝઘડાઓ અંગે અવિચારી નહિ બને તેવો પૂરતો વિશ્વાસ તેના પર મૂકી શકાય. ગમે તેમ પણ પેલો ફ્રેન્ચ ભાગ્યે જ તેનું અભિવાદન કરે છે અને તેની સામે નીરખતો પણ નથી. તેનો અર્થ એ કે તેને તેનો ભય નથી. તે તો સમજી શકાય પણ મેડમઝે'લ બ્લાન્ચ પણ તેની સામે કેમ જોતી નથી ? ખાસ તો, ગઈ કાલે ઉમરાવે કંઈ ભસી માર્યું, સામાન્ય વાતચીતમાં, કોણ જાણે કયા સંદર્ભમાં તે મને યાદ નથી, પણ તેણે અચાનક કહ્યું કે તે ચોક્કસ જાણે છે કે આસ્ત્લે અતિ સમૃદ્ધ છે. અને પોતે જે કૈં કહે છે તે ઉમરાવ જાણતો જ હોય છે. આ મુદ્દા વખતે મેડમઝે'લ બ્લાન્ચ આસ્ત્લે સામે જુએ તેવી અપેક્ષા હતી ! જો કે, જનરલ અતિ આતુર હતો. તેની ફોઈના મૃત્યુ અંગેના તારનો તેને મન શો અર્થ હતો તે હવે સહેલાઈથી સમજી શકાય તેમ છે.

જો કે, પોલિના સભાનપણે મારી સાથે બોલવાનું ટાળતી હતી, તેવું મને ચોક્કસ લાગતું હતું. મેં પણ ઠંડું તથા ઉદાસીન વર્તન અપનાવ્યું. પણ હું વિચારતો જ રહ્યો કે તે કોઈ પણ ક્ષણે મારી પાસે આવશે. ઊલટું, ગઈ કાલે તથા આજે મેં મેડમઝે'લ બ્લાન્ચ પર વધુ સમય ધ્યાન આપ્યું. બિચારો જનરલ સાવ મરી ગયો ! અલબત્ત, પંચાવન વર્ષની વયે આવા ઉત્કટ પ્રેમમાં પડવું તે જ એક કમભાગ્ય ! આ ઉપરાંત તેની વિધુરતા, તેનાં સંતાનો, તેની અસ્ક્યામતનો સર્વનાશ અને અંતે જે સ્ત્રી સાથે તેને પ્રેમમાં પડવાનું છે તે સ્ત્રી ! મેડમઝે'લ બ્લાન્ચ દેખાવમાં સુંદર છે પણ મને ખબર નથી કે તેનો ચહેરો ભયાવહ છે તેવું મારું કથન કોઈ સમજશે કે કેમ ! ગમે તેમ પણ હું આવી સ્ત્રીઓથી ડરું છું. તેની વય લગભગ પચ્ચીસ વર્ષની છે. તે ઊંચી-પહોળી છે, તેના ખભા ઢળેલા છે. તેની ગર્દન તથા વક્ષઃસ્થળ ભવ્ય છે. તેની ત્વચા કાળાશ પડતી છે તથા તેના કેશ અકીક જેવા છે, ભરાવદાર છે, બે સ્ત્રીઓના કેશ જેટલા. તેની આંખો કાળી પીળાશ પડતી શ્વેત છે. તેની દૃષ્ટિ દમામભરી છે. તેના દાંત ખૂબ શ્વેત છે, તેના અધર હંમેશાં રંગેલા હોય છે અને તેનાં અત્તર સુગંધીદાર હોય છે. તે ભવ્ય, સમૃદ્ધ અને ફેશનેબલ

[illegible] પહેરે છે અને વસ્ત્રોમાં તેની અભિરુચિ ઉત્તમ છે. તેના હાથપગ પ્રશંસનીય છે. તેનો અવાજ કર્કશ પણ ધીમો છે. ક્યારેક તે ખડખડાટ હસે છે [illegible] નહિ તો પોલિના અને મારિયા ફિલિપ્પોવ્ના સામે. (એક વિચિત્ર [illegible] છે કે મારિયા ફિલિપ્પોવ્ના પાછી રશિયા જઈ રહી છે.) મેડમઝે'લ બ્લાન્ચ મને સાવ અશિક્ષિત લાગે છે અને કદાચ તે બુદ્ધિશાળી પણ ન હોય (ઊલટું તે શંકાશીલ તથા કુટિલ છે. હું માનું છું કે તેની જિંદગી સાહસ વિનાની નહિ હોય ! સાચું કહું તો, ઉમરાવ તેનો કશો જ સગો નથી અને તેની માતા તેની સાચી માતા છે જ નહિ. પણ બર્લિનમાં અમે જ્યાં તેમને મળ્યા ત્યાં તેને તથા તેની માતાને કેટલાક સમ્માનીય પરિચયો છે તેનો પુરાવો છે (ઉમરાવ પૂરતી મને તો હજીય શંકા છે કે તે ઉમરાવ છે કે કેમ, પણ તેનું સામાજિક વર્તુળ આદરણીય છે. તેમાં કોઈ શંકા નથી. અમારા રશિયામાં [illegible] જર્મનીમાં પણ. ફ્રાંસમાં તેનું શું સ્થાન છે તેની મને જાણ નથી. તેની પાસે હવેલી છે, તેમ કહેવાય છે. મને લાગે છે કે આ બે સપ્તાહમાં તો પુલ નીચે ઘણાં પાણી વહી ગયાં હશે અને છતાંય મને ચોક્કસ ખાતરી નથી કે મેડમઝે'લ બ્લાન્ચ તથા જનરલ વચ્ચે કશી ચોક્કસ વાતચીત થઈ છે કે નહિ. અમારા નસીબના સંજોગો પર એટલે કે જનરલ કશાક પૈસા [illegible] કરી શકે છે કે નહિ તેના પર બધું નિર્ભર છે. ઉદાહરણ તરીકે, જો એવા સમાચાર આવે કે દાદીમા મૃત્યુ નથી પામ્યાં તો મને ચોક્કસ ખાતરી છે કે મેડમઝે'લ બ્લાન્ચ સત્વરે ચાલી જશે. હું આવી એક અફવા બની [illegible] છે તે જાણીને મને આશ્ચર્ય તથા આનંદ થાય છે. આ બધાથી હું કંટાળી ગયો છું. આ સહુનો, પ્રત્યેક વસ્તુનો ત્યાગ કેટલા આનંદથી હું કરું ! પણ પોલિનાને હું ત્યજી શકું ? તેની ગતિવિધિ પરની મારી જાસૂસી હું છોડી [illegible] શકું ? જાસૂસી કરવી તે ખરેખર ખરાબ વ્યવસાય છે – પણ તેની મને શી ફિકર ?

છેલ્લા બે દિવસમાં મને આસ્ત્લેમાં પણ ખૂબ રસ પડ્યો. મને ખાતરી છે કે તે પોલિનાના પ્રેમમાં છે. જ્યારે તેણે પ્રેમનો સ્પર્શ અનુભવ્યો હોય ત્યારે શરમાળ અને અતિશય પવિત્ર પુરુષની દૃષ્ટિ પણ ક્યારેક કૈંક કહી

દે તે કેવું વિચિત્ર તથા આનંદજનક ! ખાસ કરીને એવા પ્રસંગોએ જ્યારે પુરુષ શબ્દ કે દષ્ટિ દ્વારા કૈં કહેવાને કે સંકેત કરવાને બદલે નજર ઢાળી દે ત્યારે. અમે ફરવા જઈએ છીએ ત્યારે અનેક વાર આસ્ત્લે મને મળે છે. તે તેની હેટ ઉતારી ઝડપથી ચાલે છે. જો કે, અમને પહોંચી વળવા તેને તૂટવું પડે છે. તેને અમારી સાથે જોડાવા માટે બોલાવવામાં આવતાં સત્વરે જ તે ના પાડે છે. જ્યારે અમે સ્ટેશને કે ચોતરા કે ફુવારા પાસે બેસીએ છીએ, ત્યારે તે નક્કી અમારી બેઠકની પાસે જ પોતાની જગ્યા લે છે. અને અમે જ્યાં હોઈએ ત્યાં, ઉદ્યાનમાં કે જંગલમાં કે સ્કલાન્જેનબર્ગ પર, અમારે માત્ર આંખો ઊંચી કરી ચારેકોર જોવાનું જ. પાસેની કેડીએ કે જંગલની પાછળ આસ્ત્લેનું છુપાઈ રહેવાનું સ્થળ હોય છે. તેની સાથે હું જાતે જ વાત કરું તેવી તે તક શોધે છે. આજે સવારે અમે મળ્યા અને એકબે શબ્દોની આપ- લે કરી. ક્યારેક તેની વાતચીત સંદિગ્ધ હોય છે. 'ગુડમોર્નિંગ' કહ્યા વિના તેણે ભરડવા માંડ્યું : 'ઓહ ! મેડમઝે'લ બ્લાન્ચ ! મેં મેડમઝે'લ બ્લાન્ચ જેવી અનેક સ્ત્રીઓ દીઠી છે.'

તે ઊભો રહ્યો, અર્થપૂર્ણ દષ્ટિએ મને નિહાળી રહ્યો. આમ કહી તે શું કહેવા માગતો હતો તે મને સમજાયું નહિ, કારણ કે જ્યારે મેં પૂછ્યું ત્યારે ખંધા સ્મિતસહ ડોકું હલાવી તે બોલ્યો : 'શું મેડમઝે'લ પોલિનાને ફૂલોનો ખૂબ શોખ છે ?'

'હું જાણતો નથી' મેં કહ્યું, 'મને ખ્યાલ નથી.'

'શું ? તું તે નથી જાણતો ?' સંપૂર્ણ આશ્ચર્યસહ તે નવાઈ પામ્યો.

'હું નથી જાણતો. મેં ક્યારેય તેવું ધ્યાન નથી રાખ્યું.' મેં હસતાં હસતાં પુનરાવર્તન કર્યું.

'હં, હવે મને એક ખાસ વિચાર આવે છે.' તેણે તેનું માથું ઢાળ્યું અને ચાલતો થયો. જો કે, તે પ્રસન્ન દેખાતો હતો. અમારી વાતચીત ઘૃણાસ્પદ ફ્રેંચ ભાષામાં થઈ હતી.

૪

આજનો દિવસ વિચિત્રતાથી, અતિરેકતાથી તથા હાસ્યાસ્પદ રીતે વિતાવ્યો. અત્યારે રાતના અગિયાર વાગ્યા છે, હું મારી નાનકડી ઓરડીમાં બેસી તે બધું યાદ કરું છું. સૌ પહેલાં તો, સવારે મને પોલિના એલેક્સેન્ડ્રોવ્ના માટે રમવા જુગારના કમરાઓમાં જવાની ફરજ પડાઈ. મેં તેના છસો ગલ્ડન બે શરતોએ લીધા. સૌ પ્રથમ તો એ કે અમારે અડધો હિસ્સો નહિ વહેંચવાનો એટલે કે જો હું જીતું તો કશું જ લેવાનો મેં ઇન્કાર કર્યો અને બીજી શરત એ કે આજે સાંજે પોલિનાએ સ્પષ્ટપણે સમજાવવાનું કે શા માટે તેણે જીતવું અનિવાર્ય છે અને ખરેખર તેને કેટલા પૈસા જોઈએ છે ! વળી પૈસા માટે જ આ બધું થતું હતું એમ હું ધારતો નહોતો. પૈસા અનિવાર્ય હતા તે સ્પષ્ટ હતું અને તે કોઈ વિશિષ્ટ હેતુ માટે શક્ય તેટલા વહેલા અનિવાર્ય હતા. તેણે મને બધું કહેવાનું વચન આપ્યું અને હું ઊપડ્યો, કમરાઓમાં ભયંકર ભીડ હતી. આ બધા કેવા બેશરમ અને લોભી હતા ! તે ટોળાની ભીંસને પરાણે ખસેડી હોડના પૈસા ભેગા કરનારની નિકટ હું ઊભો. પછી મેં રમવા [illegible] રમવાનો પ્રારંભ કર્યો. દરેક વખતે બે કે ત્રણ સિક્કાઓની હોડ બકતો. તે દરમ્યાન હું નિહાળીને નોંધ કરતો રહ્યો. મને લાગ્યું કે ગણતરીની ઝાઝી કિંમત નથી અને ઘણા જુગારીઓ તેને ઝાઝું મહત્ત્વ આપતા નથી. ખાનાં પાડેલી ચબરખીઓ લઈને તે લોકો બેસે છે, હોડ નોંધે છે, ગણતરી માંડે છે, શક્યતાઓનો વિચાર કરે છે, દાખલાઓ ગણે છે અને અંતે પોતાની હોડ બકે છે અને કશી જ ગણતરી કર્યા વિના રમતા આપણા જેવા નાના માણસોની જેમ ગુમાવે છે, પણ તેથી ઊલટું હું એક

એવા તારણ પર આવ્યો અને હું માનું છું કે તે સાચું છે – સાવ નસીબ અજમાવીએ છીએ, ત્યારે કોઈ નિશ્ચિત પ્રથાનું અસ્તિત્વ ભલે ન હોય પણ ગમે તેમ તોય અખંડિત ઘટનાક્રમ જેવું કૈં હોય છે. અલબત્ત, તે વિચિત્ર છે. ઉદાહરણ તરીકે, એવુંય બને કે મધ્યની બારની સંખ્યા પછી અંતિમ બારની સંખ્યા નીકળે, અંતિમ બારની સંખ્યામાં બે વાર દડો થંભે અને પાછો પ્રથમ બારની સંખ્યા પર સરકે. પ્રથમ બારમાં પડ્યા પછી તે વળી પાછો મધ્યની બારની સંખ્યા પર જાય. ત્રણ કે ચાર વાર ત્યાં દોડતો દોડતો પડે અને વળી પાછો અંતિમ બાર પર જાય અને ત્યાંથી; બે હોડ પછી વળી પાછો તે પ્રથમ બારની સંખ્યામાં પડે, ત્યાં થંભે અને વળી ત્રણ વાર મધ્યની સંખ્યામાં પડે અને એવું દોઢબે કલાક ચાલ્યા કરે. એક, ત્રણ, બે, એક, ત્રણ બે, આ ભારે રસપ્રદ. એક દિવસે કે એક કલાકે, ઉદાહરણ તરીકે એવું પણ બને કે પ્રત્યેક મિનિટે, કશાય ક્રમ વિના લાલ તથા કાળી બદલાયા કરે જેથી ન તો લાલ કે ન તો કાળી સતત બે કે ત્રણ વાર આવે. બીજે દિવસે કે બીજે દિવસે સાંજે ઘણી વાર લાલ નીકળ્યા કરે, ઉદાહરણ તરીકે વીસ કે તેથી વધુ વાર માત્ર લાલ જ નીકળ્યા કરે, કેટલોક સમય તો ચોક્કસ જ, કદાચ આખા દિવસ દરમ્યાન. આમાંનું ઘણું બધું મને આસ્લ્લેએ સમજાવ્યું હતું. તે આખી સવાર ટેબલ પાસે ઊભો રહેતો, પણ પોતે રમતો નહોતો. હું તો જીતી જ ગયો અને તેય ખૂબ ઝડપે. મેં બસો ગલ્ડન સીધા બેકી સંખ્યા પર લગાડ્યા અને હું જીત્યો. ફરી હોડ બકી અને ફરી જીત્યો. આમ બે-ત્રણ વાર જીત્યો. મને લાગે છે કે પાંચેક મિનિટમાં તો ચાર હજાર ગલ્ડન મને મળ્યા. મારે ત્યારે જ રમત છોડી દેવી જોઈતી હતી, પણ એક વિચિત્ર લાગણી મારા પર સવાર થઈ – નિયતિને પડકારવાની, તેના નાક પર ટકોરો મારવાની મારી જીભ તેની સામે કાઢવાની ! જેટલી વધુમાં વધુ હોડ બકવાની છૂટ હતી – ચાર હજાર ગલ્ડનની તેટલી હોડ મેં બકી અને તે બધા મેં ગુમાવ્યા. પછી ઉત્તેજિત થઈને, મારી પાસે જે કૈં બચ્યું હતું તે બહાર કાઢી તે જ રીતે હોડમાં મુકાયું. ફરી મેં સઘળું ખોયું અને પછી

જાણે કે મૂઢ બની ગયો હોય તેમ મેં ટેબલ છોડ્યું ! મને શું થઈ ગયું હતું તેય હું ન સમજી શક્યો. ખાણા સુધી તો આ ગુમાવ્યાની વાત મેં પોલિના એલેક્સેન્ડ્રોવ્નાને ન કરી. ત્યાં સુધી હું ઉદ્યાનમાં અસ્વસ્થતાથી ભટકતો રહ્યો.

ખાણા વખતે વળી પાછો હું ઉત્તેજિત હતો – બે દિવસ પહેલાં હતો તેવો જ. પેલો ફ્રેન્ચ તથા મેડમઝે'લ બ્લાન્ચ વળી અમારી સાથે ખાણું લેતાં હતાં. મને લાગ્યું કે સવારે મેડમઝે'લ બ્લાન્ચ જુગારના કમરામાં હતી અને મારી હાર તેણે નિહાળી હતી. આ વેળાએ તેણે મારી સાથે કૈંક વધુ મીઠાશથી વાત કરી. પેલો ફ્રેંચ વધુ આખાબોલો હતો. તેણે મને માત્ર એટલું જ પૂછ્યું કે મેં જે પૈસા ગુમાવ્યા તે મારા પોતાના હતા કે કેમ ? હું ધારું છું કે પોલિના પર તેને શંકા છે. ટૂંકમાં, કૈંક છે. હું જૂઠું બોલ્યો અને સત્વરે કહ્યું કે તે મારા પૈસા હતા.

જનરલને અતિશય આશ્ચર્ય થયું. મને આટલા બધા પૈસા મળ્યા ક્યાંથી ? મેં કહ્યું કે મેં સો ગલ્ડનથી શરૂઆત કરી હતી, છ કે સાતવાર એકધારી જીત મેળવી હતી, વત્તાઓછા પૈસા મળ્યા હતા. આ જીતને કારણે મારી પાસે પાંચથી છ હજાર ગલ્ડન થયા હતા અને પછી તે બધા જ મેં દાવમાં ગુમાવ્યા.

આ બધું સંભવિત હતું. હું સ્પષ્ટતા કરતો હતો ત્યારે મેં પોલિના સામે જોયું પણ તેના ચહેરા પરથી હું કૈં ન સમજી શક્યો. જો કે, તેણે મને જૂઠું બોલવાની છૂટ આપી હતી અને તે વચ્ચે કૈં ન બોલી. આ પરથી મેં માની લીધું કે હું જૂઠું બોલ્યો અને તેને બદલે હું રમતો હતો તે હકીકત છુપાવી તે બરોબર હતું. મારી જાતે મેં વિચાર્યું કે તેણે મને સ્પષ્ટતા કરવાની છે અને થોડા સમય પહેલાં જ તેણે થોડીક સ્પષ્ટતા કરવાનું વચન આપ્યું હતું.

મને હતું કે જનરલ કશી ટિપ્પણી કરશે પણ તે કૈં ન બોલ્યો, ઊલટું, તેનો ચહેરો જોતાં એમ લાગતું હતું કે તે અસ્વસ્થ અને ચિંતાતુર હતો. માત્ર કલાક-પોણા કલાકમાં આટલા બધા પૈસા એક બેદરકાર મૂર્ખના હાથમાં

આવીને સરકી જાય તે સાંભળવું તેને તેની નાજુક પરિસ્થિતિમાં કદાચ, કપરું લાગ્યું હશે.

મને શંકા છે કે ગઈ કાલે સાંજે તેને પેલા ફ્રેંચ વચ્ચે સાથે અણબનાવ થયો હતો. બંધ બારણાં પાછળ, લાંબા સમય સુધી તે બંને ગરમાગરમ ચર્ચા કરતા હતા. જ્યારે તે ફ્રેંચ બહાર નીકળ્યો, ત્યારે તે કશાક અંગે ગુસ્સે થયેલો દેખાતો હતો અને આજે સવારે વળી પાછો તે જનરલને મળવા આવ્યો. કદાચ, ગઈ કાલનો વાર્તાલાપ ચાલુ રાખવા.

જ્યારે તેણે મારી ખોટની વાત સાંભળી ત્યારે તેણે સ્વાભાવિક રીતે પણ સહેજ કટુતાથી ટીકા કરી કે મારામાં થોડીક વધુ બુદ્ધિની જરૂર છે. તેણે એમ કેમ કહ્યું કે જો કે રશિયનો ઝાઝા પ્રમાણમાં જુગાર રમે છે, પણ તે રમવાનું સામર્થ્ય તેમની પાસે નથી તેવી તેની માન્યતા છે. તેનું આ કથન મને ન સમજાયું.

'અને મારા મતે તો જુગાર રશિયનો માટે જ સર્જાયો છે.' મેં કહ્યું અને મારો ઉત્તર સાંભળી ગુસ્સે થઈ તેણે મારી સામે દાંતિયા કાઢ્યાં. ત્યારે મેં કહ્યું કે મેં જે કહ્યું તેમાં સત્ય છે, કારણ કે જ્યારે હું જુગારીઓ તરીકે રશિયનોની વાત કરું છું ત્યારે તેમની પ્રશંસા કરવાને બદલે હું તેમની ટીકા કરું છું અને તેથી જ મારી વાત માનવી જોઈએ.

'શા આધારે તું આવો અભિપ્રાય આપે છે ?' તે ફ્રેન્ચે પૂછ્યું.

'સંસ્કૃત પાશ્ચાત્ય વ્યક્તિના ગુણ તથા લાયકાતની યાદીમાં, સમૃદ્ધિ પ્રાપ્ત કરવાની વૃત્તિમાં ઐતિહાસિક દૃષ્ટિએ સઘળાં મહત્ત્વનાં સ્થળોને આવરી લેવાયાં છે તે આધારે. અને રશિયન સમૃદ્ધિ પ્રાપ્ત કરવા અસમર્થ છે એટલું જ નહિ, પણ તે તેને પાગલની જેમ ઉડાવી દે છે અને તેય તે કશાય હેતુ વિના. વળી, મેં ઉમેર્યું : 'રશિયનોને પણ પૈસાની જરૂર છે. અમને પણ તે મેળવવાનો આનંદ છે અને તેથી જ જુગાર જેવા માર્ગોની, થોડા જ કલાકોમાં, મહેનત કર્યા વિના, સત્વરે ધનિક બની જવાય તેવા માર્ગોની અમને રઢ લાગી છે. અમારે માટે તે મોટું પ્રલોભન છે અને અમે કોઈ હેતુ કે પ્રયત્ન વિના રમીએ છીએ એટલે અમારું બધું ગુમાવી દઈએ છીએ.'

'આ અંશતઃ સાચું છે.' તે ફ્રેંચે દંભ ધારીને ટીકા કરી.

'ના, તે સાચું નથી અને તારા દેશ વિશે આવી વાત કરતાં તારે શરમાવું જોઈએ.' જનરલે પ્રભાવક અને કડક ટીકા કરી.

'હવે સમજાયું.' મેં ઉત્તર આપ્યો. 'છેવટે તો કોઈ જાણતું નથી કે કોણ બદતર છે – આરામથી જીવતો નિંદ્ય રશિયન કે પ્રામાણિક પરિશ્રમથી ઢગલા બનાવતો જર્મન ?'

'કેટલો આઘાતજનક ખ્યાલ !' જનરલે આશ્ચર્ય વ્યક્ત કર્યું.

'કેવો રશિયન ખ્યાલ !' પેલા ફ્રેન્ચે આશ્ચર્ય વ્યક્ત કર્યું.

હું હસ્યો. હું તેમને ખરેખર ચિડવવા માગતો હતો.

'જર્મન આદર્શને પૂજવા કરતાં તો હું મારી સમગ્ર જિંદગી કિર્ગિઝના તંબૂમાં, માંસના ટુકડા ખાતાં ખાતાં પસાર કરું.' મેં રાડ પાડી.

'કયો આદર્શ ?' જનરલે રાડ પડી. તે ધીમે ધીમે ગુસ્સે થતો હતો.

'સમૃદ્ધિ સંચિત કરવાની જર્મનોની શક્તિ. અહીં મેં લાંબો સમય નથી ગાળ્યો; પણ એ ય સાચું કે મને સમય મળતાં મેં જે જોયું ને જે હું સમજ્યો તેનાથી મારું તાર્તાર લોહી ઊકળી ઊઠે છે. હું સોગંદપૂર્વક કહું છું કે આવો સદ્‌ગુણ મને કશા ખપનો નથી ! ગઈ કાલે, લગભગ દસ કિલોમિટર જેટલો આસપાસનો પ્રદેશ ખૂંદવાનો મને સમય મળ્યો હતો. ખેર ! તે બધો જ પ્રદેશ નીતિબોધ આપતી સચિત્ર જર્મન પુસ્તિકાઓ જેવો જ હતો. બધે જ, બધા જ લોકોના ઘરમાં ભયાવહ, સદ્‌ગુણી અને અતિશય પ્રામાણિક વડો હતો. હકીકતે તે એટલો પ્રામાણિક હતો કે તેમની પાસે જતાં ડર લાગે, તે સઘળા વડાઓને એક કુટુંબ હતું. અને સાંજે તે સહુ એકબીજાને નીતિબોધનાં પુસ્તકો જોરથી વાંચી સંભળાવતા. એલ્મ તથા બદામનાં વૃક્ષોનો મર્મર પ્રત્યેક ઝૂંપડી પર સંભળાતો હતો. સૂર્યાસ્તનો સમય હતો અને છાપરા પર બગલું હતું. બધું જ હૃદયસ્પર્શી અને કાવ્યાત્મક હતું.

'જનરલ, ગુસ્સે ન થાવ. જેટલી મર્મસ્પર્શિતાથી હું કહી શકું તેટલી મર્મસ્પર્શિતાથી મને કહેવા દો. સાંજે ઉદ્યાનમાં લીંબોઈના ઝાડ નીચે આવી જ નાની પુસ્તિકાઓ મને તથા મારી માને વાંચી સંભળાવતા મારા બિચારા

મૃત પિતાનું મને સ્મરણ છે – હું તે અંગે નક્કર અભિપ્રાય બાંધી શકું છું. ખેર ! અહીંનું તેવું એકેએક કુટુંબ વડાના તાબેદાર બની ગુલામની જિંદગી જીવે છે. તે બધા જ ગુલામની જેમ મજૂરી કરે છે અને યહૂદીઓની જેમ પૈસો એકઠો કરે છે. ધારો કે, વડા પાસે થોડાક ગલ્ડન એકઠા થયા હોય અને તે તેનો વ્યાપાર કે જમીનનો ટુકડો તેના સૌથી મોટા દીકરાને આપવાનું વિચારતો હોય, ત્યારે પણ તેની દીકરીને પૈઠણ અપાતી નથી અને તે વૃદ્ધ થતાં સુધી કુંવારી જ રહે છે. ત્યારે પણ નાના દીકરાને ગુલામ તરીકે અથવા લશ્કરમાં વેચવામાં આવે છે અને તે પૈસા ઘરની મૂડીમાં ઉમેરાય છે. આવું અહીં બને જ છે. હું માહિતીઓ એકઠી કરું છું. આ બધું થાય છે. પ્રામાણિકતાને કારણે, બીજા કોઈ કારણે નહિ. પ્રામાણિકતાને એટલી હદ સુધી લઈ જવામાં આવી છે કે વેચાયેલો નાનો દીકરો પણ એમ માને કે તે માત્ર પ્રામાણિકતા ખાતર વેચાયો છે – બલિ પોતે જ કતલખાને જતાં આનંદ પામે, ત્યારે તો એક આદર્શ પરિસ્થિતિ બને છે ! અને પછી શું ? મોટા દીકરા માટે પણ પછીની પરિસ્થિતિ વધુ સરળ નથી. તેને તેની પ્રેયસી હોય છે. જેની સાથે તેનું હૃદય જોડાયેલું હોય છે – પણ તે બંને પરણી શકતાં નથી, કારણ કે હજી સુધી પૂરતા પૈસા એકઠા થયા નથી. તેઓ સાચેસાચ પ્રતીક્ષા કરે છે અને સંપૂર્ણ સન્નિષ્ઠાથી સ્મિત વેરે જાય છે. તેઓ પણ ઘેટાંની જેમ કતલખાને જાય છે ! પ્રેયસીના ગાલ ઊંડા ઊતરી ગયા છે. તે વહેલી મોટી થઈ જાય છે. છેવટે, લગભગ વીસ વર્ષ પછી સમૃદ્ધિ વધે છે, ગલ્ડનમાં પ્રામાણિકપણે સદ્ધર વધારો થાય છે અને વડો ચાલીસ વર્ષના દીકરા તથા પાંત્રીસ વર્ષની, ચિમળાયેલા વક્ષઃસ્થળવાળી, રાતા નાકવાળી તેની પ્રેયસીને આશીર્વાદ આપે છે, પછી તે રડે છે, બોધ આપે છે ને મૃત્યુ પામે છે. હવે મોટો દીકરો વડો બને છે અને સમગ્ર ઘટનાનો ફરી પ્રારંભ થાય છે. આથી પચાસ વર્ષ પછી કે સિત્તેર વર્ષ પછી પ્રથમ વડાના પૌત્રે સાચે જ સદ્ધર સમૃદ્ધિ પ્રાપ્ત કરી હોય છે, જે તે તેના દીકરાને વારસામાં આપે છે અને તે વળી તેના દીકરાને. અને પાંચ કે છ પેઢી પછી બેરન રોથ્સચાઈલ્ડ પોતે અથવા તો હોપ્પ ઍન્ડ કંપની અથવા તો દેવ જાણે

શું પણ કંઈ ઊભું થાય છે. ખેર, સાહેબ ! કેવું ભવ્ય દૃશ્ય ! એક સદી કે બે સદીનાં સતત પરિશ્રમ, ધૈર્ય, બુદ્ધિ, પ્રામાણિકતા, ચારિત્ર્યબળ, દૃઢતા અને દીર્ઘદૃષ્ટિ ! અને છાપરાં પર બગલાં ! તમારે વધુ શું જોઈએ ? આનાથી વિશેષ ઉચ્ચ આદર્શ અન્ય કાંઈ નથી અને આ ઉન્નતાશયથી તે સમગ્ર વિશ્વના મૂલ્યાંકનનો પ્રારંભ કરે છે અને પછી કોઈ પણ દોષિતને, તેમનાથી લગીર વાતેય ઊણો હોય તેવા ગમે તેને શિક્ષા કરે છે. એટલે મુદ્દો આ છે : ક્યાં તો હું રશિયન બદફેલ થાઉં અથવા તો જુગાર પર વારી મારી સમૃદ્ધિના ગંજ ઊભા કરું. પાંચ પેઢી પછી મારે હોપ્પ એન્ડ કંપની નથી થવું ! મારે માટે મારે પૈસા જોઈએ છે અને હું મારી જાતને સમૃદ્ધિ પ્રાપ્ત કરવા માટેના માત્ર દુર્નિવાર ઘટક લેખે નથી નિહાળતો. હું જાણું છું કે મેં ઘણોબધો બકવાસ કર્યો છે, પણ મને તેની તમા નથી. હું આમ માનું છું.'

'તું જે કહેતો હતો તેમાં ખરેખર તથ્ય હતું કે નહિ તે હું નથી જાણતો,' જનરલે વિચારપૂર્વક ટીકા કરી, 'પણ હું એક વસ્તુ જાણું છું. જેવી તને તારી જાતને ભૂલવાની નાનીશી ય તક આપવામાં આવે કે તરત જ તું અસહ્યપણે તેનો ભપકો કરી આંજી નાંખવાનો પ્રારંભ કરે છે અને....'

હંમેશની જેમ પોતાનું કથન પૂરું કરવા તેણે ઉપેક્ષા દાખવી. જ્યારે અમારો જનરલ રોજની સામાન્ય વાતચીતથી થોડીઘણીયે મહત્ત્વની વાત કરવી શરૂ કરે છે, ત્યારે તે તેને ક્યારેય પૂરી કરતો નથી. મેં જે કૈં કહ્યું તેમાંનું તે કૈં જ સમજ્યો નહોતો. પોલિનાએ પણ તોછડી ઉદાસીનતાથી નિહાળ્યું હતું. આ સમયે ટેબલ પર જે કહેવાયું, માત્ર મારા દ્વારા જ નહિ, પણ અન્ય કોઈ દ્વારા ય તેવું તેણે ક્યારેય સાંભળ્યું લાગતું નહોતું.

૫

તે અસામાન્યપણે વિચારલીન હતી. પણ જેવાં અમે ટેબલ પરથી ઊભાં થયાં કે તેણે તેની સાથે ફરવા જવામાં સોબત આપવા મને વિનંતી કરી. અમે બાળકોને સાથે લીધાં અને ઉદ્યાનના ફુવારા તરફ ગયાં.

મારો સ્વભાવ કૈં ઉત્તેજિત હોવાથી મેં ખુલ્લંખુલ્લા, રુક્ષતાથી પ્રશ્ન પૂછ્યો કે શા માટે અમારા પેલા ફ્રેન્ચ ઉમરાવે – માર્કિવસ દ ગ્રિયક્ષે – તે જ્યારે ટેબલ પરથી ઊભી થઈ ત્યારે તેને સોબત ન આપી ? એટલું જ નહિ પણ આજે આખો દિવસ તે તેની સાથે કેમ બોલ્યો પણ નહિ ?

'કારણ કે તે દુષ્ટ છે.' તેણે વિચિત્ર ઉત્તર આપ્યો. તેણે દ ગ્રિયક્ષે વિશે આવો અભિપ્રાય આ અગાઉ ક્યારેય પણ આપ્યો હોય તેવું મેં સાંભળ્યું નહોતું અને અચાનક જ તેના શીઘ્ર કોપના ભયે વધુ કૈં બોલ્યો પણ નહિ.

'તેં જોયું કે જનરલ સાથે તેનો આજનો વ્યવહાર ખાસ મિત્રતાભર્યો નહોતો ?'

'આ બધું શું છે તે તું જાણવા માગે છે,' તેણે રોષથી ટૂંકમાં કહ્યું. 'તું જાણે છે કે જનરલે તેનું બધું જ તેને ગીરવે મૂક્યું છે. આખી જાગીર તેની છે અને જો દાદીમા ન મરી જાય તો ફ્રેન્ચ તેની પાસે ગીરવે મૂકેલી એકેએક વસ્તુનો સત્વરે કબજો લઈ લે.'

'ઓહ ? એટલે બધું જ ગીરવે મુકાયું છે તે સાવ સાચું ? મેં તેમ સાંભળ્યું હતું પણ હું જાણતો નહોતો કે બધું જ ગીરવે મુકાયું છે.'

'અલબત્ત, બધું મુકાયું છે.'

'તો તો પછી મેડમઝે'લ બ્લાન્ચ, અલવિદા.' મેં ટિપ્પણી કરી. 'તો તો તે જનરલની પત્ની નહિ બને ! તું જાણે છે કે જનરલ તેના પ્રેમમાં એવો ગળાબૂડ છે કે જો મેડમઝે'લ બ્લાન્ચ તેને છોડી દેશે તો તે પોતાની જાતને વીંધશે તેવું હું માનું છું. આ વયે પ્રેમમાં આટલા ઊંડા પડવું ખતરનાક છે.'

'હું પોતે માનું છું કે તેના જીવનમાં કોઈ ઘટના બનશે.' પોલિના એલેક્સેન્ડ્રોવ્નાએ ગંભીરતાપૂર્વક કહ્યું.

'તો તો તે કેટલું ભવ્ય હશે !' મેં ઊંચા સાદે કહ્યું, 'તેણે માત્ર પૈસા ખાતર પરણવાની સંમતિ આપી તે વાતના પ્રદર્શન માટે વધુ તુચ્છતાની જરૂર નહિ પડે. પરંપરાઓનું પણ પાલન નહોતું થયું. બધું વિધિ વિના જ સાવ પતી ગયું. અદ્‌ભુત ! અને દાદીમા અંગે તો, 'હવે તે મૃત્યુ પામ્યાં ? હવે તે મૃત્યુ પામ્યાં ?' એવા તારો પર તારો મોકલવો જેવું વધુ મજાકભર્યું અને ખરાબ શું હોઈ શકે ? હેં ? તે તને કેમ લાગે છે, પોલિના એલેક્સેન્ડ્રોવ્ના ?'

મને અધવચથી અટકાવીને તેણે તિરસ્કારપૂર્વક કહ્યું : 'આ બાલિશ છે. ઊલટું, મને તો તે નવાઈ લાગે છે કે તું આવા આનંદી મિજાજમાં છે. તને શેનો આનંદ થાય છે ? તેં પૈસા ખોયા તે કારણે ?'

'તે ખોવા માટે તેં મને શા માટે આપ્યા ? મેં તને કહ્યું તો હતું કે હું બીજા માટે નથી રમી શકતો, ખાસ કરીને તારે માટે તો નહિ જ. તું જ્યારે આજ્ઞા આપે છે ત્યારે હું તેનું પાલન કરું છું પણ પરિણામ મારા પર નિર્ભર નથી. જો કે, મેં તને ચેતવી હતી કે આમાંથી કશું નહિ મળે. મને કહે, આટલા બધા પૈસા ખોઈ તું ખૂબ દુઃખી થઈ છે ? તારે આટલા બધા પૈસાની જરૂર શેને માટે છે ?'

'તું શા માટે પૂછે છે ?'

'પણ તેં તે કહેવાનું વચન આપ્યું હતું. સાંભળ, મને સંપૂર્ણ ખાતરી છે કે હું મારે માટે રમું (અને મારી પાસે ૧૨૦ ગલ્ડન હતા) તો હું ચોક્કસ જીતું. પછી તારે જોઈએ તેટલા તું મારી પાસે ઉછીના લેજે.'

તેના ચહેરા પર તિરસ્કાર વ્યક્ત થતો હતો.

'આવું સૂચન કરવા અંગે મારા પર ગુસ્સે ન થઈશ,' મેં વાત ચાલુ રાખી. 'હું પૂરેપૂરો સભાન છું કે તું ક્યારેય મારી પાસેથી પૈસા નહિ લે. તેવું હું તારી આંખોમાં નિહાળતો જ નથી. તને મોઢાંમોઢ હું આ કહું છું. મારી પાસેથી ભેટ લેવાનો ગુનો તું ન કરે. વળી, મેં તારા પૈસા ખોયા.'

તેણે એક ઊડતી નજર મારા પર નાંખી અને મને રોષપૂર્વક તથા કટાક્ષસ્વરે બોલતો ભાળીને વળી તેણે અધવચ વાત અટકાવી બોલી.

'મારી પરિસ્થિતિમાં એવું કશું જ નથી કે તને રસ પડે. જો તું જાણવા જ માગતો હોય તો કહું કે હું દેવામાં છું. મેં કેટલાક પૈસા ઉછીના લીધા છે અને તે પાછા વાળવા માગું છું. મને કોણ જાણે કેમ પણ એક વિચિત્ર, એક પાગલ ખ્યાલ હતો કે અહીં જુગારમાં હું જીતીશ. આવો ખ્યાલ મને કેમ આવ્યો હતો તે હું નથી જાણતી પણ મેં તે માની લીધો. કોને ખબર કદાચ મારી પાસે કોઈ અન્ય વિકલ્પ નહિ હોવાથી – મારી પાસે બીજું કશું હતું જ નહિ – મેં તે માની લીધો હશે.'

'અથવા તો તારે માટે જીતવું અત્યંત આવશ્યક હશે. આ તો ડૂબતો માણસ તરણું ઝાલે તેવી વાત થઈ. તું એટલું તો કબૂલશે કે જો તે ડૂબતો ન હોય તો તે તરણાને વૃક્ષનું થડ ન માની લે.'

પોલિના આશ્ચર્ય પામી.

'તો પછી.' તેણે પૂછ્યું, 'તું તે જ વસ્તુની આશા કેમ રાખે છે ? બે સપ્તાહ પહેલાં એક વાર તેં મને લાંબું ભાષણ આપ્યું હતું કે અહીં જુગારમાં તું જીતીશ એવી તને ગળા સુધીની ખાતરી છે. અને તું પાગલ નથી તેવું મને ઠસાવવાનો પણ તેં પ્રયત્ન કર્યો હતો. કે પછી તું મજાક કરતો હતો ?- પણ મને યાદ છે કે તું એટલો ગંભીર હતો કે તારી વાતને કોઈ મજાક ન માની લે.'

'વાત સાચી છે,' મેં ગભીરતાપૂર્વક ઉત્તર આપ્યો. 'અને હજી પણ મને ગળા સુધીની ખાતરી છે કે હું જીતીશ જ. આજની મારી મૂર્ખામીભરી તથા આઘાતજનક હારે મારા મનમાં કોઈ શંકા કેમ ઉપજાવી જ નથી તે પ્રશ્નનો ઉત્તર તને મળી ગયો હશે તેવી મને શ્રદ્ધા છે. મને સંપૂર્ણ ખાતરી

છે કે આવું બન્યા છતાંય, જે ક્ષણે હું મારે માટે રમવાનું શરૂ કરું ત્યારે હું જીતવાનો જ.'

'તને એવી ચોક્કસ ખાતરી કેમ છે ?'

'ખરું કહું ? હું તે નથી જાણતો. તું માનીશ ? હું એટલું જ જાણું છું કે મારે જીતવાનું છે. મારે માટે બસ તે જ ઉકેલ છે. તેથી જ, કદાચ મારે સંપૂર્ણતયા જીતવું જોઈએ તેમ મને લાગે છે.'

'એટલે તારે માટે પણ જીતવું અતિ અનિવાર્ય છે – જો તને આવી ઝનૂની ખાતરી થઈ ગઈ હોય તો ?'

'કોઈ ગંભીર જરૂરિયાત અનુભવવા હું સમર્થ છું કે કેમ તેની તને શંકા છે અને તે માટે હું શરત મારવા તૈયાર છું.'

'મારું પણ એવું જ છે.' પોલિનાએ ઠંડી ઉદાસીનતાથી ઉત્તર આપ્યો. 'હા. તું માને કે ન માને, પણ મને શંકા છે કે તું કોઈ ગંભીર ચિંતામાં હોય. તું ચિંતા કરે પણ ગંભીરતાપૂર્વક નહિ. તું અસ્થિર અને અસ્વસ્થ વ્યક્તિ છે. તારે પૈસાનું શું કામ ? એટલે જ તેં ત્યારે આપેલાં કોઈ કારણમાં મને કશું ગંભીર ન લાગ્યું.'

મેં અધવચ્ચે જ કહ્યું : 'હા, તેં હમણાં જ કહ્યું હતું કે તારે દેવું ભરપાઈ કરવાનું છે. અને તે મોટું દેવું છે ! તે પેલા ફ્રેન્ચનું છે ?'

'આ તે કેવો પ્રશ્ન ? આજે તારો અવાજ ખૂબ કઠોર છે. તું ઢીંચેલો તો નથી ને ?'

'તું જાણે છે કે હું ગમે તેમ બોલું છું અને ક્યારેક ખુલ્લા પ્રશ્નો પણ પૂછું છું. હું તારો ગુલામ છું તે વાત હું દોહરાવું છું. લોકો ગુલામોથી શરમાતા નથી અને ગુલામ ક્યારેય દુભવી શકતો નથી.'

'આ બધું બાલિશ છે. તારો આ 'ગુલામ'નો સિદ્ધાંત હું સહી શકતી નથી.'

'કૃપા કરી એટલો ખયાલ રાખજે કે હું તારો ગુલામ બનવા માગું છું એટલે મારી આ ગુલામીની વાત નથી કરતો. પણ મારા પર જે લગીરે નિર્ભર નથી તેવી હકીકતનો જ માત્ર ઉલ્લેખ કરું છું.'

'મને સીધો જવાબ આપ – તારે શા માટે પૈસા જોઈએ છે ?'

'શા માટે તું તે જાણવા માગે છે ?'

પોતાનું માથું ગૌરવભેર હલાવી તે બોલી : 'તને ઠીક લાગે તે કર.'

'તું 'ગુલામ'નો સિદ્ધાંત સહી શકતી નથી, પણ ગુલામીનો આગ્રહ તો રાખે છે.'

'જવાબ આપ અને દલીલ ન કર !'

'ખેર, તું મને પૂછતી હતી કે શા માટે મારે પૈસા જોઈએ છે ? શા માટે એવું તું પૂછી જ કેમ શકે ? પૈસો જ સર્વસ્વ છે.'

'હું તે જાણું છું પણ તેની ઘેલછા માણસને પાગલ તો ન જ બનાવે. તને ખબર છે કે તું જાતે જ સંપૂર્ણ ઝનૂન તથા નિયતિવાદ ભણી દોરાઈ રહ્યો છે ? અહીં જ કૈંક છે, કોઈ વિશિષ્ટ હેતુ. આડીતેડી વાત કર્યા વિના મને કહે. હું તે જાણીશ જ.'

તે આમ તો ગુસ્સે થતી જતી હતી અને તે આમ ગુસ્સે થઈ મને આવો પ્રશ્ન પૂછે તેનો મને ખૂબ આનંદ થતો હતો.

'અલબત્ત, હેતુ છે,' મેં કહ્યું, 'પણ તે તને કેમ સમજાવવો તે હું નથી જાણતો. પૈસા મેળવ્યા પછી હું તારો ગુલામ નહિ હોઉં. પણ તારે મન કોઈ જુદી જ વ્યક્તિ હઈશ તેનાથી વધુ કોઈ હેતુ નથી.'

'શું ? તું તે કેવી રીતે સિદ્ધ કરીશ ?'

'સિદ્ધ કરીશ. ગુલામ તરીકે નહિ પણ બીજી કોઈ અન્ય રીતે તું મને જુએ તેવી વ્યવસ્થા હું કેવી રીતે કરી શકું તે તું સમજે છે ખરી ? ખેર, મારે તે જ નથી જોઈતું – તેવું આશ્ચર્ય અને તેવી મૂંઝવણ ?'

'તેં તો કહ્યું કે તને ગુલામીમાં આનંદ આવે છે. અને મેં માન્યું કે તેં આપમેળે તેમ કહ્યું હતું.'

એક વિચિત્ર આનંદસહ મેં આશ્ચર્યપૂર્વક કહ્યું : 'તેં એમ માની લીધું. ખેર ! તારો આ નિખાલસ અવાજ સારો છે. હા, હા, મને તારી ગુલામીમાં આનંદ આવે છે, અપમાન અને ક્ષુદ્રતાની પૂર્ણતા અનુભવવાનો ય એક સાચો આનંદ આવે છે.' મેં મારો પ્રલાપ ચાલુ રાખ્યો : 'ભગવાનને ખબર કે પીઠ

પર પડીને માંસના છૂંદેછૂંદા કરતા નાઉટમા[1] પણ કદાચ આનંદ હોઈ શકે.'... પણ સાથે સાથે અન્ય આનંદો પામવા પણ હું પ્રયત્ન કરું છું. થોડા જ વખત પહેલાં, તારી હાજરીમાં જ, જનરલે વાર્ષિક સાતસો રુબલ્સ અંગે એક ભાષણ આપ્યું હતું કે જે કદાચ મને તેના તરફથી મળવાના પણ નથી. ઉમરાવ દ ગ્રિયક્ષે તેની ભ્રમરો ઊંચે ચઢાવી મને તાકી રહ્યો હતો અને વળી ત્યારે તે મારી સામે જોતો પણ નહોતો. પણ, કદાચ, મારે પક્ષે તો તારી હાજરીમાં જ ઉમરાવ દ ગ્રિયક્ષેનું નાક તાણવાની તીવ્ર ઝંખના છે !'

'દમ વિનાના યુવાન જેવી તું વાત કરે છે. કોઈ પણ પરિસ્થિતિમાં વ્યક્તિ ગૌરવભેર વર્તી શકે. જો અહીં સંઘર્ષ હોય તો તે ઉદાત્ત બનાવે, અપમાનિત ન કરે.'

'એ જ પોપટપાઠનું રટણ, તું માત્ર એટલું જ ધારે છે કે ગૌરવભેર કેમ વર્તવું તે મને નથી આવડતું, એટલે કે, હકીકતમાં હું ગૌરવાન્વિત હોઉં તોય તે જાણે કે મને તેમ વર્તતા નથી આવડતું. તું જાણે છે કે આ સાવ શક્ય છે ? બધા જ રશિયાનો એવા જ હોય છે અને તેનું કારણ તું જાણે છે – અનુકૂળ સ્વરૂપ સત્વરે શોધી લેવાનું અનેકવિધ વરદાન સર્વ રશિયનોને સમૃદ્ધપણે મળ્યું છે. પ્રશ્ન તો છે સ્વરૂપનો. ઘણાખરા રશિયનોને મળેલું વરદાન એટલું સમૃદ્ધ છે કે યોગ્ય સ્વરૂપ શોધવા બુદ્ધિપ્રતિભાની જરૂર છે. પણ સામાન્ય રીતે આવી બુદ્ધિપ્રતિભા અસ્તિત્વ ધરાવતી જ નથી. કારણ કે ક્યાંય પણ તે જવલ્લે જ જોવા મળે છે. ફ્રેન્ચો અને કદાચ થોડા યુરોપિયનો પાસે આવું સુવ્યવસ્થિત સ્વરૂપ હોય છે જેથી તેઓ અતિશય યોગ્ય લાગી શકે, છતાંય તે સાવ અયોગ્ય હોય. આથી જ, તેમને મન ઔપચારિકતાનું આટલું મહત્ત્વ છે. ફ્રેંચવાસી અપમાન, સાચું, સભાન અપમાન ભવાં ચઢાવ્યા વિના સહન કરી શકે, પણ કોઈ પણ હિસાબે નાક તાણવાનું અપમાન નહિ સહન કરે; કારણ કે તે સ્વીકૃત અને સમયાદરિત ઔચિત્યના નિયમનો ભંગ છે. આપણી યુવતીઓની ફ્રેન્ચો પ્રત્યેની નબળાઈનું મુખ્ય કારણ એ છે કે તેમનું સ્વરૂપ ખૂબ સુંદર હોય છે. મારે મન તો તેમની પાસે લગીરે સ્વરૂપ

---

૧. રશિયાનો એક પ્રકારનો કોરડો.

છે જ નહિ અને ફ્રેન્ચ કૂકડો તે તો માત્ર કૂકડો જ છે. કોણ જાણે કેમ મને આ બધું સમજાતું નથી. હું સ્ત્રી નથી એટલે. કદાચ કૂકડાઓ પણ સારા હશે. વળી, હું બકવાસ કરું છું અને તું મને અટકાવતી નથી. તારે મને ઘણી વાર અટકાવવો જોઈએ. જ્યારે હું તારી સાથે બોલું છું ત્યારે બધું જ કહી દેવા ઇચ્છું છું – બધું જ, બધું જ. હું મારું સઘળું સ્વરૂપ ખોઈ બેસું છું. મારી પાસે કોઈ સ્વરૂપ નથી તે સાથે હું સંમત છું. એટલું જ નહિ પણ મારામાં લગીરે સદ્‌ગુણ નથી તે સાથેય હું સંમત છું. હવે મારામાં બધું જ સ્થગિત થઈ ગયું છે અને તેનું કારણ તું જાણે છે. મારા મગજમાં કોઈ માનવીય ખ્યાલ જ નથી. વિશ્વમાં, રશિયામાં કે અહીં શું ચાલતું હતું તે જાણે મને લાંબો સમય વીતી ગયો. અહીં હું ડ્રેસડનવાસી થઈને આવ્યો પણ તે કેવું છે તેય હું ભૂલી ગયો છું. મારા સઘળા ધ્યાનના કેન્દ્રમાં શું છે તે તું જાણે છે. હવે મારે કોઈ આશા નથી અને તારી સામે તો હું મૂર્ખ છું એટલે હું તને સ્પષ્ટતાથી કહી શકીશ કે જ્યાં હું હોઉં છું ત્યાં તારા સિવાય કશું જ નીરખતો નથી અને અન્ય કશાયની મને કિંમત નથી. હું તને કેમ ચાહું છું, કેટલી ચાહું છું તે હું નથી જાણતો. તું જાણે છે કે કદાચ તું જરાય સુંદર નથી ? કલ્પના કર. હું નથી જાણતો કે તું નજર માંડવા જેટલી સુંદર છે કે નહિ ? કદાચ તારું હૈયું નિષ્ઠુર હોય અને મન અધમ હોય તેવી શક્યતા ખરી.'

'કદાચ, એટલે જ તું મને પૈસાથી ખરીદવા માગતો હશે,' તેણે કહ્યું. 'કારણ કે તું માને છે કે હું અધમ છું.'

'તને પૈસાથી ખરીદવાની અપેક્ષા મેં ક્યારે રાખી ?' મેં રાડ પાડી.

'તું તો હમણાં બોલતો હતો અને તને જ ખબર નથી કે તું શું બોલતો હતો. તું માને છે કે પૈસાથી તું મને નહિ તો મારા સ્વમાનને ખરીદી શકે છે ?'

'ના. તેવું નથી. મેં તને કહ્યું કે હું જે કહેવા માગું છું તે સમજાવવું મારે માટે અઘરું છે. મારા પર તારો દુર્નિવાર પ્રભાવ છે. મારા બકવાસ બદલ મારા પર ગુસ્સે ન થઈશ. હું જાણું છું કે તું મારા પર કેમ ગુસ્સે

નહિ થઈ શકે. હું પાગલ છું. જો કે, તેથી મને કૈં ફેર પડતો નથી. તારે ગુસ્સે થવું હોય તો થા. ઉપર, મારી નાની કોટડીમાં મારે માત્ર સ્મૃતિમાં જ તારાં વસ્ત્રોનો સળવળાટ કલ્પવાનો અને હું મારા બંને હાથને કરડીને યાતના આપવા તૈયાર છું. અને તું શા માટે મારા પર ગુસ્સે થાય છે ? હું મારી જાતને ગુલામ કહું છું એટલે ? મારી ગુલામીનો લાભ લે, તેનાથી કશી પ્રાપ્તિ કર, તેનો ઉપયોગ કર. તું જાણે છે ? એક દિવસ હું તને મારી નાંખીશ ! એટલા માટે નહિ કે હું તને ચાહતો બંધ થઈ જઈશ કે ઈર્ષ્યાને ખાતર પણ – હું બસ તને એમને એમ જ મારી નાંખીશ; કારણ કે ક્યારેક તને ગળચી જવાનું મન થાય છે. તું હસે છે....'

'હું હસતી નથી,' તેણે ગુસ્સાથી કહ્યું. 'હું તને ચૂપ થઈ જવાનો આદેશ આપું છું.'

ગુસ્સાથી હાંફતી તે અટકી. પ્રામાણિકતાપૂર્વક હું નથી જાણતો કે તે સુંદર છે કે નહિ, પણ જ્યારે તે મારી સામે ઊભી રહે છે ત્યારે તેની સામે જોવું મને હંમેશ ગમ્યું છે. અને એટલે જ તેને ગુસ્સે કરવામાં મને આનંદ આવે છે. કદાચ તેણે આ દીઠું છે અને તેથી જ સહેતુક તે ગુસ્સે થઈ હતી. મેં તેને ઘણું ઘણું કહ્યું હતું.

'કેટલો ખરાબ ખ્યાલ !' ઘૃણાસહ તે નવાઈ પામી.

'તેથી મને કૈં ફેર નથી પડતો,' મેં વાત ચાલુ રાખી. 'તું બીજું પણ કૈં જાણે છે ? મારી સાથે એકલા ફરવું તે પણ તારે માટે ખતરનાક છે. મારી મુઠ્ઠીઓથી તને મારવાની, તને કુરૂપ બનાવવાની, તને શીર્ણવિશીર્ણ કરવાની વિકટ ઝંખના ઘણી વાર મારામાં જાગી છે. અને તેવું નહિ બને તેવું તું માને છે ખરી ? તું મને પાગલ બનાવી દઈશ ? લાંછનની બીકે હું પાછો હઠું તેવો સંભવ નથી. હું હઠું ? અથવા તું ગુસ્સે થાય ? પણ મારા પર તું શા માટે ગુસ્સે થાય છે ? મારો પ્રેમ નિરુપાય છે અને હું જાણું છું કે પછી મારે તને વધુ હજાર વાર ચાહવી પડશે જ. જો હું ક્યારેક તારી હત્યા કરૂં તો તું જાણે છે કે મારે મારી પણ હત્યા કરવી પડશે. ખેર ! શક્ય તેટલા લાંબા સમય સુધી હું મારી હત્યા નહિ કરવાનો પ્રયત્ન કરીશ કે

જેથી તારા વિના એકલા રહેવાની અસહ્ય વેદનાનો સ્વાદ માણી શકાય. એક આશ્ચર્યજનક વાત તું જાણે છે ? રોજ હું તને વધુ ને વધુ ચાહું છું અને તે લગભગ અશક્ય છે તે તું જાણે છે. ત્યાર પછી પણ તું મને પ્રારબ્ધવાદી કેમ કહી શકે ? તને યાદ છે, પરમ દિવસે, સ્કલાન્જેનબર્ગ પર તેં મને ઉશ્કેર્યો ત્યારે મેં તને કહ્યું હતું : 'એક શબ્દ બોલ અને હું ઊંડી ખીણમાં કૂદકો મારીશ.' તેં મને કહ્યું હોત તો મેં કૂદકો માર્યો હોત. તું માને છે ને કે મેં કૂદકો માર્યો હોત ?'

'કેવી મૂર્ખામીભરી વાતો !' તેણે રાડ પાડી.

'તે મૂર્ખ છે કે ડહાપણભરી તેની મને તમા નથી,' મેં સાશ્ચર્ય કહ્યું : 'હું તો એટલું જાણું છું કે જ્યારે હું તારી સાથે હોઉં ત્યારે મારે બસ બોલ્યે જ જવું, બોલ્યે જ જવું અને હું બોલું છું. તારી સામે હું મારું સઘળું સ્વમાન ખોઈ દઉં છું, પણ તેની મને તમા નથી.'

'સ્કલાન્જેનબર્ગ પરથી મારે તને શા માટે કૂદકો મરાવવો ?' તેણે ઠંડકથી કહ્યું અને ખાસ તો અપમાનભરી દૃષ્ટિ ફેંકીને. 'તેનાથી મને કોઈ ફાયદો ન થાત.'

'સુંદર !' મેં ઊંચા સાદે કહ્યું. 'મને છૂંદવાના હેતુથી કશો ફાયદો ન થાત' તેવા સુંદર શબ્દ તેં વાપર્યા. હું તને સમજું છું. કશો ફાયદો ન થાત એમ તું કહે છે ? પણ અંતે તો, આનંદ હંમેશ ફાયદાકારક હોય છે અને ક્રૂરતા, અસીમ સત્તા, ભલે પછી તે એક માખી પર હોય તો પણ તેનો એક અનેરો આનંદ હોય છે. માણસ સ્વભાવે જ આપખુદ હોય છે અને દુઃખ આપવું તેને ગમે છે. તને તેનો ભયંકર આનંદ આવે છે.'

એક નિશ્ચિત કેન્દ્રિત ધ્યાનથી તે મને નિહાળતી હતી તે મને યાદ છે. મારા ચહેરાએ મારી સઘળી અસંગત અને વિચિત્ર લાગણીઓ પ્રતિબિંબિત કરી જ હશે. મેં અહીં ટપકાવ્યો છે તેમ અમારો વાર્તાલાપ શબ્દશઃ હતો તે યાદ આવે છે. મારી આંખોમાં લોહી ઊભરાઈ આવ્યું હતું. મારા બંને હોઠના છેડાઓ પર સુકાયેલું ફીણ હતું. સ્કલાન્જેનબર્ગ અંગે,

મારા સ્વમાનના સોગંદ ખાઈ કહું છું કે અત્યારેય જો તેણે કૂદકો મારવાની આજ્ઞા આપી હોત તો મેં તેમ કર્યું હોત ! જો, માત્ર તેણે મજાકમાં અથવા તો બેતમા ઉપહાસથી કહ્યું હોત – તોય મેં તો કૂદકો માર્યો જ હોત.

'ના, શા માટે ? હું તારી વાત માનું છું,' તેણે કહ્યું પણ તેણે એવી રીતે કહ્યું કે ક્યારેક આવા તિરસ્કાર તથા કપટથી તે જ બોલી શકતી હોય. તેણે એટલાં ઘમંડથી કહ્યું કે મેં તેને તે ક્ષણે મારી નાંખી હોત. તે જોખમ ખેડતી હતી. તેની સાથે વાત કરતાં હું તે મુદ્દા પર તો જૂઠું બોલતો જ ન હતો.

'તું કાયર છે ?' તેણે અચાનક મને પૂછ્યું.

'હું નથી જાણતો પણ કદાચ હું હોઉં. હું નથી જાણતો... મેં લાંબા સમયથી તેનો વિચાર નથી કર્યો.'

'જો હું તને કહું કે આ માણસની હત્યા કર, તો તું તેની હત્યા કરીશ ?

'કોની ?'

'ગમે તેની. હું ઇચ્છતી હોઉં તેની.'

'પેલા ફ્રેન્ચની ?'

'પ્રશ્નો ન પૂછ; પણ મને ઉત્તર આપ. મેં કહ્યું ને કે ગમે તેની. હું જાણવા માગું છું કે તું અત્યારે ગંભીરતાપૂર્વક બોલતો હતો કે નહિ.' તેણે મારા ઉત્તરની પ્રતીક્ષા એટલી ઉત્કંઠાથી, એટલી ઉત્કટતાથી કરી કે મનેય મને વિચિત્ર લાગ્યું.

'તું મને એટલું તો કહીશ કે શું ચાલી રહ્યું છે ?' મેં સાશ્ચર્ય પૂછ્યું. 'શું બન્યું છે ? તું મારાથી ડરે છે ? અહીં કશોક ઉપદ્રવ સર્જાયો હોય તેવું હું સાફ નિહાળી શકું છું. તું પાયમાલ થયેલા તે પાગલની સાવકી દીકરી છે, જે પેલી ડાકણ બ્લાન્ચ પાછળ ઘેલો બન્યો છે. વળી અહીં પેલો ફ્રેન્ચ છે જેનો રહસ્યમય પ્રભાવ તારા પર છે. અને હવે તું મને ગંભીરતાપૂર્વક આવો પ્રશ્ન પૂછે છે ? કે નહિ તો મને બધું જાણવા દે. નહિતર હું અત્યારે ના અત્યારે જ પાગલ થઈ આડુંઅવળું કરી બેસીશ. અથવા તો તું મારી પાસે નિખાલસ બનતાં શરમ અનુભવે છે ? પણ તું મારી પાસે શરમ અનુભવી શકે ખરી ?'

'હું તેની વાત જરાય નથી કરતી. મેં તને પ્રશ્ન પૂછ્યો અને તેના ઉત્તરની રાહ જોઉં છું.'

'અલબત્ત.' મેં રાડ પાડી, 'તું જેની હત્યા કરવાની કહીશ તેની હું હત્યા કરીશ, પણ ખરેખર.... ખરેખર તું મને તેમ કરવાનો હુકમ આપી શકીશ ?'

'કેમ ? તને એમ લાગે છે કે તને હું જવા દઈશ ? હું હુકમ આપીશ પણ મને સલામત રાખીશ. તું તે સહી શકશે ? પણ ના, શા માટે તારે તે સહેવું જોઈએ ? મારા હુકમથી તું કદાચ હત્યા કરે પણ પછી તને તેમ કરવા મોકલવાની હિંમત કર્યા બદલ તું આવીને મારી પણ હત્યા કરે.'

આ શબ્દો સાંભળી હું મૂઢ બની ગયો. અલબત્ત, ત્યારે ય મેં તેના પ્રશ્નને અડધોપડધો તો મજાકરૂપ, પડકારરૂપ માની લીધો. પણ તોય તે ગંભીરતાપૂર્વક બોલતી હતી. સાથે સાથે મને તે વાતનું ય આશ્ચર્ય થયું કે તેણે ખુલ્લેઆમ આવું કહ્યું હતું. તેણે મારા પરના આવા અધિકારો જાળવ્યા હતા. મારા પર આવી સત્તાઓ વાપરવા તે સંમત થઈ હતી. અને સીધેસીધું આમ કહી શકતી હતી : 'તારા નરકે તું જા, હું એક બાજુ સલામત ઊભી રહીશ.' આ શબ્દોમાં મને ન રુચે તેવું ઘણું શંકાશીલ અને ખુલ્લું પણ હતું. તે મને કઈ દષ્ટિએ નિહાળતી હતી તેવો કેવો અર્થ તેમાંથી નીકળતો હતો ? પરિસ્થિતિ તો ગુલામી અને ક્ષુદ્રતાનીય પાર નીકળી ગઈ હતી. એવો દષ્ટિકોણ માણસને પોતાની ખુદની કક્ષાએ ઊંચો લાવે છે. અને અમારી વાતો ગમે તેવી વિચિત્ર અને અસ્વાભાવિક હોવા છતાંય મારું મન અસ્વસ્થ બન્યું.

સત્વરે તે હસી. રમતાં બાળકો સામેના બાંકડે અમે બેઠાં હતાં, જ્યાં ઘોડાગાડી ઊભી રહી અને સ્ટેશન સામેની વીથિ પર પ્રવાસીઓને ઉતારતી હતી તે સ્થળની બરોબર સામે.

'તું પેલી જાડી ઉમરાવ સ્ત્રીને જુએ છે ને ? તે છે બેરોનેસ વર્મેરહેલ્મ. ગઈ કાલે જ તે અહીં આવી. તું તેના પતિને જો. પેલો ઊંચો, હાથમાં લાકડી રાખતો, મૂંગોમસ પ્રુશિયન. બે દિવસ પહેલાં તે આપણી સામે કેવું જોતો

હતો તે તને યાદ છે ? સત્વરે ઊપડ અને પેલી ઉમરાવ સ્ત્રી પાસે જા, તારી હેટ ઉતારી તેને ફ્રેન્ચ ભાષામાં કૈં કહે.'

'કેમ ?'

'તેં સોગંદપૂર્વક કહ્યું હતું કે જો હું કહું તો સ્કલાન્જેનબર્ગ પરથી તું કૂદકો મારે, તું કોઈની હત્યા કરે. આ બધી હત્યાઓ અને કરુણાંતિકાઓને બદલે હું તો માત્ર હસવા જ માગું છું. જા, હવે દલીલ ન કરીશ. પેલો ઉમરાવ તેની લાકડીથી તને મારે તે જોવા હું ઇચ્છું છું.'

'તું મને પડકારે છે ? શું તું એમ માને છે કે હું તે નહિ કરું ?'

'હા, હું તને પડકારું છું. જા. મારી આ ઇચ્છા છે.'

'તારી ઇચ્છા છે તો હું જઈશ. જો કે આ પાગલ તરંગ છે. પણ એક વસ્તુ છે – જનરલની અપ્રસન્નતા કેમ ટાળવી અને તેના દ્વારા તારી ! મને મારી ચિંતા નથી, પણ તારી... અને જનરલની પણ ચિંતા છે. અને આ તે કેવો વિચાર કરવાનો – જઈને એક સ્ત્રીનું અપમાન કરવાનો ?'

'ના. તારે તો માત્ર વાત જ કરવાની છે,' તેણે કહ્યું, 'જો તારી આંખો અત્યારે લાલઘૂમ હોય તો તેનું કારણ એ કે કદાચ તેં ખાણા સમયે ખૂબ શરાબ પીધો હતો. અને શું તું એમ માને છે કે આ મૂર્ખ, મલિન યુક્તિ છે અને જનરલ ગુસ્સે થશે તે હું નથી જાણતી ? પણ મારે હસવાનું કૈં બહાનું જોઈએ છે. ખેર ! મારે તે જોઈએ છે અને એટલું જ બસ ! અને આ માટે તારે સ્ત્રીનું અપમાન કરવું જોઈએ ? સંભવ છે કે લાકડીથી તને ફટકા ન પડે.'

હું ઊપડ્યો અને તેનો હુકમ માથે ચઢાવવા એક હરફ પણ બોલ્યા વિના ગયો. અલબત્ત, તે મૂર્ખામીભર્યું હતું અને હું તેમાંથી છટકી નહોતો શક્યો. પણ જેમ જેમ તે ઉમરાવ સ્ત્રી પાસે જતો ગયો, તેમ તેમ મને યાદ આવ્યું કે કશુંક, શાળાના વિદ્યાર્થીની બાલિશતા જેવું કશુંક તે કામમાં મને પ્રેરી રહ્યું છે અને મને ખૂબ ગુસ્સો ચઢતો હતો. અને પીધેલો તો હું હતો જ.

૬

પેલા મૂર્ખામીભર્યા દિવસ પછીય બે દિવસ વીતી ગયા છે અને અહીં આ તે કેવા ઘોંઘાટ, બૂમબરાડા અને વાતો તથા અવાજો ! કેવી અવ્યવસ્થા અને કેવો ગૂંચવાડો ! કેવી મૂર્ખામી અને અશિષ્ટતા ! અને તે બધાનું નિમિત્ત હું ! ગમે તેમ પણ ક્યારેક તે મને પણ વિચિત્ર લાગે છે. મને શું થયું છે તે હું સમજતો નથી. શું હું ખરેખર ઉન્માદમાં છું કે પછી રસ્તો છોડીને, પાગલની જેમ મને રોકવામાં ન આવે તેમ દોડું છું ? ક્યારેક મને લાગે છે કે મારું મન અસ્વસ્થ થયું છે અને ક્યારેક હું વિચારું છું કે મારું શૈશવ હજી વીત્યું નથી, શાળાના બાંકડા પર જઉં છું અને માત્ર બાલિશ, અણઘડ અડપલાં જ કરું છું !

પોલિના આ બધા માટે જવાબદાર છે, હા, પોલિના જ. કદાચ, જો તેને માટે ન કરવાનું હોત તો શાળાના વિદ્યાર્થી જેવાં કોઈ અડપલાં ન કર્યાં હોત. કોને ખબર કે કદાચ મેં તે હતાશાને કારણે કર્યું હશે. (વચ્ચે આવી દલીલ કરવી તે ભલે ગમે તેટલી મૂર્ખ લાગે.) અને હું નથી જાણતો, તેનામાં એવું તે શું આકર્ષણ છે તેય હું નથી જાણતો ! અને છતાંય તે સુંદર છે. હા, તે સુંદર છે, હું માનું છું કે તે સુંદર છે. કૈં નહિ તો, તે અન્ય પુરુષોને પાગલ બનાવે છે. તે ઊંચી તથા આકર્ષક છે. માત્ર થોડીક પાતળી. હું માનું છું કે તમે તેને ગાંઠમાં બાંધી શકો અથવા તો તેને બેવડી વાળી શકો. તેનાં પગલાં લાંબાં અને ખૂબ સાંકડાં છે – દુઃખદાયક, સાચે જ, દુઃખદાયક. લાલ ઝાંય ધરાવતા તેના કેશ છે અને તેની આંખો બિલાડી જેવી છે ! કેટલા ગૌરવ તથા ઘમંડથી તે તેમનો ઉપયોગ કરે છે ! લગભગ ચાર મહિના

પહેલાં જ, હું તેમની સાથે હજી નવો નવો જ જ્યારે જોડાયો હતો, ત્યારે એક સાંજે દીવાનખંડમાં દ ગ્રિયક્ષે સાથે તેને લાંબી તથા ઉગ્ર ચર્ચા થઈ હતી, અને તેણે તેની સામે એવી રીતે જોયું હતું કે.... કે રાતે જ્યારે હું પથારીમાં પડ્યો ત્યારે મને એવો વિચાર આવ્યો કે તેણે તેના ચહેરા પર તમાચો માર્યો હતો, હજી હમણાં જ માર્યો હતો અને તેની સામે નિહાળી રહી હતી. તે સાંજથી હું તેના પ્રેમમાં હતો.

હવે મારી વાત.

મેં વીથિને રસ્તે ચાલવા માંડ્યું, તેની વચ્ચે ઊભો રહ્યો. અને ઉમરાવ તથા તેની પત્નીની પ્રતીક્ષા કરતો રહ્યો. પાંચેક ડગલાં દૂર હઈશ ત્યાં હેટ ઉતારી હું નમ્યો.

મને યાદ છે કે ઉમરાવ સ્ત્રીએ પ્રચંડ ઘેરાવાવાળો રેશમી પોશાક પહેર્યો હતો, હળવા ભૂખરા રંગનો કડક સ્કર્ટ અને ઝૂલ તથા ઝાલરવાળો ઘાઘરો. તે ઠીંગણી હતી તથા અતિ મજબૂત હતી. તે ખૂબ જાડી હતી અને તેની ચિબુક એટલી તો ભરાવદાર હતી કે તેની ગર્દન જોઈ શકાતી નહોતી, તેનો ચહેરો કિરમજી હતો. તેની ઝીણી આંખો દુષ્ટ તથા ઉદ્ધત હતી. જાણે સહુ પર મહેરબાની કરતી હોય તેમ તે ચાલતી હતી, ઉમરાવ ઊંચો અને બરછટ હતો. તેનો ચહેરો સામાન્ય જર્મનવાસીના ચહેરા જેવો હતો – મરડાયેલો અને નાની નાની હજાર કરચલીઓવાળો. વળી તેના પર ચશ્માં હતાં. તે પિસ્તાલીસ વર્ષનો હતો. તેના પગ ખરેખર તો કમરથી શરૂ થતા એટલે કે તેમાંથી ફેલાતા હતા. તે મયૂર જેવો ગર્વિષ્ઠ હતો અને થોડોક બેડોળ પણ. તેના ભાવ કૈંક અંશે ઘેટા જેવા હતા. તેની પોતાની રીતે અગાધ જ્ઞાનની અવેજીરૂપ.

આ સઘળું ત્રણ સેકંડમાં મારી આંખમાં સમાઈ ગયું.

મારા નમને તથા મારા હાથમાં ઝાલેલી હેટે સૌ પ્રથમ તેમનું ધ્યાન ખેંચ્યું. ઉમરાવે માત્ર તેનાં ભવાં ચઢાવ્યાં. ઉમરાવ સ્ત્રી સત્વરે જ મારી પાસે સીધી સરકી આવી.

'માનનીય ઉમરાવ મહિલા !' એક એક શબ્દ પર ભાર મૂકીને પણ સ્પષ્ટ એવા ઊંચા સાદે કહ્યું : 'તમારો ગુલામ બનવાનો મને આનંદ છે !'

પછી હું નમ્યો. મારી હેટ મેં પહેરી લીધી. અને ઉમરાવ તરફ ચહેરો રાખી, સ્મિત વેરતો, ઉમરાવ પાસેથી પસાર થઈ ગયો.

તે સ્ત્રીએ મને હેટ હટાવવા કહ્યું હતું, પણ હું નમ્યો અને મારી મેળે જ મેં મારી બાલિશ મજાક કરી. મને આમ કરવાનું કેમ સૂઝ્યું તે માત્ર એકલો શેતાન જ જાણે ! મારા પરનો અંકુશ જાણે કે મેં ખોયો હતો.

'બદમાશ ! કૂતરા !' ઉમરાવે બૂમ પાડી અથવા તો ઘોઘરા અવાજે તે બોલ્યો અને પછી રોષથી મારી ભણી વળ્યો – આશ્ચર્ય સહ.

હું પાછો ફર્યો અને નમ્રતાથી તેમની પ્રતીક્ષા કરતો ઊભો રહ્યો. હું તેની સામે ટગર ટગર નિહાળી સ્મિત વેરતો હતો. તે મૂંઝાયેલો દેખાતો હતો. તેની ભ્રમરો બને તેટલી ઊંચે ચઢી ગઈ હતી. તેનો ચહેરો ઘેરો ને વધુ ઘેરો બનતો હતો. ઉમરાવ સ્ત્રી પણ મારા ભણી વળી અને તે પણ મને મૂંઝવણભર્યા ગુસ્સાથી નીરખી રહી હતી. એક-બે રાહદારીઓ પણ તાકી રહ્યા, કેટલાક તો ઊભા રહ્યા. 'બદમાશ કૂતરા !' ઉમરાવે ફરી ઘોઘરા સાદે બૂમ પાડી, બે વાર કર્કશ સ્વરે અને બે વાર ગુસ્સાથી.

'યા...ર...' મેં રાગડો તાણી કહ્યું અને તેની આંખોમાં આંખો પરોવી તેને નિહાળતો જ રહ્યો.

'જાય છે કે નહિ, કૂતરા ?' તેણે પોતાની લાકડી હલાવતાં હલાવતાં કહ્યું. તેની ખચકાવાની શરૂઆત થઈ ચૂકી હતી. કદાચ મારાં વસ્ત્રોએ તેને મૂંઝવ્યો હતો. મેં ભારે સુરુચિકર, શિથિલ વસ્ત્રો પહેર્યાં હતાં – અતિશય સમ્માનીય સમાજની વ્યક્તિ સ્વાભાવિકપણે પહેરે તેવાં.

'યા....ર.....' અચાનક મોટામાં મોટા અવાજે મેં બૂમ પાડી અને વાતચીતમાં હંમેશાં 'યાર' શબ્દનો ઉપયોગ કરતા, વિચાર તથા લાગણીની ભિન્ન ભિન્ન છટાને અભિવ્યક્ત કરવા 'આ'ને વત્તેઓછે અંશે લંબાવતાં-ટૂંકો કરતા બર્લિનવાસીની જેમ જ મેં તેને લંબાવતાં કહ્યું.

ઉમરાવ તથા ઉમરાવ પત્ની સત્વરે પૂંઠ ફેરવી, ભયથી મારાથી દૂર ભાગી ગયાં. કેટલાક પ્રેક્ષકો વાતો કરવા લાગ્યા, કેટલાક મારી સામે મૂંઝવણથી નિહાળી રહ્યા. જો કે, મને બધું સ્પષ્ટ યાદ નથી.

પૂંઠ ફેરવી હું પોલિના એલેક્સેન્ડ્રોવ્ના પાસે મારી હંમેશની જગ્યાએ જવા માંડ્યો. પણ તે બેઠી હતી તે જગ્યાથી હું માંડ સો ડગલાં દૂર સુધી પહોંચું તે પહેલાં જ મેં દીઠું કે તે ઊભી થઈને બાળકો સાથે હોટલમાં જતી હતી.

બારણા પાસે જ મેં તેને અટકાવી.

તેની પાસે આવતાં જ મેં કહ્યું, 'મેં ફારસ ભજવી દીધું.'

'તેથી શું ? હવે તેમાંથી બહાર નીકળ.' તેણે મારી સામે જોયા વિના પગથિયાં ચઢતાં ઉત્તર આપ્યો.

તે આખી સાંજ મેં ઉદ્યાનમાં ચાલતાં પસાર કરી. ઉદ્યાન ઓળંગીને હું નિકટના વિસ્તારમાં આવેલા જંગલમાંથી પણ પસાર થયો. એક ગ્રામીણ ઝૂંપડામાં મેં આમલેટ ખાધું તથા શરાબ પીધો. તે ગોપદૃશ્ય માટે તેમણે મારી પાસેથી દોઢ થેલર છીનવી લીધા.

અગિયાર વાગ્યા સુધી હું ઘરે પાછો ન ફર્યો. ત્યાં જ, સત્વરે જનરલે મને બોલાવ્યો. હોટેલમાં અમારી મંડળી પાસે બે સ્યૂટ હતા. તેમાં ચાર ઓરડા હતા. સૌથી પહેલો, મોટો ઓરડો દીવાનખંડ હતો. તેમાં એક મોટો પિયાનો હતો. તેની પડખે જ બીજો મોટો ઓરડો હતો – જનરલનો બેઠકખંડ. અહીં તે મારી રાહ જોતો હતો. ખંડની વચ્ચે, ભવ્યતાભર્યો દેખાવ ધરી ઊભા રહીને દ ગ્રિયક્ષે સોફા પર આરામથી પડ્યો હતો.

'મને પૂછવા દે મહેરબાન કે તેં શી મૂર્ખામી કરી છે ?' જનરલે મારી સામે ઝૂકી પૂછ્યું.

'જનરલ ! મારી સાથે સીધી વાત કરો.' મેં કહ્યું : 'આજના મારા કોઈ એક જર્મન સાથેના એક ભેટા વિશેની વાત કદાચ તમે કહેવા માગો છો ?'

'કોઈ એક જર્મન ? તે જર્મન તો છે ઉમરાવ વર્મેરહેલ્મ, મહેરબાન, એક પ્રભાવશાળી વ્યક્તિ ! તું તેના પ્રત્યે તથા ઉમરાવ પત્ની પ્રત્યે અવિવેકી બન્યો હતો.'

'લગીરે નહિ.'

'તેં તેમને ડરાવ્યાં, મહેરબાન' જનરલે રાડ પાડી.

'તેવું કશું જ મેં કર્યું નથી. જ્યારે હું બર્લિનમાં હતો, ત્યારે મારા કાન તો યાર શબ્દથી અસંખ્યવાર ઘવાયા હતા. ત્યાં તેઓ એક શબ્દની પછી તરત જ તે બોલે છે અને સ્પષ્ટરૂપે તેના રાગડા તાણે છે. જ્યારે હું તેમને વીથિમાં મળ્યો ત્યારે તે શબ્દ મારા મનમાં અચાનક સાંભરી આવ્યો. કેમ તે તો હું જાણતો નથી અને તેની ઉત્તેજનાભરી અસર મારા પર થઈ... અને વળી જ્યારે તે ઉમરાવ-પત્ની મને મળે છે – અત્યાર સુધી તે મને ત્રણ વાર મળી ચૂકી છે – ત્યારે તેને મારી સામે એવી રીતે તાકીને જોવાની ટેવ છે કે જાણે તે જંતુ તરીકે મારો ઉપયોગ કરી શકે. મારે પણ મારું અભિમાન હોય તે તમારે કબૂલવું જોઈએ. મેં મારી હેટ ઉતારી અને વિનમ્રતાથી (હું તમને ખાતરી આપું છું કે અતિશય વિનમ્રતાથી) મેં કહ્યું : 'શ્રીમતી, તમારો ગુલામ બનવાનો મને આનંદ છે.' જ્યારે ઉમરાવે મારા ભણી વળી રાડ પાડી : 'બદમાશ કૂતરા.' અને એકાએક મને 'યાર' એવો સાચો પ્રત્યુત્તર આપવાનું સૂઝ્યું અને મેં બે વાર તે ઉચ્ચાર્યો. પ્રથમ વાર સામાન્ય રીતે અને બીજી બને તેટલા જોરથી રાગડા તાણીને; બસ, પછી પતી ગયું.'

હું કબૂલ કરું છું કે આવી અત્યંત બાલિશ સ્પષ્ટતાથી હું અતિ પ્રસન્ન થયો હતો. શક્ય તેટલી વિચિત્રતાથી હું તે વાત વણવા માગતો હતો.

જેમ જેમ હું આગળ વધતો ગયો તેમ તેમ મને આનંદ આવતો ગયો.

'તું મારી મશ્કરી કરે છે ?' જનરલે ગર્જના કરી. તે પેલા ફ્રેંચ પાસે ગયો અને ફ્રેંચ ભાષામાં તેને કહ્યું કે હું નક્કી આપત્તિ નોતરતો હતો. દ ગ્રિયક્ષે ઉપેક્ષાપૂર્વકનું સ્મિત વેરી ખભા હલાવ્યા.

'અરે ! એવો વિચાર ન કરશો. તેવું કશું જ નહોતું,' મેં ઊંચે સાદે કહ્યું, 'હું સંપૂર્ણ નિખાલસતાથી કબૂલું છું કે અલબત્ત, મેં ગેરવર્તન આદર્યું હતું. મારા વર્તનને કદાચ મૂર્ખ કે શાળાના છોકરા જેવું ઘૃણાસ્પદ અડપલું પણ કહી શકાય. પણ તેથી વધુ કશું તેમાં નહોતું. મારે તમને કહેવું જોઈએ જનરલ કે તે બદલ મને અત્યંત પસ્તાવો થાય છે. પણ મારી દૃષ્ટિએ એક એવી પરિસ્થિતિ છે કે જે તે અંગે પશ્ચાત્તાપ ન કરું તોય મને પાપમુક્ત કરે છે. તાજેતરમાં જ, બે-ત્રણ સપ્તાહથી હું અસ્વસ્થતા અનુભવું છું, બીમારી, ગભરાટ, ગુસ્સો અનુભવું છું અને કલ્પનામાં રાચતો ફરું છું. ક્યારેક મારી જાત પર કાબૂ પણ હું રાખી શકતો નથી. ખરેખર, ક્યારેક માર્કિવસ દ ગ્રિયક્ષ સાથે પણ ભયંકર રીતે ઝઘડવાની મને ઇચ્છા થતી અને... જો કે હું પૂરું નહિ કરું, તે દુભાશે. ટૂંકમાં આ બીમારીનાં લક્ષણો છે. હું જાણતો નથી કે જ્યારે હું તેમની માફી માગીશ (કારણ કે હું તેમની માફી માગવા માગું છું.) ત્યારે ઉમરાવ પત્ની વર્મેરહેલ્મ આ પરિસ્થિતિને ધ્યાનમાં લેશે કે કેમ ? હું ધારું છું કે તે નહિ લે, હું જાણું છું કે જ્યારે કાનૂનીક્ષેત્રે, તાજેતરમાં પરિસ્થિતિ વગોવાવા માંડી છે ત્યારે ખાસ કરીને. ફોજદારી મુકદ્દમાઓમાં વકીલો તેમના ગુનેગાર અસીલોને અનેકગણી વાર તે બહાને બચાવવા માગે છે કે ગુનાની ક્ષણે તેમને કશું યાદ નહોતું રહ્યું. અને તેઓ દઢતાપૂર્વક કહે છે કે આ તેવો જ રોગ છે. 'તેની હત્યા બદલ તેને કશું સ્મરણ નથી.' તેઓ કહે છે, અને જનરલ, કલ્પના તો કરો કે તબીબીક્ષેત્ર પણ તેમની સાથે સંમત થાય છે – આવો રોગ, એવું અસ્થાયી પાગલપન જ્યારે માણસને લગભગ કશું જ યાદ નથી રહેતું અથવા તો પા ભાગનું કે અડધું યાદ રહે છે તે વાતને સમર્થન આપે છે. પણ ઉમરાવ તથા ઉમરાવ-પત્ની જૂની પેઢીનાં છે. વળી તે પ્રુશિયાના ધનિક વર્ગના સભ્યો તથા જમીનદારો છે. ન્યાયક્ષેત્રે તબીબી જ્ઞાનના ઉપયોગના આ વિકાસથી તે અજ્ઞાત જ હશે અને એટલે તે મારી સ્પષ્ટતા નહિ સ્વીકારે. તમે શું માનો છો, જનરલ !'

'બસ, બહુ થયું, મહેરબાન !' જનરલે ટૂંકમાં, સંયમિત રોષ સાથે કહ્યું. 'બસ, બહુ થયું ! હું ફરી છેલ્લી વાર તારી બાલિશ મશ્કરીમાંથી મને મુક્ત

કરવાનો પ્રયત્ન કરીશ. તું ઉમરાવ કે ઉમરાવ પત્નીની માફી નહિ માગે. તારી સાથેના કોઈ પણ વ્યવહારો, પછી ભલે તે તારી ક્ષમાઓ સાથે જ સંકળાયેલા હોય તે તેમને માટે તો અપમાનજનક છે. તું મારા પરિવારનો છે તે જાણતાં જ ઉમરાવે સ્ટેશને જ તે બધું કહ્યું, અને હું તને નિખાલસતાપૂર્વક કહું છું કે મારી પાસેથી સ્પષ્ટતા માગતા તેમને માત્ર થોડોક જ વધુ સમય જોઈતો હતો. તું જાણે છે કે તેં મને-મહેરબાન, મને કઈ પરિસ્થિતિમાં મૂક્યો ? મહેરબાન, મારે ઉમરાવની ક્ષમા માગવી પડી અને વચન આપવું પડ્યું કે તું સત્વરે, આજથી જ મારા પરિવારનો સભ્ય મટી જશે.'

'મને જણાવો, જણાવો નજરલ કે તમે આમ પ્રસન્નતાપૂર્વક કહો છો તેમ સાચેસાચ તેણે એવી બિનશરતી માગણી કરી કે મારે તમારા પરિવારના સભ્ય મટી જવું ?'

'ના, પણ તેવો સંતોષ તેને આપવો મને યોગ્ય લાગ્યો. અને અલબત્ત, તે ઉમરાવ પ્રસન્ન થયો હતો... હવે આપણે છૂટા પડીએ છીએ, મહેરબાન, તારા હિસાબ પેટે મારે તને વધારાના ચાલીસ ગલ્ડન અને ત્રણ ફ્લોરિન આપવાના છે. આ રહ્યા તારા પૈસા અને તારો હિસાબ. તું તે તપાસી શકે છે. આવજે ! આ ક્ષણથી જ આપણે એકબીજાને ઓળખતા નથી. મને તારી પાસેથી ચિંતા તથા દુઃખ સિવાય બીજું કશું ન મળ્યું. હું હમણાં જ વેઇટરને બોલાવું છું અને તેને જણાવી દઉં છું કે આવતી કાલથી આ હોટેલના તારા ખર્ચ માટે હું લગીરે જવાબદાર નથી.'

મેં પૈસા લીધા અને પેન્સિલથી હિસાબ લખેલો કાગળ પણ. જનરલને નમીને મેં ગંભીરતાપૂર્વક કહ્યું : 'જનરલ, વાતનો અંત અહીં નથી આવતો. મને દુઃખ છે કે ઉમરાવનાં અપમાનો તમારે સહન કરવા પડ્યાં, પણ માફ કરજો, તે માટે તમે જ જવાબદાર છો. મારે બદલે ઉમરાવને ઉત્તર આપવાનું તમે માથે કેમ લીધું ? હું તમારા પરિવારનો છું એવા તમારા કથનનો અર્થ શો ? હું તમારા ઘરમાં માત્ર ખાનગી શિક્ષક છું. બસ એટલું જ, હું નથી તમારો દીકરો કે નથી તમારો પાલ્ય અને તમે મારાં કાર્યો માટે ઉત્તર આપવા

જવાબદાર નથી. કાયદેસર રીતે હું ઉત્તર આપવા સમર્થ છું. હું બાવીસનો છું, યુનિવર્સિટીનો સ્નાતક છું અને ઉચ્ચ કુળનો છું. હું તમારે માટે સાવ અજાણ્યો છું. તમારા પ્રત્યેના અસીમ આદરને કારણે હું સંતોષપૂર્ણ સ્પષ્ટતા અહીંને અહીં માગતો નથી અને મારે બદલે ઉત્તર આપવાની જવાબદારી માથે લીધાનો જવાબ પણ માગતો નથી.'

જનરલ એટલો તો વિસ્મિત થયો હતો કે તેણે તેના હાથ હલાવ્યા. પછી એકાએક પેલા ફ્રેંચ ભણી ફરી તેણે તેને ઉતાવળે કહ્યું કે મેં તેને સત્વરે દ્વંદ્વયુદ્ધ માટે પડકાર્યો હતો. પેલો ફ્રેંચ ખડખડાટ હસી પડ્યો.

'પણ તે ઉમરાવને છોડવાની મારી ઇચ્છા જ નથી.' મેં સ્વસ્થતાપૂર્વક વાત ચાલુ રાખી. મસ્યર દ ગ્રિયક્ષના હાસ્યથી પણ હું લગીરે અસ્વસ્થ ન બન્યો. 'અને જનરલ, આજે તમે ઉમરાવની ફરિયાદ સાંભળવાની અને તેનું હિત જાળવવાની સંમતિ આપીને આ આખી ઘટનામાં તમારી જાતને પક્ષકાર બનાવી છે તો મારે તમને જણાવવું જોઈએ કે કાલ સવાર પહેલાં જ હું મારી જાતે જ ઉમરાવ પાસેથી ઔપચારિક સ્પષ્ટતા માગીશ કે શા માટે તેણે, મારા વ્યવહાર અંગે, મારી ઉપરવટ જઈને, હું જાણે કે મારી જાત માટે ઉત્તર આપવા અશક્ત કે અયોગ્ય હોઉં તેમ અન્યને ફરિયાદ કરી ?'

મેં જે કલ્પ્યું હતું તે જ થયું. મારી આ નવી મૂર્ખામી સાંભળતાં જ જનરલ અતિશય ડરી ગયો.

'શું તું હલકટ ઘટનાને સાચેસાચ લંબાવવા માગે છે ?' તેણે રાડ પાડી. 'ઓ ભલા ભગવાન ! તું મારું શું કરવા બેઠો છે ? લગીરે હિંમત ન કરીશ, મહેરબાન, તું હિંમત ન કરીશ.... નહિતર, સોગંદપૂર્વક કહું છું કે અહીં પણ સત્તાધીશો છે અને હું હું... મારા મોભા પ્રમાણે હું... અને ઉમરાવ પણ... ટૂંકમાં, આફત ઊભી ન કરે તેટલા માટે તને અટકાવવા તારી ધરપકડ કરવામાં આવશે અને પોલીસની સાથે અહીંથી દૂર મોકલી દેવામાં આવશે. સમજ્યો, મારા મહેરબાન !' જો કે તે ગુસ્સાથી હાંફતો હતો, તો પણ તે ખૂબ ખૂબ ગભરાયેલો હતો.

'જનરલ,' તેને અસહ્ય તેવી સ્વસ્થતાથી મેં કહ્યું, 'કશીય આપત્તિ ઊભી ન કરાઈ હોય તે પહેલાં આપત્તિ ઊભી કરવાના કારણે કોઈની પણ ધરપકડ ન થઈ શકે. હજી સુધી ઉમરાવ સાથે કેમ પનારું પાડવું તેનો પ્રારંભ મેં કર્યો નથી અને મારા મનમાં શું છે તથા હું કયા આધારે આગળ વધવાનો છું તેનાથી તમે સાવ અજ્ઞાત છો. મારી સ્વતંત્ર ઇચ્છા પર પ્રભુત્વ હોવાનું માનતી વ્યક્તિના વાલીપણા નીચે હું છું તેવા આક્રમક સૂચનની જ હું માત્ર સ્પષ્ટતા કરવા ઇચ્છું છું. તમે કશાય કારણ વિના તમારી જાતને ડરાવો છો, દુ:ખી કરો છો.'

'ઈશ્વરને ખાતર, એલેક્સિસ ઈવાનોવિચ, ભગવાનને ખાતર આ મૂર્ખ ખ્યાલ છોડી દે.' જનરલ ગણગણ્યા. એકાએક તેના અવાજનો ગુસ્સો આજીજીમાં પલટાઈ ગયો. તેણે મારા બંને હાથ પણ પકડ્યા અને કહ્યું : 'વિચાર તો ખરો, આનું પરિણામ શું આવશે ? વધુ કટુતા ! તું એટલું તો કબૂલ કરીશ કે આમાં મારે વિચારીને વર્તવું જોઈએ, ખાસ તો અત્યારે, હમણાં જ. ઓહ ! તું મારી પરિસ્થિતિ જાણતો નથી, લગીરે જાણતો નથી, જ્યારે આપણે અહીંથી જઈશું ત્યારે હું તને પાછો લેવા તૈયાર છું. હું માત્ર અત્યારે જ આવું કરું છું... ટૂંકમાં, તું તેનાં કારણો જાણે છે.' તેણે હતાશાપૂર્વક રાડ પાડી. 'એલેક્સિસ ઈવાનોવિચ, એલેક્સિસ ઈવાનોવિચ !'

બારણા ભણી પાછા ફરતાં મેં ફરી એક વાર ઉત્કટતાપૂર્વક તેને કહ્યું કે તેણે ચિંતા કરવાની જરૂર નથી. બધું જ સરસ રીતે, સારી રીતે પતી જશે અને હું ઉતાવળે બહાર નીકળી ગયો.

રશિયનો જ્યારે વિદેશમાં હોય છે ત્યારે લોકો શું કહેશે અથવા તો તેમના વિશે કેવો ખ્યાલ બંધાશે તે અંગે અતિશય ગાભરુ હોય છે અને ભયંકર ડરતા હોય છે. અને આ કરવું કે તે કરવું યોગ્ય હશે કે કેમ તેની તેઓ ખૂબ ચિંતા કરતા હોય છે. ટૂંકમાં, ખાસ કરીને જેઓ મહત્તાનો ડોળ કરતા હોય છે તેઓ જાણે કે કબજા પહેર્યા હોય તેમ વર્તે છે. તેમને પૂર્વ નિર્ધારિત, પ્રસ્થાપિત આચારસંહિતાઓ સૌમાં શ્રેષ્ઠપણે ગમે છે અને તેને તે હોટેલમાં, ફરવા જતાં, સભાઓમાં અને પ્રવાસોમાં ગુલામની જેમ અનુસરે છે...

પણ જનરલે તો તે પ્રગટ કરી દીધું હતું કે તેના કિસ્સામાં તો આ ઉપરાંત પણ વિશિષ્ટ પરિસ્થિતિઓ હતી, તેણે 'વિશિષ્ટ રીતે વર્તવાનું હતું.' અને એટલે જ તેણે તેનાં ઉત્સાહ તથા સ્વસ્થતા આમ એકાએક ખોયાં અને મારી સાથે બોલવાની રીત પણ બદલી. મેં તેને માહિતીસૂચક લેખીને તેની નોંધ લીધી. અને અલબત્ત, આવતી કાલે તે આ કે તે સત્તાધીશો પાસેય જવાની મૂર્ખામી કરે, એટલે મારે સાચે જ સાવધ રહેવું જોઈએ.

જો કે, જનરલને ગુસ્સે કરવાની મારી લગીરે ઇચ્છા નહોતી. પણ અત્યારે હું પોલિનાને ગુસ્સે કરવા ઇચ્છતો હતો. પોલિનાએ એવી ક્રૂરતાથી મારી સાથે વર્તન કર્યું હતું અને મને એવા તો મૂર્ખામીભર્યા માર્ગે ધકેલ્યો હતો કે તે મને અટકવાની ભીખ માગે તે કક્ષાએ તેને આણવા હું ઇચ્છતો હતો. વળી મારી વિદ્યાર્થીજીવનની પ્રયુક્તિઓ પણ છેવટે તેને ઠેકાણે આણે. તદુપરાંત, મારામાં અન્ય લાગણીઓ તથા ઇચ્છાઓ પણ ઊભરતી હતી. ઉદાહરણ તરીકે, જો હું તેની નજરમાં સ્વેચ્છાએ જ મહત્ત્વ ગુમાવી દઉં. તેનો અર્થ એવો નથી કે અન્ય લોકો સામે હું દમ વિનાનો યુવાન છું અને અલબત્ત, ઉમરાવ તેની લાકડીથી મને ફટકારે તેવો તો કોઈ પ્રશ્ન જ ઊભો થતો નથી. તેમની સાથેના વ્યવહાર પર તો હવે હસવાનું મને મન થવા લાગ્યું છે. અને તેમાંથી હું બહાદુર યુવાવીર તરીકે બહાર આવ્યો છું. ભલે તેઓ મારા પર ચાંપતી નજર રાખે ! લગીરે ભય નથી, આ નિંદાનો પોલિનાને ડર લાગશે અને મને તેની પાસે પાછો બોલાવશે અને જો નહિ બોલાવે તો તે જોશે કે હું દમ વિનાનો યુવાન નથી.

(આશ્ચર્યકારક સમાચાર. આ જ ક્ષણે મને બાળકોની આયા પાસેથી સાંભળવા મળ્યું કે મારિયા ફિલિપ્પોવ્ના આજની બપોરની ટ્રેનમાં કાર્લ્સબાડ રહેતા પોતાના પિતરાઈ ભાઈને ત્યાં એકલી ચાલી ગઈ. આનો અર્થ શો ? આયા તો કહે છે કે લાંબા સમયથી તે ત્યાં જવા માગતી હતી. તો પછી કોઈ ન જાણે તે બને જ કેવી રીતે ? જો કે, કદાચ હું એકલો જ નહિ જાણતો હોઉં. આયાએ મને કહ્યું કે પરમ દિવસે મારિયા ફિલિપ્પોવ્નાએ જનરલ સાથે વાતો કરી હતી. કદાચ તે મેડમઝે'લ બ્લાન્ચ અંગે પણ હોય. હા, કશુંક નિર્ણયાત્મક બની રહ્યું છે.)

૭

બીજે દિવસે સવારે મેં વેઇટરને બોલાવી મારું બિલ અલગ બનાવવા કહ્યું. મારો ઓરડો મારે માટે એટલો ખર્ચાળ નહોતો કે જેથી ડરીને હું હોટેલ છોડી જાઉં. મારી પાસે એકસો સાઇઠ ગલ્ડન હતા અને તે જ... તે જ કદાચ મારી સમૃદ્ધિ હતી. આ વિચિત્ર હતું. હજી હું જીત્યો નહોતો, પણ છતાંય હું ધનિકની જેમ વર્તતો હતો, વિચારતો હતો અને ધનિક છું તે સિવાયનું કશું જ કલ્પી શકતો નહોતો.

જો કે, હું વહેલો તૈયાર થઈને અમારી પાસે જ આવેલી 'હોટેલ દ આંગ્લેતેરે'માં આસ્ત્લેને મળવા જતો હતો, ત્યાં જ દ ગ્રિયક્ષ અચાનક મારા ઓરડામાં આવ્યો. આવું આ જ પહેલાં ક્યારેય બન્યું નહોતું અને તાજેતરમાં તો તે સદ્‌ગૃહસ્થ સાથેના મારા સંબંધો અતિશય તંગ હતા, દૂરના જ હતા. તેણે ખરેખર મારા પ્રત્યેની તેની ઘૃણા છુપાવવા પ્રયત્ન કર્યો નહોતો, અરે, ઊલટું તે પ્રગટ કરવાનો પ્રયત્ન કર્યો હતો અને મેં – તેના પ્રત્યે મૈત્રીભાવ ન દર્શાવવામાં મારી પાસે તો પૂરતાં કારણો હતાં. ટૂંકમાં, હું તેને તિરસ્કારું છું. તેના આગમને મને આશ્ચર્યમાં મૂક્યો. મને સત્વરે ભાન થયું કે કશુંક રંધાઈ રહ્યું છે !

તે અતિશય મૈત્રીભાવે આવ્યો તથા ઓરડા અંગે પણ તેણે કૈંક સરસ વાતો કરી. મારા હાથમાં હેટ નિહાળીને તેણે પૃચ્છા કરી કે ખરેખર હું આટલો વહેલો ફરવા જતો હતો ! પણ જ્યારે તેણે સાંભળ્યું કે હું મારા કામ અંગે આસ્ત્લેને મળવા જતો હતો, ત્યારે ઘડીભર તો તે વિચારમાં પડી ગયો અને તેના ચહેરા પર અનન્ય ચિંતાના ભાવો ઊપસી આવ્યા.

દ ગ્રિયક્ષ બીજા ફ્રેંચો જેવો જ છે, એટલે કે જ્યારે જરૂર પડે અને અનુકૂળ લાગે, ત્યારે આનંદી અને પરગજુ અને જ્યારે પ્રસન્નતા તથા પરગજુપણાની આવશ્યક્તા ન રહે, ત્યારે અસહ્ય કંટાળાજનક હોય. ફ્રેંચવાસી સ્વભાવે ભાગ્યે જ મળતાવડો હોય છે. તે હંમેશાં ગણતરી કરીને, તેને કશુંક પ્રાપ્ત થતું હોય તો પરગજુ બને છે અને તેટલા જ પ્રમાણમાં. ઉદાહરણ તરીકે, જો તેને તરંગી બનવું – વિચિત્રતા ભરી રીતે, મૌલિકપણે તથા અનન્ય રીતે તરંગી બનવું અનિવાર્ય લાગે તો તેનું તરંગીપણું પરાપૂર્વથી અપનાવેલી અને લાંબા કાળની અસંસ્કૃત પ્રયુક્તિઓથી ઘડાયેલું, મૂર્ખમાં મૂર્ખ અને અતિશય અસ્વાભાવિક પ્રકારનું હશે. સામાન્ય ફ્રેંચવાસી રૂઢિપરસ્ત, સંકુચિત, સદાય નીરસ. ટૂંકમાં, વિશ્વમાં વધુમાં વધું કંટાળાજનક પ્રાણી તે હશે. મારે મતે, માત્ર નિર્દોષ અને ખાસ કરીને રશિયાની યુવતીઓ જ ફ્રેંચો પ્રત્યે આકર્ષાય છે. તેમની દીર્ઘકાલીન ઔપચારિક વિનમ્રતા, સ્વસ્થતા અને આનંદની રૂઢિચુસ્તતાનો ખ્યાલ કોઈ પણ સજ્જનને સત્વરે આવે જ અને તેને તે અસહ્ય જ લાગે.

'હું તમને કામસર મળવા આવ્યો છું,' તેણે સાવ નિર્ભીક અને છતાંય વિનમ્ર સ્વરે કહેવા માંડ્યું, અને હું તે વાત નહિ છુપાવું કે હું જનરલનો દૂત અથવા મધ્યસ્થી છું. મને રશિયન ભાષા ઓછી આવડે છે. એટલે ગઈ કાલ હું કશું જ ન સમજ્યો, પણ પછી જનરલે મને વિગત સમજાવી તે મારે કબૂલવું જોઈએ.'

'પણ સાંભળો, મસ્યર દ ગ્રિયક્ષ,' મેં વચ્ચે જ કહ્યું, 'તમે આ બાબતમાં મધ્યસ્થી થવાનું સ્વીકાર્યું છે. અલબત્ત, હું તો માત્ર પરાયો છું. આ કુટુંબના ઘનિષ્ઠ મિત્ર હોવાનો કે તેમની સાથે કશોય અંગત સંબંધ હોવાનો દાવો મેં કર્યો નથી. એટલે સઘળી પરિસ્થિતિઓની મને જાણ નથી. પણ મને કહો, તમે ખરેખર તે કુટુંબના સભ્ય છો ? પણ તમે તો સઘળી ઘટનાઓ સાથે સંકળાયેલા છો તે કારણે હવે તો તમારે દરેક બાબતમાં મધ્યસ્થી થવાનું જ છે...'

તેને મારો પ્રશ્ન ન ગમ્યો. તે તેને માટે અતિશય વેધક હતો ને તે કશીય ખાનગી વાત મને જણાવવા માગતો નહોતો.

'જનરલ સાથેના મારા સંબંધો કૈંક અંશે ધંધાકીય છે અને કૈંક અંશે વિશિષ્ટ પરિસ્થિતિઓને કારણે છે,' તેણે ઠંડકથી કહ્યું, 'જનરલે મને તમને તે કહેવા મોકલ્યો છે કે તમારે તમારો ગઈ કાલનો વિચાર છોડી દેવો. તમે તેમાં સફળ નહિ થાવ. વળી ઉમરાવ તમને મળશે પણ નહિ. અને છેલ્લી વાત એ કે તમે તેને વધુ ન દૂભવો તેના રસ્તાય તેની પાસે છે તે તો તમારે કબૂલવું જ પડશે. તો પછી મને કહો કે તમારે તેમાં શા માટે આગળ વધવું ? જનરલે તમને વચન તો આપ્યું જ છે કે સંજોગો સુધરતાં જ તે તમને તેમના પરિવારમાં પાછા લેશે અને ત્યાં સુધી તમારો પગાર પણ ચાલુ રાખશે તમારી નિમણૂક પ્રમાણે. અંતે તો, આ લાભદાયક છે ખરું ને ?'

મેં સાવ ઠંડકથી પ્રત્યુત્તર આપ્યો કે તેમને કૈં ગેરસમજ થઈ છે. કદાચ, મને ઉમરાવ હાંકી ન કાઢે પણ સાંભળે અને હવે હું આ ઘટનામાં કેમ આગળ વધવા માગું છું તે જાણવા જ તે આવ્યો છે તેવું કબૂલવા યે મેં તેને કહ્યું.

'ભલા ભગવાન ! જનરલને જ્યારે આટલો બધો રસ છે એટલે તમે શું કરવા માગો છો, કેમ કરવા માગો છો તે જાણવું મને ગમે જ. તે સાવ સ્વાભાવિક છે.'

મેં સ્પષ્ટતા કરવા માંડી. મારી સામે આડા ઝૂકેલા તેના માથાને પાછળ ટેકવીને તથા ચહેરા પર સ્પષ્ટ, વણછૂપ્યા કટાક્ષના ભાવો આણીને તેણે સાંભળવા માંડ્યું. જાણે કે તે મારા પર મહેરબાની કરતો હોય તેવું તેનું વલણ હતું. હું આ મુદ્દાને અતિશય ગંભીરતાપૂર્વક લેખું છું તેવો ડોળ કરવાનો મેં ખૂબ પરિશ્રમ કર્યો. મેં સ્પષ્ટ કહ્યું કે હું જાણે કે જનરલનો નોકર હોઉં તેમ મારે વિશે જનરલને ફરિયાદ કરીને ઉમરાવે સૌ પ્રથમ તો મારી નોકરી ખોવડાવી છે અને બીજું એ કે હું જવાબ આપવા અસમર્થ વ્યક્તિ હોઉં કે વાત ન કરવા જેવી વ્યક્તિ હોઉં તેવું વર્તન મારી સાથે કર્યું છે. જો કે, હું દુભાયો હતો તે વાજબી હતું, તોય અમારી વય તથા સમાજમાં અમારા મોભાનો તથા બીજા બધાનો (આ મુદ્દા પર હું સીધી નજર ન ઠેરવી શક્યો)

ભેદ સમજીને ઉમરાવને સીધા પડકારવાની કે મારી પાસે સ્પષ્ટતા કરવા માટે જ માત્ર તેમને નિમંત્રવાની નવી મૂર્ખામી કરવાની મારી ઇચ્છા નથી. છતાંય, મારે તેમની અને ખાસ કરીને ઉમરાવ પત્નીની માફી માગવી જ જોઈએ તેવું મને લાગ્યું હતું. ખાસ કરીને, તાજેતરમાં જ જ્યારે સાચે જ હું અસ્વસ્થતા, અસ્થિરતા અનુભવતો હતો ત્યારે. અને એટલે જ આવું બધું આડુંતેડું બોલી ગયો. જો કે, ઉમરાવે ગઈ કાલે જનરલ સાથે અપમાનજનક વર્તન કરી મને રુખસદ આપવાનો જે આગ્રહ સેવ્યો તેથી હું એવી તો વિચિત્ર પરિસ્થિતિમાં મુકાયો છું કે હું તેમની કે ઉમરાવ પત્નીની માફી પણ નહિ માગી શકું કારણ કે, તે, ઉમરાવ-પત્ની અને બીજા બધા કદાચ એમ માનશે કે હું ડરીને તથા મારી નોકરી પાછી મેળવવા માફી માગવા આવ્યો છું. આ બધું વિચારતાં હવે મને એમ લાગે છે મારે ખુદ ઉમરાવ પાસે મારી માફી મંગાવવી જોઈએ – અતિ વિનમ્રતાપૂર્વક. ઉદાહરણ તરીકે તે એટલું જ કહે કે મારું અપમાન કરવાનો તેનો ઇરાદો નહોતો. અને ઉમરાવ આટલું કહે એટલે હું મારી અંતઃકરણપૂર્વકની તથા સન્નિષ્ઠ માફી આપવા છૂટો. ટૂંકમાં, સમાપન કરતાં મેં એટલું જ માગ્યું કે ઉમરાવે મારા હાથ છૂટા કરી દેવા જોઈએ.

'વાહ ! કેવું શિષ્ટાચારી અને અતિ સંસ્કૃત ! અને શા માટે તમારે માફી માગવી જોઈએ ? મસ્યર મસ્યર, કબૂલવું જોઈએ. તમે આ બધું જનરલને ગુસ્સે કરવા કરો છો. અને તમારો કોઈ ખાસ હેતુ પણ તેની પાછળ હોય. મારા વહાલા સાહેબ, મને માફ કરજો. હું તમારું નામ ભૂલી ગયો, સાહેબ, તે છે મસ્યર એલેક્સિસ, ખરું ને ?

'પણ માફ કરજો પ્રિય માર્કિવસ, આની સાથે તમારે શી લેવાદેવા ?'

'માત્ર તે જનરલ.....'

'કે પછી જનરલ સાથે ? ગઈ કાલે તેમણે એમ કહ્યું હતું કે આ બાબતમાં તેમને સાવધ રહેવું પડશે.... અને તે ચિંતિત પણ હતા... પણ તે શેને વિશે કહેતા હતા તે મને ન સમજાયું.'

'એમ છે કે... અહીં એક ખાસ, ચોક્કસ પરિસ્થિતિ છે.' દ ગ્રિયક્ષે આજીજીભર્યા સ્વરે કહ્યું. જો કે, તેમાં પણ તેનો ગુસ્સો વધુ ને વધુ સ્પષ્ટ રણકતો હતો. 'તમે મેડમઝે'લ કમિન્જસને ઓળખો છો ?'

'તમે મેડમઝે'લ બ્લાન્ચની વાત કરો છો ?'

'હા, હા... મેડમઝે'લ બ્લાન્ચ દ કમિન્જસ... અને તેની માતા મેડમ....! તમારે કબૂલવું પડશે કે જનરલ... ટૂંકમાં, જનરલ તેના પ્રેમમાં છે, અને એવું ય બને કે તેમનાં લગ્ન અહીં જ લેવાય. આ પરિસ્થિતિમાં ભાતભાતની નિંદાઓ તથા અફવાઓનો વિચાર કરો.'

'આ લગ્ન સાથે કોઈ નિંદાઓ કે અફવાએ સંકળાયેલી હોય તેમ મને દેખાતું નથી.'

'પણ જર્મન ઉમરાવ એટલો ક્રોધી છે, પ્રુશિયાના લોકો જેવો તેનો સ્વભાવ છે તે તમે જાણો છો ? તે છેક છેવટ સુધી લડશે અને અંતે જર્મનીના લોકોનેય લડાવશે.'

'પણ તેને મારી સાથે સંબંધ છે, તમારી સાથે નહિ. કારણ કે હવે હું આ પરિવારનો સભ્ય નથી (હું બને તેટલો ભારેખમ બનવાનો સહેતુક પ્રયત્ન કરતો હતો.), પણ મને માફ કરજો, મેડમઝે'લ બ્લાન્ચ જનરલ સાથે લગ્ન કરવાની છે તે હવે નક્કી છે. ખરું ને ? તો પછી તેઓ રાહ શેની જુએ છે ? મારો કહેવાનો મતલબ એ કે તો પછી અમારાથી, પરિવારના અન્ય લોકોથી છૂપું રાખવાનો શો અર્થ ?'

'તે હું ન કહી શકું.... વળી, હજી તે ચોક્કસ નથી. તમે જાણો છો કે તે બંને રશિયાથી આવનાર સમાચારની રાહ જુએ છે. જનરલને ધંધાકીય વ્યવસ્થા કરવાની છે,'

'હા, હા, દાદીમા...'

દ ગ્રિયક્ષે તિરસ્કૃત નજરે મારી સામે જોયું.

'ટૂંકમાં !' મને અધવચથી અટકાવતાં તેણે કહ્યું, 'મને તમારા જન્મજાત મળતાવડાપણા પર, બુદ્ધિ પર, કુશળતા પર શ્રદ્ધા છે... અલબત્ત, તમને જે પરિવારે પોતાના માન્યો, પ્રેમ આપ્યો, આદર આપ્યો તે પરિવાર માટે તમે આટલું કરશો જ.'

'માફ કરજો, મને કાઢી મૂકવામાં આવ્યો છે. હવે તમે આવી દલીલ માત્ર ઔપચારિકતા ખાતર કરો છો. પણ તમને કોકે કહ્યું હોત કે 'અલબત્ત ! હું તમારા કાન ખેંચવા માગતો નથી, પણ ઔપચારિકતા ખાતર મને તમારા કાન ખેંચવાની છૂટ આપવાની કૃપા કરો...' તો ? તમારે કબૂલવું જોઈએ કે નક્કી આનો અર્થ આવો જ કૈંક થાય ને !'

'જો, એમ જ હોય તો, જો કોઈ પણ વિનંતીની તમને અસર ન થઈ હોય તો.' તે ભયંકર નિષ્ઠુરતાથી હસવા લાગ્યો, 'મારે તમને કહેવું પડશે કે પછી વધુ પગલાં ભરાશે, અહીં સત્તાસ્થાને બેઠેલા લોકો છે અને તમને આજે જ અહીંથી મોકલી દેવામાં આવશે – તમારા જેવા, નવા નિશાળિયા જેવા દુષ્ટ જુવાન જર્મન ઉમરાવ જેવી વ્યક્તિને દ્વંદ્વયુદ્ધ માટે પડકારે તે બદલ. અને તમે એમ માનો છો કે તમને એકલા મૂકવામાં આવશે ? મારી વાત માનજો, અહીં કોઈ તમારાથી બીતું નથી. મેં જો તમને વિનંતી કરી હોય તો તે મારી પોતાની જ જવાબદારી પર, કારણ કે તમે તો જનરલ માટે ઉપદ્રવ સમાન હતા. અને તમે એમ માનો છો, ખરેખર તમે એમ માનો છો કે ઉમરાવ તેમના નોકરો દ્વારા તમને હડસેલી નહિ મૂકે ?'

'પણ હું જાતે જવાનો જ નથી,' મેં પૂરી સ્વસ્થતાથી ઉત્તર આપ્યો. 'તમે ભૂલો છો, મસ્યર દ ગ્રિયક્ષ, તમે માનો છો તેનાથીય સવિશેષ ઔચિત્યપૂર્ણ આ બધું થશે. હું સત્વરે આસ્ત્લે પાસે જઈશ અને તેને મારો મધ્યસ્થી થવા, ટૂંકમાં તેને મારે બદલે જવા કહીશ. તે મને ચાહે છે એટલે ના નહિ પાડે. તે ઉમરાવ પાસે જશે અને ઉમરાવ તેનું સ્વાગત કરશે. જો હું માત્ર પરાયો હોઈશ, નોકરિયાત માણસ હોઈશ અને કદાચ અરક્ષિત હોઈશ, પણ આસ્ત્લે એક અમીરનો, જીવતા અમીરનો ભત્રીજો છે અને સહુ જાણે છે તેમ લૉર્ડ પિબ્રોચનો. અને તે અમીર અહીં છે. મારું માનજો, ઉમરાવ આસ્ત્લે સાથે વિનમ્રતાથી વર્તશે અને તેને સાંભળશે. અને જો તે તેમ નહિ કરે, તો આસ્ત્લે તેને પોતાનું અપમાન માનશે અને તેના કોક મિત્રને ઉમરાવ પાસે મોકલશે અને તેના મિત્રો તો મહત્ત્વની વ્યક્તિઓ છે અને હવે તમારે નિશ્ચિત માની લેવાનું છે કે તમે ધારો છો તેવું પરિણામ નહિ આવે.'

તે ફ્રેન્ચવાસી ચોક્કસ ડરી ગયો. આ બધું જ શક્ય હતું અને પરિણામે એમ લાગતું હતું કે હું આફત ઊભી કરવાની સ્થિતિમાં તો હતો જ.

'પણ હું તમને વિનવું છું કે....' તેણે અત્યંત કાકલૂદીભર્યા અવાજે કહેવા માંડ્યું, 'આ બધું પડતું મૂકો. આના પરિણામે નિંદા થશે તેનો તમને સાચે જ આનંદ પડશે. તમને સંતોષ નથી જોઈતો, નિંદા જોઈએ છે ! મેં તો કહી જ દીધું છે કે પરિણામ રમૂજી અને કદાચ હાસ્યાસ્પદ પણ આવે – અને કદાચ, તમે તે જ મેળવવાનો પ્રયત્ન કરો છો, – પણ – ટૂંકમાં,' મને ઊભો થઈ હેટ લેતાં જોઈ સમાપન કરતાં તેણે કહ્યું : 'હું તો તમને કોક વ્યક્તિનો આ ટૂંકો સંદેશો આપવા આવ્યો હતો – વાંચો. મને કહેવામાં આવ્યું છે કે મારે ઉત્તર લઈને જ પાછા ફરવું.'

આટલું કહી, તેણે તેના ગજવામાંથી એક ચિઠ્ઠી કાઢી મને આપી. તે વાળેલી હતી અને તેના પર લાલ રંગની ચકતીની મહોર મારી હતી.

પોલિનાના હસ્તાક્ષરમાં લખાયેલા શબ્દો આ પ્રમાણે હતા :

'મને જાણવા મળ્યું છે કે તું આ વાત હજી લંબાવવા માગે છે. તું ગુસ્સે થયો છે અને નાના છોકરડાની જેમ વર્તવા લાગ્યો છે, પણ આ ઘટનામાં કેટલીક વિશિષ્ટ પરિસ્થિતિઓ સંકળાયેલી છે અને તે હું તને પછી કહીશ. પણ કૃપા કરી થોભી જા અને શાંત થા. આ બધું કેવું મૂર્ખામીભર્યું છે ! મારે તારી જરૂર છે અને તેં મારું કહ્યું માનવાનું વચન આપ્યું છે. સ્કલાન્જેનબર્ગની વાત યાદ કર. હું તને વિનંતી કરું છું અને જરૂર હોય તો મારું કહ્યું માનવાનો હુકમ કરું છું.

તારી,

પો૦

તા. ક. જો તું ગઈ કાલની ઘટનાથી મારા પર ગુસ્સે થયો હોય તો મહેરબાની કરી મને માફ કરજે.

આ પંક્તિઓ વાંચતાં જ મારી આંખો સામેનું સઘળું ચક્કર ચક્કર ફરવા લાગ્યું. મારા હોઠ પીળા પડી ગયા અને હું કંપવા લાગ્યો. અને મારી આ મૂંઝવણ નીરખવાનું ટાળવા માગતો હોય તેમ પેલો ફ્રેંચ પોતાની આંખો

બાજુ પર ફેરવી, પડદા પાછળ રહેવાનો અતિશયોક્તિભર્યો ડોળ કરી આ બધું નિહાળી રહ્યો. જો તે ખડખડાટ હસ્યો હોત, તોય સારું થાત.

'સારું, સારું,' મેં ઉત્તર આપ્યો, 'મેડમઝે'લને કહેજો કે ચિંતા ન કરે. પણ મને એક વાત પૂછવા દો,' મેં વેધકતાથી પૂછ્યું, 'શા માટે તમે મને આ ચિઠ્ઠી આટલા લાંબા સમય સુધી ન આપી ? આડીતેડી વાતો કરવાને બદલે તમારે તેનાથી જ શરૂઆત કરવી જોઈતી હતી, જો તમે ખરેખર આ જ સંદેશો લઈને આવ્યા હો તો.'

'હા, હા, હું તેમ જ કરવાનો હતો, પણ આ બધું એવું તો વિચિત્ર છે કે તમારે મારી સ્વાભાવિક ઉત્કંઠા માફ કરવી જોઈએ. તમારો હેતુ શો છે તે તમારે મોંએ મારે જાતે જ સાંભળવું હતું. અને તેય બને તેટલા વહેલા, વળી આ ચિઠ્ઠીમાં શું છે તે હું નથી જાણતો અને મેં વિચાર્યું કે મારે તમને તે આપતાં થોડો સમય લેવો જોઈએ.'

'અચ્છા, તમને માત્ર એમ કહેવામાં આવ્યું હતું કે તમે જો માત્ર વાતચીતથી પતાવી શકો તો આ ન આપવી અથવા તો છેવટે હુકમના એક્કા તરીકે આપવી. ખરું ને ? મસ્યર દ ગ્રિયક્ષ, મને સીધો જવાબ આપો.'

'કદાચ એમ જ.' એક વિશિષ્ટ વિવેક રાખીને તેણે કહ્યું અને મારી સામે વિચિત્રતાથી નિહાળી રહ્યો.

મેં મારી હેટ લીધી. તે નમીને વિદાય થયો. મને લાગ્યું કે તેના હોઠ પર મજાકિયા સ્મિત હતું અને બીજી અપેક્ષા પણ શી રાખી શકાય ?

'હજી મારે ને તમારે હિસાબ પતાવવાનો બાકી છે, મારા વહાલા ફ્રેંચ દોસ્ત ! હું તમારી સાથે ઝઘડીશ.' નીચે ઊતરતાં હું ગણગણ્યો.

હજી પણ હું કશુંય સમજવા અસમર્થ હતો. હું મૂઢ બની ગયો. તાજી હવાએ મને સહેજ સ્વસ્થ બનાવ્યો.

બે મિનિટ પછી સુસંગતતાથી વિચારતાં મને અતિ સ્પષ્ટરૂપે બે વિચારો આવ્યા : પહેલો તો એ કે ગઈ કાલે અપાયેલી આવી ક્ષુલ્લક, અપક્વ, અશક્ય અને બાલિશ એવી થોડી ધમકીઓએ સહુમાં આટલો વ્યાપક ભય ઊભો કર્યો ! અને બીજો એ કે પોલિના પર પેલા ફ્રેંચનો કેટલો

મોટો પ્રભાવ હશે ! તેનો એક શબ્દ અને તે તેની ઇચ્છા મુજબનું બધું જ કરે, મને ચિઠ્ઠી લખે, મારી માફી માગે ? પ્રારંભથી, જ્યારથી હું તેમને સૌ પ્રથમ જાણતો થયો, ત્યારથી જ તેમની વચ્ચેના સંબંધો હંમેશ મારે મન કોયડારૂપ હતા. જો કે, તાજેતરમાં પોલિનાનો તેના પ્રત્યેનો ચોક્કસ અણગમો, અરે, તિરસ્કાર પણ મેં દીઠો હતો. અને તેણે પણ તેની ઉપેક્ષા કરી હતી, તેના પ્રત્યે તે સાવ રુક્ષ બન્યો હતો. તેનાથી તે કંટાળી ગઈ છે, તે વાત પોલિનાએ મને કહી હતી; જો કે, તે કેટલીક અત્યંત મહત્ત્વની કબૂલાતો કરી શકી નહોતી... તો તે માત્ર તેના પ્રભુત્વ નીચે છે, પોલિના પર તેની કશીક પકડ છે.

૮

જેને લોકો અહીં પગથી તરીકે ઓળખે છે તે બદામ વૃક્ષોની વીથિ પર હું મારા અંગ્રેજ મિત્રને મળ્યો.

'અરે, અરે,' મને જોતાં જ તેણે કહ્યું, 'હું તને જ મળવા આવતો હતો અને તું મને મળવા આવે છે. એટલે તું તારા મિત્રોથી છૂટો થઈ ગયો છું ?'

'પહેલાં તો મને એ કહે કે તને આ બધી ખબર કેવી રીતે પડી ?' મેં સાશ્ચર્ય પૂછ્યું, 'શું બધા જ તે વાત જાણે છે ?'

'ના રે, ના બધા નથી જાણતા. અને વળી તેમાં કશું જાણવા જેવું નથી. કોઈ તેની વાત સરખીયે નથી કરતું.'

'તો તને કેવી રીતે ખબર પડી ?'

'મને ખબર પડી એટલે કે મેં તે વાત સાંભળી. હવે અહીંથી તું ક્યાં જઈશ ? તું મને ગમે છે અને એટલે જ હું તને મળવા આવતો હતો.'

'આસ્ત્લે, તું ભલો માણસ છે,' મેં કહ્યું (જો કે, તેને આની ક્યાંથી જાણ થઈ હશે તે જાણવાની અતિશય ઉત્કંઠા મારામાં હતી), 'અને હજી મેં કૉફી પીધી નથી અને તેં પીધી હશે તે કદાચ સારી નહિ હોય એટલે ચાલ આપણે સ્ટેશન પરના કાફેમાં જઈએ. ત્યાં આપણે નિરાંતે બેસીને સિગારેટ પીશું અને ત્યાં હું તને બધું કહીશ અને... તુંય મને બધું કહી શકશે.'

કાફે સો વારથી દૂર નહોતું. ત્યાં વેઇટરોએ અમને કૉફી આપી. અમે બેઠા અને મેં સિગારેટ સળગાવી. આસ્ત્લે ધૂમ્રપાન કરતો નહોતો, પણ તે મને ટીકી રહ્યો હતો અને મને સાંભળવા તૈયાર હતો.

'હું ક્યાંય જવાનો નથી, હું અહીં રહેવાનો છું.' મેં વાતનો પ્રારંભ કર્યો.

'મને ખાતરી જ હતી કે તું અહીં જ રહીશ.' આસ્ત્લેએ સંમતિપૂર્વક કહ્યું.

જ્યારે હું આસ્ત્લેને મળવા જતો હતો, ત્યારે પોલિના પ્રત્યેના મારા પ્રેમ વિશે તેને કશુંય કહેવાની મારી ઇચ્છા નહોતી અને સ્વેચ્છાએ નક્કી કર્યું હતું કે તેમ ન કરવું. અત્યાર સુધી મેં તે અંગે તેની સામે ભાગ્યે જ એક પણ હરફ ઉચ્ચાર્યો હશે. વળી, તે શરમાળ પણ હતો. મેં પ્રારંભથી તે દીઠું હતું કે પોલિનાએ તેના પર પ્રચંડ પ્રભાવ પાડ્યો હતો, પણ તેણે તેના નામનો ઉલ્લેખ સરખોય કર્યો નહોતો. પણ અત્યારે, જ્યારે તે અહીં બેસીને તેની માંજરી આંખો વડે સ્થિરતાથી મને ટીકી રહ્યો હતો, ત્યારે કોણ જાણે કેમ પણ કોઈ અજાણ્યા કારણે તેને મારા પ્રેમ અંગે બધું જ, તેની સઘળી મૃદુતાસહિત બધું જ કહી દેવાની ઇચ્છા મારામાં જાગી, મને તેમ કરતાં અડધો કલાક લાગ્યો અને પહેલી જ વાર તે અંગે કોઈને કહેવાનો અત્યાનંદ પણ મેં અનુભવ્યો ! વળી, જ્યારે મેં જોયું કે કેટલાંક ઉત્સાહી વાક્યો હું બોલતો હતો, ત્યારે તે શરમિંદો બનતો હતો, ત્યારે જાણી જોઈને મેં મારી કથાની આતુરતા વધારી. મને એક જ વાતનો પસ્તાવો થાય છે. કદાચ, પેલા ફ્રેન્ચ વિશે મેં ઘણુંબધું કહ્યું.

મારી બરોબર સામે બેસી, મારી આંખોમાં તેની આંખો પરોવી, એક હરફ બોલ્યા વિના કે અવાજ સરખોય કર્યા વિના આસ્ત્લેએ બધું સાંભળ્યું, પણ જ્યારે હું પેલા ફ્રેંચ અંગે બોલવા ગયો, ત્યારે તેણે મને અચાનક રોક્યો અને કઠોરતાથી મને પૂછ્યું કે જેની સાથે મારે નિસબત નથી, તેવી આ અસંબદ્ધ પરિસ્થિતિનો ઉલ્લેખ કરવાનો મને કશો અધિકાર હતો કે કેમ ? આસ્તલે હંમેશ સીધા જ તેના પ્રશ્નો પૂછતો.

'તારી વાત સાચી છે. મારો તે અધિકાર નથી તેવો મને ભય છે.' મેં ઉત્તર આપ્યો.

'આ ઉમરાવ અને મિસ પોલિના અંગે માત્ર અનુમાન સિવાય કશી જ વિશેષ ચોક્કસ સાબિતી તું ન આપી શકે ?'

આસ્ત્લે જેવો શરમાળ માણસ આવો સ્પષ્ટ પ્રશ્ન પૂછે, તેનું વળી મને આશ્ચર્ય થયું.

'ના, કોઈ ચોક્કસ નહિ,' મેં ઉત્તર આપ્યો, અલબત્ત, નહિજ.'

'તો પછી તેં ખોટું કર્યું છે. માત્ર મને તે કહેવામાં જ નહિ, પરંતુ તારા મનમાં તેવો વિચાર કરવામાં પણ.'

'સારું સારું ! હું તે કબૂલ કરું છું, પણ અત્યારે તે મુદ્દો નથી.' હું વચ્ચે બોલ્યો. મારી જાત પર પણ મને આશ્ચર્ય થયું. પછી મેં તેને ગઈ કાલની આખી વાત વિગતે કહી – પોલિનાના તરંગનો, જર્મન ઉમરાવ સાથેના મારા સાહસનો, મારી રુખસદનો, જનરલના અનન્ય ભયનો અને અંતે દ ગ્રિયક્ષે આજે સવારે લીધેલી મારી મુલાકાતના પ્રત્યેક પાસાનો વિગતપૂર્ણ ચિતાર તેને આપ્યો અને અંતે પેલી ચિઠ્ઠી તેને બતાવી.

'આના પરથી તું શું માને છે ?' મેં પૂછ્યું, 'તું શું માને છે તે જાણવા માટે જ હું તારી પાસે આવતો હતો. મેં તો પેલા દુષ્ટ ફ્રેન્ચની હત્યા કરી હોત અને કદાચ હું કરીશ.'

'હું પણ તેમ કરી શકું.' આસ્ત્લેએ કહ્યું. 'હવે પોલિના વિશે... તું જાણે છે કે ક્યારેય આપણને કંટાળાજનક લાગતા હોય તેવા લોકો સાથેય આપણે સંબંધો રાખતા હોઈએ છીએ – જો અનિવાર્યતાનું દબાણ હોય તો. અહીં પણ, જેની તને કશી જ જાણ ન હોય એવા, બાહ્ય પરિસ્થિતિઓ પર અવલંબતા સંબંધો હોય. હું માનું છું કે તું તારા મનને કદાચ સ્વસ્થ કરીશ – અલબત્ત, કૈંક અંશે. ગઈ કાલનું તેનું વર્તન વિચિત્ર હતું – એટલા માટે નહિ કે તે તારાથી છુટકારો પામવા માગતી હતી અને જર્મન ઉમરાવની લાકડીના (જે તેણે વાપરી નહિ. શા માટે તે હું સમજી શકતો નથી, કારણ કે તે તેના હાથમાં તો હતી જ.) ફટકા ઝિલાવવા માગતી હતી. પણ આવું અડપલું – આવી સુંદર યુવતીને છાજતું નથી. અલબત્ત, તે એમ કલ્પી ન શકી કે તું તેની આવી મશ્કરીભરી ઇચ્છા શબ્દશઃ પૂરી પાડીશ....'

'તું શું જાણે છે ?' મેં આસ્ત્લેને નિકટથી નિહાળતાં અચાનક ઉચ્ચ સ્વરે પૂછ્યું, 'આ બધું તેં સાંભળ્યું જ છે. કોની પાસેથી ? મને લાગે છે કે પોલિનાની પાસેથી જ તેં સાંભળ્યું છે.'

આસ્ત્લે મારી સામે સાશ્ચર્ય નિહાળી રહ્યો.

'તારી આંખો ચમકે છે અને હું તેમાં શંકા નિહાળી શકું છું,' તેણે પોતાની પૂર્વવત્ સ્વસ્થતા સત્વરે પ્રાપ્ત કરી કહ્યું, 'પણ તે શંકાઓને વ્યક્ત કરવાનો તને અધિકાર નથી. આવા કોઈ અધિકારને હું માન્ય કરતો નથી અને તારા પ્રશ્નનો ઉત્તર આપવાનો હું સંપૂર્ણ ઇન્કાર કરું છું.'

'હવે ઝાઝું ન કહીશ. તેની લગીરે જરૂર નથી.' મેં વિચિત્ર ઉત્તેજના અનુભવતાં રાડ પાડી. મેં માનસિક ઉત્તેજના કેમ અનુભવી તેની મને જાણ પણ નહોતી ! પોલિનાએ ક્યારે, ક્યાં અને કેવી રીતે આસ્ત્લેને પોતાના વિશ્વાસમાં લીધો હશે ? જો કે, હમણાં હમણાં હું આસ્ત્લેને લગભગ મળ્યો જ નહોતો અને પોલિના તો મારે મન સદાની એક કોયડો હતી. ઉદાહરણ તરીકે, તે એવી તો કોયડારૂપ હતી કે આસ્ત્લેને મારા પ્રેમના આખા પ્રકરણની કથા કહેતાં મને તે વાતનું આશ્ચર્ય થયું હતું કે તેની સાથેના મારા સંબંધો અંગે હું ભાગ્યે જ કશું સ્પષ્ટ કે નક્કર કહી શક્યો. ઊલટું, તે બધું તરંગી, વિચિત્ર, ક્ષુદ્ર તથા કશી બીજી વસ્તુ સાથે આછું આછું પણ સામ્ય ધરાવતું નહોતું.

'ઠીક, ઠીક, હું ગૂંચવણમાં છું અને ઘણીબધી વસ્તુઓ હું સમજી શકતો નથી,' મેં બગાસું ખાતાં ઉત્તર આપ્યો – જાણે કે હું હાંફી ગયો હોઉં. 'જો કે, તું સજ્જન છે. હવે બીજી વાત. અને હું તે અંગે તારી સલાહ નહિ, પણ તારો અભિપ્રાય માગવા ઇચ્છું છું.'

મેં થોડોક પોરો ખાધો અને પછી શરૂઆત કરી.

'તું એમ કેમ માને છે કે જનરલ ખૂબ ભયભીત થયો હતો ? મારી આવી સાવ મૂર્ખામી અંગે તે બધાએ આટલી ધમાલ કેમ મચાવી ? એવી ધમાલ કે દ ગ્રિયક્ષને ખુદને વચ્ચે પડવું અનિવાર્ય લાગ્યું. (અને તે અતિશય મહત્ત્વની ઘટનાઓમાં જ માત્ર વચ્ચે પડે છે.), તે મને મળવા આવ્યો. (તું આ અંગે શું માને છે ?) મારી પાસે ભીખ માગી, મને આજીજી કરી – તે, દ ગ્રિયક્ષ મને આજીજી કરે ! અને છેલ્લી વાત, ધ્યાનમાં રાખજે કે તે નવ વાગ્યે કે સહેજ વહેલો આવ્યો હતો અને ત્યારે પોલિનાની ચિઠ્ઠી તેના

હાથમાં જ હતી. હવે પ્રશ્ન એ ઊઠે છે કે તે ક્યારે લખાઈ હશે ? કદાચ તે લખવા માટે પોલિનાને જગાડાઈ હશે ! આ વાત જવા દઈએ, પણ આ બધા પરથી મને લાગે છે કે પોલિના તેની ગુલામ છે (કારણ કે તે મારી પણ માફી માગે છે.) – તે પણ જવા દઈએ. પણ આ બધા સાથે તેને શું લાગેવળગે, અંગત રીતે શું લાગેવળગે ? તેને આટલો શો રસ છે ? તે સહુએ એક જર્મન ઉમરાવથી કેમ ડરવું જોઈએ ? અને જનરલ મેડમઝે'લ બ્લાન્ચ દ કમિન્જસને પરણવાનો છે. તેનો અર્થ શો ? તે લોકો કહે છે કે તે પરિસ્થિતિને કારણે તેમણે વિશિષ્ટ ઢબે વર્તવું પડશે – પણ છેવટે તો આ ખરેખર અતિ વિશિષ્ટ જ છે. તારે તે કબૂલવું જ પડશે. તું શું માને છે ? તારી આંખો જોતાં મને ખાતરી છે કે આ બાબતોમાં પણ તું મારા કરતાં વધારે જાણે છે.'

આસ્ત્લેએ સ્મિત વેર્યું અને માથું ધુણાવ્યું.

'તું આ અંગે જેટલું જાણે છે તેના કરતાં હું ઘણુંબધું જાણું છું,' તેણે કહ્યું, 'આ આખીયે વાતને મેડમઝે'લ બ્લાન્ચ સાથે જ સંબંધ છે અને મને ખાતરી છે કે તે સંપૂર્ણ સત્ય છે.'

'તે મેડમઝે'લ બ્લાન્ચનું છે શું ?' મેં ઉત્સુકતાથી રાડ પાડી. (મને અચાનક આશા જાગી હતી કે મેડમઝે'લ પોલિના અંગે પણ કશુંક પ્રગટ થશે.)

'હું માનું છું કે અત્યારની ક્ષણે જર્મન ઉમરાવ તથા ઉમરાવ પત્ની સાથે કોઈ પણ પ્રકારનો સંઘર્ષ ટાળવાનો મેડમઝે'લ બ્લાન્ચને ખાસ રસ છે. ખાસ કરીને દુઃખદ સંઘર્ષ અને તેમાંય તે ખાસ તો નિંદ્ય સંઘર્ષ.'

'ઠીક ! ઠીક !'

'બે વર્ષ પહેલાં, આ જ ઋતુમાં મેડમઝે'લ બ્લાન્ચ અહીં રૂલેટ્ટનબર્ગમાં હતી. જોગાનુજોગ હું પણ અહીં હતો. મેડમઝે'લ બ્લાન્ચ ત્યારે મેડમઝે'લ દ કમિન્જસ નહોતાં કહેવાતાં અને તેની વિધવા માતા મેડમ કમિન્જસ પણ ત્યારે અસ્તિત્વમાં નહોતાં. કૈં નહિ તો, ત્યારે તેમનો કશો ઉલ્લેખ થતો નહોતો. દ ગ્રિયક્ષ – દ ગ્રિયક્ષનું ય ત્યારે અસ્તિત્વ નહોતું. મારી તો એવી

ચોક્કસ માન્યતા છે કે તેઓ વચ્ચે કશુંય સગપણ તો નથી જ, પણ તેમની વચ્ચેનો પરિચય પણ લાંબા સમયનો નથી. દ ગ્રિયક્ષ હમણાં હમણાંનો જ ઉમરાવ બન્યો છે. એક ઘટનાને કારણે મને તેની ખાતરી થઈ ગઈ છે. કદાચ, કોઈ એમ પણ માને કે હજી હમણાં સુધી તો તે પોતાને દ ગ્રિયક્ષ કહેવડાવતો ય નહોતો. હું અહીં એક વ્યક્તિને ઓળખું છું, જે તેને બીજા નામે ય મળ્યો હતો.'

'પણ તેને ખરેખર પ્રતિષ્ઠિત વ્યક્તિઓ સાથે પરિચય હશે તે તો નક્કી જ.'

'હશે, કદાચ, કદાચ મેડમઝે'લ બ્લાન્ચનેય તેવું વર્તુળ હોય. પણ બે વર્ષ પહેલાં આ જ ઉમરાવપત્નીએ કરેલી ફરિયાદને કારણે પોલીસે – મેડમઝે'લ બ્લાન્ચને આ ગામ છોડવાની ફરજ પાડી હતી. અને તેણે છોડ્યું પણ હતું.'

'તે વળી કેવી રીતે ?'

'સૌ પ્રથમ તે અહીં કોઈ ઇટાલિયન સાથે, બાર્બેરિની કે એવું કશુંક ઐતિહાસિક નામ ધરાવતા કોઈ ઇટાલિયન રાજકુમાર સાથે અહીં આવી હતી. તે માણસે ભરચક વીંટીઓ તથા હીરાઓ પહેર્યા હતાં, અને તે ય પણ બનાવટી તો નહિ જ. તે બંને એક ભવ્ય બગીમાં ફરતાં. મેડમઝે'લ બ્લાન્ચ ત્રીસ અને ચાલીસની રમત પર જુગાર રમ્યાં. પહેલાં તો તે જીત્યાં, પણ પછી તેમનું નસીબ સખત પલટાઈ ગયું, આવું મારું સ્મરણ છે. મને યાદ છે કે તે સાંજે તેમણે ખૂબ ખૂબ પૈસા ગુમાવ્યા. પણ સૌથી મોટી કમનસીબી તો એ હતી કે એક સુંદર સવારે તેમનો રાજકુમાર અદશ્ય થઈ ગયો અને તે ક્યાં અદશ્ય થઈ ગયો તે કોઈ નહોતું જાણતું. ઘોડા તથા બગીઓ પણ અદશ્ય થયાં, બધું જ અદશ્ય થઈ ગયું. હોટેલનું બિલ પણ મોટું હતું. મેડમઝે'લ ઝેલ્મા (એકાએક તે બાર્બેરિનીમાંથી મેડમઝે'લ ઝેલ્મા બની ગઈ.) અતિશય હતાશ બની. તે હોટેલની પ્રત્યેક વ્યક્તિ પાસે રડતાંકકળતાં અને ઉન્માદમાં પોતાનાં કપડાં ફાડીને તેના ટુકડેટુકડા કરતી !

અહીં, આ હોટેલમાં એક પોલૅન્ડવાસી કાઉન્ટ[૧] હતો. (બધા જ પોલૅન્ડપ્રવાસીઓ કાઉન્ટ જ હોય છે.) અને મેડમઝે'લ ઝેલ્માએ, તેનાં વસ્રો ફાડીને અને પોતાના ચહેરા પર બિલાડીની જેમ ઉઝરડા પાડીને તથા તેના બંને સુંદર હાથ અત્તરમાં ઝબોળીને તેના પર થોડોક પ્રભાવ પાડ્યો. તે બંનેએ વાતો કરી અને ખાણા વખતે તો તેમને આશ્વાસન અપાયું હતું. સાંજે, તે તેને પોતાના હાથમાં લઈ સ્ટેશને આવ્યો. મેડમઝે'લ ઝેલ્માનું હાસ્ય હંમેશની જેમ બુલંદ હતું અને તેનું વર્તન પહેલાં કરતાં કૈંક વધુ અસંયમિત હતું. અહીં જુગાર રમતી સ્ત્રીઓ જ્યારે ટેબલ પર જતી હોય છે, ત્યારે પોતાને માટે જગ્યા મેળવવા બીજા ખેલાડીઓને બને તેટલા બળથી ગોદા મારી દૂર ખસેડે છે. આવી સ્ત્રીઓમાં આ એક ફેશન મનાય છે. તેવી સ્ત્રીઓની કતારમાં તે ઊતરીને સીધી પ્રવેશી ગઈ. તેં આવી સ્ત્રીઓ દીઠી તો હશે જ.'

'હા, હા !'

'તે સ્ત્રીઓ જોવા જેવી નથી. પ્રતિષ્ઠિત નાગરિકો ગુસ્સે થાય છે, તો ય જ્યાં સુધી તે રોજ ટેબલો પર હજાર ફ્રાંકની નોટોની હેરાફેરી ન કરે ત્યાં સુધી તો તેમને અહીંથી દૂર કરાતી નથી. જો કે, જેવી તેમની હેરાફેરી બંધ થાય કે સત્વરે જ તેમને ટેબલ છોડવાની વિનંતી કરાય છે. મેડમઝે'લ ઝેલ્મા હજીય નોટોની હેરાફેરી કરતી હતી, પણ જુગારમાં તે હજી વધુ કમભાગી બનતી હતી. એટલું જોજે કે આ સ્ત્રીઓ ઘણી વાર તેમની રમતમાં ભાગ્યશાળી હોય છે. તેમનો જાત પરનો સંયમ પણ નોંધપાત્ર હોય છે. મારી વાત જો કે, અહીં પૂરી થાય છે. એક દિવસ, પેલા રાજકુમારની જેમ પેલો કાઉન્ટ પણ અદશ્ય થઈ ગયો. સાંજે મેડમઝે'લ ઝેલ્મા ટેબલો પાસે આવી. આ વખતે કોઈ તેની સામે હાથ લંબાવવા ન આવ્યું. બે દિવસોમાં તો તેણે બધું જ ગુમાવ્યું. જ્યારે તેણે તેની પાસેના છેલ્લા વીસ ફ્રાન્કની હોડ બકી અને તે ગુમાવ્યા ત્યારે તેણે તેની આસપાસ જોયું અને જોયું કે તેની પડખે ઉમરાવ વર્મેરહેલ્મ હતો. તે તેને ધ્યાનપૂર્વક નિહાળતો હતો. તેની દષ્ટિમાં ઊંડો પુણ્યપ્રકોપ પણ હતો, પણ મેડમઝે'લ ઝેલ્માએ તે

---

૧. 'અર્લ'નો સમકક્ષ પરદેશી ઉમરાવ

પુણ્યપ્રકોપ ન નિહાળ્યો અને એક વિશિષ્ટ સ્મિત સાથે ઉમરાવ ભણી ફરી. તેણે તેને પોતાના વતી લાલ પર બસો ફ્રાન્ક મૂકવા કહ્યું, પરિણામે, ઉમરાવપત્નીની ફરિયાદ આવતાં તેને તે સાંજે ફરી વાર સ્ટેશને ન આવવાની સૂચના મળી. તને નવાઈ લાગશે કે આવી ઝીણી ઝીણી તથા અછાજતી વિગતોની જાણ મને કેવી રીતે થઈ ! પણ આ વિગતો મારા એક સગા શ્રી ફીડર પાસેથી સાંભળી હતી. તે તે જ સાંજે મેડમઝે'લ ઝેલ્માને પોતાની સાથે પોતાની ગાડીમાં રૂલેટ્ટનબર્ગથી સ્પા લઈ ગયો હતો. હવે તારે સમજવું જોઈએ કે મેડમઝે'લ બ્લાન્ચ જનરલ સાથે પરણવા માગે છે એટલે કદાચ તે ઇચ્છે છે કે બે વર્ષ પહેલાં તેને પોલીસ સ્ટેશનેથી જેવી સૂચના મળી હતી તેવી સૂચના ભવિષ્યમાં ન મળે. તે હવે જુગાર રમતી નથી, પણ તેનું કારણ એ છે કે તેની પાસે હવે થોડી મૂડી છે અને તે મૂડી તે આહીં જુગારીઓને વ્યાજે ધીરે છે. તેમાં વધુ સલામતી છે. મને તો શંકા છે કે કમભાગી જનરલ પણ તેના દેવા નીચે છે. અને દ ગ્રિયક્ષ પણ કદાચ. અથવા દ ગ્રિયક્ષ તેનો ધંધાકીય ભાગીદાર હશે. તું સંમત થઈશ કે લગ્ન સુધી કોઈ પણ કારણે પેલાં જર્મન ઉમરાવ અને ઉમરાવ પત્નીનું ધ્યાન તેના ભણી ન જાય તેવું તો તે ઇચ્છે જ. ટૂંકમાં, તેની પરિસ્થિતિમાં તેને માટે હવે નિંદા સાવ અસહ્ય વસ્તુ છે. પણ તું તેમના પરિવાર સાથે સંકળાયેલો છે અને તારા વર્તને નિંદા ફેલાવી હશે – ખાસ કરી તે રોજ ને રોજ જનરલ કે મિસ પોલિના સાથે હાથમાં હાથ ભીડી ફરતી દેખાય છે ત્યારે.'

'ના. મેં નથી ફેલાવી.' મેં રાડ પાડી. રાડ પાડતાં પાડતાં મેં ટેબલ પર એટલા જોરથી મુઠ્ઠી મારી કે ભયનો માર્યો વેઇટર પણ દોડી આવ્યો.

'મને કહે આસ્ત્લે,' મેં ફરી ઝનૂનપૂર્વક કહ્યું. 'તું આટલી બધી વાત જાણતો હતો અને તેને કારણે તને સારી પેઠે જાણ હતી કે મેડમઝે'લ બ્લાન્ચ દ કમિન્જસ કેવી વ્યક્તિ છે તો મને કેમ ન ચેતવ્યો ? – અને જનરલને ? – અને પોલિનાને જે અહીં સ્ટેશનમાં મેડમઝે'લ બ્લાન્ચ સાથે જાહેરમાં હાથમાં હાથ ભીડીને ફરતી દેખાય છે તેને ? તું એવું કરી જ કેમ શકે ?'

'હું તને ચેતવું તેનો કશો જ અર્થ નહોતો, કારણ કે તું કશું જ ન કરી શક્યો હોત.' આસ્ત્લેએ સ્વસ્થતાથી ઉત્તર આપ્યો. 'વળી, ચેતવવા જેવું

હતું જ શું ? મેડમઝે'લ બ્લાન્ચ વિશે જનરલ કદાચ મારા કરતાં પણ વધુ જાણતો હશે અને છતાંય તેની સાથે અને પોલિના સાથે ફરવા જતો હશે. જનરલ કમભાગી માણસ છે. ગઈ કાલે મેં કુમારી બ્લાન્ચને મસ્યર દ ગ્રિયક્ષ અને પેલા વામણા રશિયન રાજકુમાર સાથે એક સુંદર ઘોડા પર સવારી કરતી જોઈ હતી અને જનરલ તે સહુની પાછળ ઘેરા રંગના ઘોડા પર છલાંગો મારતો હતો. સવારે તે કહેતો હતો કે તેના પગ દુખતા હતા પણ તે સ્વસ્થતાથી બેઠો હતો. અને તે જ ક્ષણે મને એકાએક સૂઝ્યું કે આ એક એવો માણસ ગયો કે જે સાવ ઘસાઈ ગયો હતો. અને જોકે તેની સાથે મારે કશી જ નિસબત નહોતી અને મિસ પોલિનાનો પરિચય કરવાનું તો હજી હમણાં જ મને મળ્યું છે, છતાંય મેં તને કહી તો દીધું જ છે.' આસ્ત્લેને અચાનક કશુંક સાંભર્યું, કહ્યું, 'કે હું તને સન્નિષ્ઠતા પૂર્વક ચાહું છું, છતાંય કેટલાક પ્રશ્નો પૂછવાનો તારો અધિકાર હું ન સ્વીકારી શકું.'

'બસ, બહુ થયું,' મેં ઊભા થતાં કહ્યું, 'હવે મને તે દીવા જેવું સ્પષ્ટ છે કે પોલિના મેડમઝે'લ બ્લાન્ચ વિશે સઘળું જાણે છે. પણ તે તેના ફ્રેંચ સાથીથી છૂટી થઈ શકતી નથી અને એટલે જ તેણે મેડમઝે'લ બ્લાન્ચ સાથે ફરતા દેખાવાનો નિર્ણય કર્યો છે. મારી વાત માનજે, એવું બીજું કોઈ કારણ નથી કે જેને કારણે તે જાહેરમાં મેડમઝે'લ બ્લાન્ચ સાથે ફરતી દેખાય કે તેની ચિઠ્ઠીમાં જર્મન ઉમરાવને ન મળવા માટે મને વિનવે. હકીકતમાં, આ જ એક પ્રભાવ છે જેની પાસે બધું જ ગૌણ છે ! અને છતાંય, તું જાણે છે કે તેણે જ મને જર્મન ઉમરાવ પાસે ધકેલ્યો હતો ! જહન્નમમાં જાય, તેને સમજવાનો કૈં અર્થ નથી !'

'સૌ પહેલાં તો તું તે ભૂલી જાય છે કે મેડમઝે'લ દ કમિન્જસ તે જનરલની વાગ્દત્તા છે અને બીજું તે એ કે જનરલની સાવકી દીકરી પોલિનાને નાનાં ભાઈ-બહેનો – જનરલનાં પોતાનાં સંતાનો છે જેમની આ પાગલ સાવ ઉપેક્ષા કરે છે અને કદાચ, હું માનું છું કે તેય લૂંટાઈ ગયાં હશે.'

'હા, હા ! તે સાચું છે ! ચાલ્યા જવું એટલે સંતાનોનો સંપૂર્ણ ત્યાગ અને રહેવું એટલે તેમના હિતનું રક્ષણ અને કદાચ મિલકતનો થોડોક ભાગ.

હા, હા, આ બધું સાચું છે ! પણ સાથે સાથે, સાથે સાથે ! ઓહ ! હવે મને સમજાય છે કે તે બધાંને અત્યારે દાદીમામાં કેમ રસ છે ?'

'કોનામાં ?' આસ્ત્લેએ પૂછ્યું.

'મૉસ્કોમાં રહેતી પેલી ઘરડી ડાકણ જે મરવાની નથી અને આ બધાં તે મરી ગઈ છે તેવા સમાચાર આપતા તારની અપેક્ષા રાખે છે.'

'હા, હા, અલબત્ત ! સહુનો રસ તેના પર કેન્દ્રિત થયો છે. વારસો જ સર્વસ્વ છે ! જ્યારે વારસો જાહેર થશે ત્યારે જનરલ પરણશે, પોલિના પણ મુક્ત થશે અને દ ગ્રિયક્ષ...'

'ખેર ! અને દ ગ્રિયક્ષ ?'

'દ ગ્રિયક્ષનું દેવું ચૂકવાશે. એટલે તો તે અહીં રોકાયો છે.'

'એટલા માટે જ તે રોકાયો છે એમ તું માને છે ?'

'હું વધારે કૈં નથી જાણતો.' અને આસ્ત્લે દઢ મૌનમાં સરકી ગયો.

'પણ હું જાણું છું ! હું જાણું છું !' મેં રોષથી પુનરાવર્તન કર્યું, 'તે પણ વારસાની રાહ એટલા માટે જુએ છે કે પોલિનાને પૈઠણ મળશે અને જે ક્ષણે તેને પૈસા મળશે તે જ ક્ષણે તે પેલાના બાહુઓમાં પોતાની જાત સમર્પિત કરશે. બધી જ સ્ત્રીઓ એક સરખી હોય છે. તેમાંની વધુમાં વધુ ગર્વિષ્ઠ, વધુમાં વધુ નીચ ગુલામડી બની જાય છે. પોલિના બીજા કશાય માટે નહિ પણ કામી પ્રેમ માટે જ સમર્થ છે ! તેના વિશેનો મારો આ અભિપ્રાય છે. તેને જુઓ, ખાસ કરીને જ્યારે તે એકલી બેસીને વિચારતી હોય ત્યારે, કશુંક પૂર્વાયોજિત, ઘૃણાસ્પદ, નિર્મિત ત્યાં હોય છે ! જિંદગીના સઘળા ભયો તથા આવેશો માટે તે સમર્થ છે... તે... તે... આ મને કોણ બોલાવે છે ?' મેં એકાએક બૂમ પાડી. 'કોણ બૂમ પાડે છે ?' 'એલેક્સિસ ઈવાનોવિચ !' કહી બોલાવતું મેં કોકને સાંભળ્યું અને તેય રશિયન ભાષામાં. સ્ત્રીનો અવાજ ! 'સાંભળ, સાંભળ !'

હવે અમે હોટેલની પાસે જતા હતા. કાફે તો અમે ક્યારનું છોડી દીધું હતું તેનું ભાન પણ અમને નહોતું રહ્યું.

'મને કોક સ્ત્રીની બૂમ સંભળાય છે પણ કોણ બોલાવે છે તે હું નથી જાણતો; તે રશિયન ભાષામાં બૂમ પાડે છે; ક્યાંથી તે બૂમો આવે છે તે હવે હું નિહાળી શકું છું,' આસ્ત્લેએ અંગુલિનિર્દેશ કરતાં કહ્યું, 'પેલી સ્ત્રી બોલાવે છે, ત્યાં પેલી મોટી ખુરશી પર બેઠેલી સ્ત્રી. જેને નોકરોએ ઊંચકીને હમણાં જ પગથિયાં ચઢાવ્યાં. તેઓ પાછળ માલસામાન લાવે છે. તેનો અર્થ એ કે હમણાં જ ટ્રેન આવી.'

'પણ તે મને શા માટે બોલાવે છે ? ફરી પાછી તે બૂમો પાડે છે, જો, તે આપણી સામે હાથ હલાવે છે.'

'હું જોઈ શકું છું કે તે હાથ હલાવે છે.' આસ્ત્લેએ કહ્યું.

'એલેક્સિસ ઈવાનોવિચ ! એલેકિસ ઈવાનોવિચ ! ઓ ભગવાન ? કેવો મૂર્ખ !' હોટેલનાં પગથિયાં પરથી નિરાશાજનક બૂમો આવી.

અમે દરવાજા પાસે દોડ્યા. હું પગથિયાં ચઢી ગયો, અને... આશ્ચર્યને કારણે પડી ન જાઉં તેટલા માટે હું હાથ જકડીને ત્યાં જ ઊભો રહ્યો.

૯

જે ખુરશીમાં તેમને ઉપર લઈ જવાયાં હતાં તે ખુરશીમાં જ, હોટેલના દરવાજા પાસેનાં વિશાળ પગથિયાંની કતાર પર સાવ ટોચે આરૂઢ થયેલાં, હોટેલનાં નોકરો; દાસીઓ અને અસંખ્ય ક્ષુલ્લક નોકરોથી ઘેરાયેલાં, આટલી બધી ધાંધલધમાલ સાથે પ્રવેશતાં તે વિશિષ્ટ અતિથિને આવકાર આપવા આવેલા હોટેલના વ્યવસ્થાપકની ખુદની સામે, પોતાના નોકરો તથા અનેક પેટીપટારાં સાથે બેઠાં હતાં – દાદીમા ! હા, તે દાદીમા જ હતાં, સમૃદ્ધ, પંચોતેર વર્ષનાં એન્તોનિડા વાસિલ્યેવ્ના તારાસેવિચેવ, જમીનદાર અને મોસ્કોનાં ભવ્ય મહિલા, મહાન દાદીમા, જેમને માટે તારોની આવન-જાવન થતી, જે મૃતઃપ્રાય હતાં અને છતાંય હજી જીવતાં હતાં અને અચાનક જ જે અમારી વચ્ચે આસમાનમાંથી ટપકી પડ્યાં હતાં. જો કે, તેમના પગની સહાય લીધા વિના તે આવ્યાં હતાં અને છેલ્લાં પાંચ વર્ષથી વિકલાંગો માટેની જે ખુરશીમાં તેમને ઊંચકીને લઈ જવાતાં હતાં, તેમાં જ લઈ જવાતાં હતાં. અને છતાંય તે હંમેશની જેમ આનંદી, સ્ફૂર્તિમંત, આત્મપ્રસન્ન હતાં, ટટ્ટાર બેઠાં હતાં. તેમના ઊંચા, મનસ્વી અવાજે બૂમો પાડી સહુને ઉપાલંભ આપતાં હતાં. હકીકતમાં, જનરલના ઘરમાં મેં શિક્ષકની નોકરી સ્વીકાર્યા પછી બેએક વાર તેમને જોવાનું મને સદ્‌ભાગ્ય મળ્યું હતું, તેવાં જ તે દેખાતાં. તે સ્વાભાવિક હતું કે આ આશ્ચર્યથી હું તો ત્યાં પૂતળાની જેમ જ ઊભો રહું. હું સો વારને અંતરે હતો ત્યારે ય તેમણે મને તેમની તીક્ષ્ણ આંખોથી જોયો હતો અને તેય તે જ્યારે તેમને ખુરશીમાં બેસાડી પગથિયાં ચઢાવાતાં હતાં ત્યારે. તેમણે મને ઓળખ્યો હતો અને મારું નામ દઈ પોકાર્યો હતો. અને

તેમણે મારું નામ હંમેશની જેમ એક જ વાર સાંભળ્યું હતું, 'અને આજ સ્ત્રીને, તેમને સહુને પોતાનો વારસો આપી જઈ, તેની શબપેટીમાં જોવાની, દફનાવી દેવાની આ સહુની ઇચ્છા હતી !' આ જ વિચાર મારા મનમાં ઝબૂક્યો. 'તે તો અમારા બધાથી, હોટેલના એક એક જણથી વધારે જીવશે ! પણ હે ભગવાન ? હવે આ લોકોનું શું થશે ? જનરલનું શું થશે ? હવે આ બાઈ આખી હોટેલને ઊંધી-ચત્તી કરી નાંખશે ?'

'અરે ! તને થયું છે શું ? તું મારી સામે ઊભો રહી આમ તાકી તાકીને શું જોઈ રહ્યો છે ?' બૂમો પાડતાં પાડતાં દાદીમાએ પૂછ્યે જ રાખ્યું. 'હેટ ઉતારીને કેમ છો, પૂછતાં તને નથી શિખવાડ્યું ? કે પછી તું એટલો બધો અભિમાની બની ગયો છે કે તેમ કરતાં તને શરમ આવે છે ? કે પછી તું મને ઓળખતો જ નથી ? તું આ સાંભળે છે, પોટાપિચ ?' તેમણે પોતાના રસોઇયાને ઉદ્દેશીને કહ્યું. તેને તે તેમની સાથે લાવ્યાં હતાં. તે ભૂખરા વાળવાળો, ઠીંગણો વૃદ્ધજન હતો. તેના માથાની ઉપરના ભાગમાં નાનીસરખી ગુલાબી ટાલ હતી. તેણે લાંબા ઘેરાવવાળો કોટ તથા ટાઈ પહેર્યાં હતાં, 'તું આ સાંભળે છે ? આ મને ઓળખતો નથી. તેમણે મને દફનાવી દીધી છે. તે બધા એક પછી એક તાર મોકલતા હતા – 'તે મરી ગયાં છે કે નથી મર્યાં ?' તું જાણે છે ? મને બધી જ ખબર છે. ખેર ! હવે તમે જોઈ શકો છો કે હું જીવતી છું, સ્વસ્થ છું.'

'આવો, આવો, એન્તોનિડા વાસિલ્યેવ્ના. શા માટે મારે તમારું અશુભ વાંછવું જોઈએ ?' મારા વિનોદી લહેકામાં મેં આનંદપૂર્વક કહ્યું. 'હું માત્ર નવાઈ પામ્યો હતો... અને નવાઈ કેમ ન પામું ? આ એટલું અણધાર્યું છે કે...'

'આમાં નવાઈ પામવા જેવું શું છે ? ટ્રેનમાં બેસીને હું આવી અને ટ્રેનમાં સારી સગવડ હોય છે, આંચકા નથી લાગતા. તું ફરવા ગયો હતો ?'

'હા. હું સ્ટેશન સુધી ગયો હતો.'

'અહીં સરસ છે,' દાદીમાએ ચારેકોર નજર નાંખી કહ્યું. 'અહીં ગરમી છે અને થોડાં સરસ વૃક્ષો પણ છે. મને તે ગમે છે ! આખું કુટુંબ અંદર છે ? અને જનરલ ?'

'હા, અત્યારે તો તે અંદર હોવા જોઈએ. બધાં જ અંદર છે.'

'એટલે અહીં તેમનો બધી વાતનો સમય નક્કી હોય છે અને તે બધાં બધા જ નિયમો પાળે છે ? તેઓ ટેવાઈ જાય છે. મને કહેવામાં આવ્યું કે તેઓ બગી રાખે છે તે રશિયન સજ્જન ! તેમને તેમના બધા પૈસા મળી ગયા છે એટલે તેઓ પરદેશમાં છે. પ્રાસ્કોવ્યા તેમની સાથે છે ?'

'હા. પોલિના એલેકસેન્ડ્રોવ્ના પણ અહીં જ છે.'

'અને પેલો ફ્રેન્ચ ? ખેર, હું તે બધાંને મારી જાતે જ મળીશ. એલેક્સિસ ઈવાનોવિચ, મને સીધી તેની પાસે લઈ જા. અને તું અહીં મજામાં છે ?'

'અહીં એટલું કૈં ખરાબ નથી, એન્તોનિડા વાસિલ્યેવ્ના.'

'પોટાપિચ, તું પેલા મૂર્ખ વ્યવસ્થાપકને કહે કે મને એક આરામદાયક ઓરડો આપે, સરસ અને ખૂબ ઉપર નહિ. અને મારી સઘળી ચીજો ત્યાં અબઘડી લઈ જા. બધા મને ઊંચકવા કેમ આટલા આતુર છે ? તે બધા મને આગળ કેમ ધકેલે છે ? કેવી ગુલામી ! આ તારી સાથે કોણ છે ?' મારી ભણી નીરખી તેમણે કહ્યું.

'તે છે શ્રી આસ્ત્લે.' મેં ઉત્તર આપ્યો.

'આસ્ત્લે કોણ ?'

'એક પ્રવાસી. તે મારો સારો મિત્ર છે. તે જનરલને પણ ઓળખે છે.'

'અંગ્રેજ છે. હા, તે મારી સામે ટીકી રહ્યો છે પણ તેનું મોં ખોલતો નથી. ભલે, પણ મને અંગ્રેજ ગમે છે. ઠીક, મને સીધી, ઉપર તેના ઓરડામાં લઈ જા. તે બધાં ક્યાં છે ?'

દાદીમાને ઊંચક્યાં. હું હોટેલની પહોળી સીડી પર તેમને દોરતો હતો. અમારા સરઘસે ભારે દેખાવ ખડો કર્યો. અમે જેની જેની પાસેથી પસાર થયાં તે વ્યક્તિ ઊભી રહી અમને ટીકી રહી. આશ્રયસ્થાન તરીકે અમારી હોટેલ શ્રેષ્ઠ, અતિશય ખર્ચાળ અને વૈભવશાળી ગણાતી હતી. પરસાળોમાં તથા દાદરા ઉપર બધે જ અતિસુંદર સ્ત્રીઓ અને મહત્ત્વના દેખાતા અંગ્રેજો જોવા મળતાં. અનેક લોકોએ નીચે વ્યવસ્થાપકને પૃચ્છા કરી. તે પણ ખૂબ

અંજાઈ ગયો હતો. અલબત્ત, તેણે સઘળી પૃચ્છાનો ઉત્તર આપ્યો કે તે એક અતિ મહત્ત્વની વિદેશી સ્ત્રી હતાં – રશિયન મહિલા, કાઉન્ટેસ અને ભવ્ય નારી. અને સપ્તાહ પહેલાં ગ્રાન્ડ ડચેસ દ એન. જે ઓરડાઓમાં રહી હતી તે જ ઓરડા તેમને અપાશે. જ્યારે તેમને ઊંચકીને લઈ જવાતાં હતાં, ત્યારે દાદીમાના મનસ્વી તથા પ્રભાવશાળી વ્યક્તિત્વે આટલી ઉત્તેજના સર્જી હતી. અમને મળતી એકેએક નવી વ્યક્તિને તે જિજ્ઞાસુ નજરે માપતાં અને તે સહુ વિશે ઊંચા સાદે મને પ્રશ્નો પૂછતાં. દાદીમાનો બાંધો પડછંદ હતો અને તે ખુરશી પરથી ક્યારેય ઊઠતાં નહોતાં. છતાંય તેમને દેખીને જ કોઈ કહી શકે કે તે ઊંચાં હતાં. તેમણે પોતાની કરોડ સળિયાની જેમ સીધી રાખી હતી અને ખુરશીની પીઠ પર ઝૂક્યાં નહોતાં. તેમનું મોટું ભૂખરું માથું, તેના વિશાળ, સ્પષ્ટ દેખાવ સાથે અક્કડ રહ્યું હતું. તેમની દૃષ્ટિ અહંકારી, અરે, પડકારતી હતી. અને તે સ્પષ્ટ હતું કે તેમનો દેખાવ તથા તેમના હાવભાવ સાવ સ્વાભાવિક હતા. પંચોતેર વર્ષ થયાં હોવા છતાંય તેમની અંગકાંતિ હજી તાજીમાજી હતી અને તેમના દાંત પણ સારા એવા હતા. તેમણે કાળો, રેશમી પોશાક તથા શ્વેત હેટ પહેર્યાં હતાં.

'આ બાઈ મને ખૂબ રસિક લાગે છે.' મારી પડખે જ સીડી ચઢતાં ચઢતાં આસ્ત્લેએ કાનમાં કહ્યું.

'તેમને બધાં જ તારોની ખબર છે,' મેં વિચાર્યું. 'તે દ ગ્રિયક્ષને પણ ઓળખે છે પણ મેડમઝે'લ બ્લાન્ચ વિશે હજી સુધી તેમને કશી ખબર હોય તેમ લાગતું નથી.' મેં આસ્ત્લેને સત્વરે આટલું કહ્યું.

હું તે કેવો પાપી ! જેવું મારું પ્રથમ આશ્ચર્ય ઓસરી ગયું કે તરત જ અમે જનરલને જે આઘાત આપવાના હતા તેનો અત્યંત આનંદ હું માણવા લાગ્યો. તેનાથી પ્રોત્સાહિત થઈને હું આનંદથી તેમને દોરતો હતો.

અમારી મંડળી બીજે મજલે રહેતી હતી. મેં ન કશી ચેતવણી આપી, ન તો બારણું ખટખટાવ્યું. માત્ર તે ખોલી નાંખ્યું અને દાદીમાને વિજયપૂર્વક અંદર લઈ જવાયાં. જનરલના બેઠકખંડમાં તે બધા કોઈ કામસર ભેગાં મળ્યાં હતાં. ત્યારે બાર વાગ્યા હતા. અને હું માનું છું કે તે કશાક પર્યટનનું આયોજન

કરતાં હતાં. તે બધાં જ જવાનાં હતાં, કેટલાંક બગીમાં, કેટલાંક ઘોડેસવારી કરીને. તેમનાં કેટલાંક પરિચિતોને પણ સાથે આવવાનું નિમંત્રણ અપાયું હતું. તદુપરાંત જનરલ, પોલિના અને તેમની આયાઓ સાથે સંતાનો પણ જવાનાં હતાં. બેઠકખંડમાં દ ગ્રિયક્ષ, તેમની ઘોડેસવારીની મુદ્રામાં મેડમઝે'લ બ્લાન્ચ, તેની માતા, વિધવા મેડમ કમિન્જસ, પ્રિય રાજકુમાર તથા અન્ય પ્રવાસીઓ તથા જેમને હું હમણાં પહેલી જ વાર નિહાળતો હતો તેવો કોઈ વિદ્વાન જર્મન હતો. ખુરશી તથા દાદીમાને, જનરલથી ત્રણ ડગલાંથીય ઓછા અંતરે, ઓરડાની વચ્ચે મૂકવામાં આવ્યાં. ઓ ભગવાન ! અને અમારાં જતાં જ જે અસર ઉદ્દ્ભવી તે હું ક્યારેય નહિ ભૂલી શકું. અમારાં પ્રવેશ પહેલાં જનરલ લોકોને કૈંક કહેતો હતો અને દ ગ્રિયક્ષ તેને સીધો કરતો હતો. મારે અહીં તે નોંધવું જોઈએ કે બે કે ત્રણ દિવસથી મેડમઝે'લ બ્લાન્ચ અને દ ગ્રિયક્ષ પેલા પ્રિય રાજકુમારની કશાક કારણસર ખુશામત કરતાં હતાં, જનરલથી અજાણપણે કૈંક સ્વાર્થ સાધતાં હતાં. અને મંડળીનું વાતાવરણ ભલે કૃત્રિમ હોય તોય વધુમાં વધુ આનંદી, વધુમાં વધુ સુખી – કૌટુંબિક ઘરોબાનું હતું. દાદીમાને જોતાં જ જનરલ સ્તબ્ધ બની ગયો ! તેણે બગાસું ખાધું અને બોલતાં બોલતાં અધવચ્ચે જ અટકી ગયો. જાણે કે કાંચિડાની ચમકથી અંજાઈ ગયો હોય તેમ તે તેમને ફાટેલી આંખે નિહાળી રહ્યો. દાદીમાએ લગીરે હાલ્યા વિના કે કશુંય કહ્યા વિના તેની સામે જોયું. પણ તેમની દૃષ્ટિ કેવી વિજયી, પડકારરૂપ તથા વ્યંગ્યાત્મક હતી ! બરોબર દસ સેકંડ સુધી તે બંને એકમેકને તાકી રહ્યાં. તે દરમ્યાન બાકીનાં બધાં ગંભીરપણે શાંત હતાં. દ ગ્રિયક્ષ સહુ પ્રથમ તો મૂઢ બની ગયો. પણ તરત જ તેના ચહેરા પર અત્યંત અસ્વસ્થતાનો પડછાયો ટમટમવા લાગ્યો. મેડમઝે'લ બ્લાન્ચે પોતાની ભમરો ઊંચી કરી, પોતાનું મોં ખોલ્યું અને પહોળી આંખે દાદીમાને તાકી રહી. રાજકુમાર તથા જર્મન વિદ્વાન સમગ્ર દૃશ્ય મુંઝાઈને જોઈ રહ્યા. પોલિનાની દૃષ્ટિએ આશ્ચર્ય તથા મૂંઝવણ વ્યક્ત કર્યાં. પણ સત્વરે તે ચાદર જેવી શ્વેત બની ગઈ. એક મિનિટ પછી સત્વરે તેના ચહેરા પર ત્વરિત ગતિએ લોહી ધસી આવ્યું અને તેના બંને ગાલ રાતાચોળ

બની ગયા. હા, સૌને માટે આ ઊથલપાથલ મચાવતી ઘટના હતી. મેં કંઈ જ ન કર્યું, પણ દાદીમા તથા તેમની આસપાસના લોકો પર હું દૃષ્ટિ ફેરવતો રહ્યો. અને હંમેશની જેમ આસ્ત્લે એક બાજુ શાંત, ગંભીર ઊભો હતો.

'ઠીક હવે હું અહીં છું ! તારને બદલે !' છેવટે, શાંતિને ભેદીને દાદીમાએ ઉચ્ચ સ્વરે કહ્યું, 'તમે મારી પાસેથી શી આશા રાખો છો ?'

'એન્તોનિડા વાસિલ્યેવ્ના... ફોઈ... પણ કેવી રીતે... ?' દુઃખી જનરલ ગણગણ્યો. જો દાદીમાએ થોડી ક્ષણો માત્ર મૌન ધાર્યું હોત તો તેને મૂર્છા આવી હોત !

'કેવી રીતે ? એટલે તું શું કહેવા માગે છે ? ટ્રેનમાં બેસીને હું આવી. આ રેલવે છે શેને માટે ? તમે બધાં શું એમ માનો છો કે હું અહીંથી ભાગી જઈશ અને તમને વારસો આપતી જઈશ ? ખબર છે, તમે અહીંથી જે તારો કરતા હતા તે બધું હું જાણું છું. તેનો તમને સારો એવો ખર્ચો થયો હશે તેવું મારું માનવું છે. અહીંથી તાર કરવા સસ્તા નથી. એટલે મારી બધી જ વસ્તુઓ એમ ને એમ મૂકી અહીં હું આવી પહોંચી. આ પેલો ફ્રેન્ચ છે ને ? હું માનું છું કે મસ્યર દ ગ્રિયક્ષ ?'

'હા, મેડમ,' દ ગ્રિયક્ષે કહ્યું. 'અને તમને દેખીને હુંય ખૂબ પ્રસન્ન થયો છું. તમારી તબિયત... ખરેખર જાદુ જ થયો લાગે છે... તમને અહીં જોવાં... એક આનંદજનક આશ્ચર્ય !'

'હા, નક્કી નવાઈ જ ! તું આકર્ષક છે તે વાત નક્કી. હું તને ઓળખું છું, ધુતારા ! અને હું તારા પર એટલો બધો વિશ્વાસ નથી મૂકતી.' અને તેમણે તેમની કનિષ્ઠિકા તેની સામે ધરી. 'આ કોણ છે ?' મેડમઝે'લ બ્લાન્ચ તરફ ફરી, તેનો નિર્દેશ કરી તેમણે પૂછ્યું. ઘોડેસવારીની મુદ્રામાં, હાથમાં ચાબુક લઈને બેઠેલી આ આકર્ષક ફ્રેન્ચ સ્ત્રીને નીરખીને તેમને દેખીતું જ આશ્ચર્ય થયું.

'આ છે મેડમઝે'લ બ્લાન્ચ દ કમિન્જસ અને આ છે તેનાં મા મેડમ દ કમિન્જસ. તે બંને આ હોટેલમાં રહે છે.' મેં તેમને માહિતી આપી.

'તેમની દીકરી પરણેલી છે ?' દાદીમાએ કશીય ઔપચારિકતા વિના પૂછ્યું.

'મેડમઝે'લ દ કમિન્જસ કુંવારી છે.' શક્ય તેટલા ધીમા અવાજે વિનમ્રતાથી મેં ઉત્તર આપ્યો.

'કહેવું પડે ?'

મને આ પ્રશ્ન અંગે ગતાગમ ન પડી.

'તે કંટાળો આપે તેવી નથી, ખરું ને ? તે રશિયન ભાષા સમજે છે ? આ દ ગ્રિયક્ષ જ્યારે રશિયામાં હતો ત્યારે તે થોડીઘણી રશિયન ભાષા શીખ્યો હતો.'

મેં સ્પષ્ટ કર્યું કે મેડમઝે'લ દ કમિન્જસ ક્યારેય રશિયા ગઈ નહોતી.

'ગુડ મોર્નિંગ !' દાદીમાએ અચાનક જ મેડમઝે'લ બ્લાન્ચને સંબોધતાં કહ્યું.

'ગુડ મોર્નિંગ મેડમ !' મેડમઝે'લ બ્લાન્ચે અનન્ય વિનય તથા વિનમ્રતાના આવરણ નીચે, શક્ય તેટલી શ્રેષ્ઠતાપૂર્વક ઔપચારિક તથા દાક્ષિણ્યભર્યો, શિષ્ટાચાર દર્શાવ્યો – આવા પ્રશ્ન અને આવાં વર્તન પ્રત્યે તેના અત્યંત આશ્ચર્યને પોતાના ચહેરા તથા સ્વરૂપના સમગ્ર પાસા દ્વારા વ્યક્ત કરવા.

'અરે, તે તેની આંખો નીચી ઢાળી દે છે, તે મૂર્ખામીભર્યું હસે છે. તે તેની જાતને મહત્ત્વ આપે છે. તે કોણ છે તે હવે મને સમજાય છે. તે કોઈ અભિનેત્રી હોવી જોઈએ. હું અહીં આ હોટેલમાં નીચે જ રહું છું.' તે બોલતાં જ રહ્યાં. એકાએક જનરલ તરફ ફરી કહ્યું, 'હું તારી પડોશમાં જ છું. તું ખુશ છે કે નાખુશ ?'

'અરે ! ફોઈ ! મારા પર વિશ્વાસ રાખો... મારી ઊંડી લાગણીઓ... મારો આનંદ...' જનરલ ઝડપથી બોલી ગયો. તે થોડે ઘણે અંશે સ્વસ્થ બન્યો હતો અને પ્રસંગોપાત્ત તે યોગ્ય તથા ગૌરવમંડિત ભાષણ કરી શકે છે તેવો દેખાડો કરે તેમ તેણે અહીં પણ બોલવા માંડ્યું, 'તમારી અસ્વસ્થતાના સમાચારથી અમે એવાં તો ડરી ગયાં હતાં, એવો તો આઘાત

પામ્યાં હતાં... અમારા પર એવા તો નિરાશાજનક તારો આવતા હતા અને અત્યારે એકાએક...'

'જુઠ્ઠું ! જુઠ્ઠું !' સત્વરે જ દાદીમાએ તેને અટકાવ્યો.

'પણ કેવી રીતે, જનરલે ઉતાવળે તેમને અધવચથી અટકાવીને, પોતાનો અવાજ ઊંચો કરી 'જુઠ્ઠું !' શબ્દને અવગણતાં કહ્યું, 'પણ કેવી રીતે તમને આવો પ્રવાસ ખેડવાનો વિચાર આવ્યો ? તમારે તે તો કબૂલવું જ પડશે કે તમારી આ ઉંમરે, આ તબિયતે... ગમે તેમ પણ આ બધું એટલું અણધાર્યું છે કે અમને અમારું આશ્ચર્ય જ સમજાતું નથી, પણ મને ખૂબ આનંદ થયો... અને અમે બધાં જ (તેણે મધુર અને ઉત્સાહી સ્મિત વેરવા પ્રયત્ન કર્યો.) તે જોવા પ્રયત્ન કરીશું કે તમે જ્યાં સુધી અહીં રહો, ત્યાં સુધી તમારો સમય આનંદમાં વીતે...'

'બસ હવે, નર્યો બકવાસ ! હંમેશની જેમ તું મૂર્ખ વાતો જ કરે છે. મારો સમય કેમ પસાર કરવો તે મને આવડે છે. છતાં પણ હું તારી સાથે રહેવા તૈયાર છું. હું દ્વેષ રાખતી નથી. તું મને પૂછતો'તો કે હું અહીં કેવી રીતે આવી ? પણ તેનું આટલું બધું આશ્ચર્ય શું છે ? આ તો વિશ્વમાં સરળમાં સરળ વાત છે. તમારે સહુએ તેમાં આશ્ચર્ય પામવા જેવું શું છે ? ગુડ મોર્નિંગ, પ્રાસ્કોવ્યા ! તું અહીં શું કરે છે ?

'ગુડ મોર્નિંગ, દાદીમા.' પોલિનાએ તેમની પાસે જઈ પૂછ્યું. 'તમારો પ્રવાસ કેવો રહ્યો ?'

'ખેર ! હવે અતિ મહત્ત્વનો સવાલ પૂછ્યો. નહિ તો બધી ગોળ ગોળ વાતો જ થાત ! ઠીક. પથારીમાં પડી પડી, દાક્તરોની દવા લઈ લઈને હું થાકી ગઈ હતી. એટલે મેં દાકતરોને વિદાય આપી અને સેન્ટ નિકોલસથી સેકસટનને[૧] બોલાવ્યો. તેણે જડીબુટ્ટીથી એક ખેડૂતસ્ત્રીને આવો જ રોગ મટાડ્યો હતો. તેણે મને પણ સાજી કરી અને ત્રીજે દિવસે મને પરસેવો પરસેવો વળ્યો અને હું ઊભી થઈ. પછી મારા સહુ જર્મન ડૉક્ટરો પાછા

---

૧. ખ્રિસ્તી દેવળના મકાન અને તેના કબ્રસ્તાનની તેમજ ઘંટ વગાડવાની વ્યવસ્થા કરનાર

આવ્યા અને ચશ્માં ચઢાવી મારી સારવાર કરતાં બોલ્યા : 'જો તમે સ્પા[1] જાઓ,' તેમણે કહ્યું, 'અને તેનું પાણી પીઓ તો તમારી કબજિયાત સંપૂર્ણ દૂર થઈ જશે.' અને મેં વિચાર્યું કે તેમ કેમ ન કરવું ? ઝાકિગિન્સના તે મૂર્ખાઓએ ગરબડ ઊભી કરી. તેમણે કહ્યું, 'તમે ત્યાં નહિ જઈ શકો.' ખેર, તમે તેવું નહિ કહો ! એક દિવસમાં હું તૈયાર થઈ અને ગયે અઠવાડિયે શુક્રવારે મેં એક છોકરી અને પોટાપિચ તથા નોકર ફ્યોદોરને સાથે લીધાં. પણ બર્લિનથી મેં ફ્યોદોરને પાછો મોકલ્યો કારણ કે મને થયું કે મારે તેની જરૂર નથી અને હું અહીં જાતે જ આવી શકીશ... મેં ખાસ બગી કરી અને સ્ટેશન પર મજૂરો તો હોય છે. વીસ કોપેક[2] લઈને તમને જ્યાં જવું હોય ત્યાં લઈ જાય છે. અરે ! અરે ! તમારો ઓરડો તો જુઓ !' ચારેકોર નિહાળતાં તેમણે વાત પૂરી કરી. 'મારા વહાલા, આટલા બધા પૈસા તને ક્યાંથી મળ્યા ? આમ તો, તને જે કૈં મળ્યું હતું તે તો તેં ગીરવે મૂક્યું છે. શું તું એકલા આ ફ્રેન્ચનો જ દેવાદાર છું ! હું બધી જ વાત જાણું છું.'

'મને... મને નવાઈ લાગે છે, ફોઈ...' જનરલે સાવ અસ્વસ્થતાથી કહેવા માંડ્યું. 'હું એમ માનતો જ નથી કે કોઈને પણ મને તેવું પૂછવાનો હક્ક હોય કે હું... અને વળી મારો ખર્ચો મારી આવકથી વધારે નથી. અને અહીં અમે...'

'તારી આવકથી વધારે નથી એમ તું કહે છે ? તેનું કારણ એ કે તારી પાસે રહેલા તારા સંતાનોના ટ્રસ્ટનો છેલ્લામાં છેલ્લો કોપેક વાપરી તારાં સંતાનોને પણ તે લૂંટી લીધાં છે !'

'આ પછી પણ, આવી વાત કર્યા પછી પણ...' જનરલે ઘૃણાપૂર્વક કહ્યું, 'હું ખરેખર જાણતો નથી કે...'

---

૧. ઔષધિયુક્ત, પાણી વાળો ઝરો, તેવું સ્થાન. (બેલ્જિયમમાં 'સ્પા' નામે તેવું સ્થાન છે.)

૨. રશિયન રૂબલનો ૧૦૦મો ભાગ.

'સાચી વાત ! તું જાણતો જ નથી. હું માનું છું કે જુગાર રમવાનું તેં હજી પણ છોડ્યું નથી. ખરું ને ? અત્યાર સુધીમાં તેં બધું જ ગુમાવ્યું છે ?'

જનરલને એવો તો આઘાત લાગ્યો કે ગુસ્સાની લાગણીના આવેશથી તેનું ગળું રૂંધાઈ ગયું.

'જુગાર ! હું રમું ? મારા જેવો મોભાનો માણસ... હું ? તમે શું બોલો છો તે વિચારો, ફોઈ, તમે હજીય અસ્વસ્થ જ છો.'

'અરે, જુઠ્ઠું ! જુઠ્ઠું ! હું નથી માનતી કે તેનાથી તું દૂર રહે. તું હંમેશ જુઠ્ઠું બોલે છે. હું આજે જ જઈને જોવા માગું છું કે આ તે કઈ જાતનો જુગાર છે. પ્રાસ્કોવ્યા, તું મને કહી શકીશ કે અહીં શું જોવાલાયક છે અને તે ક્યાં છે ? અને એલેક્સિસ ઈવાનોવિચ પણ મને દેખાડશે. અને પોટાપિચ, આપણે જે જે જગ્યાએ જઈએ તે બધાનાં નામ તું લખી લેજે. લોકો અહીં શું જોવા જાય છે ?' તેમણે ફરી પોલિના સામે જોઈ અચાનક કહ્યું.

'અહીં પાસે કિલ્લાનાં કેટલાંક ખંડિયરો છે અને વળી છે સ્કલાન્જેનબર્ગ.'

'સ્કલાન્જેનબર્ગ શું છે ? જંગલ ?'

'ના. તે જંગલ નથી. તે પર્વત છે. ત્યાં ટોચ છે.'

'કેવી ટોચ ?'

'પર્વતની ઊંચામાં ઊંચી ટોચ. તેને વાડ બાંધેલી છે. ત્યાંથી દેખાતું દશ્ય ભવ્ય હોય છે.'

'તેનો અર્થ એ કે મારી ખુરશી પર્વત પર લઈ જવી. ત્યાં તે લઈ જવાશે?'

'અરે, આપણે મજૂરો મેળવી શકીશું.' મેં ઉત્તર આપ્યો. આ ક્ષણે, આયા ફેદોસ્યા દાદીમાને આદર આપવા આવી, જનરલનાં સંતાનોને પણ તે તેમની પાસે દોરી ગઈ.

'મને ચૂમી ભરવાની જરૂર નથી. છોકરાઓને ચૂમવાનું મને નથી ગમતું, બધાં છોકરાંનાં નાક ગળતાં હોય છે. ખેર ! ફેદોસ્યા, તને અહીં ગમે છે ?'

'આ જગ્યા ખરેખર મજાની છે, મેડમ એન્તોનિડા વાસિલ્યેવ્ના !' ફેદોસ્યાએ ઉત્તર આપ્યો, 'અને તમે કેમ છો ? અમે તો તમારી ચિંતા કરીને મરી ગયાં.'

'હું જાણું છું કે તું ભલી બાઈ છે. અહીં તમારી પાસે મુલાકાતીઓ તરીકે કોણ આવે છે, હેં ?' તેમણે ફરી પોલિનાને પૂછ્યું, 'પેલો લઘરવઘર દેખાતો, ચશ્માં પહેરેલો કોણ છે ?'

'રાજકુમાર નિલ્સ્કી, દાદીમા !' પોલિનાએ આછા સ્વરે કહ્યું.

'ઓહ ? રશિયન ! મને એમ હતું કે તે નહિ સમજે ! પણ કદાચ તે બહેરો હશે ! શ્રી આસ્ત્લેને તો હું મળી છું. અરે, વળી પાછો તે અહીં ?' તેને જોતાં જ દાદીમાએ બૂમ પાડી. 'કેમ છે તું ?' તેમણે તેને કહ્યું.

આસ્ત્લેએ અનુત્તર રહી માથું નમાવ્યું.

'ઠીક, તારે મને શું કહેવું છે ? કૈંક કહે ! પોલિના તેને તું મારી વાત ભાષાંતર કરી સમજાવ.'

પોલિનાએ ભાષાંતર કર્યું.

'તમને મળીને ખૂબ આનંદ થયો અને તમને સ્વસ્થ દેખીને હું ખુશ છું.' આસ્ત્લેએ સત્વરે જ ગંભીરતાપૂર્વક કહ્યું. દાદીમાને આનું ભાષાંતર કરી સંભળાવ્યું અને આથી તે અતિ પ્રસન્ન થયાં.

'જ્યારે તમે તેમની સાથે વાત કરો છો, ત્યારે હંમેશ આ અંગ્રેજો કેવી સારી રીતે જવાબ આપે છે,' તેમણે ટિપ્પણી કરી, 'કોણ જાણે કેમ પણ આ અંગ્રેજો મને હંમેશાં ગમ્યા છે. પેલા દુષ્ટ ફ્રેંચો સાથે તો તેમની સરખામણી જ ન થઈ શકે ! તું ફરી મને મળવા આવજે જ.' તેમણે ફરી આસ્ત્લેને કહ્યું. હું તને ખૂબ કંટાળો નહિ આપું. આનું ભાષાંતર કરી તેને કહે અને કહે કે હું નીચે – નીચે – નીચે છું. તું સમજ્યો ? નીચે, તે વારંવાર આસ્ત્લેને કહેતાં રહ્યાં અને પોતાની લાકડી નીચે ઠોકીને નિર્દેશ કરતાં રહ્યાં.

આમંત્રણ પામતાં જ આસ્ત્લે પ્રસન્ન થયો.

દાદીમાએ પોલિનાને ધ્યાનપૂર્વક, સંતોષપૂર્વક નખશિખ નિહાળી.

'હું તારા પ્રેમમાં પડી જાઉં, પ્રાસ્કોવ્યા,' તેમણે અચાનક કહ્યું, 'તું સુંદર છોકરી છે અને આ બધામાં તું જ સારામાં સારી છે. અને વળી તું પોતે જ દઢનિશ્ચયી છે. હું પણ દઢનિશ્ચયી છું. આમ ફર, તેં શું બનાવટી વાળની સેર ગૂંથી છે ?'

'ના દાદીમા એ તો મારા વાળ છે.'

'બરોબર, મને આ અત્યારની મૂર્ખ ફૅશનો નથી ગમતી. તું ખૂબ સુંદર છે. જો હું યુવાન હોત તો હું તારા પ્રેમમાં પડત. તું પરણતી કેમ નથી ? ચાલો, હવે મારે જવું જોઈએ. મારે સ્વચ્છ હવા પણ જોઈએ છે. આખો વખત રેલવે જ દેખાય છે... ખેર ! શું છે ? હજી તું ગુસ્સામાં છે ?' તેમણે જનરલને પૂછ્યું.

'ભગવાનને ખાતર, ફોઈ તેવું ન કહો,' જનરલે પુનઃપ્રાપ્ત આનંદસહ કહ્યું, 'હું જાણું છું કે તમારી ઉંમરે –'

'આ ઘરડી સ્ત્રી જાણે કે પાછી બાળક બની ગઈ છે.' દ ગ્રિયક્ષે મારા કાનમાં કહ્યું.

'ઠીક. હું અહીં બધું જ જોવા માગું છું. તું મારી સાથે એલેક્સિસ ઈવાનોવિચને રહેવા દઈશ, ખરું ને ?' દાદીમાએ કહ્યું.

'હા, હા, તમને ઠીક લાગે ત્યારે, પણ હું... અને પોલિના તથા મસ્યર દ ગ્રિયક્ષે... અમને બધાંને તમારી સાથે આવતાં આનંદ થશે.'

'પણ મેડમ, ખરેખર ખૂબખૂબ આનંદ આવશે,' આંજી નાંખતાં સ્મિતસહ દ ગ્રિયક્ષે કહ્યું.

'આનંદ ! હું ભાગ્યે જ તેમ કહી શકું. તું તો મને વિચિત્ર યુવાન લાગે છે. ગમે તેમ પણ હું તને એક પૈસો પણ નથી આપવાની !' તેમણે અચાનક જનરલને કહ્યું.

'ખેર ! હવે હું મારા ઓરડામાં જાઉં છું. મારે અહીં બધું જોઈ લેવું જોઈએ. અને ત્યાર પછી આપણે આસપાસની જગ્યાઓ જોવા જઈશું. ચાલો, મને ઊંચકો.'

ફરી દાદીમાને ઊંચક્યાં અને અમે જાતે તે ખુરશી ઊંચકીને સીડી નીચે ઉતારી. માથે કોઈએ મુક્કો માર્યો ને મૂઢ બન્યો હોય તેમ જનરલ ચાલતો હતો. દ ગ્રિયક્ષ કશુંક વિચારતો હતો. સહુ પહેલાં તો મેડમઝે'લ બ્લાન્ચે રોકાઈ જવાનું વિચાર્યું હતું. પણ કોઈ કારણે તેણે વિચાર બદલ્યો અને બીજાઓ સાથે જવાનો તેણે નિર્ણય કર્યો. તેની પાછળ સત્વરે રાજકુમાર આવ્યો. પેલો જર્મન તથા વિધવા મેડમ કમિન્જસ, ઉપર જનરલના ઓરડાઓમાં રોકાયાં.

૧૦

સ્પા પ્રદેશોમાં – હું માનુ છું કે આખા યુરોપમાં – જ્યારે હોટેલમાલિકો અને વ્યવસ્થાપકો અતિથિઓને ઓરડા ફાળવતા હોય છે, ત્યારે અતિથિઓની માગણીઓ કે ઇચ્છાઓનો ઝાઝો ખ્યાલ રાખતા નથી પણ પોતાનું મનધાર્યું કરે છે અને તે જોઈ શકાશે કે તેમાં તેઓ ભાગ્યે જ થાપ ખાતા હોય છે. પણ ગમે તે કારણે દાદીમાને કલ્પના પણ ન આવે તેવો અતિભવ્ય સ્યૂટ અપાયો હતો. ચાર ભવ્ય, સુસજ્જ ઓરડાઓ, સ્નાનખંડ, નોકરના ઓરડાઓ, નોકરાણી માટેનો ખાસ ઓરડો અને બીજું ઘણું. ગ્રાન્ડડચેસને એક સપ્તાહ પહેલાં આ અપાયાં હતાં અને અલબત્ત, આ સ્યૂટને સવિશેષ મહત્ત્વ આપવા નવાગંતુકોને આની સત્વરે જાણ કરાઈ હતી. દાદીમાને ઊંચકીને અથવા કદાચ ધકેલીને બધા જ ઓરડાઓ જોવા લઈ જવાયાં હતાં અને તેમણે તે બધા અતિધ્યાનપૂર્વક નિહાળ્યા. માથે જેને ટાલ પડવા આવી હતી તે પ્રૌઢ વ્યવસ્થાપકે પણ તેમના આ સર્વેક્ષણમાં સાદર સાથ આપ્યો.

તે સહુએ દાદીમાને શું માની લીધાં તેની મને ખબર નથી, પણ તે સ્પષ્ટ હતું કે આ બધું તેમના અત્યંત મહત્ત્વપૂર્ણ અને અત્યંત જાજરમાન વ્યક્તિત્વને કારણે હતું. તેમણે સત્વરે રજિસ્ટરમાં નોંધ્યું. તારાસ્સિવિત્ચેવનાં રાજકુમારી. જો કે દાદીમા ક્યારેય રાજકુમારી નહોતાં, તેમના નોકરો, તેમનો રેલવેનો ખાસ ડબ્બો અને તેમની સાથે આવેલાં અસંખ્ય અનિવાર્ય પેટી પટારાં તથા બેગો જ કદાચ તેમની આ પ્રતિષ્ઠા માટે કારણભૂત હશે અને તેમની ખુરશી, તેમનો તીવ્ર સ્વર અને કર્કશ અવાજ, લગીરે ખચકાટ વિના

પુછાતા તેમના વિચિત્ર પ્રશ્નો અને કશોય વાંધો સ્વીકારવાની અસહિષ્ણુતા – ટૂંકમાં, દાદીમાએ ઊભા કરેલા સમગ્ર વ્યક્તિત્વે–અક્કડ, કઠોર, મનસ્વી વ્યક્તિત્વે તેમના પ્રત્યે ઊભા થયેલા આદરયુક્ત ભયને પરિપૂર્ણ કર્યો. પોતાના નિરીક્ષણ દરમ્યાન ક્યારેક ક્યારેક દાદીમા ખુરશી રોકવાનો એકાએક હુકમ આપતાં, કેટલાંક ફર્નિચરનો નિર્દેશ કરી વ્યવસ્થાપકને અનપેક્ષિત પ્રશ્નો પૂછતાં, તે વિનમ્રતાથી સ્મિત વેરતો પણ ભય પામવા માંડતો. દાદીમા ફ્રેન્ચ ભાષામાં પ્રશ્નો પૂછતાં. જો કે, તેમને તે ભાષા અધકચરી આવડતી હતી. એટલે હંમેશાં હું જ તેમનું ભાષાંતર કરી આપતો. મોટે ભાગે વ્યવસ્થાપકના ઉત્તરો તેમને ગમતા નહોતા, તેમનાથી તેમને સંતોષ થતો નહોતો. અને, ખરેખર તો પ્રશ્નો પોતે જ હંમેશાં અપ્રસ્તુત લાગતા. તેને શેની પાસે સંબંધ હશે તે તો ભગવાન જાણે ! ઉદાહરણ તરીકે, તે અચાનક એક ચિત્ર પાસે ઊભાં રહ્યાં. તે ચિત્ર કોઈ પૌરાણિક વિષય પરના સુપ્રસિદ્ધ ચિત્રની નબળી નકલ હતું.

'આ કોનું ચિત્ર છે ?'

વ્યવસ્થાપકે ઉત્તર આપ્યો કે કદાચ તે કોઈ કાઉન્ટેસનું છે.

'એ કેવું કે તમને તેની ખબર નથી ? તમે અહીં રહો છો અને છતાંય તમે જાણતા નથી ? તે અહીં કેમ છે ? તેની આંખો કેમ ત્રાંસી છે ?'

એકે પ્રશ્નનો સંતોષજનક ઉત્તર આપવા વ્યવસ્થાપક અસમર્થ હતો. તે મુંઝાઈ ગયો.

'મૂર્ખ !' દાદીમા રશિયન ભાષામાં બોલ્યાં.

તેમને ઊંચકીને લઈ જવાયાં. આ જ કથાનું પુનરાવર્તન ડ્રેસ્ડન નગરમાં બનેલા ચીની માટીના પૂતળા પાસે થયું. લાંબા સમય સુધી દાદીમા તેને ચકાસતાં રહ્યાં અને પછી એકાએક તેને હઠાવી લેવાની આજ્ઞા કરી. શા માટે તે હુંય નથી જાણતો. અંતે, તેમણે શયનખંડની શેતરંજીઓની કિંમત તથા તે ક્યાં બની હતી તે જાણવાનો આગ્રહ સેવ્યો. વ્યવસ્થાપકે તેની માહિતી મેળવવાનું વચન આપ્યું.

'ગધેડાઓ !' પથારી પ્રત્યે પોતાનું સર્વ ધ્યાન કેન્દ્રિત કરતાં દાદીમા ગણગણ્યાં.

'આ આકાશ અતિ ભવ્ય છે ! આ પથારી વાળો.'

તેમણે તે પ્રમાણે કર્યું.

'હજી વધારે. બધું ખસેડી નાંખો. તકિયાઓ, તેમની ખોળો, બધું લઈ લો અને આ પીંછાં ભરેલું ગાદલું ઊંચકી લો.'

તેમણે આખી પથારી ખસેડી નાંખી, દાદીમાએ ઝીણવટથી તે દીઠું.

'અહીં માંકડ નથી તે સારું છે. બધી ચાદરો ખસેડી લો, મારાં ચાદર તથા તકિયાઓ મૂકો. માત્ર આ બધું અતિ ભવ્ય છે. અને મારા જેવી ઘરડીને આવા સ્યૂટનો ખપ પણ શો ? એક જણ માટે તો આ કંટાળો આપે તેવો છે. એલેક્સિસ ઈવાનોવિચ, છોકરાઓને ભણાવવાનું પૂરું થાય એટલે બને તેટલી વધુ વાર તું મારી પાસે આવતો રહેજે.'

'ગઈ કાલથી જનરલે મને છૂટો કર્યો છે.' મેં ઉત્તર આપ્યો. 'હું આ હોટેલમાં મારે ખર્ચે રહું છું.'

'આ વળી શું ?'

'થોડા દિવસ પહેલાં બર્લિનથી કોઈ ખાસ ઉમરાવ તેની ઉમરાવ-પત્ની સાથે અહીં આવ્યો હતો. ગઈ કાલે જ્યારે હું બહાર ગયો, ત્યારે મેં તેની સાથે જર્મન ભાષામાં વાત કરી પણ મારા ઉચ્ચારો બર્લિનના લોકો કરે છે તેવા નહોતા.'

'પણ તેથી શું ?'

'તેને તેમાં ઉદ્ધતાઈ લાગી અને તેણે જનરલને ફરિયાદ કરી. અને તે જ દિવસે જનરલે મને રુખસદ આપી !'

'પણ તેં આ જર્મન ઉમરાવને ગાળ કેમ દીધી ? (અને તેં દીધી હોય તોય તેમાં કશું જ ખોટું નથી.)'

'ના ના, ઊલટું તે જર્મન ઉમરાવે મને લાકડીથી મારવાની ધમકી આપી હતી.'

'અને તેં તારા માસ્તર સાથે આવો વર્તાવ કરવા દીધો, એઈ વેવલા !' તેમણે જનરલને ઊંચે સાદે કહ્યું. 'અને બદલામાં તેને છૂટો કર્યો ? તું બાયલો છે. તમે બધા જ બાયલા છો.'

'ફિકર ન કરો ફોઈ,' જનરલે થોડાક ઘમંડ સાથે ઉત્તર આપ્યો, 'મારા વ્યવહારો જાળવતાં મને આવડે છે. વળી એલેક્સિસ ઈવાનોવિચ હિસાબમાં પણ ચોક્કસ નહોતો.'

'અને તે તેં સહન કર્યું ?' તેમણે મને પૂછ્યું.

'હું ઉમરાવ સાથે દ્વંદ્વયુદ્ધ કરવા માગતો હતો.' મેં શક્ય તેટલી વિનમ્રતાથી તથા શાંતિથી ઉત્તર આપ્યો, 'પણ જનરલે વાંધો ઉઠાવ્યો.'

'તેં કેમ વાંધો લીધો ?' દાદીમાએ ફરી જનરલને પૂછ્યું, 'અને ભાઈ, તું હવે જઈ શકે છે. તને બોલાવીએ ત્યારે આવજે' દાદીમાએ વ્યવસ્થાપકને કહ્યું. 'અહીં બગાસું ખાતાં ઊભા રહેવાની જરૂર નથી. હું ન્યુરેમ્બર્ગના લોકો જેવો તારો આવો ગંદો ચહેરો નથી જોઈ શકતી.' દાદીમાની ફરિયાદો સમજ્યા વિના જ તે વ્યવસ્થાપક માથું નમાવી ચાલ્યો ગયો.

'સમજો તો ખરાં ફોઈ, આપણે દ્વન્દ્વયુદ્ધ કરી શકીએ ? બોલો, કરી શકીએ ?' જનરલે કઠોરતાપૂર્વક ઉત્તર આપ્યો.

'કેમ નહિ ? માણસો બધા જ કૂકડાઓ છે એટલે તેમણે લડવું જ જોઈએ. તમે બધા મૂર્ખા છો તે હું જાણું છું. તમે તમારા પોતાના દેશનો પણ બચાવ નહિ કરી શકો. ઠીક, મને ઊંચકો. પોટાપિચ, બે મજૂરો હંમેશાં તૈયાર રહે તેવી વ્યવસ્થા કર. તેમને નોકરીમાં રાખ અને તેમની સાથે પૈસાનું નક્કી કરી લે. બેથી વધારેની જરૂર નથી. મને માત્ર આ સીડી ચઢાવવાની, ઉતરાવવાની છે. પણ ફર્શ પર તો, બારણામાંથી બહાર મને હડસેલી યે શકાય. આ બધું તેમને કહેજે અને પૈસા અગાઉથી આપજે. તે વધુ અદબ રાખનારા હશે અને તારે તો હંમેશાં મારી સાથે જ રહેવાનું છે. અને એલેક્સિસ ઈવાનોવિચ, તું મને શેરીમાં પેલો જર્મન ઉમરાવ બતાવજે. તે કેવો છે તે જોવા ખાતર પણ તારા જર્મન ઉમરાવને જોવાની મારી ઇચ્છા છે અને આ જુગારખાનું ક્યાં છે ?'

મેં તેમને સમજાવ્યું કે સ્ટેશન પર, જુગાર રમવાના વિશાળ ઓરડાઓમાં જુગાર રમવાનાં ટેબલો હતાં. એટલે તરત જ તેમણે પ્રશ્નો પૂછ્યા કે 'તે ટેબલો ઝાઝી સંખ્યામાં હતાં ? અને ત્યાં શું અનેક લોકો રમવા આવતા હતા ? આખો દિવસ જુગાર રમાતો હતો ? લોકો કેવી રીતે રમતા હતા ?' છેવટે, મેં ઉત્તર આપ્યો કે કોઈ તેનું વર્ણન કરે તેના કરતાં જાતે જોવું સારું.

'તો હવે મને સીધો ત્યાં જ લઈ જા. મને દોર, એલેક્સિસ ઈવાનોવિચ.'

'કેમ, ફોઈ ? તમારી લાંબી મુસાફરી પછી તમે આરામ પણ નહિ કરો ?' જનરલે ઉત્સુકતાથી પૂછ્યું. તે અસ્વસ્થ થવા માંડ્યો હતો. અને તે બધાં જ ખરેખર કૈંક અંશે મૂંઝાઈને એકમેકને જોતાં હતાં. કદાચ, દાદીમાને સીધાં જ સ્ટેશને લઈ જવામાં – જ્યાં તે કદાચ જાહેરમાં જ વિચિત્ર રીતે વર્તે – તેમને થોડુંક વિચિત્ર અને શરમજનક પણ લાગતું હતું અને છતાંય તેમની સાથે જવાની તે સહુની ફરજ હોય તેમ તેમને લાગ્યું.

'શા માટે આરામ કરવો જોઈએ ? હું થાકી નથી ગઈ. છેલ્લા પાંચ દિવસથી હું આમ ને આમ જ બેસી રહી છું. ત્યાર પછી આપણે અહીંના ફુવારાઓ અને ઔષધિવાળાં પાણી કેવાં છે અને ક્યાં છે તે જોઈશું. અને પછી, પ્રાસ્કોવ્યા તેં કહ્યું'તું ને કે પેલી ટોચ ખરું ને ?'

'હા, દાદીમા, તે ટોચ.'

'હા, તો તે ટોચ. અને બીજું અહીં શું છે ?'

'અહીં ઘણું બધું છે, દાદીમા !' પોલિના ખચકાતાં બોલી.

'કેમ, તને પોતાને ખબર નથી ? માર્થા ! તું પણ મારી સાથે ચાલ.' તેમણે તેમની નોકરાણીને કહ્યું.

'પણ ફોઈ, તેની શી જરૂર છે ?' જનરલે અસ્વસ્થ બની કહ્યું. 'અને વળી તમે તેને નહિ લઈ જઈ શકો. મને તો શંકા છે કે તે લોકો પોટાપિચને પણ સ્ટેશનના તે ઓરડાઓમાં દાખલ થવા દેશે કે કેમ.'

'છટ્ ! તે નોકરાણી છે એટલે મારે તેને અહીં મૂકીને જવું ? તે પણ માણસ છે, ખબર છે ? અમે એક અઠવાડિયાથી રેલવેમાં મુસાફરી કરીએ

છીએ તેને પણ જોવાનું મન થાય ને ? તે મારી સાથે નહિ તો કોની સાથે જાય ? તે એકલી તો શેરીમાં ય પોતાનું મોં બતાવવાની હિંમત નહિ કરે.'

'પણ દાદીમા...'

'મારી સાથે આવતાં તને શરમ આવે છે ? તો ઘરમાં રહે. કોઈએ તને આવવાનું નથી કહ્યું. તું તો ખરો જનરલ છે ! અને હું પોતે એક જનરલની વિધવા. અને તેય સાચું કે તમારે બધાંએ મારી સાથે ઢસડાવાની શી જરૂર ? હું એલેક્સિસ ઈવાનોવિચ સાથે બધું જોઈ શકીશ.'

પણ દ ગ્રિયક્ષે ભારપૂર્વક આગ્રહ રાખ્યો કે સહુએ તેમની સાથે જવું અને તેમને સોબત આપવામાં આવતા આનંદ વિશે તથા અન્ય ઘણી વાતો વિશે તેણે અતિ સુંદર વાક્યોમાં ભાષણ આપ્યું. અમે બધાં ઊપડ્યાં.

'આ ઘરડી સ્ત્રી ખરેખર બાળક જેવી બની ગઈ છે.' દ ગ્રિયક્ષે જનરલને ફરી કહ્યું 'તે નરી મૂર્ખતા જ આદરે છે.' મેં વધુ કૈં સાંભળ્યું નહિ, પણ તે સ્પષ્ટ હતું કે તેણે કોઈ યોજના ઘડી હતી અને કદાચ, તેની આશાઓ પણ પુનઃસંચારિત થઈ હતી.

સ્ટેશન લગભગ અડધો માઈલ દૂર હતું. અમારો માર્ગ બદામ વૃક્ષોની વીથિથી ચોક સુધી જતો હતો. ત્યાંથી વળીને સીધા જ સ્ટેશને જવાતું હતું. જનરલને પણ ફરી આત્મવિશ્વાસ જાગ્યો હતો, કારણ કે અમારું સરઘસ આમ તો વિચિત્ર હતું, છતાં પણ સ્વસ્થ અને સમ્માનીય હતું. અને વળી ઔષધિયુક્ત ઝરા પાસે કોઈ માંદી, અશક્ત અને ન ચાલી શકે તેવી વ્યક્તિ સાથે દેખાવામાં કશું આશ્ચર્યજનક નહોતું. પણ તે સ્પષ્ટ હતું કે સ્ટેશન આવતાં જ જનરલ ડર્યો – શા માટે એક માંદી, ન ચાલી શકતી વૃદ્ધાએ જુગારના ઓરડાઓમાં હોડ બકવા જવું જોઈએ ? ખુરશી આગળ વધતી હતી તેમ પોલિના તથા મેડમઝે'લ બ્લાન્ચ તેની એક એક બાજુએ ચાલતાં હતાં. મેડમઝે'લ બ્લાન્ચ સ્મિત વેરતી હતી. વિનમ્રતાપૂર્વક તે આનંદી દેખાતી હતી અને દાદીમા પાસે પણ વિનમ્રતાપૂર્વક જતી હતી એટલે અંતે દાદીમાને તેનાં વખાણ કરવા પડ્યાં. બીજી બાજુ પોલિનાને દાદીમાના સતત પુછાતા અસંખ્ય પ્રશ્નોના ઉત્તર આપવા પડતા, જેમ કે 'હમણાં અહીંથી પસાર થયું

તે કોણ હતું ? પેલી બગીમાં કોણ છે ? આ મોટું ગામ છે ? અહીં બગીચાઓ મોટા છે ? પેલાં કયાં ઝાડ છે ? પેલા કયા પર્વતો છે ? તું અહીં ગરુડો જુએ છે ? આ વિચિત્ર છાપરું શેનું છે ?' મારી પડખે ચાલતો આસ્લ્લે મને ગુસપુસ કહેતો હતો કે તે સવારે ઘણું બધું બનશે તેવી તેની અપેક્ષા હતી. પોટાપિચ અને માર્થા ખુરશીની બરોબર પાછળ આવ્યાં. પોટાપિચે તેનો ઘેરવાળો કોટ પહેર્યો હતો. તેણે તેની શ્વેત ટાઈ પણ પહેરી હતી. ચાલીસ વર્ષની, ગુલાબી ગાલોવાળી માર્થાના વાળ શ્વેત બનતા જતા હતા. તેણે ટોપી, ભાતભાતવાળો સુતરાઈ પોશાક તથા અવાજ કરતા ચામડાના બૂટ પહેર્યા હતાં. દાદીમા વારંવાર તેમના ભણી તેમની સાથે વાતો કરતાં. દ ગ્રિયક્ષ તથા જનરલ થોડાક પાછળ પડી ગયા હતા અને તે બંને ગરમાગરમ ચર્ચા કરતા હતા. જનરલ હતાશ બન્યો હતો, દ ગ્રિયક્ષ અતિવિશ્વાસના રણકા સાથે બોલતો હતો. કદાચ, તે જનરલને ઉત્સાહ આપવા પ્રયત્ન કરતો હતો. તે સ્પષ્ટ હતું કે તે તેને સલાહ આપતો હતો. પણ હજી હમણાં જ દાદીમા મર્મભેદક શબ્દો બોલ્યાં હતાં, 'હું તને એક પૈસી પણ આપવાની નથી.' કદાચ, આ વાક્ય દ ગ્રિયક્ષને નહોતું ગમ્યું. પણ જનરલ તેની ફોઈને ઓળખતો હતો. મેં દીઠું કે મેડમઝે'લ બ્લાન્ચ અને દ ગ્રિયક્ષ એકબીજા સામે આંખોથી કશો સંકેત કરતાં હતાં. વીથિને અંતે હું રાજકુમાર તથા જર્મનને નિહાળી શક્યો. તે બંને પાછળ પડી ગયા હતા અને ક્યાંક બીજે જ જતા હતા.

સ્ટેશને અમે વિજયસહ પ્રવેશ કર્યો. ઓરડાના મજૂર તથા નોકરોએ હોટેલના નોકરો જેવો જ આદર દર્શાવ્યો. જો કે, તે અમને કૈંક ઉત્સુકતાથી નિહાળી રહ્યા. સૌ પ્રથમ તો, દાદીમાએ પોતે જ, પોતાને ઊંચકાવીને બધા જ ઓરડાઓ નીરખ્યા. કેટલાક પ્રત્યે તેમનો ગમો દેખાડ્યો, કેટલાક પ્રત્યે સાવ અણગમો દેખાડયો. બધી વસ્તુ અંગે તેમણે પ્રશ્નો પૂછ્યા. અંતે, અમે જુગારના ઓરડાઓ પાસે આવ્યાં. બંધ બારણાંઓ પાસે ચોકી કરતો ઊભેલો નોકર એકાએક આશ્ચર્યચકિત બન્યો અને તેણે બારણાં ખોલી નાખ્યાં.

જુગારના ટેબલ પાસે દાદીમાની હાજરીએ લોકો પર ભારે પ્રભાવ પાડ્યો. જુગારનાં ટેબલોને નિકટથી ઘેરી વળેલા અને ઓરડાને બીજે છેડે

જ્યાં ત્રીસ-ચાલીસની રમત માટે ટેબલ હતું, ત્યાં દોઢસોથી બસો માણસો ટોળે વળી ઊભાં હતાં.

જેઓ ધસીને ટેબલ સુધી પોતાનો માર્ગ કરવા સમર્થ બન્યા હતા, તે હંમેશની જેમ ત્યાં દૃઢ ઊભા હતા અને જ્યાં સુધી તેમણે પૈસા ન ખોયા ત્યાં સુધી તેમણે તેમની જગ્યા ન છોડી, કારણ કે ત્યાં માત્ર પ્રેક્ષક તરીકે ઊભા રહી ખેલાડીની જગ્યા છીનવી લેવાની મનાઈ હતી. જો કે, ટેબલની આજુબાજુ ખુરશીઓ મૂકી હતી તો પણ ખાસ કરીને ખૂબ મોટું ટોળું હોય ત્યારે ભાગ્યે જ થોડા ખેલાડી બેસતા, કારણ કે આમ કરી, તે ટેબલની અતિ નિકટ ઊભા રહી ભીડ કરીને જગ્યા બચાવી શકતા અને પોતાની હોડ સરળતાથી બકી શકતા. પહેલી હરોળ પાછળ આવેલી ટોળાની બીજી તથા ત્રીજી હરોળો તેમના વારાની રાહ જોતી, પણ ક્યારેક કોઈ અધીરો હાથ મોટી રકમ મૂકવા પહેલી હરોળથી આગળ ધસી આવતો. ત્રીજી હરોળમાંથી પણ કેટલીક વ્યક્તિઓ આ રીતે પોતાની હોડ બકવાની પ્રયુક્તિ કરતી અને આટલા માટે જ, ટેબલને એક કે બીજે છેડે, પાંચ કે દશ મિનિટ ‘દૃશ્ય’ સર્જ્યા વિના પસાર થતી નહોતી. જો કે, સ્ટેશનના પોલીસો પ્રમાણમાં સારા હતા. જો કે, ટોળું ખાળવું અશક્ય હતું તો પણ લોકો ત્યાં એકઠા થાય તેનો તેમને આનંદ હતો કારણ કે તે લાભદાયક હતું. પણ ટેબલની આસપાસ બેઠેલી, પૈસાની લેતીદેતી આઠ વ્યક્તિઓ સજાગ રહેતી અને હોડ પર ચાંપતી નજર નાખતી. તે વ્યક્તિઓ પૈસા પણ ચૂકવતી અને જ્યારે વિવાદો જાગતા ત્યારે તેમનો નીવેડો પણ લાવતી. અત્યંત નાજુક કિસ્સાઓમાં તે પોલીસને બોલાવતી અને મામલો એક મિનિટમાં પતી જતો. સાદાં કપડાં પહેરેલા પોલીસો આખા ઓરડામાં વહેંચાઈને ઊભા હતા. પ્રેક્ષકો સાથે તે ભળી જતા, જેથી તે ભાગ્યે જ ઓળખી શકાય. નાના ચોરો તથા ખિસ્સાકાતરુઓ પર તે ચાંપતી નજર રાખતા, કારણ કે તેમના વ્યવસાય માટે અસામાન્ય સવલતો મળતી હોવાથી આવા અસંખ્ય લોકો ટેબલોની આસપાસ ફરતા. બીજે બધે સ્થળે તો ખિસ્સું કાતરીને કે તાળું તોડીને ચોરી કરવી પડતી અને તેમાં જો નિષ્ફળ જવાય તો અતિ મુશ્કેલીભર્યાં પરિણામો

ભોગવવાં પડતાં. અહીં તો ઊલટું વ્યક્તિએ ટેબલ પાસે જવાનું હતું, રમવાનું શરૂ કરવાનું હતું અને જાહેરમાં, ખુલ્લેઆમ કોઈની જીતના પૈસા ઊંચકીને પોતાના ખિસ્સામાં મૂકવાના હતા, અને જો દલીલ થતી તો ચોર ઘાંટા પાડી ભારપૂર્વક કહેતો કે હોડ તેની પોતાની હતી. જો કામ કુશળતાથી થાય અને સાક્ષીઓ ખચકાય તો ચોરને સહેલાઈથી પૈસા મળી જતા – જો તે મોટી રકમ ન હોય તો. મોટી રકમ હોય તો હોડની રકમ રાખનાર વ્યક્તિઓએ કે એકાદ ખેલાડીએ પહેલેથી જ નજર રાખી હોય. પણ રકમ નાની હોય તો, તેનો સાચો માલિક, ગરબડ ઊભી થવાની શરમે વિવાદ લંબાવવાનું ટાળતો અને ચાલ્યો જતો, પણ જો તેઓ ચોરને શોધી કાઢવામાં સફળ થતા તો તેને જાહેરમાં ખુલ્લો પડાતો અને તરત જ હાંકી કાઢવામાં આવતો.

દાદીમાએ આ બધું દૂરથી ઉત્કટ આતુરથી નિહાળ્યું. નાના ચોરોને હાંકી કાઢવામાં આવતા હતા. તે ખ્યાલે તે પ્રસન્ન થયાં. ત્રીસ-ચાલીસની રમતમાં રસ ન પડ્યો પણ રૂલેટની[1] રમત તેમને ગમી. અને સારી પેઠે ઘૂમતા દડાઓ નિહાળી બહેતર લાગી. અંતે, તેમણે અતિ નિકટથી આ રમત નીરખવાની ઇચ્છા વ્યક્ત કરી. તે કેમ બન્યું તેની મને જાણ નથી, પરંતુ નોકરોએ તથા અન્ય ઘૂસણિયા લોકોએ (મુખ્યત્વે પોલૅન્ડવાસીઓ કે જેમણે પોતાના પૈસા ખોયા હતા અને જેઓ ભાગ્યશાળી ખેલાડીઓ તથા અન્ય વિદેશીઓને પોતાની સેવાઓ આપતા હતા.) આ દીઠું અને સત્વરે દાદીમા માટે, ખૂબ ટોળું હોવા છતાં, હોડના પૈસા એકઠા કરનાર મુખ્ય વ્યક્તિના ટેબલ વચ્ચે જગ્યા કરી આપી. અનેક આગંતુકો જેઓ પોતે જુગાર રમતા નહોતા પણ એક બાજુથી રમત નિહાળતા હતા. (મોટે ભાગે અંગ્રેજો અને તેમનાં કુટુંબો) એકાએક દાદીમાને ખેલાડીઓની પાછળથી તાકવા સત્વરે ટેબલ પાસે ટોળે મળ્યા. લાંબી લાંબી દાંડીવાળા ચશ્માં પહેરેલા અસંખ્ય લોકો તે દિશામાં વળ્યા. હોડના પૈસાની લેતીદેતી કરનારાઓની આશાઓ જાગી કે આવો વિચિત્ર ખેલાડી સામાન્ય ખેલાડી કરતા તો કૈંક આશાસ્પદ – મહત્ત્વનો હશે. પંચોત્તેર વર્ષની સુકલકડી ડોશી રમવા ઇચ્છતી હતી,

---

૧. એક પ્રકારની જુગારની રમત

તે અલબત્ત, સામાન્ય ઘટના નહોતી. હું પણ ટેબલ પાસે ગયો અને દાદીમા પાસે બેઠો. પોટાપિચ અને માર્થા દૂર ટોળામાં રહી ગયાં હતાં, જનરલ, પોલિના, દ ગ્રિયક્ષ અને મેડમઝે'લ બ્લાન્ચ પણ દર્શકોની એક બાજુએ ઊભાં હતાં.

ખેલાડીઓનું નિરીક્ષણ કરીને દાદીમાએ રમવાનો પ્રારંભ કર્યો. તેમણે અડધાપડધા ગુસપુસ અવાજે મને વેધક, વિચિત્ર પ્રશ્નો પૂછ્યા – આ કોણ છે ? પેલી સ્ત્રી કોણ છે ? ટેબલને બીજે છેડે ઊભેલો એક અતિશય યુવાન માણસ તેમને ખૂબ ગમી ગયો. તે મોટી હોડ બકતો હતો. એકી સાથે હજારો મૂકતો હતો અને અમારી આજુબાજુ છાનીછપની એવી વાત થતી હતી કે તેણે ચાલીસ હજાર ફ્રાંકથી પણ વધુ ફ્રાંક જીત્યા હતા અને તે તેની સામે સોનું તથા નોટના ઢગલારૂપે પડ્યા હતા. તે ફિક્કો હતો. તેની આંખો મટકાં મારતી હતી અને તેના હાથ ધ્રૂજતા હતા. ગણ્યા વિના જ મુઠ્ઠીમાં ભરાય તેટલા પૈસાની તે હોડ બકતો હતો અને તે જીત્યે જ જતો હતો, જીત્યે જ જતો હતો ! વધુ ને વધુ પૈસા ભેગા કરતો હતો. નોકરો તેની આસપાસ દોડધામ કરતા હતા, તેની પાછળ ખુરશી ખસેડતા હતા. તેની પાછળની જગ્યા ખાલી કરાવતા હતા કે જેથી તેને વિશેષ ખુલ્લી જગ્યા મળે અને ટોળું તેને ન આંતરે. આ બધી સેવાના બદલામાં તેમને ભારે મેવા મળશે તેવી તે સહુની અપેક્ષા હતી. કેટલાક ખેલાડીઓ ક્યારેક, તેમની જીતમાંથી લગીરે ગણ્યા વિના, માત્ર ખિસ્સામાંથી મુઠ્ઠી ભરીને સિક્કાઓ આનંદપૂર્વક તેમને બક્ષિસ તરીકે આપતા. તે જુવાન પાસે એક પોલૅન્ડવાસીએ જગ્યા લીધી હતી અને તે ભારે પ્રવૃત્ત હોય તેવા ડોળ કરતો હતો. તે તેના કાનમાં સતત કૈંક ગુસપુસ કરતો, કદાચ ક્યાં હોડ બકવી તેની સૂચના આપતો હોય – સલાહ આપતો હોય અને કેમ રમવું તેનું માર્ગદર્શન આપતો હોય. અને અલબત્ત, પછી બક્ષિસ મળશે તેવી અપેક્ષા તો તે રાખતો જ હતો. પણ જુગારીએ ભાગ્યે જ તેની સામે દીઠું, તે ગમે તેમ હોડ બકતો હતો અને જીત્યે જતો હતો. તે સાચે જ ભાન ભૂલતો હતો.

દાદીમા થોડી ક્ષણો તેને નીરખી રહ્યાં.

'તેને કહે,' તેમણે એકાએક ઉત્તેજિત થઈ, મને કોણી મારી કહ્યું, 'તેને હવે બંધ કરવાનું કહે. તેને જેમ બને તેમ જલદી પૈસા લઈ ચાલ્યા જવાનું કહે, નહિતર તે ગુમાવશે. આ બધા પૈસા તે એક મિનિટમાં ગુમાવશે, તેમણે ઉત્કટતાથી, ઉશ્કેરાઈને એક શ્વાસે રાડ પાડી. 'પોટાપિચ ક્યાં છે ? તેની પાસે પોટાપિચને મોકલ. તેને કહે, તેને કહે.' તેમણે મને આગ્રહપૂર્વક કહ્યું. પણ પોટાપિચ ક્યાં હશે ? 'ચાલ્યો જા, ભાગ' તેમણે પોતે જ પેલા યુવાનને બૂમ મારી કહેવા માંડ્યું. હું તેમની સામે ઝૂક્યો અને કાનમાં દઢતાપૂર્વક કહ્યું, 'અહીં આ પ્રમાણે તેમણે બૂમો ન પાડવી જોઈએ. પોતાનો અવાજ સહેજ પણ ઊંચો કરવાની અહીં મનાઈ હતી, કારણ કે તેનાથી લોકોની ગણતરીમાં ખલેલ પડતી હતી અને આપણને એક ક્ષણમાં જ અહીંથી કાઢી મૂકશે.'

'કેવી કરુણા ! આ માણસે બધું ગુમાવ્યું ! પણ તે તેનો ખુદનો દોષ હતો... હું તેની સામે જોઈ શકતી નથી, મને દુઃખ થાય છે. જડ, મૂર્ખ !' અને દાદીમાએ બીજે નિહાળવા સત્વરે ડોક ફેરવી.

ટેબલની બીજી બાજુએ, ડાબી બાજુએ ખેલાડીઓ વચ્ચે એક યુવતી દેખાતી હતી. તેની પડખે એક માત્ર વામણો માણસ હતો. તે ઠિંગુજી કોણ હતો તેની મને જાણ નહોતી. કદાચ કોઈ સગો હશે અથવા તો તે તેને પોતાની સાથે પોતાનો પ્રભાવ પાડવા લાવી હશે. મેં આ યુવતીને પહેલાં પણ નીરખી હતી. રોજ બપોરે એક વાગ્યે તે આ ટેબલો પાસે દેખાતી અને બરોબર બે વાગ્યે ચાલી જતી. રોજ એક કલાક તે રમતી. તે સહુ તેને ઓળખતા અને તેના આવતાવેંત જ તેને માટે ખુરશી મૂકતા. તે તેના બટવામાંથી થોડુંક સોનું અને થોડા હજાર ફ્રાંકની નોટો કાઢતી, સ્વસ્થતાથી, ઠડકથી ગણતરી કરીને હોડ બકતી, કાગળની ચબરખી પર પેન્સિલથી આંકડાઓ નોંધતી અને નિશ્ચિત ક્ષણે જીતવાની તકો આપમેળે ક્યારે ઊભી થાય તેવી રીત શોધવાનો પ્રયત્ન કરતી. રોજ તે હજાર, બે હજાર કે વધુમાં વધુ ત્રણ હજાર ફ્રાન્ક જીતતી હતી, વધારે નહિ અને જ્યારે જીતી જતી કે સત્વરે ચાલી જતી. દાદીમા લાંબો સમય તેને નિહાળી રહ્યાં.

'સાચે જ, આ નહિ ગુમાવે ! ત્યાં જે છે ને તે યુવતી નહિ ગુમાવે. તે ક્યાંથી આવે છે ? તું જાણે છે ? તે કોણ છે ?'

'તે કોઈ ઉચ્ચ કુળની ફ્રેન્ચ સ્ત્રી હશે.' મેં હળવે સ્વરે કહ્યું.

'ઓહ ! તું તો પંખીની ઉડાન પરથી તેને ઓળખી બતાવી શકે છે. તેના પંજા તીક્ષ્ણ છે તે તેં જોયું ? હવે મને કહે કે દરેક વારો એટલે શું અને હોડ કેવી રીતે બકવી ?'

લાલ અને કાળી, એકી અને બેકી, માન્કવે અને પાસેનાં અસંખ્ય જોડાણોનાં જેટલા અર્થો હું દાદીમાને સમજાવી શક્યો તે મેં સમજાવ્યા. અને છેવટે આંકડાઓ પર હોડ બકવાનાં પરિણામો પણ. દાદીમાએ ધ્યાનપૂર્વક બધું સાંભળ્યું અને યાદ રાખ્યું. વળી, મને પ્રશ્નો પૂછ્યા અને થોડુંક ગોખી રાખ્યું. હોડની પ્રત્યેક રીતનું ઉદાહરણ સત્વરે બતાવવું શક્ય હતું. જેથી ઘણું બધું શીખવું અને યાદ રાખવું – બંને સત્વરે અને સરળ બને. દાદીમા અત્યંત પ્રસન્ન થયાં.

'અને આ શૂન્ય એટલે શું ? પેલી વાંકડિયા વાળવાળી, હોડના પૈસા એકઠા કરનારાઓમાંની મુખ્ય વ્યક્તિએ હમણાં 'શૂન્ય' એવી બૂમ પાડી હતી અને ટેબલ પર જ્યાં ત્યાં પડેલી તે બધી વસ્તુઓ તે શા માટે એકઠી કરે છે ? આટલો મોટો ઢગલો તે પોતે એકલો જ શા માટે લઈ લે છે ? આ શું ?'

'શૂન્ય એટલે કે જુગારનું ટેબલ સાચવનાર જીતે, દાદીમા, જો નાનો દડો શૂન્યમાં પડે તો બકાયેલી સઘળી હોડ તેને મળે છે. તે સાચું કે એક એવી પણ ચાલ હોય છે કે જે નથી જીતતી કે નથી હારતી, પણ ટેબલ સાચવનાર તેને કશું જ ચૂકવતો નથી.'

'જવા દે ? હું કશું સમજતી નથી.'

'હા, દાદીમા, જો તમે શૂન્ય પર હોડ બકો અને જો શૂન્ય આવે તો તમને પાંત્રીસ ગણા પૈસા મળે !'

'શું ? પાંત્રીસ ગણા ? તે વારંવાર આવે છે ? તો પછી આ મૂર્ખાઓ તેના પર કેમ હોડ બકતા નથી ?'

'દાદીમા, ને ન આવવાની તકો છત્રીસ ગણી છે.'

'છટ્ ! પોટાપિચ, પોટાપિચ, રહેવા દે, મારી પાસે થોડા પૈસા છે. આ રહ્યા.' તેમણે તેમના ખિસ્સામાંથી ખીચોખીચ ભરેલો બટવો કાઢ્યો ને તેમાંથી દસ ગલ્ડન બહાર કાઢ્યા. 'આ લે અને જલદી શૂન્ય પર હોડ બક.'

'દાદીમા ! હજી હમણાં તો શૂન્ય આવ્યો છે,' મેં કહ્યું. 'એટલે લાંબા સમય સુધી તે ફરી પાછો નહિ આવે. તમે ઘણીબધી હોડ ગુમાવશો, થોડી વાર રાહ જુઓ.'

'મૂર્ખ ! મેં કહ્યું ને કે મૂક.'

'સારું, પણ સાંજ સુધી તો કદાચ ફરી વાર ના પણ આવે. તમે હજાર જેટલા ફાંક કદાચ ગુમાવો. આવું બન્યું છે.'

'બસ, બકવાસ ! બકવાસ ! સાહસ નહિ તો લાભ નહિ. જો લોકો વરુઓથી ડરતા હોય તો તેમને જંગલમાંથી બહાર રાખવા જોઈએ. હેં ? આ હોડ ગુમાવી ? ફરી હોડ બક !'

બીજા દસ ગલ્ડન પણ ગુમાવ્યા. ત્રીજી વાર અમે હોડ બકી, દાદીમા ભાગ્યે જ સ્થિર બેસી શકતાં હતાં. તેમની ચમકતી આંખો ઘૂમતાં ચક્રનાં છિદ્રો પર કૂદતા નાના દડા પર જ સ્થિર થઈ હતી. ત્રીજી વાર પણ અમે પૈસા ગુમાવ્યા. દાદીમા પાસે આવ્યાં. તેમનાથી સ્થિર બેસી શકાયું જ નહિ અને જ્યારે પૈસાની લેતીદેતી કરનારે શૂન્યને બદલે છત્રીસ એવી જાહેરાત કરી ત્યારે તેમણે ટેબલ પર પણ મુક્કો માર્યો.

'સત્યાનાશ જાય !' દાદીમાનો રોષ ભભૂકી ઊઠ્યો, 'પેલો શૂન્ય જલદી પાછો નહિ આવે ? હું જીવું છું ત્યાં સુધી તે આવવાની રાહ જોતી હું અહીં બેસી રહીશ તે નક્કી. પેલો દુષ્ટ વાંકડિયા વાળવાળો પૈસાની લેતીદેતી કરનારો આમ કરે છે પણ તેને તેનો લાભ નહિ થાય ! એલેક્સિસ ઈવાનોવિચ, હવે બે સોનાના સિક્કાની હોડ બક – હમણાં જ ! જે રકમની હોડ. તું બકે છે તેનાથી તો શૂન્ય આવતાંય તું કશું નહિ જીતે.'

'દાદીમા !'

'હોડ બક. હોડ બક. આ તારા પૈસા નથી.'

મેં વીસ ગલ્ડનની હોડ બકી. લાંબા સમય સુધી ચક્ર પર દડો દોડતો રહ્યો અને પછી છિદ્રોને છૂટા પાડતા ભાગ પર કૂદતો રહ્યો. દાદીમા જડ બેસી રહ્યાં. જાણે કે પથ્થર ન બની ગયાં હોય ! તેમણે મારો હાથ સજ્જડ રીતે પકડી રાખ્યો હતો અને તરત જ ધીમો અવાજ થયો ! પૈસાની લેતીદેતી કરનારાએ જાહેર કર્યું – 'શૂન્ય'.

'જોયું ને, જોયું ને ?' દાદીમા સત્વરે મારી ભણી વળ્યાં. તેમનો ચહેરો પ્રસન્ન, તેજસ્વી હતો. 'મેં તને નહોતું કહ્યું ? તને મેં કહ્યું હતું જ ! અને આ બે સોનાના સિક્કાની હોડ બકવા ભગવાને જ મને પ્રેરણા આપી. હવે મને કેટલા પૈસા મળશે ? તે લોકો મને કેમ પૈસા નથી આપતા ? પોટાપિચ, માર્થા ! તે બે ક્યાં હશે ? બીજાં બધાં ક્યાં ગયાં ? પોટાપિચ, પોટાપિચ !'

'પછી આપશે, દાદીમા !' મેં હળવે સ્વરે કહ્યું, 'પોટાપિચ બારણા પાસે છે. તે લોકો તેને અહીં નહિ આવવા દે. જુઓ, દાદીમા ! તેઓ તમને તમારી જીતના પૈસા આપે છે. લઈ લો.'

મહોર મારેલા, વીંટાળેલા ભૂરા કાગળમાં પાંચસો ગલ્ડનનું ભારે બંડલ દાદીમા ભણી ફેંકાયું અને પછી સોનાના વીસ સિક્કા ગણીને આપ્યા. મેં તે બધું દાદીમા વતી એક ડોલમાં એકઠું કર્યું.

'ખેલ ! દોસ્ત, ખેલ ! ખેલ ! દોસ્ત, ખેલ ! બીજું કૈં જ કામનું નથી, ખેલ!' પૈસાની લેતીદેતી કરનારો બૂમ પાડતો હતો. તે ખેલાડીઓને તેમની હોડ બકવા આમંત્રતો હતો અને ચક્ર ફેરવવાની તૈયારી કરતો હતો.

'ઓ ભગવાન ! આપણે ખૂબ મોડાં પડી ગયાં ! હમણાં જ તે લોકો ચક્કર ચલાવશે ! ચાલ. રમ, રમ !' દાદીમાએ ઉશ્કેરાઈને રાડ પાડી. 'હવે વિચાર ના કર્યા કરીશ.' તે એકદમ મારી પાસે જ આવી પહોંચ્યાં હતાં અને પોતાની સઘળી શક્તિથી મારી ભણી ટીકી રહ્યાં હતાં.

'દાદીમા ! હું શેના પર હોડ બકું ?'

'શૂન્ય પર, શૂન્ય પર ! ફરી શૂન્ય પર હોડ બક ! તારાથી જેટલી વધારે હોડ બકાય તેટલી બક. આપણી પાસે કેટલા પૈસા છે ? સાતસો ગલ્ડન... તે બચાવવાની કૈં જરૂર નથી. એક સાથે બસો ગલ્ડનની હોડ બક.'

'તમે શું કરો છો તે તો વિચારો, દાદીમા ? ક્યારેક તો બસોમા ફેરે પણ તે શૂન્ય નથી આવતો ! હું તમને ચેતવું છું. તમે આ બધું મેળવેલું ય ગુમાવશો.'

'અરે, મૂરખ, મૂરખ ! હોડ બક ! તું બહુ બોલ્યા કરે છે ! હું શું કરું છું તે હું જાણું છું.' દાદીમા ખરેખર ઉત્તેજનાથી થરથરતાં હતાં.

'નિયમ એવું કહે છે કે શૂન્ય પર એકસો વીસ ગલ્ડનથી વધારે તમે ન રમી શકો. ખેર ! મેં તેટલી હોડ બકી છે.'

'તું શું કહે છે ? નથી મૂકવા દેતા ? તું જુઠ્ઠું બોલે છે, ખરું ને ? જલદી કર,' તેમની બરોબર ડાબી બાજુ બેઠેલા પૈસાની લેતીદેતી કરનારાને તેમણે ગોદા માર્યા.

'શૂન્ય પર કેટલા રમાય ? એકસો વીસ ગલ્ડન ?'

મેં સમજાય તેવી ફ્રેંચ ભાષામાં ઉતાવળે તે પ્રશ્નનું પુનરાવર્તન કર્યું.

'હા મેડમ !' પૈસાની લેતીદેતી કરનારાએ વિનમ્રતાથી સમર્થન આપ્યું. 'જેમ દરેક જણ નિયમ પ્રમાણે એકી સાથે ચાર હજાર ફ્લોરિનથી વધુ હોડ ન બકી શકે તેમ.' તેણે સ્પષ્ટતા કરી.

'ખેર ! હવે કૈં નહિ થઈ શકે. એકસો વીસ ગલ્ડન મૂક.'

'રમત હવે ખતમ થઈ.' પૈસાની લેતીદેતી કરનારાંએ બૂમ પાડી. ચક્ર ફર્યું અને તેરનો આંકડો આવ્યો. અમે હાર્યાં !

'ફરી, ફરી, ફરી ! ફરી હોડ બક.' દાદીમાએ બૂમ પાડી. મેં ઝાઝો વાંધો ન ઉઠાવ્યો, પણ મારા ખભા ઉછાળી બીજા એકસો વીસ ગલ્ડનની હોડ બકી. ચક્ર લાંબા સમય સુધી ફરતું રહ્યું. તેને જોઈ રહેલાં દાદીમા સાચેસાચ થરથરતાં હતાં. 'શૂન્ય પર ફરી તે જીતશે તેવું તે સાચેસાચ માનતાં હશે ?' તેમને સાશ્ચર્ય નીરખતો હું વિસ્મય પામતો હતો. તે ચોક્કસ જીતશે તેવી દૃઢ શ્રદ્ધા તેમના ચહેરા પર તરવરતી હતી. એક અચળ અપેક્ષા ત્યાં તરવરતી હતી કે કોઈ પણ ક્ષણે શૂન્યની બૂમ પડશે. દડો છિદ્રમાં પડ્યો.

'શૂન્ય !' પૈસાની લેતીદેતી કરનારે બૂમ પાડી.

'જોયું ને ?' વિજયના તેજ સાથે દાદીમા મારી ભણી વળ્યાં.

હું સ્વયં જુગારી હતો તેવું તે ક્ષણે મને સમજાયું. મારા હાથપગ ધ્રૂજતા હતા અને મારું માથું ભમતું હતું. અલબત્ત, દસ કે તેટલા ફેરામાં ત્રણ વાર શૂન્ય આવેલો મેં પોતે દીઠો હતો. અને તે વખતે એક ખેલાડીએ, બધી જ ચાલ ઉત્સાહપૂર્વક એક ચબરખી પર નોંધતાં, જોરથી ટીકા કરી હતી કે ગઈ કાલે જ આ શૂન્ય ચોવીસ કલાકમાં એક જ વાર આવ્યો હતો.

દાદીમા અતિશય મોટી રકમનાં વિજેતા બન્યાં હતાં. તે રકમ ગણાતી હતી, ત્યારે તેમના પ્રત્યે વિશિષ્ટ સદ્‌ભાવના તથા વર્તન દાખવામાં આવ્યાં હતાં. તેમને બરોબર બેંતાલીસ સો ગલ્ડન મળ્યા હતા. એટલે કે ચાર હજાર ફ્લોરિન અને બસો ગલ્ડન. તેમણે બસો ગલ્ડન સોનાના સિક્કામાં આપ્યાં તથા ચાર હજાર ફ્લોરિનની નોટો આપી.

આ વેળાએ દાદીમાએ પોટાપિચને બોલાવવાનો પ્રયત્ન ન કર્યો. તેમને બીજું વિચારવાનું હતું. બહારથી પણ તે કંપતાં કે ધ્રૂજતાં નહોતાં દેખાતાં. તેમનું ધ્યાન એક જ સ્થળે કેન્દ્રિત થયું હતું અને તેમણે સીધું ત્યાં જ નિશાન માર્યું.

'એલેક્સિસ ઈવાનોવિચ ! પેલાએ એમ કહ્યું ને કે એકી સાથે ચાર હજાર ફ્લોરિનની હોડ બકી શકાય. એવું જ કહ્યું ને તેણે ? હવે રમ, લે આ અને બધા જ ચાર હજાર ફ્લોરિન લાલ પર લગાવ,' દાદીમાએ નિર્ધાર કર્યો.

દલીલ કરવી વ્યર્થ હતી. ચક્ર ફર્યું.

'લાલ !' હોડ ભેગી કરનારે બૂમ પાડી.

ફરી ચાર હજાર ફ્લોરિનની જીત. અને કુલ આઠ હજાર ફ્લોરિનની.

'ચાર હજાર મને આપ અને ફરી ચાર હજાર લાલ પર લગાવ.' દાદીમાએ હુકમ કર્યો.

મેં ચાર હજારની હોડ બકી.

'લાલ !' હોડ ભેગી કરનારે ફરી બૂમ પાડી.

'એટલે બધું મળીને બાર હજાર થયા. હવે મને બધા આપી દે. સોનું મારા બટવામાં મૂકી દે અને નોટો સંતાડી દે. બસ, હવે થયું. હવે ઘેર ! મારી ખુરશી ખસેડ.'

૧૧

ઓરડાને બીજે છેડે આવેલા બારણા પાસે ખુરશી લઈ ગયો, દાદીમા ખુશહાલ હતાં. અમારી મંડળીનાં બીજાં બધાં એકદમ ટોળે મળી તેમને અભિનંદન આપવા લાગ્યાં. દાદીમાનું વર્તન ભલે ગમે તેટલું વિચિત્ર હોય પણ તેમના આ વિજયે ઘણું બધું ઢાંકી.લીધું અને પોતાના કૌટુંબિક સંબંધો દ્વારા આવી વિચિત્ર વૃદ્ધા સાથે જાહેરમાં તડજોડ કરી લેવી પડશે, એવો ભય હવે જનરલને લાગતો ન હતો. કૌટુંબિક સૌમ્યતાના સ્મિતસહ તેણે દાદીમાને અભિનંદન આપ્યાં – જાણે કે કોઈ નાની છોકરીને સંતોષતો હોય તેમ. જો કે, તે સ્પષ્ટપણે પ્રભાવિત થયો હતો અને અન્ય દર્શકો પણ પ્રભાવિત થયાં હતાં. ચારે બાજુ લોકો દાદીમા સામે આંગળી ચીંધી તેમની જ વાતો કરતાં હતાં. તેમને નિકટથી નીરખવા માટે ઘણા તો તેમની પાસેથી પસાર થયા. થોડેક દૂર, આસ્ત્લે તેના બે અંગ્રેજ મિત્રોને તેમની જ વાતો કરી રહ્યો હતો. થોડીક રાજવી કુટુંબની સ્ત્રીઓ અતિશય મૂંઝવણથી, જાણે કે કોઈ ચમત્કાર નીરખતી હોય તેમ તેમને નીરખી રહી હતી. દ ગ્રિયક્ષે સ્મિત વેર્યું અને અભિનંદન આપ્યાં.

'આ તે કેવી જીત !' તેણે કહ્યું.

'પણ મેડમ ! આ તો અગનખેલ હતો.' મેડમઝે'લ બ્લાન્ચે વહાલભર્યું સ્મિત વેરી કહ્યું.

'હા. હું બાર હજાર ફ્લોરિન જીતીને આવી છું ! બાર ? અને પેલા સોનાનું શું ? સોના સાથે કુલ રકમ તેર હજાર ફ્લોરિન જેટલી થાય. આપણા દેશમાં તેની કેટલી કિંમત થાય ? લગભગ છ હજાર જેટલી ખરું ને ?'

મેં તેમને જણાવ્યું કે તેની કિંમત સાત હજાર રુબલ્સથી પણ વધારે થાય અને અત્યારના વિનિમય દરે તો તે કદાચ આઠ હજાર રુબલ્સ જેટલી થાય.

'આઠ હજાર ! છીંક ખાવા જેટલીય નહિ ! અને ઓ મૂર્ખાઓ, તમે અહીં નકામા બેસી રહ્યા છો. પોટાપિચ, માર્થા, તમે જોયું ?'

'મેડમ ! તમે આ જાદુ કેવી રીતે કર્યો ? આઠ હજાર રુબલ્સ !' માર્થા હાથ અમળાવતી બોલી.

'તમે અહીં જ છો ! સોનાના પાંચ સિક્કા છે, તમારા બંને માટે.'

પોટાપિચ અને માર્થા તેમનો હાથ ચૂમવા ધસ્યાં.

'અને આ મજૂરોને દરેકને દસ ગલ્ડન આપ. તેમને તેટલું સોનું આપ, એલેક્સિસ ઈવાનોવિચ, અને આ નોકર કેમ નમી નમીને ખોંખારા ખાય છે ? અને પેલો પણ ? તે મને અભિનંદન આપે છે, ખરુંને ? તે બંનેને, દસ-દસ ગલ્ડન આપ.

'રાજકુમારી... હું ગરીબ દેશવટો ભોગવતો માણસ છું. મારું દુઃખ ચાલ્યા જ કરે છે. રશિયાની રાજકુમારીઓ તો ખૂબ ઉદાર હોય છે,' લઘરવઘર ઘેરવાળો કોટ તથા ચમકતા રંગની બંડી પહેરેલી, થોભિયાવાળી વ્યક્તિએ કહ્યું. તેની ટોપી ખૂબ ઊંચી હતી અને તે ખુશામતિયા સ્મિત સાથે ખુરશીની આસપાસ ઘૂમતો હતો.

'તેનેય દસ ગલ્ડન આપ. ના, તેને વીસ ગલ્ડન આપ. બસ, હવે બહુ થયું. નહિ તો આ લોકોનો તો પાર જ નહિ આવે. મને ઊંચકીને ઘરે લઈ જાવ ! પ્રાસ્કોવ્યા,' તે પોલિના એલેકસેન્ડ્રોવ્ના તરફ વળ્યાં, 'હું કાલે તારે માટે કપડાં ખરીદીશ અને પેલી મેડમઝે'લ... શું તેનું નામ ? મેડમઝે'લ બ્લાન્ચ, ખરું ને ? હું તેને માટે ય એક જોડ લાવીશ. પ્રાસ્કોવ્યા, તેને આ કહે, આપણી ભાષામાં.'

'મહેરબાની, મેડમ !' મેડમઝે'લ બ્લાન્ચે વિનયપૂર્વક દાક્ષિણ્ય દર્શાવ્યું, તેણે વ્યંગ્યપૂર્વક સ્મિત સાથે તેનું મોં ફેરવ્યું અને તે સ્મિત જનરલ તથા

દ ગ્રિયક્ષ તરફ વેર્યું. જનરલ કૈંક અંશે મુંઝાયો અને જ્યારે અમે વીથિએ પહોંચ્યાં ત્યારે પ્રસન્ન થયાં.

'ફેદોસ્યા, હું હમણાં જ ફેદોસ્યાનો વિચાર કરતી હતી કે તે કેટલી નવાઈ પામશે,' દાદીમાએ જનરલની આયાને સંભારી કહ્યું. 'મારે તેને પણ કપડાં માટે પૂરતા પૈસા આપવા પડશે. એલેક્સિસ ઈવાનોવિચ, એલેક્સિસ ઈવાનોવિચ, આ ભિખારીને કૈંક આપ.'

પસાર થતાં થતાં એક લઘરવઘર, ખૂંધો, અમારી સામે તાકી રહ્યો હતો.

'કદાચ, તે ભિખારી છે જ નહિ. કોક દુષ્ટ લાગે છે, દાદીમા !'

'તેને કૈંક આપ, હું કહું છું ને ! એક ગલ્ડન તેને આપ.'

હું તે માણસ પાસે ગયો અને તેને એક ગલ્ડન આપ્યો. તે ભારે આશ્ચર્યસહ મારી સામે નિહાળી રહ્યો. પણ એક હરફ બોલ્યા વિના તેણે તે લઈ લીધો. તેના મોંમાંથી શરાબની વાસ આવતી હતી.

'તેં તારું નસીબ હજી સુધી અજમાવ્યું છે, એલેક્સિસ ઈવાનોવિચ ?'

'ના, દાદીમા !'

'પણ તારી આંખો ચમકતી હતી. મેં દીઠું હતું.'

'હવે પછી હું પ્રયત્ન કરીશ, દાદીમા !'

'અને સીધા તારા પૈસા શૂન્ય પર મૂકજે. જોજે પછી. તારી પાસે કેટલા પૈસા છે ?'

'બધું મળી માત્ર બસો ગલ્ડન, દાદીમા !'

'એટલા પૂરતા નથી. હું તને બીજા પાંચસો આપીશ. આ બંડલ જે તમ્મે મને આપ્યું છે તે લે અને મારા વહાલા દીકરા,' અચાનક જનરલ તરફ ફરી તેમણે કહ્યું, 'હું તને કૈં આપું તેવી આશા જ ન રાખીશ, કારણ કે હું આપવાની નથી.'

તે અતિશય નિરાશ થયો પણ કંઈ બોલ્યો નહિ. દ ગ્રિયક્ષે તેનાં ભવાં ચઢાવ્યાં.

'ઓ ભગવાન ! આ તો ખરેખર ભયંકર ઘરડી બાઈ.' પોતાના દાંત દાબીને કહેતો હોય તેમ તેણે જનરલને કહ્યું.

'ભિખારી, ભિખારી, આ એક બીજો ભિખારી.' દાદીમાએ બૂમ પાડી, 'તેનેય એક ગલ્ડન આપ. એલેક્સિસ ઈવાનોવિચ !'

આ વખતે અમને એક શ્વેતકેશધારી, લાકડાના પગવાળો માણસ મળ્યો હતો. તેણે ભૂરા રંગની લાંબી કિનારવાળો, ઘેરભર્યો કોટ પહેર્યો હતો અને તેના હાથમાં લાકડી હતી. તે કોઈ પુરાણો સૈનિક હોય તેમ લાગતું હતું, પણ જ્યારે મેં તેની સામે ગલ્ડન ધર્યો ત્યારે એક ડગલું પાછળ હઠી, તે મને ભયભીત નજરે નિહાળી રહ્યો.

'આ શું છે દુષ્ટ ?' તેણે બૂમ મારી અને ત્યારપછી હજાર ગાળો દીધી.

'જવા દે, તે મૂર્ખ છે !' દાદીમાએ હાથ હલાવતાં બૂમ મારી. 'ચાલો ! મને ભૂખ લાગી છે. આપણે જલદી ખાણું લઈશું. પછી એકાદ ઝોકું ખાઈ હું ફરી વાર જઈશ.'

'તમે ફરી રમવા માગો છો, દાદીમા ?' મેં જોરથી પૂછ્યું.

'તું શું ધારે છે ? તું એમ માને છે કે મારે તમને સુસ્ત બેઠેલા જોયા કરવાનું.'

'પણ મેડમ !' અમારી પાસે આવેલા દ ગ્રિયક્ષે કહ્યું, 'ભાગ્ય તો એક જ વાર છપ્પર ફાડી વરસે છે, એક ખરાબ ક્ષણ અને તમે બધું જ ગુમાવી દો છો. અને તમે જે રીતે રમતાં હતાં – જે રીતે રમતાં હતાં તે તો ખરેખર ભયંકર હતું.'

'તમે બધું જ ગુમાવશો.' મેડમઝે'લ બ્લાન્ચ ગણગણી.

'તમને બધાંને તેની સાથે શી લેવાદેવા ? તે તમારા તો પૈસા નથી ને ? હું ગુમાવું છું તે પૈસા મારા છે. પણ પેલો આસ્ત્લે ક્યાં છે ?' તેમણે મને પૂછ્યું.

'તે સ્ટેશનમાં રહી પડ્યો, દાદીમા !'

'બિચારો ! તે કેટલો સજ્જન છે !'

જ્યારે અમે નિવાસસ્થાને પહોંચ્યાં, ત્યારે દાદર ચઢતાં ચઢતાં જ હોટેલના વ્યવસ્થાપકને નિહાળીને દાદીમાએ તેને બોલાવ્યો. અને પોતે જુગારમાં કેમ જીત્યાં તેની ડંફાસ હાંકી. પછી તેમણે ફેદોસ્યાને બોલાવી અને તેને ત્રીસ ગલ્ડન આપ્યા અને ખાણું તૈયાર કરવાનો તેને હુકમ આપ્યો. ખાણા સમયે, આખો વખત ફેદોસ્યા તથા માર્થા તેમની પ્રશંસા કરતાં લગીરે અટક્યાં નહિ.

'હું તમને જોતી હતી, મેડમ,' માર્થાએ બોલવા માંડ્યું, 'અને મેં પોટાપિચને કહ્યું કે આ આપણાં બાઈસાહેબ શું કરવા બેઠાં છે ? અને ત્યાં તો ટેબલ પર પૈસાના થોકડેથોકડા હતા. ઓ ભગવાન ! આટલા પૈસા તો મેં મારી જિંદગીમાં ક્યારેય નહોતા જોયા. અને આજુબાજુ બેઠેલાં આટલાં બૈરાંઓ અને મરદો ય ક્યારે નહોતાં જોયાં. બધે જ બૈરાંઓ અને મરદો. અને મેં પોટાપિચને કહ્યું, 'આ બૈરાંઓ અને મરદો ક્યાંથી આવે છે, પોટાપિચ ?' અને મેં કહ્યું કે મારી પ્રાર્થના છે કે મધર મેરી તેમને સહાય કરે. મેડમ, હું તમારે માટે પ્રાર્થના કરતી હતી અને હું એવી તો ડરી ગઈ હતી કે મારું હૃદય જ ધડકતું બંધ થઈ ગયું હતું અને હું ધ્રૂજતી હતી. મારું આખું શરીર ધ્રૂજતું હતું. મનમાં ને મનમાં હું એ જ વિચારતી હતી કે હે ઈશ્વર, તેમને સહાય કરો અને તમે જોયુંને ? ઈશ્વરે તમને કેવું નસીબ આપ્યું ? હજી, આ ક્ષણ સુધી હું ધ્રૂજું છું મેડમ, જુઓ, આખે શરીરે ધ્રૂજું છું.'

'ખાણા પછી, એલેક્સિસ ઈવાનોવિચ, લગભગ ચાર વાગ્યે તૈયાર રહેજે, આપણે જઈશું. અને અત્યારે તો સહુને વિદાય અને મારે માટે ડૉક્ટરને બોલાવવાનું ન ભૂલતાં. મારે પેલાં ઔષધજળ પણ પીવાનાં છે. નહિતર તમે તે વાત તો ભૂલી જ જશો.'

જ્યારે દાદીમા પાસેથી હું છૂટો પડ્યો ત્યારે હું સ્તબ્ધ બની ગયો હતો. હું એ વિચારવા પ્રયત્ન કરતો હતો કે હવે આ કુટુંબનું શું થશે અને કેવી કેવી ઘટનાઓ બનશે ? એટલું તો મને સ્પષ્ટ થઈ ગયું હતું કે આ બધામાંથી કોઈ (અને સવિશેષ તો જનરલ) પ્રથમ આઘાતમાંથી બહાર આવ્યું

નહોતું. તેમના મૃત્યુના સમાચાર જણાવતો તાર આવવાને (અને પરિણામે તેમના મળનારા વારસાને) બદલે દાદીમા આવ્યાં હતાં. તે હકીકતે તેમની યોજનાઓ અને ઇચ્છાઓને એવી તો વેરણછેરણ કરી હતી કે આ જુગાર અંગેના તેમનાં પરાક્રમો પ્રત્યેનું તે બધાંનું વલણ નક્કી જ એક સરખી મૂંઝવણ અને મૂર્ખતાભર્યું હતું, અને છતાંય આ બીજી હકીકત તો પ્રથમ કરતાંય વધુ મહત્ત્વની હતી, કારણ કે દાદીમાએ બે વાર ફરી ફરીને કહ્યું હતું કે તે જનરલને એક પૈસો પણ નહિ આપે. તો ય કોણ કહી શકે કે તેમણે હજી પણ આશા ખોવાની જરૂર નહોતી ? જનરલના સઘળા વ્યવહારો સાથે સંકળાયેલા દ ગ્રિયક્ષે તો આશા ખોઈ નહોતી. મને પૂરી ખાતરી હતી કે મેડમઝે'લ બ્લાન્ચ પણ ખૂબ સંકળાયેલી હતી (તેમાં કશું જ આશ્ચર્ય નહોતું ! તે જનરલની પત્ની હતી અને આટલો મોટો વારસો હતો) અને તે પણ આશા નહિ ખૂવે અને દાદીમા પર આકર્ષણ તથા નખરાંબાજીની બધી જ રીતો અપનાવશે – અભિમાની અને જડ પોલિનાથી સાવ વિરુદ્ધ. તેને તો કોઈનાં વહાલાં થતાં આવડતું જ નથી. પણ અત્યારે દાદીમાને આ જુગારની એવી તો ઘેલછા લાગી છે, અત્યારે તેમનું વ્યક્તિત્વ એવું તો સ્પષ્ટ, વિલક્ષણરૂપે ઊભરે છે (એક જડ, સત્તાપ્રેમી વૃદ્ધા) કે અત્યારે બીજું બધું જ ભુલાઈ ગયું છે, પોતાનો લોભ સંતોષવામાં તેમને હવે બાલિશ આનંદ આવે છે અને સામાન્ય રીતે બને છે તેમ તે પોતાની પાસેનું સઘળું જુગારમાં ગુમાવશે ! મેં ધાર્યું (એક દુષ્ટ સ્મિત સાથે. ભગવાન મને માફ કરે) કે અત્યારે જે દસ દસ ગલ્ડન દાદીમા હોડમાં મૂકતાં હતાં તે જનરલને પેટમાં પડેલા ચાંદાની જેમ કરડી ખાતા હતા અને દ ગ્રિયક્ષ તથા મેડમઝે'લ દ કમિન્જસને ગુસ્સે કરતા હતા. મેડમઝે'લને લાગતું હતું કે હોઠ પાસેનો પ્યાલો છીનવાઈ રહ્યો છે. બીજી એક વાત, તેમની જીતમાં, તેમના આનંદમાં પણ જ્યારે દાદીમા પસાર થતી પ્રત્યેક વ્યક્તિને ભિખારી માનીને ચારે બાજુ પૈસા વેરતાં હતાં ત્યારેય તેમણે જનરલને ઊંચા સ્વરે કહ્યું હતું. 'તને તો હું એક પૈસો પણ નહિ આપું.' આનો અર્થ એ કે તે તે વિચારને જડતાથી અને દૃઢતાથી વળગી રહ્યાં હતાં અને તેમના મનમાં તે વિચાર પણ તેમણે આ શબ્દો લખેલી પટ્ટીથી ચોંડી રાખ્યો હતો – ભય ! ભય !

દાદીમાના ઓરડાઓમાંથી સૌથી ઉપરને મજલે આવેલા મારા નાના ઓરડામાં જતાં, દાદર ચઢતાં આ બધા વિચારો મારા મનમાં આવી ગયા. જો કે, આ બધાએ મારો રસ પણ વધુ ઘનિષ્ઠ બનાવ્યો. અલબત્ત, મારા આગમન પહેલાં આ પાત્રોને બાંધતાં જાડામાં જાડા તંતુને ધારવા હું સમર્થ તો હતો જ. જો કે, તે નાટકના રહસ્યની બધી જ વિગતોની મને ચોક્કસ જાણ નહોતી. પોલિનાએ મારા પર સંપૂર્ણ વિશ્વાસ નહોતો મૂક્યો. એ વાત સાચી કે ક્યારેક ક્યારેક અભાનપણે તેને તેનું હૈયું ખોલવાની તક મળી હતી અને છતાંય મેં નીરખ્યું હતું કે ઘણી વાર, લગભગ હંમેશ, આવું ભાન થતાં જ તે પોતાની સઘળી વાતને મશ્કરી માની હસી કાઢતી અથવા તો સભાનપણે તેને જુઠ્ઠું જણાવી ગૂંચવણ ઊભી કરતી. ઓહ ! તે ઘણું ઘણું છુપાવતી હતી ! ગમે તેમ તોય મને લાગ્યું કે આ સમગ્ર તંગ તથા રહસ્યમય પરિસ્થિતિનો ઉકેલ હવે આવી રહ્યો છે. એક વધુ આઘાત અને બધું જ ખતમ થઈ જશે, સત્ય પ્રગટ થશે. જો કે, હું ય આ સમગ્ર વ્યવહારમાં સંકળાયેલાઓમાંનો એક હતો, પણ મારા ભાગ્યનો તો મેં ભાગ્યે જ વિચાર કર્યો. મારો સ્વભાવ વિચિત્ર હતો. મારા ખિસ્સામાં બસો ગલ્ડનથી વિશેષ પૈસા નહોતા, હું વતનથી ખૂબ દૂર વિદેશમાં હતો. નહોતું મારી પાસે કોઈ કામ કે નહોતું કોઈ ઉપાર્જનનું સાધન. હું આશાવિહીન, કોઈ નક્કર યોજનાવિહીન હતો. – અને મને તેની કશી ય ચિંતા નહોતી. જો, હું પોલિનાનો વિચાર ન કરતો હોત તો નિકટવર્તી ઉકેલની હાસ્યાસ્પદ પરિસ્થિતિનો મેં સંપૂર્ણ સ્વીકાર કર્યો હોત અને ખડખડાટ હસ્યો હોત. પણ પોલિના મને તંગ કરે છે. હું જોઉં છું તેમ તેનું ભાગ્ય હવામાં ઝૂલે છે. પણ સખેદ મારે કહેવું પડે છે કે તેનું શું થશે તેની ય હું ચિંતા નથી કરતો. મારે તેનાં રહસ્યોનો તાગ પામવો છે, હું ઇચ્છું છું કે તે મારી પાસે આવીને કહે, 'હું તને ચાહું છું.' અને તેમ ન કહે – જો તે અકલ્પ્ય પાગલપન હોય તો... તો મારે શું ઇચ્છવાનું ? હું શું ચાહું છું તે મારે કેમ જાણવું ? હું અસહાય અને આશાહીન છું. હું માત્ર એટલું જ જાણું છું કે મારે હંમેશ, સદાય, જીવનભર તેની પડખે, તેના પ્રભાવવલયમાં, તેની તે જ સ્થિતિમાં જ રહેવાનું છે. હું તેથી સવિશેષ કૈં જાણતો નથી. અને તેને છોડીને હું કેમ જઈ શકું ?

ત્રીજે મજલે, પરસાળમાં જાણે કે કોઈએ મને કોણી મારી અને મેં પીઠ ફેરવી. અને મેં જોયું કે બાર કે તેથી ય વિશેષ વાર દૂરથી પોલિના બારણામાંથી બહાર આવી રહી છે. લાગે છે કે તે મને નિહાળ્યા જ કરતી હતી, નિહાળ્યા જ કરતી હતી અને સત્વરે તેણે મને સંકેત કર્યો.

'પોલિના એલેકસેન્ડ્રોવ્ના.'

'સ્ સ્.' તેણે મને સાવધ કરતાં કહ્યું.

'કલ્પના તો કર,' મેં હળવા સ્વરે કહ્યું, 'હમણાં જ મને થયું કે મને કોઈએ કોણી મારી છે. મેં ચારે કોર દીઠું ! અને તું ? જાણે કે તેં કોઈ વીજળીશક્તિનો પ્રવાહ છૂટો મૂક્યો હોય !'

'આ પત્ર લે,' પોલિનાએ ડોળાં કાઢી ઉત્સુકતાપૂર્વક કહ્યું, કદાચ મારું કહ્યું ન સાંભળ્યું હોય તેમ 'અને તું જાતે શ્રી આસ્ત્લેને તે સત્વરે આપજે, જેટલી બને તેટલી ત્વરાથી. હું તને વિનવું છું. તેનો જવાબ નથી જોઈતો. તે...'

તેનું કથન તેણે અધૂરું રાખ્યું.

'આસ્ત્લેને ?' મેં સાશ્ચર્ય પૂછ્યું.

પણ પોલિના બારણામાંથી અદૃશ્ય થઈ ગઈ હતી.

'ઓહ ! એટલે તે બંને વચ્ચે પત્રવ્યવહાર પણ ચાલે છે ?' અલબત્ત, હું સત્વરે જ આસ્ત્લેની શોધમાં નીકળ્યો, પહેલાં હોટેલમાં ગયો પણ તે ત્યાં ન મળ્યો. પછી સ્ટેશને ગયો, ત્યાં બધાં જ ઓરડાઓમાં હું ફરી વળ્યો અને છેવટે નિરાશ થઈને, સાવ હતાશ થઈને હું ઘેર પાછો ફરતો હતો ત્યાં અકસ્માત, તે અંગ્રેજ સન્નારીઓ તથા સજ્જનોની મંડળી સાથે ઘોડેસવારી કરતો મળ્યો. મેં તેને સંકેત કર્યો, રોક્યો અને પત્ર આપ્યો. સામસામે જોવાનો પણ સમય અમારી પાસે નહોતો. પણ મને શંકા છે કે આસ્ત્લેએ જાણી જોઈને તેનો ઘોડો દોડાવી મૂક્યો.

મને સંતાપતી હતી તે શું ઈર્ષ્યા હતી ? ગમે તેમ તોય હું હતાશ બની ગયો હતો. આ પત્રવ્યવહાર શા અંગેનો છે તે જાણવાની ય મારી ઇચ્છા નહોતી. એટલે કે તે તેનો વિશ્વાસપાત્ર છે ! 'ખેર ! તે તેનો મિત્ર

છે,' મેં વિચાર્યું. અને તે સ્પષ્ટ છે કે તે તેનો મિત્ર જ છે. (જ્યારે તે તેવો બનવાનો દેખાવ કરે છે, ત્યારે પણ) પણ તે બંને વચ્ચે પ્રેમ છે ? અલબત્ત, નથી જ, મારા તર્કે કાનાફુસી કરી. પણ છેવટે, આવી બાબતોમાં એકલો તર્ક પૂરતો નથી. મારે આ અંગે પણ ચોખવટ કરી દેવી જોઈએ. સમગ્ર વ્યવહાર દુ:ખદ રીતે ગૂંચવાતો જતો હતો.

માંડ હું હોટેલમાં મારી ઓરડીના નોકર પાસે પહોંચ્યો હોઈશ, ત્યાં જ તેના ઓરડામાંથી બહાર આવતા વ્યવસ્થાપકે મને જણાવ્યું કે મારી પૃચ્છા કરાઈ રહી છે. મારી શોધ ચાલી રહી છે અને હું ક્યાં છું તે જાણવા તેમણે ત્રણ વાર માણસ મોકલ્યો હતો. મારે બને તેટલા જલદી જનરલના ઓરડામાં જવાનું હતું. મારી નવાઈનો કોઈ પાર નહોતો. જનરલના બેઠકખંડમાં મેં જનરલને, દ ગ્રિયક્ષને અને મેડમઝે'લ બ્લાન્ચ એકલાંને નિહાળ્યાં. તેની માતા ત્યાં નહોતાં. તેની મા નક્કી એક કઠપૂતળી હતાં. માત્ર દેખાવ પૂરતો તેમનો ઉપયોગ થતો હતો. જ્યારે કોઈ કામની વાત હોય ત્યારે મેડમઝે'લ બ્લાન્ચ પોતે જ તે નિપટાવતી. સાચે જ, તે સ્ત્રીને તેમની આ કહેવાતી દીકરીના પ્રણય વ્યવહારની જાણ હતી કે કેમ તેય શંકાસ્પદ છે.

ત્રણે જણ ઉત્કટતાપૂર્વક મસલતો કરતાં હતાં. તેમણે બેઠકખંડનું બારણું ય વાસી દીધું હતું. આ જ પૂર્વે આવું ક્યારેય બન્યું નહોતું. બારણા પાસે પહોંચતાં જ મને ઊંચા અવાજો સંભળાયા. દ ગ્રિયક્ષેના ઘમંડી, મર્મભેદી સ્વરો, મેડમઝે'લ બ્લાન્ચના સાહસી આક્ષેપો અને રોષકંપ તથા જનરલનો દયામણો અવાજ. મારા આગમન સાથે જ તેમણે તેમની જાત પર થોડો સંયમ મૂક્યો ને કૈંક ધીમા પડ્યાં. દ ગ્રિયક્ષે પોતાના વાળ સરખા કર્યા અને રોષભર્યા મુખ પર સ્મિત આણ્યું, પણ તે સ્મિત ગંદું, ઔપચારિક, વિનમ્ર ફ્રેંચ સ્મિત હતું, જેને હું તિરસ્કારતો હતો તેવું સ્મિત. હતાશ અને ઢીલા થયેલા જનરલે કૈંક દમામ ધારણ કર્યો, પણ તેય તે યાંત્રિક ઢબે. માત્ર મેડમઝે'લ બ્લાન્ચે તેના ભાવમાંનો તીવ્ર રોષ દૂર કર્યા વિના જ બોલવું બંધ કર્યું અને મારી સામે તે ધારીધારીને નિહાળી રહી. મારે અહીં કહેવું જોઈએ

કે અત્યાર સુધી તેણે મારા પ્રત્યે કોઈ વિવેક દર્શાવ્યો જ નહોતો, મારી સામે જોવા પૂરતોય નહિ. તેણે મારી ઉપેક્ષા કરી હતી.

'એલેક્સિસ ઈવાનોવિચ,' જનરલે સહેજ ઉપાલંભભર્યા સ્વરે કહ્યું, 'મારે કહેવું જોઈએ કે તે અતિશય – ખૂબ વિચિત્ર છે, વિચિત્ર છે... ટૂંકમાં, તારો મારી સાથેનો તથા મારા કુટુંબ સાથેનો વર્તાવ... ટૂંકમાં, તે ખૂબ, અતિશય વિચિત્ર છે.'

'ઓહ ! ના, ના, તે તેવો નથી.' રોષભર્યા તિરસ્કારથી દ ગ્રિયક્ષે વચ્ચે જ કહ્યું. (તે સાચે જ ઉશ્કેરાયેલો હતો.) મારા વહાલા દોસ્ત, આપણો જનરલ કૈંક ભ્રમમાં છે. (તેમણે જે કૈં બીજું રશિયન ભાષામાં કહ્યું તે હું અહીં આપું છું.) 'પણ તે તને એમ કહેવા માગે છે એટલે કે તને ચેતવવા માગે છે અથવા તો તું તેનો સર્વનાશ ન નોતરે તેવું તને સમજાવવાનો શ્રેષ્ઠ પુરુષાર્થ કરે છે... હા, તેનો સર્વનાશ નહિ નોતરવાનો. હું તે વાત સ્પષ્ટતાથી સમજાવું છું...'

'પણ તે કેવી રીતે ?' વચ્ચે જ હું બોલી ઊઠ્યો.

'બેસ. તેં આ વૃદ્ધાના, આ ભયંકર ઘરડી બાઈના માર્ગદર્શક (બીજું તે તેને શું કહી શકાય ?) બનવાનું માથે લીધું છે,' દ ગ્રિયક્ષ પોતે જ થોથવાતો હતો. 'પણ તું જાણે છે કે તે તેમના બધા જ પૈસા ગુમાવશે, તેમની પાસે છેલ્લામાં છેલ્લા પૈસા હશે, ત્યાં સુધી તે જુગાર રમશે. જે રીતે તે જુગાર રમે છે તે તેં જાતે જ જોયું. તું તેનો સાક્ષી હતો ! અને જો તે ગુમાવવા માંડશે તો તે ટેબલ નહિ છોડે. તેમના જિદ્દી અને જડ સ્વભાવને કારણે તે રમ્યા જ કરશે, રમ્યા જ કરશે અને આવી પરિસ્થિતિમાં લોકો ક્યારેક નુકસાન ભરપાઈ કરી શકતા નથી અને પછી – પછી...'

'અને પછી,' જનરલે વાક્ય ઉપાડી લીધું, 'તેં આખા કુટુંબનો સર્વનાશ કર્યો હશે ! હું અને મારું કુટુંબ, અમે તેમના વારસો છીએ, તેમને બીજાં કોઈ નિકટનાં સગાં નથી. હું તારી સાથે ખુલ્લે દિલે વાત કરું છું. મારા ધંધાની સ્થિતિ ખરાબ છે, ખૂબ ખરાબ છે. તું થોડુંઘણું તો જાણે જ છે. જો તે સારી એવી રકમ અથવા તો તેમની બધી જ મિલકત (ઓ ભગવાન !) ગુમાવે

તો પછી તેમનું – મારાં સંતાનોનું શું થશે ?' (જનરલે દ ગ્રિયક્ષ પ્રત્યે નજર ફેંકી) 'અને મારું ? (તે મેડમઝે'લ બ્લાન્ચને ટીકી રહ્યો. મેડમઝે'લ બ્લાન્ચે મોં ફેરવી લીધું.) બચાવ, એલેક્સિસ ઈવાનોવિચ. અમને બચાવ !'

'પણ કેવી રીતે ? જનરલ, કહો, હું તમને કેવી રીતે બચાવી શકું ? આમાં હું ક્યાં વચમાં આવું છું ?'

'તું તેમ કરવાની ના પાડ, ના પાડ. તેમને છોડી દે.'

'તો તે બીજા કોઈને પકડશે.' મેં ઊંચે સાદે કહ્યું.

'ના, તેવું ન થાય, તેવું ન થાય.' દ ગ્રિયક્ષ ફરી વચ્ચે બોલ્યો.

'ના, તેમને છોડી ન દેતો, ભગવાનને ખાતર, પણ તેમને સમજાવ, તેમને ગળે વાત ઉતાર, તેમને આ ધૂન છોડાવ... ઠીક, ગમે તેમ પણ તે ઝાઝી રકમ ન ગુમાવે તે જોજે. કોઈ પણ રીતે તેમને આનાથી અળગાં રાખ.'

'પણ હું તે કેવી રીતે કહી શકું ? મસ્યર દ ગ્રિયક્ષ, તમે પોતે જ આ જવાબદારી લો તો...' મેં ભોળપણથી કહ્યું.

અહીં મેં જોયું કે મેડમઝે'લ બ્લાન્ચે દ ગ્રિયક્ષ ભણી ત્વરિત, રોષભરી, જિજ્ઞાસુ દૃષ્ટિ ફેંકી. દ ગ્રિયક્ષના પોતાના ચહેરા પર એક વિશિષ્ટ પ્રકારના, સ્પષ્ટ દેખાતા ભાવો તરી આવ્યા. તેમને તે ન રોકી શક્યા.

'વાત એમ છે કે, હવે તે મને નહિ સ્વીકારે.' દ ગ્રિયક્ષે રાડ પાડી. સાથે સાથે તેણે હાથ પણ હલાવ્યો. 'જો માત્ર !... પછી...'

તેણે મેડમઝે'લ બ્લાન્ચ ભણી ત્વરિત તથા સૂચક દૃષ્ટિ ફેંકી.

'અરે, મસ્યર, મસ્યર એલેક્સિસ, આટલો ઉપકાર કરો.' મેડમઝે'લ બ્લાન્ચ ખુદ સ્મિતસહ મારી ભણી ધસી, તેણે મારા બંને હાથ પકડ્યા અને ઉષ્માપૂર્વક દાબ્યા. જહન્નમમાં જાય ! તેનો શેતાની ચહેરો પળવારમાં બદલાઈ ગયો. આ ક્ષણે તેનો ચહેરો મધુર અને આકર્ષક બન્યો. તેના પર નિર્દોષ, સુંદર સ્મિત રમતું હતું. વાક્ય પૂરું કરતાં જ તેણે દુષ્ટતાભર્યું મટકું માર્યું – બીજાઓ તે ન નીરખી શક્યા. શું તે મને એક ક્ષણમાં જ સંપૂર્ણ જીતી લેવા ઇચ્છતી હતી ? પરિણામ ખરાબ નહોતું – માત્ર તે અસંસ્કારી, અતિશય અસંસ્કારી હતું.

ત્યાં જ, જનરલ તેની પાછળ સડસડાટ બોલ્યો.

'એલેક્સિસ ઈવાનોવિચ, હમણાં તારી સાથે આમ વાત કરવા માટે મને માફ કર. હું તેવું કશું કહેવા માગતો જ નહોતો. હું તારી માફી માગું છું. હું તને વિનંતી કરું છું. એક સાચા રશિયનની જેમ હું તારે પગે પડું છું. તું એકલો જ, એકલો તું જ અમને બચાવી શકશે ! મેડમઝે'લ દ કમિન્જસ અને હું તને આજીજી કરીએ છીએ. સાચે જ, તું સમજે છે, તું સમજે છે, ખરું ને ?' તેણે મેડમઝે'લ બ્લાન્ચ ભણી આંખ વતી સંકેત કરી વિનંતી કરી. તે અતિશય દયામણો બન્યો હતો.

તે જ ક્ષણે બારણા પર ત્રણ હળવા અને આદરભર્યા ટકોરા પડ્યા. તે ખુલ્લું જ હતું. તે મજલાના વેઇટરે તે ટકોરો પાડ્યા હતા અને પોટાપિચ તેનાથી થોડાં ડગલાં પાછળ ઊભો હતો. તે બંને દાદીમાના દૂત હતા, તે મને શોધવા નીકળ્યા હતા અને લગીરે વિલંબ વિના મને બોલાવવા આવ્યા હતા.

'દાદીમા ગુસ્સે થયાં છે.' પોટાપિચે મને કહ્યું.

'પણ હજી સાડાત્રણ વાગ્યા છે.'

'તેમને ઊંઘ ન આવી. આખો વખત તેમણે પડખાં ફેરવ્યા કર્યાં. પછી એકદમ જાગી ગયાં અને તેમની ખુરશી મંગાવી અને તમને તેડવા અમને મોકલ્યા. સાહેબ, તે બારણા પાસે જ રાહ જુએ છે.'

'ઓહ ! કેવી છછુંદરી' દ ગ્રિયક્ષે બૂમ પાડી.

સાચે જ, હોટેલના પ્રવેશ દ્વારની બહાર જ દાદીમા હતાં. હું તેમને ત્યાં જ મળ્યો. તે ધીરજ ખોતાં હતાં, કારણ કે હું ત્યાં નહોતો. ચાર વાગ્યા સુધી તે ધીરજ ન રાખી શક્યાં.

'ઠીક, મને ઊંચકો !' તેમણે બૂમ પાડી અને ફરી અમે જુગારનાં ટેબલો ભણી ઊપડ્યાં.

૧૨

દાદીમાનો સ્વભાવ અધીરો તથા બેકાબૂ બન્યો હતો. તે સ્પષ્ટ હતું કે જુગારની ઘેલછા તેમને લાગી હતી. બીજા કશાય પ્રત્યે તેમનું ધ્યાન નહોતું – તે તે સહુ પ્રત્યે બેધ્યાન બન્યાં હતાં. ઉદાહરણ તરીકે, માર્ગમાં તેમણે અગાઉની જેમ અસંખ્ય પ્રશ્નો ન પૂછ્યા. અમારી પાસેથી પસાર થતી ભવ્ય બગી દેખીને તેમણે ક્ષણ માટે હાથ ઊંચો કરી પૂછ્યું, 'આ શું છે ? તે કોની છે ?' પણ મારો ઉત્તર સાંભળવા ય ન રોકાયાં. આતુર તથા રઘવાયી ગતિને કારણે તેમના વિચારો તીવ્રપણે, સતત ખલેલ પામતા હતા. જ્યારે અમે સ્ટેશન જતાં હતાં ત્યારે મેં તેમને ઉમરાવ વર્મેરહેલ્મ તથા તેમની પત્નીને દૂરથી દેખાડ્યાં. ત્યારે તેમણે તેમના ભણી બેધ્યાનપણે નજર નાખતાં કહ્યું, 'એમ !' આટલું બોલતી વેળાએ પણ તે ઉદાસીન હતાં અને એકાએક તેમની પાછળ ચાલતાં પોટાપિચ તથા માર્થા તરફ અચાનક ફરીને તેમને ઝાટક્યાં, 'તમે શા માટે આવ્યાં ? દરેક વખતે મારી સાથે આવવાનું નહિ. ઘેર જાવ ! મારે તો તારી જ જરૂર છે.' પેલાં બે નમીને પાછાં ફરતાં હતાં, ત્યારે તેમણે મને કહ્યું.

તે સહુ સ્ટેશને દાદીમાની રાહ જોતાં હતાં. તે જ જગ્યા, પૈસાની લેતીદેતી કરનારા પાસેની તે જ જગ્યા તેમને માટે ખાલી કરવામાં આવી. મને લાગે છે કે આ પૈસાની લેતીદેતી કરનારાઓ જે હંમેશ ઔપચારિક વર્તન કરતા હોય છે અને જે સાવ સામાન્ય અધિકારીઓ હોવાનો દેખાવ કરે છે, ટેબલ જીતે કે ગુમાવે તે હકીકત પ્રત્યે સાવ ઉદાસીન દેખાતા હોય છે તે ખરેખર ટેબલના પૈસાની ખોટ પ્રત્યે ઉદાસીન હોતા નથી. અને એ

તો સ્પષ્ટ છે કે લોકોને રમવા માટે આકર્ષવાની તથા ટેબલનું હિત ખંતપૂર્વક જાળવવાની તેમને સૂચના અપાઈ હોય છે અને આને માટે તેમને ઇનામો તથા બોનસો મળે છે. ગમે તેમ તોય તેઓ દાદીમાને નસીબદાર ખેલાડી તરીકે આદર આપતા હતા. અને પછી તો, ધાર્યું હતું તેવું જ બન્યું.

તે આમ બન્યું :

એકી સાથે એકસોવીસ ગલ્ડનની હોડ બકવાની આજ્ઞા આપી દાદીમાએ સીધી જ શૂન્ય પર હોડ બકી. અમે એક વાર, બે વાર, ત્રણ વાર હોડ બકી પણ શૂન્ય ન આવ્યો.

'હોડ બક ! હોડ બક !' દાદીમાએ ઉત્કંઠાથી મને કોણી મારી. મેં તેમની આજ્ઞાનું પાલન કર્યું.

'આપણે કેટલી વાર આપણા પૈસા ગુમાવ્યા ?' આતુરતાથી દાંત પીસતાં છેવટે તેમણે મને પૂછ્યું.

'દાદીમા, હું બાર વાર તો હોડ બકી ચૂક્યો છું. આપણે ચૌદસો ચાલીસ ગલ્ડન તો ગુમાવ્યા છે. અને દાદીમા, તમને કહું કે કદાચ સાંજ સુધી...'

'ચૂપ !' દાદીમાએ અધવચ્ચે જ કહ્યું. 'શૂન્ય પર હોડ બક અને સત્વરે લાલ પર હજાર ગલ્ડન લગાવ.'

લાલ આવી પણ શૂન્ય ન આવ્યો. તેમણે હજાર ગલ્ડન અમને પાછા આપ્યા.

'જો, જો !' દાદીમાએ હળવે સ્વરે કહ્યું. 'આપણે જેટલું ગુમાવ્યું હતું તેટલું પાછું મળ્યું. ફરી શૂન્ય પર હોડ બક, આપણે હજી દસ વાર હોડ બકીશું અને પછી છોડી દઈશું.'

પણ પાંચમા દાવે જ દાદીમા થાકી ગયાં હતાં.

'જહન્નમમાં જાય તે દુષ્ટ શૂન્ય ! એ બધા જ ચાર હજાર ગલ્ડન લાલ પર લગાવ.'

તેમણે હુકમ આપ્યો.

'દાદીમા ! આ વધારે પડતું છે. જો લાલ ન આવે તો શું ?' મેં દલીલ કરી, પણ દાદીમા મને અથડાયાં (તેમણે મને એવો તો ગોદો માર્યો કે તે લગભગ મને અથડાયાં તેવું જ કહી શકાય.) હવે કંઈ કરવાપણું નહોતું. મેં, અમે હમણાં જ જીતેલા સઘળા ચાર હજાર ગલ્ડન લાલ પર લગાવ્યા. ચક્ર ફર્યું. દાદીમા શાંત, દમામભેર અક્કડ બેઠાં હતાં. તેમને ચોક્કસ ખાતરી જ હતી કે તે જીતવાનાં છે.

'શૂન્ય !' પૈસાની લેતીદેતી કરનારાએ બૂમ પાડી.

પહેલાં તો દાદીમા કશું ન સમજ્યાં પણ જ્યારે પૈસાની લેતીદેતી કરનારાએ તેમના ચાર હજાર ગલ્ડન અને ટેબલ પરના બીજા પૈસા એકઠા કર્યા તે તેમણે જોયું અને જ્યારે તેમને જાણ થઈ કે જેના પર અમે અત્યાર સુધી હોડ બકીને બે હજાર ગલ્ડન ગુમાવ્યા હતા અને જે લાંબા કાળથી નહોતો આવ્યો તે શૂન્ય આવ્યો છે, ત્યારે તેમણે તેને શાપ આપ્યો, તેને છોડી દીધો તે ક્ષણે સહેતુક આવ્યો હતો ત્યારે તેમણે સાશ્ચર્ય જોરથી બૂમ પાડી અને તેમના હાથ ઊંચે હલાવ્યા. ઓરડામાંના સહુએ આ નિહાળ્યું. આસપાસના લોકો તો હસ્યા પણ ખરા.

'ખેર ! અત્યાર સુધી હરાવતી વસ્તુ હવે આવે છે,' દાદીમાએ ચીસ પાડી. 'તે દુષ્ટ-દુષ્ટ શૂન્ય. તું જ ! તું જ જવાબદાર છે.' મારા ભણી વળીને તેમણે મને જોરથી હડદોલો માર્યો. 'તેં જ મને તેની વાત કરી હતી.'

'મેં તો તમને સમજણપૂર્વકની વાત કરી, દાદીમા, બધાં જ જોખમો માટે હું શેનો જવાબદાર ?'

'હવે હું તને જોખમમાં મૂકીશ.' તે ડરાવતાં હોય તેમ બોલ્યાં. 'આઘો મર મારી પાસેથી.'

'આવજો, દાદીમા.' અને ચાલ્યા જવા મેં પીઠ ફેરવી.

'એલેક્સિસ ઈવાનોવિચ ! એલેક્સિસ ઈવાનોવિચ ! ઊભો રહે, તું ક્યાં જાય છે ? તને શું થયું છે ? શું થયું છે તને ? ગુસ્સે થયો છે ? મૂરખ ! ઊભો રહે, થોડી વાર ઊભો રહે, આમ, ગુસ્સે ન થા ! હું જ મૂરખ છું. કહે મને, હવે શું કરવાનું ?'

'હવે શું કરવાનું તે હું તમને કહેવાનો જ નથી, કારણ કે તમે મારા પર દોષનો ટોપલો ઓઢાડો છો. હવે તમે જાતે રમો. તમે કહેજો અને હું તમારા વતી હોડ બકીશ.'

'સારું, સારું ચાલ હવે બીજા ચાર હજાર ગલ્ડન લાલ પર લગાવ. આ મારું પાકીટ લે.' તેમણે તેમના ખિસ્સામાંથી કાઢી તે મને આપ્યું. 'લે જલદી લે. તેમાં રોકડા વીસ હજાર રુબલ્સ છે.'

'દાદીમા.' હું થોથવાયો, 'આટલી મોટી રકમ... !'

'હું જીવવાની છું એટલે જીતવાની મને આશા છે. હોડ બક !'

અમે હોડ બકી અને હાર્યાં.

'હોડ બક ! હોડ બક ! પૂરા આઠની હોડ બક !'

'દાદીમા, તેમ ન થઈ શકે. મોટામાં મોટી હોડ ચારની છે...'

'તો ચારની હોડ બક.'

આ વેળાએ અમે જીત્યાં. દાદીમા પ્રસન્ન થયાં.

'જોયું ને ?' તેમણે મને કોણી મારી. 'ફરી ચારની હોડ બક.'

અમે હોડ બકી અને હાર્યાં. પછી બીજી વાર અને ત્રીજી વાર પણ હાર્યાં.

'દાદીમા ! પૂરા બાર હજાર ગુમાવ્યા.' મેં કહ્યું.

'હું જાણું છું કે ગુમાવ્યા,' તેમણે કહ્યું. હું તો તેને એક પ્રકારનું ઠંડું ગાંડપણ જ કહું. 'હું જોઈ શકું છું, ભાઈ, હું જોઈ શકું છું.' તે પોતાની સામે સ્થિર દષ્ટિ રાખી, કશુંક વિચારતાં ગણગણ્યાં. 'હા, પણ હું જીતવાની છું. બીજા ચાર હજાર ગલ્ડનની હોડ બક.'

'પણ દાદીમા, હવે પૈસા જ નથી. આ પાકીટમાં તો આપણી પાંચ પાંચ સેન્ટ[1] ની થોડીક નોટો છે. અને થોડીક હૂંડીઓ, પણ પૈસા નથી.'

'અને બટવામાં શું છે ?'

'થોડુંક પરચૂરણ, દાદીમા !'

---

૧. ડૉલરનો સોમો ભાગ.

'અહીં નોટો વટાવી આપે તેવી કોઈ બૅન્ક ખરી ? મને કહેવામાં આવ્યું હતું કે આપણી નોટો વટાવી શકાય.' દાદીમાએ દૃઢતાથી પૂછ્યું.

'હા, તમને મનફાવે તેટલી. પણ તેના વટાવમાં તમે જે ગુમાવો તે... અરે ! કોઈ યહૂદી પણ ડરી જાય !'

'છટ્ ! તે બધું જ હું જીતીશ. ત્યાં મને લઈ જા. પેલા જડભરતોને બોલાવ !'

મેં ખુરશી ખસેડી, મજૂરો આવ્યા અને અમે સ્ટેશનની બહાર નીકળ્યાં.

'જલદી, જલદી, જલદી.' દાદીમાએ હુકમ કર્યો. 'અમને રસ્તો દેખાડ, એલેક્સિસ ઈવાનોવિચ, અને ટૂંકો રસ્તો લેજે... તે દૂર છે ?'

'થોડાં ડગલાં, દાદીમા !'

પણ જેવાં અમે ચોકમાંથી વીથિમાં આવ્યાં કે અમને અમારી આખી મંડળી મળી. જનરલ, દ ગ્રિયક્ષ અને મેડમઝે'લ બ્લાન્ચ તથા તેની મા. પોલિના એલેકસેન્ડ્રોવ્ના તેમની સાથે નહોતી અને આસ્ત્લે ય નહોતો.

'ના, ના, ના, આપણે ન રોકાઈ શકીએ.' દાદીમાએ બૂમ પાડી; 'ખેર, તમારે શું કામ છે ? અત્યારે તમારે માટે મારી પાસે સમય નથી !'

હું પાછળ ચાલતો હતો, દ ગ્રિયક્ષ ઉતાવળે મારી પાસે આવ્યો.

'તેમણે અગાઉ જેટલા પૈસા જીત્યા હતા તે બધા જ ગુમાવ્યા. અને ઉપરથી પોતાના બાર હજાર ગલ્ડન ગુમાવ્યા. હવે અમે પાંચ-પાંચ સેન્ટની થોડીક નોટો વટાવવા જઈએ છીએ.' મેં ઉતાવળે તેના કાનમાં કહ્યું.

દ ગ્રિયક્ષ પોતાનો પગ જોરથી ઠોકીને જનરલને આ કહેવા ગયો.

અમે દાદીમાને ધકેલતાં ધકેલતાં આગળ લઈ જતાં હતાં.

'રોકો, તેમને, તેમને રોકો.' જનરલે ઝનૂનપૂર્વક, હળવે સ્વરે કહ્યું.

'તમે તેમને રોકવા પ્રયત્ન કરો !' મેં ય ઉત્તર આપ્યો – હળવા સ્વરે.

'ફોઈ...!' જનરલે તેમની પાસે જઈ કહ્યું, 'અમે તો... અમે તો...' તેનો અવાજ કંપ્યો, ખચકાયો. 'અમે ઘોડા ભાડે કરીને આ પ્રદેશ જોવા જઈએ છીએ... ભવ્ય દેખાવ છે... પેલી ટોચ... અમે તો અમારી સાથે આવવા તમને આમંત્રણ આપવા આવ્યાં હતાં.'

'ફૂટો તમે ને તમારી ટોચ.' દાદીમાએ ગુસ્સેથી તેને હડસેલો માર્યો.

'ત્યાં ગામડું છે... ત્યાં આપણે ચા પીશું...' કોઈ પણ પ્રકારની આશા રાખ્યા વિના જનરલે કહ્યું.

'આપણે દૂધ પીશું, ખુલ્લા ઘાસના મેદાનમાં' દ ગ્રિયક્ષે નિર્દયી રોષથી કહ્યું.

ખુલ્લા ઘાસના મેદાનમાં દૂધ પીવું તે રૂઢિપરસ્ત પારિસનો ઉમદા આદર્શ હતો. તેનું સર્વસ્વ. તે તો સુપ્રસિદ્ધ છે કે પ્રકૃતિ અને વાસ્તવિકતાની તે જ તેની એક માત્ર પરિકલ્પના હતી.

'તમે જાણો ને તમારું દૂધ જાણે ! તમે જ તે પીજો. મારા પેટમાં દુ:ખે છે. અને તમે બધાં મારો જીવ કેમ ખાવ છો ? મેં કહ્યું ને કે મારી પાસે સમય નથી.'

'આપણે આવી પહોંચ્યાં, દાદીમા !' મેં બૂમ પાડી, 'આ રહી બૅન્ક.'

જ્યાં બૅન્ક હતી તે મકાન પાસે અમે આવી પહોંચ્યાં હતાં. હું નોટો વટાવવા ગયો. દાદીમા બારણા પાસે ઊભાં રહ્યાં, દ ગ્રિયક્ષ, જનરલ અને બ્લાન્ચ એક બાજુ ઊભાં હતાં. શું કરવું તે તેમને સૂઝતું નહોતું. દાદીમા તેમના તરફ ગુસ્સાથી નિહાળતાં હતાં અને તે સહુ સ્ટેશન ભણી ચાલવા માંડ્યાં.

મારી સામે એવી શરતો મૂકવામાં આવી કે તે હું સ્વીકારી ન શક્યો, પણ દાદીમાની સૂચના લેવા હું તેમની પાસે ગયો.

'અરે, લુંટારાઓ !' હાથ ઉછાળીને તેમણે કહ્યું, 'ભલે, પણ કશો વાંધો નહિ. વટાવ !' તેમણે નિર્ણયાત્મકતાથી કહ્યું, 'ઊભો રહે, બૅંકરને મારી પાસે મોકલ.'

'એટલે કે કોઈ કારકુનને, ખરું ને દાદીમા ?'

'ભલે, કારકુનને મોકલ. બધું સરખું જ છે, લુંટારાઓ !'

એક વૃદ્ધા, બીમાર, ચાલી ન શકતી કાઉન્ટેસ તેને મળવા માગતી હતી તેવું સાંભળીને કારકુને બહાર આવતાં સંમતિ આપી. તેને રશિયન, ફ્રેંચ તથા જર્મન ભાષામાં ધુતારો તથા વિનિમય દરમાં ગોલમાલ કરનારો

કહી જોરશોરથી ગાળો દેવામાં દાદીમાએ ખાસ્સો એવો સમય લીધો. મેં તેનું ભાષાંતર કરવામાં સહાય કરી. પેલો ગંભીર કારકુન વારાફરતી અમારી સામે નિહાળી શાંતિથી પોતાનું માથું હલાવતો હતો. તે આતુર ઉત્સુકતાથી દાદીમાને ટીકી રહ્યો હતો અને તેનું આ વર્તન સાચે જ સૌજન્યપૂર્ણ નહોતું. છેવટે, તે સ્મિત વેરવા માંડ્યો.

'જા, તારી સાથે કોણ લમણાંઝીંક કરે !' દાદીમાએ બૂમ પાડી, 'મારા પૈસાથી તારું ગળું ઘૂંટ ! વટાવ તેની પાસે એલેક્સિસ ઈવાનોવિચ, આપણી પાસે ઝાઝો સમય નથી, નહિતર આપણે બીજા કોઈ પાસે ગયાં હોત...'

'આ કારકુન કહે છે કે બીજા તો આનાથીય ઓછા પૈસા આપે છે.'

મને ચોક્કસ રકમ યાદ નથી પણ તે ખૂબ મોટી હતી, મેં બાર હજાર ફ્લોરિનથી વધારે મૂલ્યનું સોનું તથા તેટલી જ નોટો વટાવી, હિસાબ કર્યો અને તે બધું લઈ દાદીમા પાસે ગયો.

'સારું, સારું હવે તે ગણવાની જરૂર નથી,' દાદીમાએ હાથ હલાવતાં કહ્યું, 'ચાલ જલદી, જલદી કર.'

'હવે હું ફરી તે દુષ્ટ શૂન્ય પર હોડ નહિ બકું અને લાલ પર પણ નહિ.' જેવાં અમે સ્ટેશને આવ્યાં કે તેમણે કહ્યું.

આ વખતે નાની રકમની હોડ બકવા તેમને સમજાવવા મેં તેમને બનતો બધો પ્રયત્ન કર્યો. તેમને મેં ખાતરી આપી કે જ્યારે તેમનું નસીબ ફરશે ત્યારે મોટી હોડો બકવાનો હંમેશ સમય રહેશે. પણ તે એટલાં તો અધીરાં હતાં કે પહેલાં મારી વાત માની હોવા છતાંય રમતી વેળાએ તે પોતાની જાત પર કાબૂ ન રાખી શક્યાં. સો-બસો ગલ્ડન હજી માંડ જીત્યાં હશે, ત્યાં જ તેમણે મને કોણી મારી કહ્યું, 'બરોબર ! તેં સાચું કહ્યું. જો, આપણે જીત્યાં. પણ જો ટેબલ પર માત્ર સો ગલ્ડનને બદલે ચાર હજાર હોત તો આપણે ચાર હજાર જીત્યાં હોત ! અને આમેય તે, આ જીતનો અર્થ શો ? આ તારો વાંક છે.'

તે મને ગમે તેટલો ખીજવતાં છતાંય હું તેમની રમત પર ધ્યાન રાખતો હતો. છેવટે, મેં મૂંગા રહી તેમને વધુ સલાહ ન આપવાનો નિર્ધાર કર્યો.

અચાનક, દ ગ્રિયક્ષ દોડતો આવ્યો. તે ત્રણે હવે પાસે જ હતાં. મેં તેય દીઠું કે મેડમઝે'લ બ્લાન્ચ તેની માતાની એક પડખે ઊભી રહી પ્રિય રાજકુમાર સાથે ચેનચાળાં કરતી હતી !

જનરલની સ્થિતિ તો શરમજનક હતી. તેની દૃષ્ટિથી તે દેશવટો પામ્યો હતો. બ્લાન્ચનું અનુકૂળ ધ્યાન ખેંચવા તે પ્રત્યેક પ્રયત્ન કરતો હતો, છતાંય બ્લાન્ચ તેના પ્રત્યે નજર નાંખતી જ નહોતી. બિચારો જનરલ ! તે રાતોપીળો બની જતો. અરે, દાદીમાની રમત પર નજર રાખવાનુંય તે ભૂલી ગયો. બ્લાન્ચ અને રાજકુમાર બહાર ગયાં, જનરલ તેમની પાછળ પાછળ ધીમે પગલે ગયો.

'મેડમ, મેડમ,' દ ગ્રિયક્ષે દાદીમાને મધુર સ્વરે કહ્યું. તે ટોળું વટાવીને તેમની પાસે પહોંચી ગયો હતો. 'મેડમ, આમ હોડ ન બકાય. ના, ના, તે શક્ય જ નથી,' તેણે તૂટીફૂટી રશિયન ભાષામાં કહ્યું, 'ના !'

'તો પછી કેવી રીતે ? મને કહે.' તેના તરફ વળી દાદીમાએ કહ્યું.

દ ગ્રિયક્ષ ફ્રેંચ ભાષામાં ઝડપથી બોલવા લાગ્યો. તે સલાહ આપતો હતો, ઉશ્કેરાતો હતો, કહેતો હતો કે માણસે નસીબદાર ક્ષણની રાહ જોવી જોઈએ, કશીક ગણતરી શરૂ કરતો હતો... દાદીમા એક શબ્દ પણ સમજ્યાં નહિ. તે જે કહેતો હતો તેનું ભાષાંતર કરવા તે મને કહ્યા કરતો હતો. ટેબલ પર આંગળીઓના ટકોરા મારતો હતો. આમતેમ કશાકનો નિર્દેશ કરતો હતો. છેવટે, તેણે એક પેન્સિલ લઈ કાગળની ચબરખી પર દાખલા કરવા માંડ્યા. દાદીમાની ધીરજ ખૂટી.

'છટ્ ! મૂક લમણાંઝીંક ! તું કશું જ કરતો નથી, માત્ર નકામી વાતો જ કરે છે. બોલે છે 'મેડમ, મેડમ' પણ તેને ખબર જ નથી કે તે શું બોલે છે ? જા, ચાલ્યો જા !'

'પણ મેડમ...' દ ગ્રિયક્ષે કિલબિલાટ કર્યો અને વળી તે આગ્રહ રાખવા માંડ્યો, સમજાવવા માંડ્યો. તે ભાન ભૂલવા માંડ્યો હતો.

'ખેર ! એક વાર તે કહે છે તેમ હોડ બક,' દાદીમાએ હુકમ કર્યો, 'અને આપણે જોઈશું. કદાચ, જીતી પણ જવાય.'

દ ગ્રિયક્ષે માત્ર તેમને મોટી હોડ બકતા રોકવા માંગતો હતો. તેનું સૂચન હતું કે તેમને ક્યાં તો માત્ર એકી આંકડાઓ પર અથવા તો એકી સાથે બેકી આંકડાઓ પર હોડ બકવી જોઈએ. તેના સૂચવ્યા મુજબ મેં દસ ગલ્ડન પહેલા બાર આંકડાઓમાં આવેલી બધી જ એકી સંખ્યા પર લગાવ્યા અને પચાસ ગલ્ડન બારથી અઢારના એક જૂથ પર તથા બીજા પચાસ ગલ્ડન અઢારથી ચોવીસના જૂથ પર લગાવ્યા. આમ, કુલ અમે એકસો સાઈઠ ગલ્ડનની હોડ બકી હતી.

ચક્ર ફર્યું.

'શૂન્ય !' પૈસાની લેતીદેતી કરનારાએ ભૂમ પાડી.

અમે બધા જ પૈસા ગુમાવ્યા.

'જડભરત !' દ ગ્રિયક્ષ તરફ ફરી દાદીમાએ રાડ પાડી. 'ઓ ! દુષ્ટ ફ્રેંચ ! તે શું સલાહ આપશે ? જંગલી ! ચાલ્યો જા, ચાલ્યો જા, તેને આની કશી જ ગતાતમ નથી અને છતાંય વચ્ચે માથું મારે છે.'

દ ગ્રિયક્ષે, ખૂબ દુભાઈને, ખભા હલાવી, દાદીમા ભણી ઘૃણાસ્પદ દૃષ્ટિ નાંખી ચાલતી પકડી. માથું મારવા બદલ તે હવે લજ્જા અનુભવતો હતો, પણ તેમ કર્યા સિવાય તેનો છૂટકો જ નહોતો.

કલાક પછી, અમારા સઘળા પ્રયત્નો છતાંય અમે બધું જ ગુમાવ્યું.

'ઘેર !' દાદીમાએ રાડ પાડી.

અમે બદામવૃક્ષોની વીથિ સુધી પહોંચ્યાં ત્યાં સુધી તે બીજો એક પણ હરફ બોલ્યાં નહિ. પણ વીથિમાં અને અમે હોટેલ પહોંચ્યાં કે તરત જ તેમના હોઠોમાંથી ફટાફટ વાણીપ્રવાહ વહેવા લાગ્યો.

'મૂરખ ! મહામૂરખ ! તું એક ઘરડી સ્ત્રી છે, ભારે મૂરખ.. ઘરડી સ્ત્રી !'

જેવાં અમે સ્યુટમાં પ્રવેશ્યાં કે દાદીમાએ કહ્યું, 'મારે માટે ચા મંગાવો અને એકદમ તૈયાર થઈ જાવ. આપણે જઈએ છીએ !'

'આપણે ક્યાં જઈએ છીએ, મેડમ ?' માર્થાએ પૂછવા માંડ્યું.

'તેની તારે શી પડી છે ? તું તારું કામ કર. પોટાપિચ ! બધું તૈયાર કરી લે, બધો સામાન બાંધી દે. આપણે પાછા મોસ્કો જઈએ છીએ. મેં પંદર હજાર રુબલ્સ જુગારમાં ખોયા !'

'ઓહ ! મેડમ ! પંદર હજાર ! ઓ ભગવાન !' પોતાના હાથ ઉછાળી લાગણી દર્શાવતો પોટાપિચ ઉચ્ચ સ્વરે બોલ્યો. તે કદાચ એમ માનતો હતો કે તેણે જે કરવું જોઈએ તે તે કરતો હતો.

'ઓ... ઓ મૂરખ ! પાછો વેવલો થાય છે. શાંત થા, બધું બાંધી લે અને જલદી જલદી મને બિલ લાવી આપો.'

'બીજી ટ્રેન સાડા નવે ઊપડે છે, દાદીમા !' મેં તેમને, તેમની ઉતાવળ પર અંકુશ મૂકવા જણાવ્યું.

'અત્યારે કેટલા વાગ્યા છે ?'

'સાડા સાત !'

'કેવો મૂરખો છે ! કૈં વાંધો નહિ ! એલેક્સિસ ઈવાનોવિચ, મારી પાસે એક કોપેક[1] પણ નથી. આ બે બીજી નોટો છે. જા, બૅન્કમાં જલદી જઈને વટાવી લાવ. નહિતર, મુસાફરીમાં મારી પાસે કશું નહિ હોય.'

હું ગયો. અડધો કલાક રહી હોટેલમાં પાછો આવ્યો ત્યારે મેં દીઠું કે આખી મંડળી દાદીમા પાસે હતી. દાદીમાએ પોતાના સઘળા પૈસા ગુમાવ્યા તે કરતાં દાદીમા પાછા મોસ્કો ચાલ્યાં જાય છે તે જાણીને તે વધુ અસ્વસ્થ બન્યાં હતાં તે સ્પષ્ટપણે દેખાતું હતું. કબૂલ, ત્યાં જવાથી તે તેની સંપત્તિ બચાવશે પણ બીજી બાજુ હવે જનરલનું શું થશે ? દ ગ્રિયક્ષનું દેવું કોણ ચૂકવશે ? દાદીમા મરી જાય ત્યાં સુધી મેડમઝે'લ બ્લાન્ચ હવે તો નહિ રાહ જુએ અને પેલા રાજકુમાર કે અન્ય કોઈ સાથે ભાગી જશે. હજીય તે બધાં તેમની સામે ઊભાં હતાં, તેમને આશ્વાસન આપવાનો પ્રયત્ન કરતાં અને તેમને રોકાવા સમજાવતાં હતાં. તે સહુ સામે દાદીમા રોષથી ચીસો પાડતાં હતાં !

---

૧. રશિયન રુબલનો સોમો ભાગ.

'મને એકલી રહેવા દો દુષ્ટો ! આમાં તમારે શી લેવાદેવા ? તમારી બકરા જેવી દાઢી ઘુસાડતાં અહીં તમે કેમ આવ્યા છો ?' પછી, દ ગ્રિયક્ષ તરફ ચીસ પાડી બોલ્યાં, 'તારે શું જોઈએ છે, પીવિટ' ?' તેમણે મેડમઝે'લ બ્લાન્ચને કહ્યું, 'અને તું શેની ફરિયાદ કર્યા કરે છે ?'

'ડોકરી !' મેડમઝે'લ બ્લાન્ચે હળવા સ્વરે કહ્યું. તેની આંખોમાં ગુસ્સો હતો પણ પછી અચાનક તે હસી પડી અને ચાલી ગઈ.

'તે પચ્ચીસ વર્ષ જીવશે' બારણે પહોંચતાં જ તેણે જનરલ સામે ચીસ પાડી.

'ઓહ ! એટલે તમે મારા મરવાની રાહ જોઈ રહ્યા છો ?' દાદીમાએ બૂમ પાડી જનરલને ઠપકો આપ્યો : 'ચાલ્યો જા ! બધાને બહાર કાઢી મૂક, એલેક્સિસ ઈવાનોવિચ. તેની સાથે તમારે શી નિસબત ? મારા પૈસા હતા અને મેં ગુમાવ્યા, તમારા તો નથી ગુમાવ્યા ને !'

જનરલે ખભા હલાવ્યા, નમ્યો અને ચાલ્યો ગયો. દ ગ્રિયક્ષ તેની પાછળ પાછળ ગયો. 'પ્રાસ્કોવ્યાને બોલાવ.' દાદીમાએ માર્થાને હુકમ કર્યો. પાંચ મિનિટમાં જ માર્થા પોલિના સાથે પાછી ફરી. આ બધો સમય પોલિના તેના ઓરડામાં બાળકો સાથે બેઠી હતી. અને હું માનું છું કે તેણે તે દિવસે બહાર નહિ જવાનો જાણીજોઈને નિર્ણય કર્યો હતો. તેનો ચહેરો ગંભીર, દુ:ખી અને ઉત્સુક હતો.

'પ્રાસ્કોવ્યા,' દાદીમાએ વાત શરૂ કરી, 'મેં હમણાં થોડી વાર પહેલાં જ સાંભળ્યું કે તારો પેલો મૂરખ સાવકો બાપ પેલી મૂરખ, આંગળા જેવી ફ્રેંચ ચંચળ સ્ત્રીને પરણવા માગે છે ? તે નાટકિયણને અથવા તો તેનાથીય બદતર ને – ? મને કહે, તે સાચું છે ?'

'દાદીમા, મને ચોક્કસ ખબર નથી,' પોલિનાએ ઉત્તર આપ્યો, 'પણ જે કશું સંતાડવું ગમતું નથી તે મેડમઝે'લ બ્લાન્ચ પોતે જે કહે છે તે પરથી હું અનુમાન કરું છું.'

---

૧. ભેજવાળી જમીનમાં ફરતું પંખી.

'બસ, બસ !' દાદીમા ઉત્સાહપૂર્વક બોલ્યાં, 'હું સમજી ગઈ. હું હંમેશ માનતી હતી કે તે આવું જ કંઈ કરશે. મેં તેને સદા અવિચારી અને બુદ્ધિ વિનાનો જ માન્યો છે. જનરલ હોવાને કારણે તે બડાઈ હાંકે છે, ઘમંડ રાખે છે. (પણ ખરેખર તો તે કર્નલ હતો. નિવૃત્ત થયા પછી તેને બઢતી અપાઈ હતી.) વહાલી દીકરી, તમે આ ઘરડી સ્ત્રી ઝટપટ મરી જશે કે નહિ તે જાણવા મોસ્કો તાર પર તાર કેમ મોકલ્યા કરતાં હતાં તે બધું હું જાણું છું. તે લોકો મારા પૈસાની રાહ જોતાં હતાં. પેલી નીચ બાઈ શું તેનું નામ ? દ કમિન્જસ, ખરુંને ? તેણે તો આ પૈસા વિના તેને નોકર તરીકે પણ ન રાખ્યો હોત અને ઘરડો થયો છતાંય તે તેને... ! લોકો કહે છે કે તે બાઈ પાસે ખૂબ પૈસા છે. તે વ્યાજે પૈસા ધીરે છે. તે પોતાની સંપત્તિ વધારે છે. હું તને ઠપકો નથી આપતી, પ્રાસ્કોવ્યા. તેં તાર નહોતો મોકલાવ્યો. અને જે કૈં બની ગયું છે તેનો ઉલ્લેખ હું નથી કરવાની. હું જાણું છું કે તારો સ્વભાવ ચીડિયો છે. તું એક નાની ભમરી છે. તું જ્યારે ડંખ મારે છે ત્યારે સોજો ચઢે છે. પણ મને તારું ખૂબ લાગે છે, કારણ કે હું તારી ગરીબ બાપડી મા કેટેરિનાને ખૂબ ચાહતી હતી. ખેર ! આ બધું છોડી તને મારી સાથે આવવું ગમશે ? તારે માટે અહીં કોઈ સ્થાન નથી અને વળી હવે આ બધાં સાથે રહેવું તારે માટે બરોબર નથી. ઊભી રહે !' કશોક ઉત્તર આપવા જતી પોલિનાને દાદીમાએ અધવચ્ચે જ અટકાવી. 'મારી વાત મેં હજી પૂરી કરી નથી. હું તારી પાસે કશું જ માગતી નથી. તું તો જાણે છે કે મોસ્કોમાં એક મહેલ જેટલું મોટું મકાન છે. તારી ઇચ્છા હોય તો તારે માટે તું આખો મજલો રાખી શકે છે અને મારો સ્વભાવ ન ગમતો હોય તો અઠવાડિયાંઓ સુધી મને મળવાનું પણ નહિ. ખેર ! તું તે કરશે ?'

'પહેલાં મને એક વાત પૂછી લેવા દો. અત્યારે જ તમે ઊપડવા માગો છો ?'

'દીકરી, તને એમ લાગે છે કે હું મશ્કરી કરું છું ? મેં જવાનું કહ્યું અને હું જાઉં છું. આજે જે મેં પેલા અતિશય દુષ્ટ જુગારમાં પંદર હજાર રુબલ્સ ગુમાવ્યા. પાંચ વર્ષ પહેલાં, મોસ્કો પાસે આવેલી મારી મિલકતમાં આવેલું લાકડાનું દેવળ પથ્થરનું બાંધી આપવાનું મેં વચન આપ્યું હતું. તેને

બદલે મેં અહીં પૈસા નાંખી દીધા. હવે, દીકરી હવે હું તે દેવળ બાંધવાની છું.'

'પણ પાણીનું શું દાદીમા ? તમે તો ઔષધયુક્ત પાણી પીવા આવ્યાં હતાં, ખરું ને ?'

'તું જાણે ને તારું પાણી જાણે ! મને ગુસ્સે ન કર, પ્રાસ્કોવ્યા તું તે જાણીજોઈને કરે છે ? કહે મને, તું આવે છે કે નથી આવતી ?'

'હું તમારી ખૂબ ઉપકારવશ છું, દાદીમા !' પોલિના લાગણીવશ બની, 'તમે મને જે આશરો આપવા તૈયાર થયાં છો તે માટે. જે પરિસ્થિતિમાં હું છું તે અંગે તમે કૈંક અંશે સાચાં છો. હું તમારી એટલી ઉપકારવશ છું કે હું તમારી પાસે આવીશ, વિશ્વાસ રાખજો અને કદાચ ઘણી વહેલી પણ; પણ અત્યારે તો કારણો છે – અગત્યનાં કારણો. એટલે સત્વરે, આ ક્ષણે જ હું નિર્ણય નથી લઈ શકતી. તમે જો એક કે બે અઠવાડિયાં સુધી રોકાતાં હો તો.'

'એટલે તું એમ કહેવા માગે છે કે તું નથી આવતી ?'

'હું એમ કહેવા માગું છું કે હું નથી આવી શકતી. વળી, કોઈ પણ હિસાબે હું મારાં ભાઈ-બહેનોને ન છોડી શકું અને કદાચ-કદાચ-કદાચ-એવું બને કે તેમને પણ તજી દેવાય. જો તમે તે છોકરાઓ સાથે મને લઈ જશો તો દાદીમા, હું આવીશ અને વિશ્વાસ રાખજો કે હું તેનો તમને બદલો પણ વાળીશ.' પછી ઉષ્માભર્યા સ્વરે તેણે કહ્યું , 'પણ છોકરાઓ વિના તો હું નહિ જ આવી શકું, દાદીમા !'

'બસ, હવે રડતી નહિ !' (પોલિનાનો તેવો કોઈ હેતુ નહોતો અને સાચે જ તે ક્યારેય રડી નહોતી), છોકરાઓ માટે પણ જગ્યા થશે. આ ઘરડીનું ઘર મોટું છે. વળી, હવે તો તેમનો નિશાળે જવાનો પણ સમય થયો છે. તો પછી તું અત્યારે નહિ આવે ? જો, પ્રાસ્કોવ્યા, વિચાર કરી જો. હું તો માત્ર તારું ભલું જ ઇચ્છું છું. પણ હું જાણું છું કે તું કેમ નહિ આવે, હું બધું જ જાણું છું, પ્રાસ્કોવ્યા ! પેલો ફ્રેન્ચ તારું કશું ભલું નહિ કરે.'

પોલિના શરમાઈ, હું ખરેખર કૂદ્યો. (બધાં જ જાણે છે ! એટલે મારા સિવાય બધા જાણે છે !)

'બસ હવે ડોળાં ન કાઢ. હું તને મનાવવાની નથી. માત્ર સાવધ રહેજે કે પરિણામ માઠું ન આવે. સમજી ! તું હોશિયાર છોકરી છે. મને તારું દુઃખ થશે. બસ, આટલું પૂરતું છે. મને થાય છે કે હું તમને કોઈને ન મળી હોત તો સારું થાત. જા, આવજે.'

'હું સ્ટેશન સુધી તમારી સાથે આવીશ, દાદીમા !' પોલિનાએ કહ્યું.

'ના. એમ નહિ, મારા માર્ગમાં ન આવતી. વળી હું તમારા સહુથી થાકી ગઈ છું.' પોલિનાએ દાદીમાના હાથે ચૂમી ભરી પણ તેમણે તેમના હાથ પાછા ખેંચી લીધા અને પોલિનાને ગાલે ચૂમી ભરી.

મારી પાસેથી પસાર થતાં પોલિનાએ સત્વરે મારી ભણી દૃષ્ટિ ફેંકી અને તરત જ નજર ફેરવી લીધી.

'ચાલ, તારી પણ હવે વિદાય, એલેક્સિસ ઈવાનોવિચ ! ટ્રેનને હવે એક જ કલાક બાકી છે અને તુંય મારી સાથે રહીને થાકી ગયો હશે, લે, આ પાંચસો ગલ્ડનના સોનાના સિક્કા.'

'હું નમ્રતાપૂર્વક તમારો આભાર માનું છું, દાદીમા, પણ મારે શરમાવું જોઈએ...'

'રહેવા દે, રહેવા દે...' દાદીમાએ એટલા તો જોરથી ને રોષથી બૂમ પાડી કે હું તેમને ના ન પાડી શક્યો. મેં તે સ્વીકાર્યા.

'જ્યારે તું મોસ્કોમાં નોકરી વિના ભટકતો હોય ત્યારે મારે ત્યાં આવજે. હું તને કેટલીક ઓળખાણો કરાવીશ. જા હવે.'

હું મારા ઓરડામાં જઈ પથારીમાં પડ્યો. હું માનું છું કે મારા માથા નીચે બે હાથ ટેકવી, મારી પીઠ પર હું કલાકેક પડી રહ્યો હોઈશ. હવે આપત્તિ ઊતરી આવી હતી. હવે ઘણું બધું વિચારવાનું હતું. બીજે જ દિવસે પોલિના સાથે વાત કરી જ લેવાનો મેં નિર્ણય કર્યો. ઓહ ! પેલો ફ્રેંચ ! એટલે તે સાચું હતું ? પણ આ સિવાય બીજું હોઈ પણ શું શકે ? પોલિના અને દ ગ્રિયક્ષ સરસ, સરસ ! જુગતે જોડી જામી છે !

આ બધું જ ન માનવા જેવું હતું. એકાએક, ચિંતિત થઈને, હું સત્વરે જ બહાર જઈ આસ્ત્લેને શોધવા કૂદકો મારી ઊભો થયો. કોઈ પણ હિસાબે

હું તેને આ વાત કહેવા ઇચ્છતો હતો. અલબત્ત મારા કરતાં પણ તેને આ અંગે વધુ માહિતી હતી. અને તોય તે આસ્ત્લે ? મારે માટે આ એક બીજું રહસ્ય હતું.

ત્યાં જ મારા બારણા પર અચાનક ટકોરો પડ્યો. મેં જોયું તો ત્યાં પોટાપિચ હતો. 'એલેક્સિસ ઈવાનોવિચ, સાહેબ; મેડમ પાસે આવો. તે તમને મળવા માગે છે.'

'શું થયું ? તે જાય છે ? ટ્રેન આવવાને હજી વીસ મિનિટની વાર છે.'

'મેડમ અસ્વસ્થ છે સાહેબ, તે શાંત રહી શકતાં જ નથી. જલદી કરો, સાહેબ, ઈશ્વરને ખાતર ઉતાવળ કરો.'

હું સત્વરે નીચે દોડ્યો. દાદીમાને પરસાળમાં લાવવામાં આવ્યાં હતાં. તેમનું પાકીટ તેમના હાથમાં હતું.

'એલેક્સિસ ઈવાનોવિચ, મને રસ્તો દેખાડ. આપણે જઈએ છીએ !...'

'ક્યાં, દાદીમા ?'

'હું જીવવાની છું અને હું તે બધું જ જીતીશ. ચાલ, ચાલવા માંડ ! કોઈ સવાલો નહિ. મધરાત સુધી રમત ચાલે છે, ખરું ને ?'

હું મૂઢ બની ગયો પણ ક્ષણના વિચાર પછી મેં નિર્ણય કરી લીધો. 'મને માફ કરજો, એન્તોનિડા વાસિલ્યેવ્ના. હું નહિ આવું.'

'કેમ નહિ આવે ? આ બધું શું છે ? તું પાગલ બની ગયો છે ?'

'મને માફ કરો. પછી મારી જાતને ઠપકો મારે આપવો પડે છે. હું તે નહિ કરું. હું તે નિહાળીશ નહિ કે તેની સાથે કશું પનારું પાડીશ નહિ. મને જવા દો, એન્તોનિડા વાસિલ્યેવ્ના. આ તમારા પાંચસો ગલ્ડન પાછા. આવજો.' અને જે ટેબલ પાસે તેમની ખુરશી હતી તે ટેબલ પર પેલા સોનાના સિક્કાનો ઢગ મૂકી હું ચાલતો થયો.

'સાવ મૂર્ખો !' મારી પીઠ પાછળ જ દાદીમાએ બૂમ પાડી કહ્યું, 'તો ન આવતો. હું મારી જાતે જ રસ્તો શોધી લઈશ. પોટાપિચ, ચાલ, મારી સાથે ચાલ, મને ઊંચકીને લઈ જા.'

આસ્ત્લેને હું શોધી ન શક્યો અને ઘરે પાછો ફર્યો. તે મોડી રાતે, મધરાત પછી મને દાદીમાનો તે દિવસ કેવો ગયો તે પોટાપિચ પાસેથી

સાંભળવા મળ્યું. મેં તેમને વટાવી આપેલા બધા જ પૈસા એટલે કે અમારા પૈસામાંથી વધુ દસ હજાર રુબલ્સ તેમણે ગુમાવ્યા હતા – પેલા જ વામણા પોલૅન્ડવાસી – જેને તેમણે હજી હમણાં જ વીસ ગલ્ડન આપ્યા હતા – ત્યાં તેમની સાથે જોડાયો હતો અને આખો વખત તેમને રમતમાં માર્ગદર્શન આપતો હતો. શરૂઆતથી જ વાત કરું. તે પોલૅન્ડવાસી આવે તે પહેલાં તો પોટાપિચ પાસે તે તેમની હોડ બકાવતાં હતાં, પણ તેમણે તરત જ તેને મોકલી દીધો. તે જ ક્ષણે પોલૅન્ડવાસી દોડતો આવ્યો. ભાગ્યવશાત્ તે રશિયન ભાષા સમજી શકતો હતો અને ત્રણ ભાષાઓના મિશ્રણમાં લવારો કરી શકતો હતો. આથી, તે બંને એકમેકને સમજી શકતાં હતાં. આખો વખત દાદીમાએ નિષ્ઠુરતાથી તેને ઠપકો આપ્યો અને જો કે, હંમેશ તે 'આ મહાન સ્ત્રીના પગમાં દંડવત્ પ્રમાણ કર્યા કરતો હતો તોય તેની તમારી સાથે સરખામણી ન થાય. એલેક્સિસ, ઈવાનોવિચ ?' પોટાપિચે મને કહ્યું, 'તે તમારી સાથે સજ્જન જેવો વ્યવહાર રાખતા હતાં. પણ પેલો તો – ખેર, મેં મારી સગી આંખે દીઠું છે કે તે તેમના પૈસા સીધા જ ટેબલ પરથી ઉઠાવી જતો હતો. જો હું જુઠ્ઠું બોલતો હોઉં તો ઈશ્વર મને મારી નાંખે ! તેમણે પોતે જ તેને ઘણીયે વાર આમ કરતાં પકડ્યો હતો, તેની પાસે પણ ગયાં હતાં અને જીભે જે આવ્યું તે બધું જ કહ્યું હતું. તેમણે તેના વાળ પણ ખેંચ્યા હતા. હું તમારી પાસે જુઠ્ઠું નહિ બોલું, સાહેબ, અને એકએક જણ તેમની સામે જોઈ હસતું હતું. અમે મેડમને અહીં પાછાં લાવ્યાં. તેમણે પીવા માટે થોડુંક પાણી માંગ્યું. તેમણે પ્રાર્થના કરી અને સૂઈ ગયાં. તે થાકી ગયાં હશે, કારણ કે પડતાંવેંત જ ઊંઘી ગયાં, ઈશ્વર તેમને સરસ સ્વપ્નો આપે ! ઓહ ! આ પરદેશના પ્રદેશો.' પોટાપિચે વાત પૂરી કરતાં કહ્યું, 'મેં કહ્યું કે અહીં કશું ભલું નહિ થાય. આપણે જેટલાં વહેલાં મોસ્કો જઈએ તેટલું બહેતર ! એવું કશું જ નથી કે જે મોસ્કોમાં અમારી પાસે ન હોય ! ત્યાં બાગ છે, અહીં તમને ક્યારેય જોવા નથી મળતાં તેવાં ફૂલો છે, સફરજન પણ હવે પાકવા આવ્યાં છે અને ત્યાં અસંખ્ય ઓરડાઓ છે, પણ ના, અમારે પરદેશ આવવું પડ્યું ! ઓહ ! ઓહ !'

૧૩

પ્રબળ, કદાચ ગૂંચવાડાભર્યાં પ્રભાવોને કારણે આરંભાયેલી મારી આ નોંધને અડે લગભગ મહિનો થઈ ગયો, ત્યારે જે આપત્તિને મેં નિકટતાથી નિહાળી હતી તે સાચેસાચ ઊતરી આવી પણ મારી અપેક્ષા કરતાં તે અતિશય ક્રૂર હતી અને અણધાર્યા પ્રકારની હતી. મારે માટે તો તે બધું વિચિત્ર, ગંદું અને કરુણ પણ હતું. કેટલીક વસ્તુઓ જે મને સ્પર્શી ગઈ તે લગભગ ચમત્કારી હતી, કમસે કમ એવું હજી હું વિચારું છું. જો કે બીજી દૃષ્ટિએ અને ખાસ કરીને ત્યારે જેમાં હું સંડોવાયેલો હતો તે અસ્થિર ઘટનાચક્રમાં તે માત્ર સામાન્ય જ હતી, પણ આ સહુ ઘટનાઓ પ્રત્યેનું મારું વલણ તે જ મારે માટે સૌથી મોટી અનન્ય વાત હતી. આજ સુધી તે હું નથી સમજી શકતો અને તે બધું સ્વપ્નવત્ પસાર થઈ ગયું – અરે, મારો આવેશ પણ. તે સાચેસાચ દૃઢ અને સન્નિષ્ઠ હતો, પણ... અત્યારે તેનું શું થયું ? સાચે જ આંતરે આંતરે મારા મનમાં એક વિચાર રમતો હતો, 'સાચે જ, ત્યારે મેં મારા મનનો કાબૂ ગુમાવ્યો હતો ? કોઈ પાગલખાનામાં મેં સઘળો સમય વીતાવ્યો હતો અને કદાચ અત્યારે પણ હું ત્યાં જ છું ? એટલે જ તે બધું માત્ર બનતું હોય તેમ લાગતું હતું અને હજી પણ જાણે બન્યું હોય તેમ લાગે છે ?...'

મેં મારી નોંધનાં પાનાં એકત્રિત કર્યાં, તે આરંભથી તે અંત સુધી વાંચ્યાં. (કોને ખબર, મેં તે પાગલખાનામાં નહોતાં લખ્યાં તેવાં કદાચ આત્મસંતોષ માટે ?) હવે હું સાવ એકલો છું. પાનખરનું આગમન થઈ રહ્યું છે, પાંદડાં પીળાં પડી રહ્યાં છે. હું એક નાના, ખિન્ન ગામમાં બેઠો છું. (કેવાં

ભિન્ન છે આ જર્મનીનાં ગામો પણ !) અને બીજું પગલું વિચારવાને બદલે હમણાં જ માત્ર અનુભવાતી બંધ થયેલી લાગણીઓના પ્રભાવ નીચે, હજી પણ તાજી સ્મૃતિઓના પ્રભાવ નીચે, મને વાવંટોળમાં ઘસડી જઈ ફરી બાજુ પર ફેંકી દીધેલા તાજેતરના ઘટનાચક્રના સઘળા પ્રભાવ નીચે હું જીવું છું. ક્યારેક ક્યારેક, હજી પણ હું અનુભવું છું કે જાણે હું તે વાવંટોળમાં ચકરી લઈ રહ્યો છું, જાણે કે કોઈ પણ ક્ષણે બધું જ ઘસડી જતો તે વંટોળ ફરી આવે, તેના સીમાડામાં મને ફરી ઘસડી જાય, વ્યવસ્થા તથા પ્રમાણનું મારું સઘળું ભાન હડદોળી દે અને મને ચક્કર ચક્કર ઘુમાવ્યા જ કરે, ઘુમાવ્યા કરે.

પણ, તે આખા મહિના દરમિયાન જે કૈં બન્યું તે બધાનો મારે જો ચોક્કસ અહેવાલ આપવો હોય તો કદાચ મારે કૈંક અંશે સ્વસ્થ બનીને આમ ચકરાતાં બંધ થવું જ પડે. મને મારી કલમ ફરી ઉપાડવાની ફરજ પડે છે, અને વળી ક્યારેક સાંજે કશું જ કરવાનું હોતું નથી. આ વિચિત્ર પરિસ્થિતિ છે, પણ મારી જાતને વ્યસ્ત રાખવા માટે અહીંના એક નાના ગ્રંથાલયમાંથી પોલ દ કોકની નવલકથાઓ (જર્મન અનુવાદો) લાવું છું. હું તે ભાગ્યે જ સહી શકું છું અને છતાંય તે નવલકથાઓ વાંચું છું. મને મારી જાતનું આશ્ચર્ય થાય છે – જાણે કે કશાક ગંભીર વાચન કે વ્યવસાય દ્વારા તાજેતરના ભૂતકાળના પ્રભાવમાંથી હું છટકી જઈશ તેનો મને ડર લાગતો હોય ! જાણે કે તે આકારહીન સ્વપ્ન અને તેણે મારા પર કરેલી અસરો મને એટલી તો પ્રિય હોય કે તેને કશોક નવાનો સ્પર્શ થાય અને તે પાતળી હવામાં ઊડી જાય તેવો મને ભય હોય ! તો પછી તે બધું શું મને એટલું બધું પ્રિય છે ? હા, અલબત્ત, તે પ્રિય છે જ, કદાચ ભવિષ્યનાં ચાલીસ વર્ષો પછી પણ હું તે યાદ રાખીશ.

એટલે હું લખવા બેસું છું. જો કે હવે હું તે બધું અંશતઃ અને ટૂંકમાં જ કહીશ. પ્રત્યાઘાત સાવ જુદો છે...

સૌ પ્રથમ તો દાદીમાની વાત પૂરી કરીએ. બીજે દિવસે તેમની સઘળી સંપત્તિ તેમણે ગુમાવી. તેમ જ થવાનું હતું, કારણ કે તેમના જેવી કોઈ પણ

વ્યક્તિ એક વાર જો તે રસ્તે ચઢી જાય તો ધીમે ધીમે તે માર્ગે વેગે ને વેગે જવાની જ. તે બરફ પરથી સ્લેજ[1]માં સરકવા જેવું છે. આખો દિવસ તે રમ્યાં, રાતના આઠ વાગ્યા સુધી હું ઉપસ્થિત નહોતો. મને જે કહેવાયું હતું તે જ હું જાણું છું.

આખો દિવસ સ્ટેશન પર પોટાપિચે તેમના પર નજર રાખી. રમત દરમ્યાન તેમના માર્ગદર્શક બનેલા પેલા પોલૅન્ડવાસીઓ ઘણી વાર બદલાયા. આગલે દિવસે જેના વાળ તેમણે ખેંચ્યાં હતા તેને ઘસડી લાવીને તેમણે રમતનો પ્રારંભ કર્યો. પછી તેને છૂટો કરી બીજો લઈ આવ્યા. બીજો તો પહેલાંથીય બદતર નીકળ્યો. તેને રુખસદ આપી ફરી પાછો પહેલાને બોલાવ્યો. તે હજી ચાલ્યો ગયો નહોતો, ત્યાં જ હતો. તે તેમની ખુરશી પાછળ ધક્કામુક્કી કરતો હતો અને સતત માથું મારવા પ્રયત્ન કરતો હતો – તેને કાઢી મૂક્યો હતો છતાંય. છેવટે, દાદીમા સાવ હતાશ થઈ ગયાં. જેને રુખસદ આપી હતી તે બીજો પોલૅન્ડવાસી પણ કોઈ પણ રીતે જવા માગતો નહોતો. એક તેમની જમણી બાજુએ ઊભો અને બીજો તેમની ડાબી બાજુએ. હોડ બકતી વખતે આખો વખત તે દલીલો તથા ગાળાગાળી કરતા હતા. અને એકબીજાને 'નકામો, રખડેલ' અને પોલૅન્ડની અન્ય લોકપ્રિય ગાળો દેતા હતા. વળી પાછી તેમણે દોસ્તી બાંધી, ગમે તેમ પૈસા વેડફ્યા અને સઘળું અસ્તવ્યસ્ત કરી દીધું. જ્યારે તે ઝઘડ્યા ત્યારે દરેકે પોતાના પક્ષે જુદી જુદી હોડ બકી. ઉદાહરણ તરીકે, એકે લાલ પર અને બીજાએ તે જ સમયે કાળી પર. પરિણામે, તે બંનેએ દાદીમાને સાવ મૂંઝવી દીધાં, ગૂંચવી દીધાં તે એટલે સુધી કે તેમની આંખોમાં આંસુ સાથે તે એક પ્રૌઢ વયના પૈસાની લેતીદેતી કરનાર પાસે ગયાં અને પોતાને રક્ષવા તથા આ બંનેને હાંકી કાઢવા તેને વિનંતી કરી. તેમને ખરેખર સત્વરે કાઢી મૂકવામાં આવ્યા. જો કે ત્યારે તેમણે ઘણી હોહા કરી, બૂમાબૂમ કરી તે છતાંય. તે બંને સત્વરે બૂમો પાડવા લાગ્યા કે દાદીમાએ તેમની પાસેથી ઉછીના પૈસા લીધા છે, તેવું પુરવાર કરવાના તે પ્રયત્ન કરવા લાગ્યા અને તેમને દગો

---

૧. બરફ પર ચલાવવાની ગાડી.

દેવાયો છે, તેમની સાથે દુષ્ટતાપૂર્વક, અપ્રમાણિકતાપૂર્વક વર્તાવ થયો છે તેવું કહેવા લાગ્યા. તે સાંજે, આ બધું બની ગયા પછી, આંખમાં આંસુ સાથે દુ:ખી પોટાપિચે મને આ બધું કહ્યું. તેણે એવી પણ ફરિયાદ કરી કે તે બંનેએ તેમનાં ખિસ્સાં દાદીમાના પૈસાથી ભરી દીધાં હતાં. તેણે એમ પણ કહ્યું કે દાદીમાને નિલજ્જતાથી લૂંટતાં અને તેમના પૈસા સતત પોતાના ખિસ્સામાં ભરતાં તેમને તેણે પોતાની સગી આંખે દીઠા હતા. ઉદાહરણ તરીકે, એક જણ દાદીમા પાસેથી પોતાની મહેનત બદલ પચાસ ગલ્ડન માગતો અને દાદીમા હોડ બકે કે તરત જ તે પૈસાથી હોડ બકતો, જો દાદીમા જીતતાં તો તે બૂમો પાડતો કે પોતે જીત્યો છે અને દાદીમા હાર્યાં છે. જ્યારે તે બંનેને કાઢી મૂકવામાં આવ્યા ત્યારે તેમનાં ખિસ્સાં સોનાથી ભરચક હતાં, તેવું પોટાપિચે કહ્યું. દાદીમાએ આ વાતનો નિકાલ લાવવા પૈસાની લેતીદેતી કરનારને સત્વરે વાત કરી. અને તે બે પોલૅન્ડવાસીઓની હોહા વચ્ચે પણ (બે કૂકડાઓ હાથમાં પકડાયા હોય તેવી ચીસો તે બંને પાડતા હતા.) પોલીસો આવી અને તેમનાં ખિસ્સાં ખાલી કરાવી સોનું દાદીમાને પાછું આપ્યું. જ્યાં સુધી બધું ગુમાવ્યું નહોતું, ત્યાં સુધી સ્ટેશનના બધા ઉચ્ચ અધિકારીઓ તથા પૈસાની લેતીદેતી કરનારાઓ પર દેખીતી રીતે જ દાદીમાની સત્તા ચાલતી હતી. ધીમે ધીમે તેમની ખ્યાતિ ગામ આખામાં પ્રસરી. સ્પાના, બધા જ દેશોના બધાં જ અતિથિઓ – ભલે પછી તે સામાન્ય વ્યક્તિ હોય કે મહત્ત્વની – આ લાખો ગુમાવી બેઠેલી, બાળક જેવી બની ગયેલી આ વૃદ્ધ કાઉન્ટેસને નિહાળવા ટોળે મળ્યાં.

પણ પેલા બે પોલૅન્ડવાસીઓને દૂર કરવા છતાંય દાદીમાને ખૂબ ઓછો લાભ થયો. તેમની જગ્યાએ મુકાયેલી ત્રીજી વ્યક્તિ રશિયન ભાષા બોલતી હતી અને તેનો પોશાક સજ્જન જેવો હતો. જો કે, તેની મોટી મૂછો અને ભરાવદાર વાળને કારણે તે નોકર જેવો લાગતો. તેણે પણ દાદીમાનાં ચરણ ચૂમ્યાં અને તેમને દંડવત્ પ્રમાણ કર્યાં, પણ આસપાસના સહુ લોકો સાથે તેનું આચરણ અસહ્ય હતું, તે અમર્યાદપણે હુકમો આપતો – ટૂંકમાં, સત્વરે જ તેણે દાદીમાના નોકરને બદલે દાદીમાના માલિક તરીકે પોતાને

પ્રસ્થાપિત કર્યો. પ્રત્યેક ક્ષણે, રમતને પ્રત્યેક તબક્કે, તે દાદીમા ભણી લળી શપથ લેતો કે તે 'એક સજ્જન પોલૅન્ડવાસી હતો.' અને દાદીમાના પૈસામાંથી તે એક કોપેક પણ નહિ લે. તેણે વારંવાર આ શપથનું એવું તો પુનરાવર્તન કર્યું કે દાદીમા અંતે ડરી ગયાં. પણ, પ્રારંભમાં તે પોલૅન્ડવાસી સજ્જન ખરેખર બાજી સુધારતો હતો અને જીતવા માંડ્યો હતો. આથી, દાદીમાને થયું કે તેમને તેના વિના નહિ ચાલે. એક કલાક પછી, પેલા હાંકી કાઢેલા બંને પોલૅન્ડવાસીઓ સ્ટેશને પાછા આવી દાદીમાની ખુરશી પાછળ ઊભા રહ્યા. તેમણે ફરી પોતાની સેવા આપવાની તત્પરતા દર્શાવી, જો તેમને સંદેશો મોકલવામાં આવે તો. પોટાપિચે સોગંદપૂર્વક કહ્યું, 'પેલા સજ્જન પોલૅન્ડવાસીએ' તેમની સાથે આંખો વડે કૈંક ઇશારો કર્યો હતો અને તેમની મુઠ્ઠીમાં કશુંક મૂક્યું હતું. દાદીમાએ ખાધું નહોતું, પોતાની ખુરશી છોડી નહોતી એટલે એક પોલૅન્ડવાસી કૈંક ઉપયોગી નીવડ્યો. તે પાસેના સ્ટેશનના ડાઇનિંગ રૂમમાં ગયો, તેમને માટે સૂપનો પ્યાલો લઈ આવ્યો અને થોડી વાર પછી ચા પણ લઈ આવ્યો. બંને તેમની આસપાસ ઘૂમતા રહ્યા. પણ દિવસને અંતે સૌને જ્યારે સ્પષ્ટ થયું કે તેમની પાસે માત્ર છેલ્લી જ નોટ રહી છે, ત્યારે પહેલાં નહિ દીઠેલા કે સાંભળેલા અડધો ડઝન પોલૅન્ડવાસીઓ તેમની ખુરશીની પાછળ ઊભા રહ્યા હતા. અને જ્યારે તે તેમની આખરી સંપત્તિ ખોતાં હતાં ત્યારે તે બધાએ તેમનું કહેવું માનવું તો બંધ કર્યું એટલું જ નહિ તેમની સામે પણ દીઠું નહિ. ખરેખર, તેમને પડખે થઈ તે ટેબલ પર ચઢી ગયા, સહુએ જાતે જ બધા પૈસા ઝૂંટવી લીધા, પોતાના નિર્ણયો કરી તે પૈસા વડે હોડ બકી, ઝઘડ્યા, શોરબકોર મચાવ્યો અને 'આદરણીય સજ્જન પોલૅન્ડવાસી' સાથે મદ્યપાન કર્યું અને તે આદરણીય સજ્જન પોલૅન્ડવાસી પોતે પણ દાદીમાની હયાતી ભૂલી ગયો. બધું જ પોતાની છેલ્લામાં છેલ્લી પેની ગુમાવીને રાતના આઠ વાગ્યે જ્યારે દાદીમા હોટેલે પાછાં ફરતાં હતાં, ત્યારે પણ બે-ત્રણ પોલૅન્ડવાસીઓએ તેમનો કેડો ન મૂક્યો, ને તેમની ખુરશી સાથે દોડતા-રાડો પાડતા હતા. દાદીમાએ તેમને દગો દીધો છે અને તેમણે તેમના પૈસા પાછા આપી દેવા જોઈએ એવા

અસ્પષ્ટ, અસંગત આક્ષેપો મૂકતા હતા. આખે રસ્તે, તે સહુ હોટેલ સુધી તેમની પાછળ આવ્યા. ત્યાંથી તેમને ધક્કો મારી કાઢી મૂકવામાં આવ્યા.

પોટાપિચની સ્મૃતિ મુજબ તો દાદીમાએ તે દિવસે બધું મળીને કૈંક નેવું હજાર રુબલ્સ ગુમાવ્યા હતા. આગલે દિવસે ગુમાવી હતી તેના કરતાંય આ મોટી રકમ હતી. તેમની સઘળી જામીનગીરી, પાંચ સેન્ટની નોટો, સરકારી ધિરાણો અને તેમની પાસેના શૅરો ક્રમશઃ વટાવવામાં આવ્યા હતા. મને આશ્ચર્ય થાય છે કે તેમણે એક ક્ષણ પણ ટેબલ છોડ્યા વિના, પોતાની ખુરશીમાં બેઠાં બેઠાં છ-સાત કલાક સુધી આ કેમ સહ્યું હશે ? પણ પોટાપિચે મને કહ્યું કે બે કે ત્રણ વાર તે ખરેખર સારી મોટી રકમ જીત્યાં હતાં એટલે આશામાં ને આશામાં તે ટેબલ છોડી શકતાં નહોતાં. જો કે, જુગારીઓ તો જાણે જ છે કે પાનાં રમતી વ્યક્તિ, પોતાની અડખેપડખે જોયા વિના એક જ જગ્યાએ ચોવીસ કલાસ સુધી બેસી શકે છે !

તે દરમિયાન, હોટેલમાં પણ તે આખો દિવસ નિર્ણયાત્મક ઘટનાઓ બનતી હતી. સવારના અગિયાર વાગ્યા પહેલાં, જ્યારે દાદીમા ઘરે જ હતાં ત્યારે, અમારી મંડળીના સભ્યો એટલે કે જનરલ તથા દ ગ્રિયક્ષે આખરી ચાલ ચાલવાનો નિર્ણય કરી લીધો હતો. જ્યારે તેમણે જાણ્યું કે દાદીમા તો જવાનું વિચારતાં નથી, ઊલટું, જુગારના ઓરડાઓમાં ઊપડવા તૈયાર થયાં છે ત્યારે તે સહુ (પોલિના સિવાય) તેમની સાથે આ વાત અંગે છેલ્લી વાર ખુલ્લેઆમ ચર્ચા કરવા તેમને જાતે મળવા ગયાં. ધ્રૂજતા જનરલે – પોતાને વેઠવાં પડનારા ભયંકર પરિણામોના ખયાલે – તેમની સાથે કૈંક વધુ પડતો વર્તાવ પણ કર્યો. અડધો કલાક સુધી વિનંતી અને આજીજી કર્યા પછી, પોતાના ઋણનો તથા મેડમઝે'લ બ્લાન્ચ સાથેના પોતાના પ્રેમનો પૂરો અને નિખાલસ એકરાર કર્યા પછી (તે ભાન ગુમાવી બેઠો હતો.) અચાનક તે તેમને ધમકી આપવા માંડ્યો, અરે, રાડો પાડવા માંડ્યો અને દાદીમા સામે પગ પણ ઠોકવા માંડ્યો. તેણે રોષપૂર્વક કહ્યું કે તે તેમના કુળનું નામ બોળી રહ્યાં છે, આખા ગામની કૂથલી બની રહ્યાં છે... અને છેવટે, છેવટે તેણે એવી પણ રાડ પાડી : 'મેડમ ! તમે રશિયાનું કલંક છો.' વળી, તેણે

એમ પણ ઊમેર્યું કે આવાં કામ માટે પોલીસ પણ છે. છેવટે, દાદીમાએ પોતાની લાકડી મારીને તેને કાઢી મૂક્યો. સવારે જનરલ તથા દ ગ્રિયક્ષે બે કે ત્રણ વાર સંતલસ કરી. ખરેખર, કોઈ પણ પ્રકારે તેઓ પોલીસનો ઉપયોગ કરી શકે કે નહિ તે જ તેમની ચર્ચાનો મુદ્દો હતો. તેમનો મુદ્દો તે હતો કે આ એક કમભાગી પણ સમ્માનીય વૃદ્ધા હતી, તેની બુદ્ધિ બહેર મારી ગઈ હતી અને તેના સઘળા પૈસા જુગારમાં મૂકતી હતી વગેરે વગેરે. ટૂંકમાં, તે લોકો તેને નજરકેદમાં મૂકવાની કે તેને અટકાવવાની કોઈ યુક્તિ શોધી ન શકે ?... પણ દ ગ્રિયક્ષે માત્ર પોતાના ખભા હલાવ્યા અને પોતાની સામે બકવાસ કરતા, બેઠકખંડમાં ઉતાવળે આંટા મારતા જનરલના મોં સામે હસ્યો. છેવટે, દ ગ્રિયક્ષે આખી વાત જ હાથ હલાવી હસી કાઢી અને ક્યાંક અદશ્ય થઈ ગયો. સાંજે ખબર પડી કે તે તો હોટેલ પણ છોડી ગયો હતો. અને તેમ કરતાં પહેલાં તેણે મેડમઝે'લ બ્લાન્ચ સાથે ખાનગીમાં કેટલીક નિર્ણયાત્મક ચર્ચા પણ કરી હતી. મેડમઝે'લ બ્લાન્ચે તો વહેલી સવારથી જ પોતાના અંતિમ નિર્ણયો લઈ લીધા હતા. તેણે જનરલને સાવ હડસેલી દીધો હતો અને તેને મળવાનો પણ ઇન્કાર કર્યો હતો. જ્યારે જનરલ તેમની પાછળ સ્ટેશને ગયો, ત્યારે તેણે તેને રાજકુમારના હાથમાં હાથ ભરાવીને જતી નીરખી. તેણે તથા તેની વિધવા માતા મેડમ કમિન્જસે તેને ઓળખવાનો ઇન્કાર કર્યો. રાજકુમારે પણ નમન ન કર્યું. તે આખો દિવસ મેડમઝે'લ બ્લાન્ચે રાજકુમારને જીતવા માટે જ પ્રયત્ન કર્યો, તેનો આખરી નિર્ણય સાંભળવા બધા જ પ્રયત્નો કર્યા. પણ રાજકુમાર પર મદાર રાખવામાં તે નિષ્ઠુરપણે છેતરાઈ હતી ! આ કરુણાંતિકા સાંજે બની. અચાનક ત્યારે જાણ થઈ કે તે તો દેવળના ભિખારી જેવો ગરીબ હતો. અને વળી તે વચનચિઠ્ઠી લખી આપીને તેની પાસેથી પૈસા ઉછીના લેવાનું વિચારતો હતો અને તે પૈસાથી જુગાર રમવા માગતો હતો. બ્લાન્ચે નિષ્ઠુરતાપૂર્વક તેને હાંકી મૂક્યો અને પોતાના ઓરડામાં તે એકલી બેસી રહી.

તે જ દિવસે સવારે હું આસ્ત્લેને મળવા ગયો હતો અથવા તો એમ પણ કહી શકાય કે આખી સવાર મેં તેની શોધમાં ગાળી હતી પણ તેને

શોધી શક્યો નહોતો. તે નહોતો ઘરે, નહોતો સ્ટેશને કે નહોતો ઉદ્યાનમાં. આ પ્રસંગે તે તેની હોટેલમાં જમ્યો પણ નહોતો. ચાર કે પાંચની વચ્ચે અચાનક જ મેં તેને રેલવેના પ્લેટફોર્મ પરથી હોટેલ દ'આંગ્લેતેરેં' જતાં દીઠો. તે ઉતાવળો તથા અધીરો હતો. જો કે, તેના ચહેરા પર આવી અધીરાઈ કે આવી અસ્વસ્થતાનાં ચિહ્નો દેખાતાં નહોતાં. તેણે સૌજન્યપૂર્વક મારી સામે હાથ ઊંચો કર્યો અને રોજની જેમ બોલ્યો : 'અરે !...' પણ તે રોકાયો નહિ, તે જ ઉતાવળે તે ચાલવા માંડ્યો. હું તેની સાથે જોડાયો પણ કોણ જાણે તેણે મને એવી રીતે ઉત્તર આપ્યો કે તેને કોઈ પણ વાત અંગે પ્રશ્નો પૂછવાનો મને સમય જ ન રહ્યો. મેં તેને દાદીમાની વાત કરી. તેણે તે ગંભીરતાપૂર્વક, ધ્યાનપૂર્વક સાંભળી અને તેના ખભા હલાવ્યા.

'તે બધું જ ગુમાવશે.' મેં કહ્યું.

'હાસ્તો', તેણે ઉત્તર આપ્યો, 'તું જાણે છે કે મેં સ્ટેશન છોડ્યું તે પહેલાં જ તેમણે જુગાર રમવાનું શરૂ કરી જ દીધું છે અને એટલે હું ચોક્કસ જાણું છું કે તે બધું જ ગુમાવશે. જો મને સમય મળશે તો તે નીરખવા હું સ્ટેશને જઈશ, કારણ કે તે રસપ્રદ ઘટના છે.'

'તું ક્યાં ગયો હતો ?' મેં ઊંચા સાદે પૂછ્યું. હું પહેલાં આ પૂછવાનું કેમ ભૂલી ગયો હતો તેની મને નવાઈ લાગી.

'હું ફ્રાંકફર્ટ ગયો હતો.'

'કોઈ કામે ?'

'હા, કામે.'

ખેર ! હવે હું ક્યા વધારે પ્રશ્નો પૂછી શકું ? તોય, હું તેની સાથે ચાલતો રહ્યો. પણ તે તો અચાનક જ રસ્તા પર આવેલી હોટેલ દેસ કવાત્રે સૈસન્સ તરફ વળ્યો, માથું ઝુકાવી અદશ્ય થયો. ઘરે આવ્યા પછી મને ધીમે ધીમે ભાન થયું કે જો મેં બે કલાક સુધી તેની સાથે વાત કરી હોત તોય મને કશું જ જાણવા ન મળ્યું હોત, કારણ કે મારે પૂછવાનું કશું હતું જ નહિ. હા, એમ જ હતું ! સાચે જ, એવો કોઈ જ રસ્તો નહોતો કે હું પૂછવાના સવાલોય ઊભા કરી શકું.

તે આખો દિવસ પોલિના, બાળકો અને તેમની આયા સાથે ઉદ્યાનમાં ગઈ કે પછી ઘરે જ રહી. લાંબા સમયથી તે જનરલની ઉપેક્ષા કરતી હતી. ભાગ્યે જ તેની સાથે બોલતી હતી અને તેય તે ગંભીર વિષયની તો વાત કરતી જ નહોતી. મેં ક્યારનુંય તે જોયું હતું, પણ તે દિવસની જનરલની પરિસ્થિતિ જાણતાં મેં વિચાર્યું કે જનરલ તેને ટાળી નહિ શકે, એટલે કે અગત્યની કૌટુંબિક ચર્ચાઓ તો થશે જ. પણ જ્યારે આસ્ત્લેને મળીને હું હોટેલ પાછો ફરતો હતો, ત્યારે હું પોલિના તથા બાળકોને મળ્યો. તેના ચહેરા પર અતિ સ્વસ્થ શાંતિ હતી, જાણે કે તે એકલી જ આ કૌટુંબિક ઝંઝાવાતથી પર રહી હોય ! મારા નમન સામે તેણેય તેનું શિર ઝુકાવ્યું. હું અસ્વસ્થ મને મારા ઓરડામાં પહોંચ્યો.

અલબત્ત, હું જ તેની સાથે વાત કરવાનું ટાળતો હતો. અને પેલી વર્મેરહેલ્મ ઘટના પછી તેની સાથે હું ભાગ્યે જ બોલ્યો હોઈશ. આમાં કૈંક મારું વલણ પણ ઘમંડી અને ડોળભર્યું હતું, પણ જેમ જેમ વધુ સમય જતો ગયો તેમ મારો રોષ વધતો ગયો, ઊકળતો ગયો. જો તેને મારા પ્રત્યે લગીરે આદર ન હોય તો ભલે, પણ તેણે આ રીતે મારી લાગણીઓ કચડી ન નાંખવી જોઈએ અથવા તો મારા લાગણી પ્રદર્શનનો આવો તોછડો તિરસ્કાર ન કરવો જોઈએ. આમ તો, તે જાણે જ છે કે હું તેને અત્યંત ઉત્કટતાથી ચાહું છું. તેણે જ મને તે રીતે તેની વાત કરવાની સંમતિપૂર્વક છૂટ આપી છે. તે સાચું કે આખી વાતનો પ્રારંભ કૈંક વિચિત્ર રીતે થયો. થોડા સમય પહેલાં જ, હજી હમણાં બે મહિના પહેલાં જ મેં તે નીરખવા માંડ્યું કે મને મિત્ર બનાવવા, મારામાં વિશ્વાસ મૂકવા તે ઇચ્છતી હતી. અને કૈંક અંશે તેમ કરવાનો ખરેખર તે પ્રયત્ન કરતી હતી, પણ ત્યારે, કોઈ પણ કારણે અમારી વચ્ચે તેવું કશું જ ન બની શક્યું. ઊલટું, અમારી વચ્ચે અત્યારનો વિચિત્ર સંબંધ જ રહ્યો. અને એટલા જ માટે મેં પહેલાંની જેમ તેની સાથે બોલવું શરૂ કર્યું. પણ જો મારા પ્રત્યે તેને અરુચિ હોય તો પછી તે મને તે વ્યક્ત કરવાની સ્પષ્ટ ના કેમ પાડતી નથી ?

મને ના નહોતી પાડી. ક્યારેક તો તે જ મને તેવી વાત કરવા પ્રેરતી અને... અલબત્ત, પોતાના રંજન કાજે તે આમ કરતી. હું જાણું છું કે તે જ સાચું છે. મેં બરોબર તે નિહાળ્યું હતું કે મને સાંભળ્યા પછી મને આઘાત પહોંચાડતા, અતિશય તિરસ્કારભર્યા અને વિવેકહીન એવા કોઈ પણ બહાને અચાનક મને ધુત્કારતાં તેને ફાવી ગયું હતું અને તે જાણતી હતી કે હું તેના વિના રહી શકતો નથી. જર્મન ઉમરાવની ઘટનાને બન્યે આજે ત્રણ દિવસ વીતી ગયા છે. અને હવે હું ઝાઝી વાર અમારાં બે વચ્ચેનો વિયોગ સહી શકું તેમ નથી. જ્યારે હું તેને સ્ટેશન પાસે મળ્યો ત્યારે મારું હૃદય એટલા જોરથી ધબકવા માંડ્યું કે હું ફિક્કો પડી ગયો. પણ સાચે જ, તેય શું મારા વિના નહિ જીવી શકતી હોય ? તેને મારી જરૂર છે – તે શું માત્ર તેના રંગલા તરીકે જ હોઈ શકે ?

તેની પાસે એક રહસ્ય છે – તે તો સ્પષ્ટ છે. દાદીમા સાથેની તેની વાતોથી મારું હૈયું ઘવાયું છે. હજાર વાર મેં તેને આગ્રહ કર્યો છે કે તે મારી સાથે મોકળે મને વાત કરે અને તેને તો ખબર જ હશે કે હું તેને માટે જીવ આપવા પણ તૈયાર હતો ! પણ તેણે હંમેશાં મને ટાળ્યો છે અને તે ય તિરસ્કારપૂર્વક અથવા તો મારું જીવન સમર્પવાની મારી તત્પરતા સ્વીકારવાને બદલે તેણે ઉમરાવની ઘટના જેવી કોઈક ગાંડીઘેલી ઘટનાની અપેક્ષા રાખી છે. આનાથી આઘાત ન પહોંચે તો થાય શું ? શું પેલો ફ્રેન્ચ તે જ તેનું સમગ્ર વિશ્વ હશે ? અને આસ્ત્લે પણ ? પણ આ રીતે તો પ્રશ્ન નક્કી પેચીદો બન્યો અને તે દરમ્યાન ભગવાન, મેં મારી જાતને કેટલી પીડી !

ઘરે પહોંચ્યા પછી, ક્રોધાવેશમાં મેં હાથમાં પેન લીધી અને નીચેની પંક્તિઓ તેને લખી :

પોલિના એલેક્સેન્ડ્રોવ્ના, હવે મને સ્પષ્ટ દેખાય છે કે ઘટનાઓ પરાકાષ્ઠાએ પહોંચી ગઈ છે અને તેનું પરિણામ તારે ય ભોગવવું પડશે. હું ફરી ફરી એ જ વાત આખરી વાર કહું છું – તું મારું જીવન ઇચ્છે છે કે નહિ ? જો, કોઈ પણ કામ માટે તારે મારી જરૂર હોય તો હું તારે શરણે

જ છું અને એટલું પણ જણાવી દઉં કે મોટા ભાગનો સમય હું મારા ઓરડામાં જ હોઈશ અને હું ચાલ્યો નહિ જાઉં. જો જરૂર પડે તો મને લખજે કે સંદેશો કહાવજે.'

મેં ચિઠ્ઠીને મહોર મારી અને મજલાના વેઇટર સાથે તે મોકલી. મેં તેને આજ્ઞા આપી કે તેણે તે ચિઠ્ઠી તેના હાથમાં જ આપવી. મેં ઉત્તરની અપેક્ષા ન રાખી પણ ત્રણ મિનિટ પછી નોકર સંદેશો લઈને આવ્યો કે, 'બાનુ તમારો આભાર માને છે.'

છ અને સાતની વચ્ચે જનરલે મને બોલાવ્યો.

તે તેના બેઠકખંડમાં હતો, બહાર જવાની તૈયાર કરતો હોય તેવાં વસ્ત્રો તેણે પહેર્યાં હતાં. સોફા પર તેનાં હેટ-લાકડી પડ્યાં હતાં. અંદર પ્રવેશતાં મને એવું લાગ્યું કે તે ખંડની મધ્યમાં પગ પહોળા રાખી, માથું ઝુકાવીને ઊભો છે, જોરથી તે સ્વગત વાતો કરી રહ્યો છે. પણ મને જોતાંવેંત જ તે મારી સામે ચીસ પાડતો ધસી આવ્યો. આથી, કમને પણ પાછો ખસી હું દોડી ગયો, પણ તેણે મને બંને હાથ વડે પકડી સોફા ભણી ખેંચ્યો. તે તેના પર બેઠો અને મને તેની સામે પડેલી આરામ ખુરશીમાં બેસાડ્યો અને મારા હાથ છોડ્યા વિના આજીજીભર્યા સ્વરે, કંપતા હોઠે અને પાંપણો પર અચાનક ચમકતાં આંસુ સાથે કહેવા માંડ્યો, 'એલેક્સિસ ઈવાનોવિચ ! મને બચાવ, બચાવ, મારા પર દયા કર !'

લાંબા સમય સુધી મને સમજણ ન પડી. તે બોલ્યે જતો હતો. બોલતો જ હતો, બોલતો જ હતો અને સતત દુહરાવતો હતો, 'દયા કર ! દયા કર !' અંતે, મેં અનુમાન્યું કે તે મારી પાસે કશી સલાહ માગતો હતો અથવા તો બધાએ જ તેનો ત્યાગ કર્યો હોવાથી, હતાશ તથા અધીરા બની તેણે મને યાદ કર્યો હતો અને તે પેટ ભરીને વાતો કરી શકે તેટલા માટે મને બોલાવ્યો હતો.

તે પાગલ બન્યો હતો અથવા તો અસ્વસ્થ તો હતો જ. તે તેના હાથ મસળતો હતો અને મેડમઝે'લ બ્લાન્ચ પાસે જવા, તેને વિનંતી કરવા, તેને

આજીજી કરવા, પાછી ફરી તેની સાથે લગ્ન કરવા સમજાવવા જવા તે મને પગે પડવા પણ તૈયાર હતો. (આ તમને કેવું લાગે છે ?)

'ભગવાનને ખાતર તે જવા દો, જનરલ !' મેં બૂમ પાડી ! 'મેડમઝે'લ બ્લાન્ચે કદાચ મારી હયાતી હજી સુધી નોંધી નથી ! હું આમાં શું કરી શકું ?'

પણ વિરોધ કરવાનો કશો અર્થ નહોતો. તેને જે કૈં કહેવાયું તે તે સમજ્યો જ નહિ. તે દાદીમા વિશે પણ બોલવા માંડ્યો, પણ ભયંકર અસંગતતાપૂર્વક. હજી તે પોલીસ મોકલવાના પોતાના ખ્યાલને વળગી રહ્યો હતો.

'આપણા દેશમાં, આપણા દેશમાં,' અચાનક તેણે રોષભભૂકતા સ્વરે કહેવા માંડ્યું. 'ટૂંકમાં, આપણા દેશમાં, સુવ્યવસ્થિત રાજ્યમાં જ્યાં યોગ્ય સરકાર છે ત્યાં આવી વૃદ્ધાઓ માટે સત્વર પાલકો નિમાયા હોત ! હા, મારા વહાલા મહેરબાન, હા, મહેરબાન,' તે બોલ્યે જ ગયો, ક્યારેક તેના અવાજમાં ઉપાલંભ તરવરતો હતો. પોતાની બેઠક પરથી ઊભો થઈ, ઓરડામાં આંટા મારતાં તે બોલતો હતો, 'તું તે જાણતો નથી, મારા વહાલા મહેરબાન !' (તે ખૂણાના કોઈ કલ્પિત 'વહાલા મહેરબાનને' સંબોધન કરતો હતો.) 'એટલે હું તને કહું... હા, મહેરબાન... આપણા દેશમાં આવી ઘરડી સ્ત્રીઓને તેમને ઘરે રાખવામાં આવે છે, તેમને ઘરે, મહેરબાન, તેમને ઘરે, હા, મહેરબાન... છટ્ ! પડતી મૂકો તે વાત.'

અને ફરી પાછો તે સોફા પર બેસી ગયો, પણ એક મિનિટ પછી લગભગ હીબકાં ભરતો, એ એકીશ્વાસે ગણગણતો હતો કે મેડમઝે'લ બ્લાન્ચ તેને નહિ પરણે, કારણ કે તારને બદલે દાદીમા આવી પહોંચ્યાં હતાં અને હવે તે સ્પષ્ટ હતું કે તેને તેમનો વારસો નહિ મળે. તે એમ માનતો હતો કે હજી હું આમાંનું કશું જ જાણતો નથી. મેં દ ગ્રિયક્ષની વાત કાઢી. તેણે હાથ હલાવી સાંભળવાની ના પાડી.

'તે ચાલ્યો ગયો ! મારું બધું જ તેને ગીરવે મુકાયું છે. મારાં તો કપડાં ઉતારી લેવાયાં છે. તું જે પૈસા લાવ્યો – પેલાં પૈસા – મને ખબર નથી કે તે કેટલા છે. હું માનું છું કે તેમાંથી લગભગ સાતસો ફ્રાન્ક બચ્યા છે.

હવે મારે વધુ કૈં કહેવાની જરૂર છે ? બસ. એટલું જ બચ્યું છે. અને તે વપરાઈ જાય પછી.. હું નથી જાણતો ભૈલા, હું કૈં નથી જાણતો.'

'તો પછી તમે આ હોટેલનાં બિલ કેમ ચૂકવશો ?' મેં ભયસહ બૂમ પાડી, 'અને પછી શું થશે ?'

તેણે એકધ્યાને મારી સામે નિહાળ્યું પણ મેં જે કૈં કહ્યું તેમાંનું કશું જ કદાચ, તે સમજ્યો નહોતો, કદાચ તેણે સાંભળ્યું નહોતું. મેં પોલિના એલેક્સેન્ડ્રોવ્ના અંગે, બાળકો અંગે વાતો કરી. તેણે ઉતાવળે ઉત્તર આપ્યો, 'હા-હા-' પણ ફરી પાછો સત્વરે રાજકુમારની વાતો કરવા લાગ્યો અને બ્લાન્ચ હવે તેની સાથે ભાગી જશે તેની અને પછી, 'અને પછી મારે શું કરવું, એલેક્સિસ ઈવાનોવિચ ?' અચાનક મારા ભણી વળી તેણે પૂછ્યું, 'ભગવાનના સોગંદ ! હું નથી જાણતો કે મારે શું કરવું ? કહે મને, આ નરી કૃતઘ્નતા નથી ? નરી કૃતઘ્નતા નથી ?'

અને અંતે તેની આંખોમાંથી દડદડ આંસુ સરી પડ્યાં.

આવા માણસ સાથે કશું જ ન થઈ શકે. તેને એકલો મૂકવો તે પણ ખતરનાક હતું. તેને કૈંક થઈ જાય. ગમે તેમ કરી મેં તેનાથી છુટકારો મેળવ્યો. પણ મેં આયાને આ હકીકત જણાવી કે જેથી તે બને તેટલી વાર અંદર નજર નાંખે. તદુપરાંત તે મજલાના વેઇટર સાથે પણ મારે વાત થઈ. તે સમજુ માણસ હતો. તેણે મને વચન આપ્યું કે તે પણ જનરલનું ધ્યાન રાખશે.

હજી હું નજરલ પાસેથી માંડ છૂટો થયો હઈશ, ત્યાં જ પોટાપિચ દાદીમાનો હુકમ લઈ આવ્યો. ત્યારે આઠ વાગ્યા હતા અને તે, તેમની અંતિમ પરાજય શ્રેણી પછી સ્ટેશનથી હજી હમણાં જ પાછાં ફર્યાં હતાં. હું તેમના ઓરડામાં ગયો, દાદીમા આરામખુરશીમાં બેઠાં હતાં, સાવ થાકેલાં અને માંદાં દેખાતાં હતાં. માર્થા તેમને ચાનો પ્યાલો આપતી હતી. તેણે તેમને બલાત્ ચા પિવડાવી. દાદીમાનો અવાજ તથા સ્વર સાવ બદલાઈ ગયાં હતાં.

'ગુડ ઈવનિંગ, એલેક્સિસ ઈવાનોવિચ, મારા વહાલા,' તેમણે તેમનું શિર ધીમેધીમે, ગૌરવભેર ઊંચકતાં કહ્યું, 'તને ફરી તકલીફ આપવા બદલ ક્ષમા કરજે. તારે આ ઘરડી સ્ત્રીને માફી આપવી જ પડશે. મારી પાસે જે

કાંઈ હતું તે ટેબલ પર મૂકીને આવી. ગઈ કાલે તું મારી સાથે ન આવ્યો તે સારું થયું. હવે મારી પાસે એક પણ પૈસો નથી; એક દમડી પણ નહિ. હવે ક્ષણની પણ વાર હું નથી કરવાની. સાડા નવ વાગે હું જાઉં છું. મેં તારા અંગ્રેજ ભાઈબંધ આસ્ત્લેને બોલાવ્યો છે. સમજ્યો? અને એક અઠવાડિયા માટે ત્રણ હજાર ફ્રાન્ક હું તેની પાસે ઉધાર માગવાની છું. એટલે તું તેને સમજાવજે કે તે કૈં ઊંધું ન વિચારે અને મને ઉછીના પૈસા આપવાનો ઇન્કાર ન કરે. હજી મારી પાસે પૈસા છે. દોસ્ત, મારી પાસે ત્રણ ગામડાં અને બે ઘરો છે. વળી, હજી બીજા પૈસા પણ મારી પાસે છે, હું તે બધા સાથે લઈને નથી આવી. હું તને એટલા માટે આ કહું છું કે તેને કાંઈ વહેમ ન આવે. અરે, પણ આ તે આવી પહોંચ્યો. કેટલો સરસ માણસ છે તે! તું જુએ છે ને?'

દાદીમાનો પહેલો આદેશ મળતાં જ આસ્ત્લે દોડતો આવી પહોંચ્યો હતો. લગીરે વિચાર કરવા રોકાયા વિના અને થોડાક શબ્દોથી સવિશેષ કશું જ કહ્યા વિના તેણે ત્રણ હજાર ફ્રાન્ક ગણી આપ્યા અને વચનચિઠ્ઠી પર દાદીમાની સહી કરાવી. કામ પૂરું થતાં જ તે રજા લઈ સત્વરે ઊપડી ગયો.

'હવે તું ય જા, એલેક્સિસ ઈવાનોવિચ. હવે માંડ એક કલાક બાકી છે – મારે સૂવું છે, મારાં હાડકાં દુ:ખે છે. મારો ઝાઝો વિચાર ન કરીશ. હું એક મૂરખ, ઘરડી સ્ત્રી છું. હવે હું જુવાનોને બેકાળજી બનવા બદલ ઠપકો નહિ આપું અને પેલા તારા કમનસીબ જનરલને પણ ઠપકો આપવાનો મને હક નથી. પણ તે માગે છે તે પૈસા હું તેને નહિ આપું, કારણ કે મારે મન તે સાવ મૂરખ છે. જો કે, હું પોતે તેનાથી વધુ ડાહી નથી. હું તો ઘરડી મૂરખ સ્ત્રી છું. તે સાચું છે કે ઈશ્વર પણ ઘરડાઓનાં અભિમાનનાં પાપનો બદલો આપે છે. અચ્છા. આવજે. માર્થા, 'મારી વહાલી, મને ઊભી કર.'

પણ હું દાદીમાને વિદાય આપવા ઇચ્છતો હતો. વળી, કૈંક અપેક્ષા પણ રાખતો હતો. આખો વખત, કોઈ પણ ક્ષણે કશુંક બને તેવી મારી અપેક્ષા હતી. હું મારા ઓરડામાં સ્વસ્થ ન બેસી શક્યો. હું પરસાળમાં આંટા મારતો

હતો. અરે, વીથિમાં જઈને બેએક મિનિટ સુધી ત્યાં લટાર પણ મારી આવ્યો. પોલિનાને મેં લખેલી ચિઠ્ઠી સ્પષ્ટ તથા નિર્ણયાત્મક હતી અને અત્યારની આ આપત્તિ અલબત્ત, આખરી જ હતી. હોટેલમાં મેં દ ગ્રિયેક્ષના ચાલ્યા જવા વિષે સાંભળ્યું, છેવટે જો મિત્ર તરીકે મારો સ્વીકાર ન કરે તો પણ કદાચ તે નોકર તરીકે મારો અસ્વીકાર નહિ કરે. તેને મારી જરૂર છે, કૈં નહિ તો સંદેશા મોકલવા પૂરતી ય. અને હું તેને ઉપયોગમાં આવીશ બીજું શું ?

ટ્રેનના સમયે હું સ્ટેશનના પ્લેટફોર્મ પર ગયો અને દાદીમાને ટ્રેનમાં બેસાડ્યાં. તે બધાંએ સામાન્ય ડબ્બામાં તેમનું સ્થાન લીધું હતું, 'તારી આ નિઃસ્વાર્થ સહાનુભૂતિ બદલ, દોસ્ત, તારો આભાર.' વિદાય લેતાં લેતાં દાદીમાએ કહ્યું, 'અને પ્રાસ્કોવ્યાને કહેજે કે ગઈ કાલે મેં કહ્યું હતું તેમ હું તેની રાહ જોઈશ.'

હું પાછો નિવાસે ગયો. જનરલના ઓરડા પાસેથી પસાર થતાં હું બાળકોની આયાને મળ્યો અને જનરલની ખબર પૂછી. 'અરે, તે તો સાવ સારા છે.' તેણે ખિન્નતાથી કહ્યું. તો ય હું અંદર ગયો પણ બેઠકખંડના બારણા પાસે થંભી ગયો. મને ખૂબ નવાઈ લાગી. મેડમઝે'લ બ્લાન્ચ અને જનરલ કોઈ વાત પર હસતાં હતાં. વિધવા મેડમ કમિન્જસ પડખે જ સોફા પર બેઠાં હતાં. તે સ્પષ્ટ હતું કે જનરલ આનંદવિભોર બની ગમે તેમ બકબકતો હતો અને લાંબું, અસ્વસ્થ, ખડખડાટ હાસ્ય વેરતો હતો. આથી તેના ચહેરા પર અસંખ્ય નાની નાની કરચલીઓ પડતી અને તેની આંખોને સાવ ઢાંકી દેતી. પાછળથી મને ખુદ મેડમઝે'લ બ્લાન્ચ દ્વારા જાણવા મળ્યું કે રાજકુમારને કાઢી મૂક્યા પછી તેને જનરલનાં આંસુઓની જાણ થઈ હતી અને તેને આશ્વાસન આપવાનો વિચાર આવતાં જ તે થોડી ક્ષણો તેને મળવા આવી હતી. પણ બિચારા જનરલને ખ્યાલ નહોતો કે તેનું ભાગ્ય તો નિર્માઈ ચૂક્યું છે અને કાલ સવારની પ્રથમ ટ્રેનમાં પારિસ જવા સામાન બાંધવાની તૈયારી બ્લાન્ચે શરૂ કરી દીધી છે.

જનરલના બેઠકખંડના પ્રવેશમાર્ગે થોડીક પળ હું ઊભો રહ્યો. પછી

અંદર જવાનો વિચાર માંડી વાળી કોઈ ન દેખે તેમ ત્યાંથી ચાલ્યો ગયો. ઉપર મારા ઓરડા પાસે જઈ, બારણું ખોલતાં જ અચાનક, બારીના એક ખૂણામાં બેઠેલી એક આકૃતિ મેં નિહાળી. મારા પ્રવેશ પછી પણ તે આકૃતિ ઊભી ન થઈ. હું ધસ્યો. મેં જોયું અને આશ્ચર્યથી મારો શ્વાસ તોળાઈ રહ્યો. તે પોલિના હતી !

૧૪

સાચે જ હું રડી પડ્યો.

'શી વાત છે ? શી વાત છે ?' તેણે વિચિત્ર રીતે પૂછ્યું. તે ફિક્કી હતી, હતાશ દેખાતી હતી.

'તું આ કેવી રીતે પૂછી શકે ? તું અહીં, મારા ઓરડામાં ?'

'જો હું આવું તો પૂરી સમજપૂર્વક આવું છું. તે મારી ટેવ છે. હમણાં જ તું તે નીરખીશ. મીણબત્તી પ્રગટાવ.'

મેં મીણબત્તી પેટાવી. તે ઊભી થઈ, ટેબલ પાસે ગઈ અને મારી સામે એક ખુલ્લો પત્ર મૂક્યો.

'આ વાંચ.' તેણે આજ્ઞા કરી.

'આ-આ તો દ ગ્રિયેક્ષના અક્ષરો છે !' મેં પત્ર ખેંચતાં સાશ્ચર્ય કહ્યું. મારા હાથ કંપતા હતા અને પત્રની પંક્તિઓ મારી આંખો સામે નૃત્ય કરવા લાગી. પત્રનું સમગ્ર લખાણ તો હું ભૂલી ગયો છું. પણ તે આ રહ્યો – શબ્દશઃ તે નહિ હોય પણ – તેનો ભાવ. તે તેમાં નિરૂપાયો જ છે :

'મેડમઝે'લ, (દ ગ્રિયક્ષે લખ્યું હતું.) કમભાગી પરિસ્થિતિઓએ મને એકાએક આ સ્થળ છોડવાની ફરજ પાડી છે. અલબત્ત, તારા ખ્યાલમાં તો આવી જ ગયું હશે કે સઘળી પરિસ્થિતિ સ્પષ્ટ ન થાય ત્યાં સુધી તારી સાથે આખરી સ્પષ્ટતા કરવાનું મેં જાણીજોઈને ટાળ્યું છે. તારા વડીલ સ્વજનનું (પેલી વૃદ્ધાનું) આગમન અને તેમનાં વિચિત્ર આચરણોએ મારી મૂંઝવણનો અંત આણ્યો છે. મારી ખુદની પરિસ્થિતિઓની અનિશ્ચિત સ્થિતિએ, કેટલાક સમય સુધી જે ભોગયુક્ત કામનાઓ મેં સેવી તે સઘળી

કામનાઓ સેવવાની હવે આણ ફરમાવી છે. ભૂતકાળનો મને ખેદ છે, પણ મને તારા પર વિશ્વાસ છે કે મારા વર્તનમાં તું કશુંય સજ્જન અને પ્રામાણિક વ્યક્તિને અણછાજતું નહિ જુએ. તારા સાવકા બાપને ધિરાણ કરવામાં મારા મોટા ભાગના પૈસા ખોયા પછી મારી પાસે જે કૈં શેષ બચ્યું છે તેને જાળવી રાખવાની તાકીદની અનિવાર્યતા મારે ઊભી થઈ છે. સેન્ટ પિટ્સર્બર્ગમાં રહેતા મારા મિત્રોને મેં જણાવી દીધું છે કે મને ગીરવી મુકાયેલી સઘળી મિલકત વેચવાની તાત્કાલિક વ્યવસ્થા કરે. તારા બેજવાબદાર સાવકા બાપે તારી અંગત સંપત્તિ વેડફી નાંખી છે તે જાણતા હોવા છતાંય મેં પચાસ હજાર ફ્રાન્કનું તેનું દેવું માફ કરવાનો નિર્ણય કર્યો છે અને હું તેટલી રકમની ગીરવે મૂકેલી મિલકત તેને પાછી આપું છું જેથી તું, તારી મિલકતનો દાવો કરી, તેં જે બધું ગુમાવ્યું છે, તેની માલિકી અદાલત દ્વારા પાછી મેળવી શકે. મેડમઝે'લ, મને આશા છે કે અત્યારની પરિસ્થિતિમાં મારું આ વર્તન તને અતિ લાભદાયક નીવડશે. હું તેવી પણ આશા રાખું છું કે આવા વર્તનથી હું એક સજ્જન અને ખાનદાન વ્યક્તિ તરીકેનું મારું કર્તવ્ય સંપૂર્ણપણે બજાવું છું. ખાતરી રાખજે કે તારી સ્મૃતિ મારા અંતરમાં સદૈવ કંડારાયેલી જ છે.'

'ચાલો, હવે બધું સ્પષ્ટ થઈ ગયું,' મેં પોલિના સામે નિહાળીને કહ્યું, 'તેં આનાથી જુદું તો ધાર્યું નહિ જ હોય, ખરું ને ?' મેં રોષપૂર્વક ઉમેર્યું.

'હું કશી જ અપેક્ષા રાખતી નથી.' તેણે ઉત્તર આપ્યો. તેના ઉત્તરમાં આમ તો શાંતિ હતી, પણ તેના સ્વરમાં એક પ્રકારનો કંપ હતો. 'મેં ક્યારનોય નિર્ણય કરી લીધો હતો. તેનું મન વાંચી શકી હતી અને હું જાણતી હતી કે તે શું ધારે છે. તે એવું માનતો હતો કે હું પ્રયત્ન કરીશ... હું આગ્રહ કરીશ...' (તે અટકી, તેનું વાક્ય અપૂર્ણ રહ્યું. હોઠ ભીડી તે શાંત બની ગઈ.) 'મેં જાણી જોઈને તેના પ્રત્યેનો તિરસ્કાર બમણો કર્યો,' તેણે ફરી વાતનો પ્રારંભ કર્યો. 'તે શું કરે છે તે હું જોવા માગતી હતી. જો વારસા અંગેનો તે તાર આવ્યો હોત તો તે મૂર્ખાએ (મારા સાવકા બાપે) તેની પાસેથી ઉછીના લીધેલા પૈસા આપીને તેને અહીંથી મોકલી દીધો હોત. લાંબા સમયથી હું

જાણી ગઈ હતી કે તે તિરસ્કાર યોગ્ય વ્યક્તિ છે. ઓહ ! પહેલાં તે આવો માણસ નહોતો, હજાર વાર નહિ. પણ હવે, અત્યારે !... ઓહ ! કેટલી પ્રસન્નતાથી મેં પેલા પચાસ હજાર તેના દુષ્ટ ચહેરા પર અત્યારે ફેંક્યા હોત અને તેના ભણી થૂંકી હોત... તે તેના મોંમાં ભરી દીધા હોત !'

'પણ પચાસ હજાર ગીરવે મૂક્યાનો જે દસ્તાવેજ તેણે પાછો આપ્યો છે તે તો જનરલની પાસે છે ખરું ને ? તે લઈને દ ગ્રિયક્ષને પાછો આપી દે.'

'એવું નથી, અરે, એવું નથી.'

'હા, તું સાચી છે. એવું તો નથી જ. અને વળી હવે જનરલ પણ શા કામનો ? અને દાદીમાનું શું ?' અચાનક મેં ઉચ્ચ સ્વરે પૂછ્યું.

પોલિનાએ મારી સામે કૈં બેધ્યાનપૂર્વક, ઉત્કંઠાપૂર્વક દૃષ્ટિ ફેંકી.

'શું ? દાદીમા ?' પોલિના ગુસ્સે થઈ. 'હું તેમની પાસે ન જઈ શકું અને હું કોઈની માફી નહિ માગું.' તેણે રોષપૂર્વક જણાવ્યું.

'તો પછી કરવું શું ?' મેં રાડ પાડી, 'અને હવે તું દ ગ્રિયક્ષને ચાહી પણ કેવી રીતે શકે ? સાવ દુષ્ટ, જંગલી ! જો તું ઇચ્છતી હોય તો હું તેને દ્વંદ્વયુદ્ધમાં મારી નાંખું. તે અત્યારે છે ક્યાં ?'

'તે ફ્રાન્કફર્ટમાં છે અને ત્યાં ત્રણ દિવસ ગાળવાનો છે.'

'તારો એક શબ્દ અને કાલે હું ત્યાં જઈશ – પહેલામાં પહેલી ટ્રેનમાં.' મૂર્ખામીભર્યા ઉત્સાહ સાથે મેં કહ્યું.

તે હસી.

'અરે, કદાચ તે હજી પણ કહેશે કે પહેલાં મારા પચાસ હજાર ફ્રાન્ક પાછા આપો. અને વળી તેણે શા માટે લડવું જોઈએ ? તું કેવી મૂર્ખ વાત કરે છે ?'

'પણ આ પચાસ હજાર ફ્રાન્ક મેળવવા ક્યાંથી ?' મેં દાંત કચકચાવતાં વાત દુહરાવી જાણે કે સત્વરે જ તે નીચેની ફર્શ પરથી ઊંચકીને આપવાના હોય ! 'સાંભળ ! આસ્ત્લેનું શું ?' કોઈ વિચિત્ર ખ્યાલ મનમાં આવતાં મેં તેના ભણી ફરી પૂછ્યું. તેની આંખો લજ્જાથી ઝૂકી ગઈ.

'શું કહ્યું ? તું ખુદ જ એમ ઇચ્છે છે કે હું તારી પાસેથી સરકીને તે અંગ્રેજ પાસે જાઉં ?' તેણે કહ્યું. તે વેધક દૃષ્ટિ તથા કટુ સ્મિતસહ મારા ચહેરાને નિહાળી રહી હતી. તેણે મને પહેલી જ વાર આવું કહ્યું હતું.

મને લાગે છે કે તે લાગણીસભર હતી. જાણે કે થાકી ગઈ હોય તેમ તે અચાનક સોફા પર બેસી ગઈ.

જાણે કે મારા પર વીજળી પડી હોય તેમ મને લાગ્યું. હું ત્યાં ઊભો જ રહ્યો. મારી આંખ તથા મારા કાન પર વિશ્વાસ મૂકવા હું અસમર્થ હતો. શું ? એટલે તે મને ચાહતી હતી ? તે મારી પાસે આવી, આસ્ત્લે પાસે ન ગઈ ! તે... એક યુવતી, હોટેલના મારા ઓરડામાં એકલી આવી હતી – તેનો અર્થ એ કે તેણે જાહેરમાં પોતાની જાત સાથે સમાધાન કર્યું હતું – અને હું માત્ર તેને સમજ્યા વિના ઊભો રહ્યો હતો. એક સાહસિક વિચાર મારા મનમાં ઝબૂક્યો.

'પોલિના ! મને માત્ર એક કલાક આપ. માત્ર એક કલાક રાહ જો અને હું પાછો આવીશ. આ – આ મહત્ત્વનું છે ? તને પણ ખબર પડશે. અહીં રહે, અહીં જ રહે.' અને તેની સાશ્ચર્ય, પ્રશ્નભરી દૃષ્ટિનો પ્રતિભાવ આપ્યા વિના હું ઓરડાની બહાર ધસી ગયો. મારા બહાર નીકળ્યા પછી તેણે બૂમ પાડી પણ હું પાછો ન ફર્યો.

હા, ક્યારેક સાહસિક ખ્યાલ, અતિશય સ્પષ્ટ એવો અશક્ય ખ્યાલ મનનો એવો તો દૃઢ કબજો લે છે કે લાંબા સમય પછી તે કોઈ પામી શકાય તેવી વસ્તુ માનવામાં આવે છે... તેથી ય સવિશેષ જો તે ખ્યાલ અને સશક્ત, આવેગમય ઇચ્છાનું સંમેલન થાય છે ત્યારે ક્યારેક તેને પૂર્વ નિમિત્ત, દુર્નિવાર તથા પૂર્વનિયત તરીકે પણ તેનો સ્વીકાર થાય, તેનું જ અસ્તિત્વ હોય અથવા તે જ બને તેવો ય સ્વીકાર થાય ! કદાચ, આ માટે કોઈ કારણ હશે, પૂર્વાભાસનો કશો સમન્વય હશે, મનોબળનો કોઈ અનન્ય પુરુષાર્થ હશે, કલ્પનાનું કોઈ આત્મઘેન હશે કે કૈંક બીજું – હું નથી જાણતો. પણ તે સાંજે (અને જ્યાં સુધી હું જીવીશ ત્યાં સુધી તે સાંજને હું નહિ ભૂલું) મેં કશાક ચમત્કારનો અનુભવ કર્યો. જો કે, તેની ગાણિતિક સાબિતી સંપૂર્ણપણે

શક્ય છે, છતાંય આ જ દિવસ સુધી તે મારે માટે એક ચમત્કારિક ઘટના જ બની રહી છે અને શા માટે, શા માટે તે નિશ્ચિતતા મારામાં આટલાં દઢ, ઊંડાં મૂળ નાંખી ગઈ છે અને તેય આટલા લાંબા સમયથી ? મેં તેનો વિચાર કર્યો – હું તે વાત દોહરાવું છું કે અન્ય ઘટનાઓ જે બને (અને ક્યારેક ન પણ બને) તેવી ઘટનાઓમાંની એક ઘટના તરીકે નહિ પણ કોઈ એવી વસ્તુ કે જે અચૂક બને જ તે રીતે પણ તેનો વિચાર કર્યો.

સવા દસ વાગ્યા હતા. હું સ્ટેશને ગયો. મારા અંતરમાં સબળ આશા હતી અને સાથે સાથે આજ પહેલાં મેં ક્યારેય ન અનુભવેલી તેવી સાહસી ઉત્તેજના પણ હતી. જુગારના ઓરડાઓમાં હજી થોડા લોકો હતા. જો કે, સવાર કરતાં તેમની સંખ્યા માત્ર અડધી જ હતી.

રાતના દસ વાગ્યા પછી જે લોકો ટેબલની આસપાસ હતા તે લોકો સાચા, મરણિયા જુગારીઓ હતા. કોઈ આરોગ્યધામમાં નહિ, પણ આ જુગારના ટેબલો પર જ તેમનું સર્વસ્વ હતું, તેઓ જુગાર રમવા સિવાય બીજા કશા માટે આવ્યા નહોતા, તેમની આસપાસ શું ચાલી રહ્યું છે તેની ભાગ્યે જ નોંધ લેતા અને અત્યારે તો તેમને અન્ય કશામાં જ રસ નહોતો. તે સવારથી તે રાત સુધી માત્ર જુગાર રમતા અને જો શક્ય હોય તો આખી રાત પણ તેઓ જુગાર રમે. મધરાતે જ્યારે જુગારની રમત સંકેલાતી ત્યારે છૂટા પડતાં તેમને ગુસ્સો આવતો અને લગભગ મધરાતના બારને સુમારે જ્યારે પૈસાની લેતીદેતી કરનાર બૂમ પાડતો કે 'આ છેલ્લી ત્રણ હોડ છે' ત્યારે તો ક્યારેક તેમના ખિસ્સામાંના એક એક પૈસાની હોડ બકવા તે છેલ્લી ત્રણ હોડમાં તેઓ તૈયાર થતા અને તે ફેરાઓમાં ખરેખર મોટામાં મોટી રકમ ગુમાવતા. થોડા જ સમય પહેલાં જ્યાં દાદીમા બેઠાં હતાં તે જ ટેબલ પર હું ગયો. હું ઝાઝો ઘેરાયેલો નહોતો એટલે સત્વરે જ મને ટેબલની પાસે જ ઊભા રહેવાની જગ્યા મળી, મારી સામે જ, લીલા કપડા પર 'પાસે' શબ્દ લખ્યો હતો.

'પાસે' એટલે ઓગણીસથી તે છત્રીસ સુધીની બધી જ સંખ્યાઓની શૃંખલા – બંને સંખ્યાઓ સમેત. એકથી અઢાર સુધીની સંખ્યાઓની પ્રથમ

શૃંખલા 'માન્કવે' કહેવાતી. પણ મારે તેની સાથે શી નિસબત ? મેં તેની નોંધ જ ન લીધી. અગાઉની વિજેતા સંખ્યા કઈ હતી તેય મેં સાંભળી નહોતી અને કોઈ પણ વિવેકી, ડાહ્યા જુગારીની જેમ કશીય પૂછપરછ કર્યા વિના મેં રમતની શરૂઆત કરી. મેં મારા બધા બસો ગલ્ડન કાઢ્યા અને મારી સામેના 'પાસે' શબ્દ પર લગાડ્યા.

'બાવીસ'. પૈસાની લેતીદેતી કરનારાએ બૂમ પાડી.

હું જીત્યો, અને ફરી મેં બધા જ પૈસા – હોડમાં પહેલાં મૂક્યા હતા તે અને આ જીતના પૈસા હોડમાં મૂક્યા.

'એકત્રીસ.' હોડ ભેગી કરનારાએ જાહેર કર્યું. બીજી જીત ! એટલે કે હવે મારી પાસે બધું મળીને આઠસો ગલ્ડન હતા. મેં તે સઘળા આઠસો ગલ્ડન વચ્ચેની બારે સંખ્યાઓ પર લગાવ્યા. (તે સંખ્યા જીતનારને ત્રણ ગણી રકમ અપાતી હતી પણ તેમાં હારવાની તકો બમણી હતી.) ચક્ર ફર્યું અને ચોવીસની સંખ્યા હતી. મને પાંચસો ગલ્ડનના ત્રણ વીંટા તથા દસ સોનાના સિક્કાઓ મળ્યા. હવે મારી પાસે કુલ મળીને, મારી પહેલી હોડ સહિતના બે હજાર ગલ્ડન હતા.

જાણે કે મને તાવને કારણે સનેપાત થયો હોય તેમ મેં તે બધા જ પૈસા લાલ પર લગાવ્યા – અને અચાનક મને ભાન આવ્યું. આખી સાંજ, માત્ર આ એક ક્ષણે ભયે તેનો ક્રૂર પંજો મારા પર મૂક્યો અને મારા હાથપગ ધ્રૂજવા લાગ્યા. હું સભય નીરખતો હતો અને પળમાં તો મને સંપૂર્ણ ભાન થયું કે અત્યારે ખોવાનું પરિણામ મારે માટે કેવું આવશે ! મારી સમગ્ર જિંદગી તે હોડ પર નિર્ભર હતી.

'લાલ !' હોડ ભેગી કરનારે બૂમ પાડી. મેં ઊંડો શ્વાસ લીધો, ત્યારે મારું અંગ અંગ આગથી તપતું હતું. આ વખતે મને નોટો આપવામાં આવી. એટલે હવે મારી પાસે ચાર હજાર ફ્લોરિન અને આઠસો ગલ્ડન હતા. (હું તે હજી ગણતો હતો.)

ત્યાર પછી મને યાદ છે કે વચ્ચેની બાર સંખ્યાઓ પર મેં ફરી બે હજાર ફ્લોરિન લગાવ્યા અને ખોયા. મેં મારા સોનાની-આઠસો ગલ્ડનની

હોડ બકી અને તે બધુંય ગુમાવ્યું. ઝનૂનમાં આવી જઈને મારી પાસે રહેલા બે હજાર ફ્લોરિન બહાર કાઢ્યા અને વિચાર કરવા રોકાયા વિના, કશાય આયોજન વિના, ગમે તેમ પણ તે બધા પ્રથમ બારની સંખ્યા પર લગાવ્યા. જો કે, એક પળ તો અપેક્ષાય જન્મી. કદાચ, માદામ બ્લાન્ચાર્ડે પારિસમાં બલૂનમાંથી જમીન પર કૂદકો મારતાં અનુભવી હતી તેવી લાગણીઓ પણ જન્મી.

'ચાર,' પૈસાની લેતીદેતી કરનારે બૂમ પાડી. મારી પહેલી હોડ સમેત કુલ મળીને મારી પાસે હવે ફરી છ હજાર ફ્લોરિન થયા હતા. હું વિજેતાનો ગર્વ અનુભવતો હતો. મને હવે કશાયનો ડર નહોતો અને ફરી મેં કાળી પર ચાર હજાર ફ્લોરિન લગાડ્યા. બીજા આઠ કે નવ જણે મારું અનુકરણ કરી કાળી પર હોડ બકી. પૈસાની લેતીદેતી કરનારાઓ એકમેકની સામે જોવા લાગ્યા. તેમણે થોડીક વાતો પણ કરી. આસપાસના લોકો પણ વાતો કરતા હતા, પરિણામની રાહ જોતા હતા.

અને કાળી આવી. ત્યાર પછી મને જીતની રકમ કે મેં કેટલી-ક્યારે હોડ બકી તે કશું જ યાદ નથી. જાણે કે તે સ્વપ્ન હોય તેમ મને એટલું યાદ છે કે હું જીત્યો હતો – હું માનું છું કે સોળેક હજાર ફ્લોરિન જીત્યો હતો. ત્યાં જ, અચાનક ત્રણ કમભાગી ચાલમાં બાર હજાર ગુમાવ્યા હતા. પછી, મેં 'પાસે' પર મારા છેલ્લા ચાર હજારની હોડ બકી હતી. (પણ હવે કશું જ અનુભવતો નહોતો, હું યંત્રવત્ બની, વિચાર્યા વિના માત્ર પ્રતીક્ષા કરતો.) અને હું જીત્યો. પછી હું ફરી ચાર વાર સતત જીત્યો. મને માત્ર એટલું જ યાદ છે કે હું હજારો ઉલેચતો હતો અને તે પણ મને યાદ આવે છે કે વચ્ચેની બાર સંખ્યાઓ જેમના પર મને નિશ્ચિત લગાવ હતો તે બધા કરતાં વારંવાર આવતી હતી. એક પ્રકારની જાણે કે ચોક્કસ યોજના હતી. તે અચૂક સતત ત્રણચાર વાર આવતી, પછી બે વાર નહોતી આવતી અને વળી પાછી સતત ત્રણ-ચાર વાર આવતી. આ નોંધપાત્ર સાતત્ય ક્યારેક વીજરેખા જેમ જળવાતું – અને તેથી જ તેમના હાથમાં પેન્સિલ લઈને દાખલા ગણતા જુગારીઓ ફેંકાઈ જતા. અને વિધિ પણ ક્યારેક કેવી ભયંકર મશ્કરી કરે છે !

મને લાગે છે કે મારા આવ્યાને હજી માંડ અડધો કલાક થયો હશે ત્યાં જ, અચાનક પૈસાની લેતીદેતી કરનારાએ મને માહિતી આપી કે હું ત્રીસ હજાર ફ્લોરિન જીત્યો છું અને જુગારનું ટેબલ સાચવનાર એક વાર એટલી જ રકમ ચૂકવવા જવાબદાર હોવાથી રમત આવતી કાલ સવાર સુધી બંધ રાખવામાં આવે છે. મેં સોનાના બધા સિક્કા ઊંચકીને મારાં જુદાં જુદાં ખિસ્સાઓમાં ગોઠવી દીધા, પછી સઘળી નોટો એકત્રિત કરી સત્વરે જ પાસેના ઓરડામાં આવેલા ટેબલ પાસે ગયો, જ્યાં બીજું ચક્ર હતું. આખું ટોળું, મારી પાછળ પાછળ આવ્યું. મારે માટે સત્વરે જગ્યા કરાઈ અને ફરી હું કશીય ગણતરી કર્યા વિના ગમે તેમ રમવા માંડ્યો. મને ખબર નથી કે કોણે મને બચાવ્યો !

હવે જાણે કે મારા મનમાં કૈંક વિવેકબુદ્ધિનો ઉદય થવા માંડ્યો. હું કેટલાક આંકડાઓ તથા સંભાવનાઓને વળગી રહ્યો. પણ પછી મેં તેમને છોડી દીધાં અને વળી પાછો હોડ બકવા લાગ્યો – હું શું કરું છું તેનીય જાણ વિના. હું અતિશય અભાન જ હોઈશ ! મને યાદ છે કે પૈસાની લેતીદેતી કરનારાઓને અસંખ્ય વાર મારી રમત સુધારી. હું ભયંકર ભૂલો કરતો હતો. મારાં લમણાં પરસેવાથી રેબઝેબ થઈ ગયાં હતાં અને મારા હાથ ધ્રૂજતા હતા. અનેક પોલૅન્ડવાસીઓ પણ તેમની સેવા અર્પવા દોડી આવ્યા પણ મેં કોઈનું સાંભળ્યું નહિ ! મારું નસીબ જાગ્યું ! એકાએક, આસપાસ શોરબકોર થવા માંડ્યા અને ખડખડાટ હાસ્યનું મોજું ય ફરી વળ્યું. સહુ ઉચ્ચ સ્વરે કહેતાં હતાં : 'શાબાશ ! શાબાશ !' કેટલાક તો વળી તાળીઓ પણ પાડતા હતા. અહીં પણ ત્રીસ હજાર ફ્લોરિન જીતીને ટેબલ સાચવનાર પર એવું જ આક્રમણ કર્યું હતું અને ફરી રમત બીજા દિવસ સુધી બંધ રહી.

'ચાલ્યો જા, ચાલ્યો જા !' મારે જમણે પડખેથી કોક હળવા સ્વરે મને કહેતું હતું. તે ફ્રાન્કફર્ટનો યહૂદી હતો. તે આખો વખત મારે પડખે જ ઊભો હતો. અને એવું લાગે છે કે ક્યારેક તેણે મને રમવામાં સહાય પણ કરી હતી.

'ઈશ્વરને ખાતર, મહેરબાની કરી ચાલ્યો જા.' મારા ડાબા કાન પાસેના

બીજા હળવા સ્વરે કહ્યું : મેં ચારેકોર નજર ફેંકી. તે ત્રીસ વર્ષની, સાદાં પણ સુઘડ વસ્ત્રો ધારણ કરેલી યુવતી હતી. તેનો ચહેરો અસ્વસ્થતાને કારણે ફિક્કો અને હતોત્સાહ હતો. છતાંય, તે ચહેરા પર તેના પહેલાંના સૌંદર્યના અણસાર તો વરતાતા હતા. ત્યારે હું ગમે તેમ વળી ગયેલી નોટો મારા ખિસ્સામાં ઠાંસતો હતો અને ટેબલ પર પડેલું સોનું એકઠું કરતો હતો. છેલ્લા પાંચસો ગલ્ડનની નોટોનું બંડલ લઈ તે ન દેખાય તેમ પેલી માંદલી સ્ત્રીના હાથમાં ફેંકવાની મેં વ્યવસ્થા કરી. આમ કરવાની મારી તીવ્ર ઇચ્છા હતી. અને મને યાદ છે કે સાચા આભારના પ્રતીકરૂપે તેની નાની, પાતળી આંગળીએ મારા હાથને ઉષ્માભર્યો સ્પર્શ કર્યો. બધું જ એક ક્ષણમાં બની ગયું.

બધું જ એકત્રિત કરી હું ત્રીસ-ચાલીસની રમત તરફ ધસ્યો. ત્રીસ -ચાલીસની રમત તે વૈભવશાળી લોકોની રમત છે. અહીં અડ્ડો તમને એક લાખ થેલર સુધીની રકમ ચૂકવે છે. અહીં ઊંચામાં ઊંચી હોડ ચાર હજાર ફ્લોરિનની હોય છે. મને આ લગીરે આવડતી નહોતી તથા લાલ અને કાળી પર હોડ બકવા સિવાયની અન્ય કોઈ હોડ હું ભાગ્યે જ જાણતો હતો. ત્યાં આ બે હોડની વ્યવસ્થા તો હતી જ અને હું તે બે હોડને જ વળગી રહ્યો. સ્ટેશનના સહુ મને ઘેરી વળ્યા હતા. મને યાદ નથી કે આ બધો વખત દરમિયાન એક ક્ષણ માટે ય પોલિનાનો વિચાર મારા મનમાં ઝબૂક્યો હતો કે નહિ. મને તો જે નોટોનો ગંજ મારી સામે પડ્યો હતો તે નોટો ખેંચવામાં જ અને એકઠી કરવામાં જ આનંદ પડ્યો હતો.

સાચે જ મને લાગે છે કે ભાગ્યે જ ત્યારે મને દોર્યો. ભાગ્યવશાત્ એવું તે કૈંક બન્યું, જેનું રમતમાં ભાગ્યે જ સતત પુનરાવર્તન થતું હોય છે. ઉદાહરણ તરીકે, ભાગ્ય લાલને વળગી રહે અને સતત પંદર વાર ત્યાં જ ટકી રહે. બે દિવસ પહેલાં મને કહેવામાં આવ્યું હતું કે અગાઉના સપ્તાહે સતત બાવીસ વાર લાલ રંગ જીત્યો હતો. જુગારમાં આવું બન્યું હોય તેવું કોઈને સ્મરણ નહોતું અને લોકો સાશ્ચર્ય તેની વાત કરતા હતા. અલબત્ત, આવા કિસ્સામાં દરેક જણ તરત જ લાલ પર હોડ બકવાનું સત્વરે બંધ

કરે છે, જો તે સતત દસ વાર નીકળે તો તો ભાગ્યે જ કોઈ તેના પર હોડ બકવાનું જોખમ ખેડે છે, પણ આવે વખતે, કોઈ અનુભવી ખેલાડી વિરોધી રંગ પર, કહો કે કાળા પર હોડ નહિ બકે. અનુભવી ખેલાડીઓ આવી 'અપૂર્વ તકો'નો અર્થ જાણે છે. ઉદાહરણ તરીકે, લાલ સોળ વાર નીકળે તે પછી કોઈ એમ ધારી લે કે સત્તરમી વાર તો કાળી ચોક્કસ નીકળશે જ. ટોળાબંધ નવો ખેલાડી આવા તારણ પર આવે, બમણી કે ત્રણ ગણી હોડ બકે અને સારી મોટી રકમ ગુમાવે.

લાલ સતત સાત વાર નીકળ્યાનું જોયા પછી પણ કોઈક વિચિત્ર ઘેલછાથી મેં જાણી જોઈને લાલ પર હોડ બકવાનું ચાલું રાખ્યું. હું નિશ્ચિતપણે માનું છું કે આ માટે કદાચ મારો દર્પ જવાબદાર હશે. મૂર્ખામીભર્યું સાહસ ઉઠાવીને હું મારા દર્શકોને આશ્ચર્યમાં ગરકાવ કરવા ઇચ્છતો હતો – એક વિચિત્ર લાગણી ! મને સ્પષ્ટ યાદ છે કે માત્ર દર્પની પ્રેરણા વિના ય સાહસની ભયંકર ઝંખના અચાનક મારા પર સવાર થઈ ગઈ હતી. કદાચ, આવી લાગણીઓના વ્યાપક ફલકમાંથી પસાર થતો જીવ માત્ર સંતોષ નથી અનુભવતો. પણ છેવટે, થાકી ન જાય ત્યાં સુધી તેનાથી ભારે ઉત્તેજના અનુભવે છે, તેમની પાસેથી વધુ ને વધુ ઝંખે છે, વધુ ને વધુ સશક્ત બને છે અને જ્યારે હું એમ કહું છું કે જો રમતના નિયમોએ મને એક જ દાવમાં પચાસ હજાર ફ્લોરિનની હોડ બકવાની છૂટ આપી હોત તો ચોક્કસ મેં તેમ કર્યું જ હોત, તેમાં કશું જ અસત્ય નથી. પાસે ઊભેલાં કહેતાં હતાં કે આ પાગલપન હતું અને લાલ રંગ ચૌદ વાર તો જીતી ચૂક્યો હતો.

'સાહેબ, તમે એક લાખ ફ્લોરિન તો જીતી ચૂક્યા છો.' મારી નિકટ ઊભેલા કોઈકનો અવાજ મેં સાંભળ્યો.

અચાનક મને ભાન આવ્યું. શું ? તે સાંજે હું એક લાખ ફ્લોરિન જીત્યો હતો ? પણ હવે વધુની મારે શી જરૂર ? નોટો પર હું ઝૂક્યો, ગણ્યા વિના જ તે મેં મારાં ખિસ્સાઓમાં ઠાંસી, છૂટું સોનું તથા વેરણછેરણ પડેલા સોનાના સિક્કા એકઠા કરી હું ત્વરાએ સ્ટેશનની બહાર નીકળી ગયો. ઓરડાઓમાંથી પસાર થતો હતો, ત્યારે સહુ મારાં ફાટેલાં ખિસ્સાં તથા સોનાના ભારને કારણે મારી લથડતી ચાલને નીરખી હસતાં હતાં. હું માનું છું કે વીસ પાઉન્ડ

કરતાંય વધારે સોનું હશે. કેટલાક હાથ મારી ભણી લંબાયેલા હતા. ખોબા ભરી ભરી મેં પૈસા આપ્યા, જેટલા મારા ખોબામાં ભરાયા તેટલા. બારણા પાસે મને બે યહૂદીઓએ અટકાવ્યો.

'તું હિમ્મતવાન છે, ભારે હિંમતવાન !' તેમણે કહ્યું, 'પણ કાલ સુધીમાં તો તારે વહેલામાં વહેલા ચાલ્યા જવું પડશે. નહિતર તું બધું ગુમાવીશ.'

મેં તેમને ન સાંભળ્યા. વીથિ એટલી તો અંધારી હતી કે મારા ચહેરા સામેના મારા હાથ હું જોઈ ન શક્યો. હોટેલ અડધો એક માઈલ દૂર હતી. મને ચોરો કે લૂંટારાઓનો ક્યારેય ભય નહોતો લાગ્યો, નાનો હતો ત્યારે ય નહિ. અત્યારેય મેં તેમનો વિચાર ન કર્યો. જો કે, આખે રસ્તે હું શું વિચારતો હતો તે મને યાદ નથી. તેને વિચારવું પણ ભાગ્યે જ કહી શકાય. સફળતા, વિજય, સત્તાનો એક વિચિત્ર આનંદ હું અનુભવતો હતો – તે કેવી રીતે અભિવ્યક્ત કરવો તે હું નથી જાણતો. પોલિનાની આકૃતિ પણ મારા મનમાંથી પસાર થઈ. મને યાદ આવ્યું, હું સંપૂર્ણપણે જાણતો હતો કે હું તેની પાસે જતો હતો અને અત્યારે મારે તેની સાથે જ હોવું જોઈએ, તેને કહેવું જોઈએ, બતાવવું જોઈએ... પણ થોડા સમય પહેલાં તેણે મને શું કહ્યું હતું કે હું કેમ ગયો હતો તે મને ભાગ્યે જ યાદ આવતું હતું, અને હજી માત્ર દોઢ કલાક પહેલાં મેં અનુભવેલી લાગણીઓ જાણે કે દૂરના અતીતના પ્રાચીન તથા અર્ધનષ્ટ અવશેષો જેવી બની હતી, હવે ફરી વાર તે કહેવા જેવી નહોતી, કારણ કે હવે બધું જ નવેસરથી પ્રારંભવાનું હતું. હું વીથિના અંત સુધી લગભગ પહોંચ્યો હઈશ, ત્યાં જ મારામાં એકાએક ભય જાગ્યો. 'જો, અબઘડી મને લૂંટીને મારી હત્યા કરાય તો ?' પગલે પગલે મારો ભય વધતો ગયો. હું લગભગ દોડતો હતો. ત્યાં જ, વીથિને છેવાડે, તેની પ્રકાશિત બારીઓ સાથેની હોટેલ ઝળકી ઊઠી. ઈશ્વરનો આભાર ! હું નિવાસે પહોંચી ગયો.

મારે મજલે હું દોડી ગયો અને બારણું ખોલ્યું. પોલિના ત્યાં હતી. અદબ વાળીને મારા સોફા પર બેઠી હતી, તેની સામે સળગતી મીણબત્તી હતી. તેણે સાશ્ચર્ય મારા ભણી નિહાળ્યું અને સાચે જ, તે ક્ષણે હું વિચિત્ર દેખાતો હોઈશ. હું તેની સામે ઊભો રહ્યો અને ટેબલ પર પૈસા ફેંકીને તેનો મોટો ઢગલો કર્યો.

૧૫

મને યાદ છે કે તેણે અતિનિકટથી મારો ચહેરો નિહાળ્યો, પણ લગીરે હાલ્યાચાલ્યા વિના, અરે, તેની બેસવાની અદામાં પણ કશો જ ફેરફાર કર્યા વિના.

'હું બે લાખ ફ્રાન્ક જીત્યો છું.' સોનાના સિક્કાઓનો છેલ્લો જથ્થો નીચે ફેંકતાં મેં બૂમ પાડી. નોટો તથા સોનાના સિક્કાઓના ગંજાવર ઢગથી આખું ટેબલ છવાઈ ગયું અને હું તેના પરથી મારી નજર દૂર ન કરી શક્યો. એવી પણ ક્ષણો હતી, જ્યારે હું પોલિનાને સાવ ભૂલી ગયો હતો. હવે હું તે નોટોના ઢગને બરોબર ગોઠવવા લાગ્યો, સઘળી નોટોને મેં વ્યવસ્થિત કરી. પછી સઘળા સોનાનો મેં અલગ ઢગ કર્યો અને પછી બધું જ છોડી હું ઓરડામાં વિચારમગ્ન બની ઝડપથી આંટા મારવા લાગ્યો; પાછો ટેબલ પાસે જઈ ફરી પૈસા ગણવા માંડ્યો. અચાનક, હું ભાનમાં આવ્યો અને બારણાં ભણી દોડી જઈ સત્વરે તેને બેવડાં તાળાં મારી દીધાં. પછી મારી નાની પેટી પાસે ઊભો રહી વિચારવા લાગ્યો.

'આવતી કાલ સુધી આ પેટીમાં ભરી દઉં ?' પોલિના સામે નીરખી મેં પૂછ્યું, કારણ કે ત્યારે જ અચાનક મને તેનું સ્મરણ થયું હતું, તે તો ત્યારે તે સ્થળે, સહેજ પણ હાલ્યાચાલ્યા વિના બેઠી હતી. પણ તેની આંખો ધ્યાનપૂર્વક મારી પાછળ પાછળ ફરતી હતી. તેના ચહેરાના ભાવો કૈંક વિચિત્ર લાગ્યા. મને તેની નજર ન ગમી. તેમાં તિરસ્કાર હતો તેવું કહેવામાં કશું ખોટું નહોતું.

હું ઝડપથી તેની પાસે ગયો.

'પોલિના, આ રહ્યા પચ્ચીસ હજાર ફ્લોરિન. એટલે કે પચાસ હજાર ફ્રાંક કે તેથી સવિશેષ. લઈ લે ને આવતી કાલે તેના મોં પર ફેંક.'

તે અનુત્તર રહી.

'જો, તું ઇચ્છતી હોઈશ તો હું જ સવારે તે કામ કરીશ, બરોબર ?'

તે અચાનક હસી, લાંબા સમય સુધી હસતી રહી.

હું સાશ્ચર્ય, અપ્રસન્નતાની લાગણીસહ તેને નીરખી રહ્યો, મારા અતિશય પ્રેમાળ બોલ સાંભળી હંમેશ મારે ભોગે મારી મજાક ઉડાવતાં હમણાના વારંવારના હાસ્ય જેવું જ આ હાસ્ય હતું. અંતે, તે અટકી, તેણે ડોળા કાઢ્યા અને તેની કુપિત ભમરો નીચેથી મને દઢતાપૂર્વક નિહાળી રહી.

'હું તારા પૈસા નહિ લઉં.' તેણે તિરસ્કારપૂર્વક કહ્યું.

'શું ? શી વાત છે. ?' મેં રાડ પાડી. 'કેમ નહિ લે, પોલિના ?'

'હું એમ ને એમ પૈસા નહિ લઉં.'

'હું એક મિત્ર તરીકે તને તે આપું છું. હું તને જીવન આપું છું.'

લાંબો સમય તે મને નિહાળી રહી, ઝીણવટથી નિહાળી રહી જાણે કે મારા ભીતરને નિહાળવા ન ઇચ્છતી હોય !

'તું ભારે કિંમત ચૂકવી રહ્યો છે.' તેણે કટુ સ્મિતસહ કહ્યું. દ ગ્રિયક્ષની રખાતની કિંમત પચાસ હજાર ફ્રાંક નથી.'

'ઓહ ! પોલિના ! મારી સાથે તું આવું બોલી જ કેમ શકે ?' મેં સોપાલંભ રાડ પાડી. 'હું દ ગ્રિયક્ષ નથી. હું એવો છું ?'

'હું તને તિરસ્કારું છું ! હા... હા ! દ ગ્રિયક્ષ કરતાં લગીરે વધુ હું તને ચાહતી નથી.' તેણે ચીસ પાડી. અચાનક તેની આંખો ઝબૂકી.

અને ત્યાં જ અચાનક તેણે તેનો ચહેરો તેના હાથ વડે ઢાંકી દીધો અને મૂર્છિત બની. હું તેની પાસે ધસી ગયો.

મારી અનુપસ્થિતિમાં કૈંક બન્યું જ હશે તે હું સમજી ગયો. તેનું મન લગીરે સ્વસ્થ લાગતું નહોતું.

'ખરીદી લે, મને ! તને તે ગમશે ? ગમશે ? પચાસ હજાર ફ્રાન્કમાં, દ ગ્રિયેક્ષની જેમ ?' તે તણાતી-ખેંચાતી હીબકાં ભરતી હતી. મેં તેના દેહની આસપાસ મારા હાથ વીંટાળ્યા. તેના હાથપગ ચૂમ્યા, તેની સામે ઘૂંટણિયે પડ્યો.

તેની મૂર્છા ઓસરતી હતી. મારા ખભાઓ પર તેના બંને હાથ મૂકી મારા ચહેરાને તે ધ્યાનપૂર્વક ચકાસવા માંડી, તે ત્યાં કશુંક વાંચવા ઇચ્છતી હોય તેમ જણાતું હતું. તેણે મને સાંભળ્યો, પણ હું જે કહેતો તેને તે સ્વીકારતી નહોતી તે સ્પષ્ટ હતું. તેના ચહેરા પર વ્યથિત-ચિંતિત ભાવો હતા. મને તેના વિશે ભય જાગ્યો. મેં ચોક્કસપણે વિચાર્યું કે તેનું મન ભટકતું હતું. ત્યાં, અચાનક જ તે મને હળવે હળવે તેના ભણી ખેંચવા લાગી, તેના ચહેરા પર વિશ્વાસભર્યું સ્મિત રમી ગયું અને પછી એકાએક તેણે મને હડસેલો માર્યો અને ફરી શંકાશીલ દૃષ્ટિએ મને તાકવા માંડી.

એકાએક તેણે મારા બાહુમાં તેની જાતને ફેંકી.

'તું મને ચાહે છે, ખરું ને ?' તેણે કહ્યું, 'અંતે તો... તું જર્મન ઉમરાવ સાથે મારે ખાતર જ લડવાનો હતો ને ?' અને વળી પાછી તે ખડખડાટ હસવા લાગી – જાણે કે તેને કશુંક સુંદર-આનંદપ્રદ સાંભર્યું ન હોય ! તે સતત હસતી હતી, રડતી હતી પણ હું શું કરી શકું ? હું પોતે જ અસ્વસ્થ બની ગયો. મને યાદ છે કે તેણે મારી સાથે વાતો કરવા માંડી, પણ તેની વાતો મને ભાગ્યે જ સમજાઈ. તે જાણે કે ઉન્માદી પ્રલાપ હતો – જાણે કે તે મને કશુંક બને તેટલું વહેલું કહેવા માગતી હતી. વચ્ચે વચ્ચે હાસ્ય પણ વેરી તેની વાતોને અટકાવતી. મને ભય લાગવા માંડ્યો. 'ના, તું સુંદર છે, તું સુંદર છે.' તે વારંવાર કહેતી. 'તું મને વફાદાર છે.' અને વળી તે તેના બંને હાથ મારા ખભાઓ પર મૂકતી, મારી ભણી તાકી રહેતી અને ફરી બોલવાનું શરૂ કરતી, 'તું મને ચાહે છે... તું મને ચાહે છે. તું મને ચાહીશ ?' મેં મારી દૃષ્ટિ તેના પર જ ઠેરવી રાખી. મમતા અને સ્નેહભર્યા આવા ચંચળ સ્વભાવમાં મેં તેને આ પહેલાં ક્યારેય નિહાળી નહોતી. અલબત્ત, તે સ્પષ્ટ હતું કે આ મૂર્છા હતી, પણ મારી આવેશભરી દૃષ્ટિ

નિહાળીને તેણે લજ્જાભર્યું સ્મિત વેર્યું અને એકાએક તે આસ્ત્લેની વાત કરવા માંડી.

જો કે, તે સતત આસ્ત્લેની વાત કરવા માગતી હતી, (ખાસ તો, અત્યારે, જ્યારે તે મને કશુંક કહેવાનો પ્રયત્ન કરતી હતી ત્યારે.) પણ તેના પ્રયત્નને હું પૂર્ણ રીતે, નિશ્ચિત સ્વરૂપે સમજી શક્યો નહિ. તે ક્યારે તેના પ્રત્યે હસવા પણ માંડતી, તે વારંવાર કહેતી કે તે પ્રતીક્ષા કરતો હતો... અને અત્યારે તે બારી નીચે ઊભો હતો તે શું હું જાણતો હતો ? 'હા, હા, બારી નીચે. મહેરબાની કરી ખોલ અને જો. જો તે અહીં જ છે, અહીં જ.' તે મને બારી પાસે ઘસડી ગઈ. પણ જેવો હું બારી ભણી જવા માંડ્યો કે તેણે પ્રસન્નતાપૂર્વક હસવા માંડ્યું અને હું તેની સાથે જ રહ્યો. તે મને વીંટળાઈ વળી.

'આપણે ચાલ્યાં જઈએ છીએ, ખરું ને ? આપણે આવતી કાલે જઈએ છીએ ને ?' તેના અસ્વસ્થ મનમાં તરત આ બીજો વિચાર ઉદ્‌ભવ્યો હતો. અરે ! (તે વિચારલીન બની ફરી અટકી.) અરે, તને લાગે છે કે આપણે દાદીમાને પકડી પાડી શકીશું ? મને લાગે છે કે આપણે બર્લિનમાં તેમને પકડી પાડીશું. આપણે જ્યારે તેમને પકડી પાડીશું અને તે આપણને જોશે ત્યારે તે આપણને શું કહેશે ? તને શું લાગે છે ? અને આસ્ત્લેનું શું ?... તે તો સ્કલાન્જેનબર્ગ પરથી ભૂસકો નહિ મારે, ખરું ને ?' (તે ખડખડાટ હસી.) 'અરે, સાંભળ, આવતે ઉનાળે તે ક્યાં જાય છે તે તું જાણે છે ? તે વૈજ્ઞાનિક ખોજ માટે ઉત્તરધ્રુવ જવા માગે છે અને મને પણ સાથે આવવાનું તે કહેતો હતો. હા, હા, હા ! તે કહેતો હતો કે આપણે રશિયનો કશું જાણતા નથી અને યુરોપિયનોની સહાય વિના આપણે કશું જ ન કરી શકીએ. તો પણ તે સારો છે. તું જાણે છે ? તે જનરલનો બચાવ કરે છે, તે કહે છે કે બ્લાન્ચ... તે કહે છે કે કામ... ઓહ ! મને ખબર નથી, મને ખબર નથી.' તેણે અચાનક તે શબ્દો દોહરાવ્યા, જાણે તે મુંઝાઈ ગઈ હોય, એલફેલ બોલતી હોય તેમ. 'બિચારાં ! મને તેમનું એટલું બધું લાગી આવે છે અને

દાદીમાનું પણ... અરે, સાંભળ, સાંભળ... તું દ ગ્રિયક્ષની હત્યા કેવી રીતે કરશે ? અને ખરેખર તું માને છે કે તું તેની હત્યા કરી શકશે ? તું તો સાવ મૂર્ખ છે. તેં શું એમ માની લીધું કે દ ગ્રિયક્ષ સાથે હું તને લડવા દઈશ ? અને તું જર્મન ઉમરાવને પણ નહિ મારી શકે.' તેણે ઉમેર્યું. વળી, અચાનક હસતાં હસતાં, 'અરે ! ત્યારે તું ઉમરાવ સાથે કેવો રમૂજી લાગતો હતો ? બેઠાં બેઠાં મેં તમને બંનેને દીઠા હતા. અને જ્યારે મેં તને મોકલ્યો ત્યારે તું કેવી આનાકાની કરતો હતો ? ત્યારે હું કેવી હસી હતી ! કેવી હસી હતી !' તેણે કહ્યું અને ખડખડાટ હસવા લાગી.

અચાનક, ફરી તે મને ચૂમવા લાગી, આલિંગવા લાગી અને મારા ચહેરા સાથે મૃદુતાથી, આવેશથી તેનો ચહેરો દાબવા લાગી. મેં ત્યારે કશું જ વિચાર્યું નહિ, કશું જ સાંભળ્યું નહિ, મારું માથું ભમતું હતું.

મને લાગે છે કે જ્યારે હું સ્વસ્થ થયો, ત્યારે સવારના સાત વાગ્યા હશે. સૂર્યનું અજવાળું ઓરડામાં રમતું હતું. પોલિના મારે પડખે બેઠી હતી, ચારેકોર વિચિત્ર દૃષ્ટિ નાંખતી હતી – જાણે કે કોઈ ધૂંધળા અંધારમાંથી પ્રગટીને તેના વિચારો સંગૃહીત કરવા માંગતી હોય ! તે પણ હજી હમણાં જ જાગી હતી. અને તે ટેબલને, તેના પરના પૈસાને ટીકી રહી હતી. મારું માથું ભારે હતું, દુ:ખતું હતું. મેં પોલિનાનો હાથ મારા હાથમાં લેવા પ્રયત્ન કર્યો. મને હડસેલો મારી તે સોફા પરથી ઊભી થઈ ગઈ. નૂતન દિવસનો પ્રાદુર્ભાવ થઈ ચૂક્યો હતો. પરોઢ પહેલાં વરસાદ વરસ્યો હતો. તેણે બારી ખોલી, ત્રણેક મિનિટ સુધી તે ત્યાં, મારા ભણી જોયા વિના કે મને સાંભળ્યા વિના ત્યાં ઊભી રહી. હવે શું થશે, હવે આનો કેવો અંત આવશે તે ખ્યાલે-ભયે મારો કબજો લીધો. અચાનક તે બારી પાસેથી ખસીને ટેબલ પાસે ગઈ અને મારા ભણી અમર્યાદ કંટાળાના ભાવ સાથે દૃષ્ટિ ફેંકીને, તેના કંપતા હોઠ સહ તે બોલી, 'ચાલ, હવે મને મારા પચાસ હજાર ફ્રાન્ક આપ !'

'પોલિના, ફરી, ફરી...!' હું કહેવા જતો હતો.

'ઓહ ! તેં તેનો સદુપયોગ કરવા ધાર્યો છે ? હા ! હા ! હા ! કદાચ અત્યારે તને પસ્તાવો થતો હશે નહિ ?'

આગલી રાતે જે પચ્ચીસ હજાર ફ્લોરિન મેં ગણ્યા હતા તે ટેબલ પર જ હતા. મેં તે લીધા, તેને તે આપ્યા.

'હવે તે મારા છે, ખરું ને ? એમ જ ને ?' હાથમાં પૈસા ઝાલી તે કિન્નાખોરીથી બોલી.

'તે હંમેશ તારા જ હતા.' મેં કહ્યું.

'ઠીક, ત્યારે, આ તારા પચાસ હજાર ફ્રાન્ક !' તેણે છુટ્ટા હાથે તે મારા પર ફેંક્યા. પૈસાના બંડલે મારા ચહેરા પર પીડાજનક ઘા કર્યો. અને કેટલાક તો ફર્શ પર વેરણછેરણ પડ્યા. આટલું કર્યા પછી, પોલિના ઓરડામાંથી દોડી ગઈ.

અલબત્ત, હું જાણું છું કે ત્યારે તે ભાનમાં નહોતી. જો કે, મેં આવું અસ્થાયી પાગલપન દીઠું નહોતું. તેય સાચું છે કે અત્યારેય, એક મહિના પછી પણ તે બીમાર છે, પણ તેની આ સ્થિતિનું કારણ શું ? અને કાશ તો આવી અપૂર્વ પ્રયુક્તિનું ? ઘવાયેલું અભિમાન ? મારી પાસે આવવાનો નિર્ણય તેને લેવો પડ્યો તે કારણે જન્મેલી હતાશા ? શું મેં તેના મનમાં એવો ખ્યાલ ઊભો કર્યો હતો કે હું મારા ભાગ્યને વાગોળ્યા કરું છું. અને હકીકતમાં, આ પચાસ હજાર ફ્રાન્કની ભેટ આપીને ખુદ દ ગ્રિયક્ષની જેમ તેને ટાળવા પ્રયત્ન કરું છું ? પણ મારો અંતરાત્મા તો કહે છે કે ખરેખર તે સાચું નહોતું. હું માનું છું કે આ માટે અંશતઃ તેનો દર્પ જવાબદાર હતો. તેથી જ તો તેણે મારા પર અવિશ્વાસ મૂક્યો, મારો તિરસ્કાર કર્યો. જો કે, આ સમગ્ર ઘટના કદાચ તેની સામે ધૂંધળા પ્રકાશમાં પ્રગટ થઈ હતી. જો એમ જ હોય તો મારે દ ગ્રિયક્ષને ઉત્તર આપવાનો હતો. અને મારો ગુનો કૈં અતિ મહાન નહોતો, છતાંયે તેને માટે મને જવાબદાર ઠેરવવામાં આવ્યો હતો. તે સાચું કે આ બધી મૂર્છાની અસર હતી. તે પણ સાચું કે તે અતિ ક્ષુબ્ધ હતી તે હું જાણતો હતો અને... તે હકીકત પર મેં ધ્યાન આપ્યું નહોતું. કદાચ, આ માટે તે મને અત્યારે માફ ન કરી શકે ? પણ હા, પણ તે તો અત્યારે, ત્યારે શું ? છેવટે તો તેનાં બીમારી તથા મૂર્છા એટલાં બધાં ગંભીર નહોતાં. જો, તેમ જ હોત તો જ્યારે તે દ ગ્રિયક્ષનો પત્ર મારી પાસે લઈને

આવી ત્યારે તે શું કરતી હતી તે સમજાતાં સંપૂર્ણ બેભાન બની ન હોત ? પોતે શું કરતી હતી તે તે જાણતી જ હતી.

ઉતાવળે ઉતાવળે મેં પથારીમાં વેરણછેરણ પડેલી મારી નોટોનું બંડલ તથા સોનાનો ઢગ એકઠા કર્યા. તેને ઢાંકી દઈ, પોલિનાના ગયા પછી દસ મિનિટે બહાર ગયો. મને ખાતરી હતી કે તે તેના સ્યૂટમાં જ દોડી ગઈ હશે. અને હું ત્યાં સાવ ચુપકીથી જવા ઇચ્છતો હતો. લોબીમાં જ મેં બાળકોની આયાને પૂછ્યું કે તેની તબિયત કેવી હતી, જ્યારે મેં દાદર પર મને મળેલી આયા પાસેથી જાણ્યું કે પોલિના હજી પાછી નથી ફરી અને તે મારા ઓરડામાં તેને શોધવા આવતી હતી. ત્યારે હું કેવો બેબાકળો બન્યો હોઈશ !

'મારી પાસેથી તો તે ગઈ,' મેં કહ્યું, 'તે મારી પાસેથી હમણાં જ ગઈ, હમણાં, દસ મિનિટ પહેલાં. તે ક્યાં ગઈ હશે ?'

આયા ઉપાલંભભરી દૃષ્ટિએ મને નિહાળી રહી.

તે દરમિયાન એક ચોક્કસ કૂથલી ચાલતી હતી અને અત્યાર સુધીમાં તો તે આખી હોટેલમાં પ્રસરી ચૂકી હતી. નોકરના નિવાસસ્થાનમાં અને વ્યવસ્થાપકના કાર્યાલયમાં એવી ગુપચુપ વાતો ચાલતી હતી કે સવારે છ વાગ્યે, વરસતા વરસાદમાં એક યુવતી હોટેલ છોડી દોડી ગઈ હતી અને દોડતી દોડતી તે હોટેલ દ આંગ્લેતેરૈ ગઈ હતી. તેમના બોલવા પરથી, તેમના ઇશારા પરથી મેં જાણી લીધું કે તે સહુને જાણ હતી જ કે તેણે આખી રાત મારા ઓરડામાં ગાળી હતી. જો કે, જનરલના આખા કુટુંબ વિશે વાતો ચાલતી હતી. સહુ જાણતાં હતાં કે જનરલ ગઈ કાલનો પાગલ બની ગયો છે અને આખી હોટેલમાં રડ્યા કરે છે. તેઓ એમ પણ કહેતા હતા કે દાદીમા તેની મા હતાં અને પોતાના દીકરાનાં મેડમઝે'લ દ કમિન્જસ સાથેનાં લગ્ન અટકાવવા માટે જ તે ઠેઠ રશિયાથી અહીં આવ્યાં હતાં અને જો તે તેમનું કહ્યું ન માને તો તેને વારસામાંથી બાકાત રાખવાનાં હતાં. અને તેણે તેમનું કહ્યું નહિ માન્યું હોવાથી કાઉન્ટેસે જાણી જોઈને તેની નજર સામે જ તેમના બધા જ પૈસા જુગારમાં ગુમાવ્યા હતા કે જેથી તેને કશું જ ન મળે. 'બિચારો રશિયન' વ્યવસ્થાપકે માથું હલાવતાં હલાવતાં રોષપૂર્વક આ વાત દોહરાવી.

બીજા બધા હસ્યા. વ્યવસ્થાપક બિલ બનાવતો હતો. હું જીત્યો હતો તેની પણ બધાને ખબર હતી.

મારા મજલાના વેઇટર કાર્લે સહુ પહેલાં મને અભિનંદન આપ્યાં, પણ તેમને માટે મારી પાસે સમય નહોતો. હું હોટેલ આંગ્લેતેર્રે ગયો.

ત્યારે હજી ખૂબ વહેલું હતું. આસ્ત્લે હજી કોઈને મળ્યો જ નહોતો, પણ જ્યારે તેણે જાણ્યું કે હું આવ્યો છું ત્યારે તે પરસાળમાં આવ્યો અને મારી સામે આવી ઊભો રહ્યો. તે શાંતિથી, તેની ભૂખરી આંખોથી મને ટીકી રહ્યો અને મારા બોલવાની રાહ જોતો રહ્યો, મેં સત્વરે જ પોલિનો વિશે પૃચ્છા કરી.

'તે બીમાર છે.' આસ્ત્લેએ ઉત્તર આપ્યો – તેની દૃષ્ટિ ખસેડ્યા વિના, અગાઉની જેમ ટીકી રહીને.

'એટલે તે અહીં તારી સાથે છે ?'

'હા, હા, તે અહીં છે.'

'એટલે તું... તું તેને તારી સાથે રાખવા માગે છે ?'

'હા, હું તેમ કરવા ધારું છું.'

'આસ્ત્લે, તેથી કૂથલી થશે. તું તેવું નહિ કરી શકે. વળી, તે અતિશય બીમાર છે તે તેં નહિ જોયું હોય !'

'હા, હા, મેં તે જોયું છે અને મેં તને કહ્યું તો ખરું કે તે બીમાર છે. જો તે બીમાર ન હોત તો તેણે તારા ઓરડામાં રાત ન ગાળી હોત.'

'એટલે તું તેય જાણે છે ?'

'હા, હું તે જાણું છું. ગઈ કાલે જ તે અહીં આવવાની હતી. અને હું તેને એક સ્ત્રી પાસે, જે મારી સગી છે તેની પાસે લઈ જવાનો હતો, પણ તે બીમાર હોવાથી તેણે ભૂલ કરી અને તે તારી પાસે આવી.'

'સુંદર કલ્પના ! ખેર ! હું તને અભિનંદન આપું છું, આસ્ત્લે, તેં મને ખ્યાલ આપી દીધો. હું, એક વાત પૂછું ? આખી રાતે તું અમારી બારી નીચે ઊભો હતો ? આખી રાત પોલિનાએ મારી પાસે બારી ખુલ્લી રખાવી અને તું ત્યાં ઊભો છે કે નહિ તે જોવા માંડી અને પછી તે ખડખડાટ હસી.'

'ખરેખર ? ના, હું બારી નીચે ઊભો રહ્યો નહોતો, પણ હું પરસાળમાં તેની પ્રતીક્ષા કરતો હતો અને આંટા મારતો હતો.'

'પણ તેની કાળજી રાખવી પડશે, આસ્ત્લે.'

'હા, હા, મેં ડૉક્ટરને બોલાવવા મોકલ્યો છે અને જો તે મૃત્યુ પામશે તો તેના મૃત્યુ બદલ તારે ઉત્તર આપવો પડશે.'

હું દંગ થઈ ગયો !

'માફ કરજે, આસ્ત્લે, પણ તું શું કહેવા માગે છે ?'

'ગઈ કાલે તું બે લાખ થેલર જીત્યો તે સાચું ?'

'હું માત્ર એક લાખ ફ્લોરિન જીત્યો.'

'બરોબર ! તો આવતી કાલે પારિસ ચાલ્યો જા.'

'કેમ ?'

'જેની પાસે પૈસા હોય છે, તે દરેક રશિયન પારિસ જાય છે.' આસ્ત્લેએ કહ્યું. તેણે આ એવી રીતે અને એવા અવાજમાં કહ્યું કે જાણે તેણે આ બધું પુસ્તકમાં વાંચ્યું હોય.

'પણ અત્યારે ઉનાળામાં પારિસ જઈ કરી પણ શું શકું ? હું તેને ચાહું છું, આસ્ત્લે તું પોતે પણ તે વાત જાણે છે.'

'ખરેખર ? મને ખાતરી છે કે તું નથી ચાહતો. વળી, જો તું અહીં રહીશ તો નક્કી જ બધું ગુમાવીશ અને તારી પાસે પારિસ જવા માટે કશું જ નહિ રહે. પણ, આવજે, મને પાકી ખાતરી થઈ ચૂકી છે કે તું આજે જ પારિસ જઈશ.'

'સારું આવજે, પણ એક વાત, હું પારિસ નહિ જાઉં. એક ક્ષણ વિચાર કર, આસ્ત્લે કે હવે આપણા સહુનું શું થશે ? ટૂંકમાં, જનરલ... અને અત્યારે પોલિનાનું આ પરાક્રમ... આખા ગામમાં આ વાત ચર્ચાશે.'

'હા. તે ચર્ચાશે. પણ હું નથી માનતો કે જનરલ તેનો વિચાર કરતો હોય અને તેની સાથે તેને નિસબત નથી. વળી, પોલિનાને મન ફાવે ત્યાં રહેવાનો અધિકાર છે. અને કુટુંબ... તું કદાચ સચ્ચાઈપૂર્વક કહી શકે કે કુટુંબનું કોઈ અસ્તિત્વ જ હવે રહ્યું નથી.'

ચાલતાં ચાલતાં, હું મનોમન, હું નિશ્ચિત પારિસ જઈશ તેવી તે અંગ્રેજની ચોક્કસ ખાતરી પર હસતો હતો. 'પણ જો મેડમઝે'લ પોલિના મૃત્યુ પામે તો તે મને દ્વંદ્વયુદ્ધમાં મારવા ઇચ્છતો હતો – એટલે વળી ઓર પીડા !' સોગંદપૂર્વક કહું છું કે પોલિના અંગે હું દુ:ખી હતો. પણ તેય તે કેવું વિચિત્ર – ગઈ કાલે, જે ક્ષણે જુગારના ટેબલોને મેં સ્પર્શ કર્યો અને પૈસા એકઠા કરવાનો પ્રારંભ કર્યો તે ક્ષણથી જ મારો પ્રેમ પશ્ચાદ્‌ભૂમાં ચાલ્યો ગયો હતો. અત્યારે હું તે કહી શકું છું પણ ત્યારે તે મને હજી સ્પષ્ટપણે દેખાયું નહોતું. સાચે જ હું જુગારી બની શકું ? શું મારો પોલિના પ્રત્યેનો પ્રેમ... શું આટલો વિચિત્ર હોઈ શકે ? ના, આજ દિન સુધી હું હજી તેને ચાહું છું. ઈશ્વર સાક્ષી છે અને ત્યારે, જ્યારે આત્સ્લે પાસેથી હું ઘેર જતો હતો ત્યારે, મારી યાતના અને આત્મદોષની લાગણી ખરેખર સાચાં હતાં, પણ – પણ આ ક્ષણે એક અત્યંત વિચિત્ર અને મૂર્ખ ઘટનાનો મેં સામનો કર્યો.

હું ઉતાવળે જનરલને મળવા જતો હતો. તેમના ઓરડાથી હું ઝાઝો દૂર નહોતો, ત્યાં અચાનક જ બારણું ખૂલ્યું અને કોકે મને બોલાવ્યો. તે હતાં વિધવા મેડમ કમિન્જસ અને તે મને મેડમઝે'લ બ્લાન્ચના હુકમથી બોલાવતાં હતાં. હું મેડમઝે'લ બ્લાન્ચના ઓરડાઓમાં ગયો.

બે ઓરડાનો તેનો નાનકડો સ્યૂટ હતો. પથારીમાં પડી પડી હસતી, બૂમો પાડતી મેડમઝે'લ બ્લાન્ચ મેં દીઠી. હજી હમણાં જ તે ઊઠી હતી.

'મોકાસર તું આવ્યો. આવ ! આવ. સઘળી જીત સાથે આવ, તે સાચું છે કે તેં સોનાચાંદીનો ઢગ જીત્યો છે ? હું તો બસ સોનું જ પસંદ કરીશ.'

'હા, હું જીત્યો છું.' મેં હસતાં હસતાં ઉત્તર આપ્યો.

'કેટલા ?'

'એક લાખ ફ્લોરિન.'

'યાર, તું મૂર્ખ છે, પણ અહીં આવ, હું તને સાંભળી શકતી નથી. આપણે મિજબાની કરીશું, ખરું ને ?'

હું તેના ઓરડામાં ગયો. તે સાટિનની ગુલાબી ચાદર પર પોઢી હતી. તેના સશક્ત માંસલ ખભાઓ, અદ્‌ભુત ખભાઓ, – કોકે સ્વપ્નમાં પણ ન નિહાળ્યા હોય તેવા ખભાઓ ખુલ્લા હતા. માત્ર સુંદર લોનના, અતિશય શ્વેત કોર ભરેલા નાઈટ ગાઉનથી અંશતઃ ઢંકાયેલા હતા. તે તેમની શ્યામલ ત્વચાને અદ્‌ભુત રીતે બંધબેસતો આવતો હતો.

'મારા દોસ્ત, તારે હૃદય જેવું છે કે નહિ ?' મને દેખતાંવેંત તેણે બૂમ પાડી અને તે હસી. તે સદૈવ આનંદપૂર્વક હસતી અને ક્યારેક તો તે સાચુંય હસતી.

'તે સિવાય બીજું બધું જ છે.' મેં ઉત્તર આપ્યો.

'જો, તું જુએ છે ને ?' તેણે વાતનો પ્રારંભ કર્યો, 'સહુ પહેલો તું મારાં મોજાં શોધી કાઢ અને મને તે પહેરવામાં મદદ કર... અને બીજું એ કે તું જો અતિશય મૂર્ખ નહિ હોય તો હું તને પારિસ લઈ જઈશ. તું જાણે છે કે હું અબઘડી જ પારિસ જાઉં છું.'

'અત્યારે ?'

'અડધા કલાકમાં જ.'

સઘળો અસબાબ બંધાઈ ચૂક્યો હતો. તેની બધી પેટીઓ અને સઘળી વસ્તુઓ તૈયાર હતી. કૉફી તો તેણે ક્યારનીય પી લીધી હતી.

'જો તારી ઇચ્છા હોય તો તું પારિસ નિહાળીશ. કહે મને ઓ પરાયા ! શી ઇચ્છા છે ? તું સારો એવો મૂર્ખ હતો; જ્યારે તું પરાયો હતો ત્યારે, પણ મારાં મોજાં કયાં ગયાં ? ખેર ! મને તે પહેરાવ.'

તેણે તેનો ખરેખર સુંદર, નમણો શ્યામલ ત્વચાયુક્ત નાનો, આકારબદ્ધ પગ બહાર કાઢ્યો, પહેરેલા બૂટમાં સોહામણા લાગતા અન્ય નમણા, સુંદર પગો જેવો જ તે સુંદર હતો. હું હસ્યો અને રેશમી મોજું તેની ઉપર ઘૂંટણ સુધી પહેરાવવા માંડ્યો. દરમ્યાન, મેડમઝે'લ બ્લાન્ચ પલંગને છેડે બેસી વાતો કરતી હતી. 'હું તને પારિસ લઈ જાઉં તો તું શું કરીશ ? પહેલાં, મારે પચાસ હજાર ફ્રાંક જોઈએ છે. અને તે તું મને તે ફ્રાંકફર્ટમાં આપી શકશે. આપણે પારિસ જઈએ છીએ. આપણે સાથે રહીશું. હું તને

દિવસે તારા દેખાડીશ. તેં આજ પહેલાં ન જોઈ તેવી સ્ત્રીઓ તને ત્યાં જોવા મળશે. સાંભળ...'

'થોભો, એટલે મારે તમને પચાસ હજાર ફ્રાંક આપી દેવાના, પણ પછી મારી પાસે રહે શું ?'

'બાકીના પચાસ હજાર ફ્રાંક. કેમ ભૂલી ગયો ? અને વળી હું તારી સાથે મહિનો, બે મહિના રહેવા તૈયાર છું તે તું જાણે છે ? અલબત્ત, બે મહિનામાં તો આપણે દોઢ લાખ ફ્રાંક ખર્ચી નાંખીશું. તું જાણે છે, હું સારી સ્ત્રી છું અને તને મેં પહેલાં જ કહ્યું કે હું તને તારિકાઓ દેખાડીશ...'

'શું ? તે બધા જ બે મહિનામાં ?'

'એટલે તને ડર લાગે છે, એમને ? અરે, ઓ ડરપોક ! શું તે પણ તું જાણતો નથી કે તારા સમગ્ર અસ્તિત્વ કરતાં એક મહિનાની તે જિંદગી બહેતર છે. એક મહિનો અને ગળાબૂડ પ્રેમ ! પણ તું નહિ સમજી શકે. ચાલ્યો જા, ચાલ્યો જા. તું તેને યોગ્ય નથી. અરે ! તું શું કરે છે ?'

ત્યારે, હું તેના બીજા પગે ઘૂંટણ સુધી મોજું પહેરાવતો હતો, પણ હું તેને ચૂમી ન શક્યો. તેણે તે પાછો ખેંચી લીધો અને પછી તે મને તેને અંગૂઠાના છેડાઓ વડે મારા ચહેરા પર પ્રહાર કરવા લાગી. છેવટે, તેણે મને કાઢી મૂક્યો.

'અરે ઓ મારા પરાયા ! હું તારી રાહ જોઉં છું. તારે આવવું હોય તો. હું પા કલાકમાં જાઉં છું.' હું જતો હતો, ત્યારે તેણે બૂમ પાડી.

ભમતા માથા સાથે હું મારા ઓરડામાં પાછો આવ્યો. ખેર ! ગઈ કાલે મેડમઝે'લ પોલિનાએ પૈસાનો આખો ઢગ મારા મોં પર ફેંકી દીધો અને મારા કરતાં હજીય આસ્ત્લે પર પસંદગી ઢોળી તેમાં મારો દોષ નથી, કેટલીક નીચે પડેલી નોટો હજી પણ મારી ફર્શ પર પડી હતી. મેં તે ઉઠાવી લીધી. તે ક્ષણે જ બારણું ખૂલ્યું અને ખુદ વ્યવસ્થાપક (જેણે આજ પહેલાં ક્યારેય મારો માર્ગ નહોતો દીઠો) આવ્યો અને પૂછવા લાગ્યો કે જ્યાં હમણાં કાઉન્ટ વી રહેતા હતા ને નીચેને મજલે આવેલા સ્યૂટમાં જવા હું ઇચ્છું છું કે નહિ.

એક ક્ષણ હું ઊભો રહી વિચારવા લાગ્યો.

'મારું બિલ !' મેં રાડ પાડી. 'હું હમણાં જ જાઉં છું, દસ મિનિટમાં જ. – જો તે પારિસ જવાનું હોય તો ચાલો, પારિસ જઈએ !' મેં સ્વગત વિચાર્યું, 'એ જ મારા નસીબમાં લખ્યું હશે !'

'પોણો કલાક પછી, અમે ત્રણેય-મેડમઝે'લ બ્લાન્ચ, વિધવા મેડમ કમિન્જસ અને હું એક સાથે અનારક્ષિત ગાડીમાં બેઠાં હતાં. મારી સામે નીરખીને મેડમઝે'લ બ્લાન્ચ એટલું તો હસી કે તે ઉન્માદી બની ગઈ. મેડમ દ કમિન્જસે તેનો પડઘો પાડ્યો. હું અતિ પ્રસન્નતા અનુભવતો હતો તેવું હું નહિ કહું. મારી જિંદગી બે ભાગમાં છિન્નભિન્ન થઈ ગઈ હતી, પણ ગઈ કાલથી પાસાના એક જ દાવમાં સઘળી હોડ બકવા હું ટેવાઈ ગયો હતો. ખરેખર, તેં સાચું હશે કે પૈસો હું સહી જ ન શક્યો અને મેં મગજ ગુમાવ્યું. કદાચ, મારે માટે બીજું કશું જ બહેતર નહિ હોય. મને લાગ્યું કે થોડાક સમય માટે દૃશ્ય બદલાઈ રહ્યું હતું, પણ તે થોડા સમય માટે. 'પણ એક મહિનામાં તો હું અહીં પાછો આવીશ અને – અને પછી, આસ્ત્લે, હું તારી સાથે આખરી ફેંસલો કરવાનો પ્રયત્ન તો કરીશ જ !' ના. અત્યારે મને સાંભરે છે તેમ ત્યારે પણ હું અતિશય ખિન્ન હતો. જો કે હું તે અડધી મૂર્ખ, બ્લાન્ચ સાથે હસવાની સ્પર્ધા કરતો હતો.

'પણ તને થયું છે શું ? તું કેટલો મૂર્ખ છે !' બ્લાન્ચ, તેના હાસ્યને અધવચ્ચે અટકાવી રડતી, સદેચ્છાપૂર્વક ઉપાલંભ આપવા માંડતી. 'ખેર ! હા ! ખેર ! આપણે તારા બે લાખ ફ્રાન્ક ખર્ચી નાંખીશું પણ બીજી બાજુ તું સુખી તો થવાનો જ છે. એક નાના રાજાની જેમ સુખી થઈશ, તને નવા સંબંધો બાંધી આપીશ અને તારો હોર્ટન્સ સાથે પરિચય કરાવીશ. અને જ્યારે આપણે બધા પૈસા ખર્ચી નાંખીએ ત્યારે તું અહીં પાછો આવજે અને જુગારનું ટેબલ સાચવનારાના પૈસા જીતજે. યહૂદીઓએ તને શું કહ્યું હતું ? છેવટે તો હિમ્મત જ મોટી ચીજ છે અને તે તારામાં છે. અને તું એકથી પણ વધારે વાર મારે માટે પારિસ પૈસા લાવીશ. હું તો પચાસ હજાર ફ્રાન્ક ભાડા અને અન્ય ખર્ચ માટે માગું છું.'

'અને જનરલનું શું ?' મેં તેમને પૂછ્યું.

'તું તો સુપેરે જાણે છે કે જનરલ રોજ મારે માટે ગુલદસ્તો લેવા જતો. આ વખતે મેં જાણી જોઈને તેને મારે માટે અતિવિરલ ફૂલો લાવવા કહ્યું. તે બિચારો પાછો આવશે ત્યારે જોશે કે પંખી ઊડી ગયું છે. તું જોજે કે તે પણ આપણી પાછળ ઊડશે. હા ! હા ! મને ખૂબ મઝા પડશે. પારિસમાં તે મને ઉપયોગી નીવડશે. અહીં આસ્ત્લે તેનાં બિલ ભરશે...'

અને, આમ હું પારિસ ગયો.

૧૬

પારિસ વિશે શું કહું ? અલબત્ત, તે બધું એક ઉન્માદ હતો, એક પ્રકારની મૂર્ખતા હતી. પારિસમાં મેં બધું મળીને માત્ર ત્રણ સપ્તાહ ને થોડાક વધુ દિવસો ગાળ્યા. અને ત્યાં સુધીમાં તો મારા એક લાખ ફ્રાન્ક ખર્ચાઈ ગયા. હું માત્ર એક લાખ ફ્રાન્કની જ વાત કરું છું. બીજા એક લાખ મેં મેડમઝે'લ બ્લાન્ચને રોકડા આપ્યા – ફ્રાન્કફર્ટમાં પચાસ હજાર રોકડા અને બીજા પચાસ હજાર વચનચિઠ્ઠી રૂપે ત્રણ દિવસ પછી પારિસમાં. જો કે, તે વચનચિઠ્ઠીના બદલામાં તેણે એક સપ્તાહ પછી મારી પાસે રોકડા લીધા. 'અને આપણી પાસે જે એક લાખ ફ્રાન્ક રહ્યા છે તે તું મારી સાથે ઉડાવજે, મારા, પરાયા.' તે મને હંમેશાં 'પરાયો' કહેતી. મેડમઝે'લ બ્લાન્ચ જેવા અતિશય ગણતરીબાજ, સ્વાર્થી અને કંજૂસ લોકોનો વર્ગ પણ આ પૃથ્વી પર હોઈ શકે તે કલ્પવું જ મુશ્કેલ છે. પણ તે તો તેમના પોતાના પૈસાના સંદર્ભમાં. પણ મારા એક લાખ ફ્રાંક અંગે તો તેણે પાછળથી અતિશય નિખાલસતાપૂર્વક જણાવ્યું કે પારિસમાં પહેલી વાર સ્થિર થવા માટે તેની તેને જરૂર હતી. 'હવે હું પ્રતિષ્ઠિત જીવન જીવતી થઈ છું એટલે લાંબા સમય સુધી મને કોઈ ત્યાંથી વિસ્થાપિત નહિ કરી શકે અથવા તો કમસે કમ, જ્યાં સુધી હું તેવું જીવન જીવીશ ત્યાં સુધી તો નહિ જ.' તેણે કહ્યું, અલબત્ત, મેં તે એક લાખ પર તો ભાગ્યે જ ધ્યાન આપ્યું. તે પૈસા બધો જ સમય તેની પાસે રાખ્યા અને મારા બટવામાં તો ક્યારેય સો ફ્રાન્કથી વધારે આવવા ન દીધા. આ પરિસ્થિતિ અંગે રોજ તેને જાણ કરાતી. હંમેશાં તે બટવામાં તો તેનાથી પણ ઓછા પૈસા રહેતા.

'તારે પૈસાનું શું કામ છે ?' ક્યારેક તે અતિશય નિખાલસતાપૂર્વક પૂછતી અને હું તેની સાથે દલીલ નહોતો કરતો. ઊલટું, તે પૈસાથી તેણે તેનો ફ્લેટ ખૂબ સુંદર રીતે સુસજ્જ કર્યો. અને પાછળથી જ્યારે તે તેના નવા ઘરે મને લઈ આવી ત્યારે તેના ઓરડાઓ બતાવતાં મને કહ્યું, 'બીજું થઈ પણ શું શકે ? અધૂરાંમાં અધૂરાં સાધનોએ આટલી કાળજી રાખી છે અને આટલો શોખ કેળવ્યો છે.' જો કે, આ અધૂરાં સાધનો એટલે બરોબર મારા પચાસ હજાર ફ્રાન્ક. બીજા પચાસ હજાર ફ્રાન્ક વડે તેણે એક બગી તથા ઘોડો ખરીદ્યાં. તદ્દુપરાંત બે નૃત્ય જલસાઓ અથવા તો બે સાયં-સમારંભો ગોઠવ્યા. તેમાં હોર્ટેન્સ઼, લિસેત્તે તથા ક્લિઓપેટ્રા જેવી અનેક રીતે નોંધપાત્ર તથા સુંદર સ્ત્રીઓ ઉપસ્થિત રહી હતી. આ બંને સમારંભોમાં મારે ફરજિયાત યજમાનનું મૂર્ખ પાત્ર ભજવવું પડ્યું અને તે નવસમૃદ્ધ બનેલા જડ વ્યાપારીઓને, લશ્કરના સાવ અજ્ઞાન તથા ઘમંડી લેફ્ટેનન્ટોને અને ફૅશનેબલ તથા પીળાં મોજાં પહેરી આવતા ક્ષુલ્લક, છીછરા લેખકો તથા પત્રકારોને-તેમનાં દર્પ તથા મિથ્યાભિમાન તો એટલા બધા કે સેન્ટ પિટ્સબર્ગમાં તો તેની કલ્પનાયે ન આવે – મળવાનું, તેમનું મનોરંજન કરવાનું. હજી તો ઘણું બધું કહી શકાય. મારો ઉપહાસ કરવામાં પણ તેને મજા આવતી પણ હું તો શેમ્પેનનો નશો કરી પાછળના ઓરડામાં આખો સમય આળસ્યા કરતો. મને આ સમગ્ર સમારંભ અતિશય ચીતરી ચડે તેવો લાગ્યો, 'આ મારો 'પરાયો' છે.' બ્લાન્ચે લોકોને કહ્યું, 'તેણે બે લાખ ફ્રાન્ક જીત્યા છે અને મારા વિના તેને તે પૈસા ખર્ચતાં ન આવડ્યું હોત. પછી તે પાછો જઈ ફરી શિક્ષક બનશે. કોઈને તેની નોકરીનો કશો ખ્યાલ છે ? આપણે તેને માટે કૈંક કરવું જોઈએ.' હું સતત ને સતત શેમ્પેનનો આશ્રય લેતો હતો, કારણ કે હું અતિ દુઃખી હતો, મૃત્યુ જેવો કંટાળો અનુભવતો હતો. હું અતિશય બુર્ઝવા અને વ્યાપારી વાતાવરણમાં જીવતો હતો. જ્યાં એકેએક સિક્કાની ગણતરી થતી હતી અને કમને તે દાનમાં અપાતો. મેં તે જોયું કે પહેલાં બે અઠવાડિયાઓ સુધી બ્લાન્ચને મારા પ્રત્યે ભારે અણગમો હતો. તે સાચું કે રોજ સવારે તે મને બેદરકારીથી વસ્ત્રો પહેરાવતી

અને તેને હાથે જ મને ટાઈ બાંધી આપતી પણ અંતરથી તો તે મને તિરસ્કારતી હતી. પણ મેં આના પર લગીરે ધ્યાન ન આપ્યું. કંટાળી, હતાશ બની હું વારંવાર 'પુષ્પદુર્ગે' જતો, ત્યાં રોજ સાંજે મને નિયમિત શરાબ મળતો અને કેનકેન[1]ની (ત્યાં તે નૃત્ય બીભત્સ રીતે થતું.) તાલીમ લેતો અને પછી તો તેમાં મેં ખ્યાતિ પણ પ્રાપ્ત કરી. અંતે બ્લાન્ચ મને ઓળખવા માંડી. પ્રારંભમાં તેને કદાચ એવો ખ્યાલ હતો કે જ્યાં સુધી અમે સાથે રહીએ છીએ ત્યાં સુધી મારા હાથમાં ચબરખી અને પેન્સિલ લઈ મારે તેની પાછળ ફરવું જોઈએ, તેણે કેટલા પૈસા વાપર્યા, તેણે કેટલા પૈસા ચોર્યા, હજી તે કેટલું ખર્ચવાની છે અને હજી કેટલા વધારે પૈસા તે ચોરવાની છે તેની નોંધ મારે રાખવી જોઈએ. અને તેને તો ચોક્કસ ખાતરી હતી કે દસ ફ્રાન્કના એક એક સિક્કા પર અમારે તો ઝઘડો તો થવાનો જ. મારા અપેક્ષિત પ્રત્યેક આક્રમણનો વળતો ઉત્તર કેમ આપવો તે માટે તે અગાઉથી તૈયાર હતી. પણ જ્યારે તેણે જોયું કે મેં આક્રમણ કર્યું જ નહિ, ત્યારે પ્રથમ તો તે આપમેળે વળતો ઉત્તર આપવાનો પ્રારંભ કરતી. ક્યારેક તે અતિશય ઉગ્રતાથી પ્રારંભ કરતી, પણ મને શાંત નિહાળીને – ઘણીયે વાર પલંગ પર પડી છતને તાકી રહેલો નિહાળીને – તે સાવ સ્તબ્ધ બની જતી. પ્રારંભની જ વાત કરીએ તો તેમણે માની લીધું હતું કે હું સાવ મૂર્ખો છું, પરાયો છું. અને ક્યારે સ્વગત જ તે બોલી ઊઠતી, 'આમ તો તું મૂરખ છે. જો તે પોતે સમજે નહિ તો તેના મગજમાં નવા વિચારો મૂકવાની જરૂર નથી.' તે ચાલી પણ જતી પણ પછી દસેક મિનિટ વીત્યા બાદ પાછી ફરતી. (જ્યારે ખર્ચો જંગી હતો. ત્યારે, અમને ન પોસાય તેવો – ઉદાહરણ તરીકે, તેણે તેનો ઘોડો કાઢી નાંખ્યો અને તેને બદલે એકસરખી જોડી ખરીદવા સોળ હજાર ફ્રાન્ક ખર્ચ્યા.)

'અચ્છા, યાર, એટલે તું ગુસ્સે તો નથી થયો ?' મારી નિકટ આવી તે મને પૂછતી.

'ના... આ... ! તું મને કંટાળો આપે છે.' તેને મારા હાથ વડે હડસેલી દઈને મેં કહ્યું. પણ તેને આમાં એવો તો ગુપ્ત પ્રણય સંબંધ દેખાયો કે તે સત્વરે મારી નિકટ બેસી ગઈ.

---

૧. એક પ્રકારનું ઉદ્યાન નૃત્ય.

'જો,... મેં આટલા પૈસા આપવાનો નિર્ણય કર્યો હોય તો તેનું કારણ એ છે કે તેમનો સોદો થઈ શકે. વીસ હજાર ફ્રાંકમાં તેમને ફરી વેચી શકાય.'

'નક્કી, નક્કી, તે બે સુંદર ઘોડાઓ છે. હવે તારી પાસે ભવ્ય સાજસરંજામ છે. તે તને ઉપયોગી નીવડશે. બસ, તે પૂરતું છે.'

'એટલે તું ગુસ્સે નથી થયો ?'

'મારે શા માટે ગુસ્સે થવું જોઈએ ? તારે માટે જે અનિવાર્ય કેટલીક વસ્તુઓ છે તેનો સંગ્રહ કરવામાં તું શાણી છે. પાછળથી તે બધી જ ઉપયોગી નીવડશે. આ રીતે સ્થિર થવા તારે માટે તે જરૂરી છે તે હું નીરખી શકું છું. નહિતર તું દસ લાખ ક્યારેય નહિ બનાવી શકે, આપણા લાખ તો માત્ર શરૂઆત છે. સાગરમાં બિંદુ માત્ર.'

આવી વાતો (બૂમાબૂમ અને ઉપાલંભોને બદલે)ની અપેક્ષા બ્લાન્ચે મારી પાસે રાખી જ નહોતી અને તે સાવ મૂંઝાઈ ગઈ.

'એટલે તું... એટલે તું આવો છે ? પણ તારી પાસે સમજશક્તિ છે તે તું જાણે છે, મારા વહાલા ? તું ભલે શિક્ષક હોઈશ પણ તારે રાજકુમાર તરીકે જન્મવું જોઈતું હતું. એટલે આપણા પૈસા આટલી ઝડપથી, આમ, ખર્ચાઈ જાય છે તેનું તને દુઃખ નથી થતું, ખરું ને ?'

'પૈસાની શી માથાકૂટ ! જેટલા વહેલા ખર્ચાય તે બહેતર.'

'પણ તું જાણે છે... કહે, તું જાણે છે, તું પૈસાદાર નથી, ખરું ને ? પૈસા પ્રત્યે તને ઘૃણા છે, ખરુંને ? કહે મને, પછી તું શું કરીશ ? કહે મને, મને કહે કે આ ખર્ચાઈ જાય પછી તું શું કરીશ ?'

'તે પછી હું હેમ્બર્ગ જઈને બીજા લાખ ફ્રાન્ક જીતી આવીશ.'

'હા, હા, સાચું કહ્યું. ખરેખર ભવ્ય ખ્યાલ ! અને હું જાણું છું કે તું ચોક્કસ જીતશે અને જીતેલા પૈસા તું અહીં જ લાવીશ. ખરું ને ? કહે મને, સાચે જ, તું મને તારા પ્રેમમાં પાડીશ. કારણ કે ઓહ ! તું એવા પ્રકારની વ્યક્તિ છે, કે તું અહીં હોઈશ ત્યાં સુધી તને હું સતત ચાહીશ અને તને બેવફા નહિ નીવડું. ખરેખર, હું તને સતત ચાહીશ. જો કે હું તને ચાહતી નહોતી, કારણ કે હું જાણું છું કે તું પરાયો છે તે સિવાય બીજું કૈં નહિ.

(એક નોકર જેવો જ તું હતો.) તોય હું તને વફાદાર જ હતી, કારણ કે હું સારી યુવતી છું.'

'જવા દે, તે જુઠ્ઠું છે. પેલા, કાળા, ઠીંગણા અધિકારી આલ્બર્ટનું શું ? શું તું એમ માને છે કે છેલ્લી વાર મેં તમને બંનેને જોયાં નહોતાં ?'

'પણ તું તો – ?'

'ખરેખર તો આ બધું જ જૂઠાણું છે. તું એમ માને છે કે તેથી હું ગુસ્સે થાઉ છું ? મને કશી જ પડી નથી. યૌવન તો આમ જ માણવું જોઈએ. તે જરૂરી છે. જો તે મારા પહેલાં અહીં આવ્યો હોય અને તું તેને ચાહતી હો તો તું તેને કાઢી મૂકે તેવી આશા તો ન જ રાખી શકાય. મારે તો એટલું જ કહેવું છે કે તેને પૈસા ન આપતી. સાંભળ્યું તેં ?'

'એટલે તું તે અંગે પણ ગુસ્સે નથી થયો ? તું સાચો ફિલસૂફ છે. ખરેખર તું સાચો ફિલસૂફ છે.' તે હર્ષાવેશમાં બોલી : 'ખેર ! હું તને ચાહીશ, ચાહીશ અને જોઈશ કે તું સંતોષ પામે છે.'

અને ત્યારથી તે મારી સાથે સંબંધ રાખવા લાગી અને મૈત્રીભર્યો વર્તાવ પણ દાખવવા માંડી. અને આ રીતે અમારા આખરી દસ દિવસો પસાર થયા. તેણે મને વચન આપ્યું હતું તે સિનેતારકો મેં ન દીઠા પણ કૈંક અંશે તેણે તેનું વચન પાળ્યું. વળી તેણે મને હોર્ટેન્સનો પણ પરિચય કરાવ્યો. તે પોતાની રીતે ખરેખર નોંધપાત્ર સ્ત્રી હતી અને અમારા વર્તુળમાં ફિલસૂફ થેરેસા તરીકે ઓળખાતી.

આની ઝાઝી વાત કરવાની અનિવાર્યતા નથી, તે એક જુદી જ કથા થઈ શકે તેના પોતાના માહોલ સાથે. પણ તે માહોલના પ્રવેશ મારે અહીં કરાવવો નથી. હકીકત તો એ છે કે આનો સત્વરે અંત આવે તેવું હું અંતઃકરણપૂર્વક ઝંખતો હતો. પણ મેં અગાઉ કહ્યું તેમ અમારા એક લાખ ફ્રાંક લગભગ એક મહિનો ચાલ્યા. સાચે જ આનું મને આશ્ચર્ય થયું. તેમાંથી એંસી હજાર તો બ્લાન્ચે પોતાની વસ્તુઓ માટે ખર્ચ્યાં. અમારી પાસે જીવવા-રહેવા માટે માત્ર વીસ હજાર હતા અને છતાંય તે ચાલ્યા. છેલ્લા ગાળામાં બ્લાન્ચ મારી પાસે સાવ નિખાલસ બની (ગમે તેમ પણ કેટલી વસ્તુઓ

વિશે તે મારી પાસે જુઠ્ઠું નહોતી બોલતી,) અને જાહેર કર્યું કે જે કૈં દેવાં તેને કરવાં પડ્યાં છે તેનો બોજ મારા પર નહિ પડે. 'મેં તારી પાસે કોઈ બિલ કે વચનચિઠ્ઠી પર સહી નથી કરાવી.' તેણે મને કહ્યું, 'કારણ કે મને તારા પ્રત્યે દયા હતી. બીજા કોઈએ ચોક્કસ આવું કર્યું હોત અને તને જેલભેગો કર્યો હોત. તું જાણે છે ને કે હું તને કેટલું ચાહતી હતી અને હું કેવી માયાળુ છું ? અરે, માત્ર આ લગ્નમાં જ મારો કેટલો ખર્ચો થશે તે હું નથી જાણતી.'

અને ખરેખર લગ્ન થયાં. અમારા મહિનાના સહવાસને અંતે જ તે થયાં. અને તે ધારી લેવું જોઈએ કે મારા એક લાખ ફ્રાન્કના અંતિમ અવશેષો તેની પાછળ ખર્ચાયા. બસ, તે બધાનો તે અંત હતો. મારો કહેવાનો મતલબ એ કે અમારા મહિનાના સહવાસનો અંત આવ્યો અને ત્યાર પછી હું સાવ ખસી ગયો.

તે આમ બન્યું. અમારા પારિસ આવ્યાના મહિના પછી જનરલનું આગમન થયું. તે સીધો જ બ્લાન્ચ પાસે આવ્યો અને તેના પ્રથમ આગમનના સમયથી તે ઘણુંખરું અમારી સાથે જ રહ્યો. તે સાચું હતું કે અહીં ક્યાંક તેનું પોતાનું સાધારણ રહેઠાણ હતું. પ્રસન્ન ચીસો વડે તથા ખડખડાટ હાસ્ય વડે બ્લાન્ચે તેનું અભિવાદન કર્યું અને પોતાના બાહુપાશમાં પણ તેને બાંધી દીધો. અંત તો એ આવ્યો કે તે તેને જવા દેવા નહોતી માગતી અને તેણે પ્રત્યેક સ્થળે – બંને બાજુ વૃક્ષોવાળા પહોળા રસ્તે, તેની ગાડીમાં, થિયેટરમાં અને જ્યારે તે તેના પરિચિતોને બોલાવે ત્યારે – ઉપસ્થિત રહેવું પડતું. આવા ઉપયોગ માટે જનરલ હજી યોગ્ય હતો. તે દેખાવડો હતો, મહત્ત્વનો દેખાતો હતો – તે ઊંચો હતો, તેના થોભિયા તથા મૂછ પર કલપ કરેલો હતો. (તે હયદળમાં હતો.) અને ચપળ દેખાવને કારણે સુંદર પણ હતો. તેનું વર્તન અદ્‌ભુત હતું અને સાંજનો પોશાક તે સુપેરે પહેરતો. પારિસમાં તેણે તેના ચન્દ્રકો પહેરવા માંડ્યા હતા. આવા માણસ સાથે પહોળા માર્ગો પર ચાલવું તે સાવ શક્ય તો હતું પણ મારે જો કહેવાનું હોય તો એમ કહું કે તે સલાહયોગ્ય પણ હતું. આ બધાથી તે ભલો, મૂર્ખ જનરલ ખૂબ પ્રસન્ન થયો. જ્યારે તે પારિસ આવી અમને મળવા આવ્યો ત્યારે તેણે

આમાંના કશાયની અપેક્ષા રાખી નહોતી. ત્યારે તો ભયથી કંપતો તે આવ્યો હતો. તેને ભય હતો કે બ્લાન્ચ ચીસો પાડી તેને કાઢી મૂકશે. પણ પરિસ્થિતિ જ્યારે આવી બની, ત્યારે તે તો સાતમા આસમાને હતો અને બાકીનો આખો મહિનો તેણે મતિકુંઠિત પ્રસન્નતામાં ગાળ્યો. મેં પારિસ છોડ્યું ત્યારે પણ તે હજી ત્યાં જ હતો. અમે રૂલેટ્ટનબર્ગ અચાનક છોડી ગયાં તે જ સવારે તેને તાણ જેવું કશુંક આવ્યું હતું તે સઘળી વિગતો મેં ત્યાં જ જાણી. તે બેભાન બની ગયો હતો અને પછી તો અઠવાડિયા સુધી આખો વખત તે પાગલની જેમ પ્રલાપ કરતો. ડૉક્ટરોએ તેને સાજો કર્યો, પણ પછી તો તે બધું છોડી, ટ્રેનમાં બેસી ગયો અને પારિસનો પ્રવાસ તેણે ખેડ્યો. અલબત્ત, બ્લાન્ચનું સ્વાગત તેને માટે અક્સીર ઔષધ પુરવાર થયું, પણ તેના મનની સુખદ અને પ્રસન્ન સ્થિતિ હોવા છતાંય ત્યાર પછી પણ તેની બીમારી લાંબો સમય ચાલુ રહી. હવે તો તે કશી દલીલ કરવા કે કોઈ પણ પ્રકારનો ગંભીર વાર્તાલાપ કરવા અસમર્થ હતો. એવી કોઈ પરિસ્થિતિ ઊભી થાય તો તે માત્ર 'હમ્' કહીને મુશ્કેલીમાંથી છુટકારો પ્રાપ્ત કરતો. તે વારંવાર હસતો પણ તેનું હાસ્ય ચિંતાભર્યું, માંદલું હતું અને તેના પર અંકુશ રાખવા અસમર્થ હતો. ક્યારેક તે કલાકો તે કલાકો સુધી બેસી રહેતો, તેની ભારેખમ ભ્રમરો ચઢાવતો અને વીજ શો શ્યામ દેખાતો. તે ભુલકણો બની ગયો હતો. તે ભારે ભુલકણો બની ગયો હતો અને સ્વગત બોલ્યા કરવાની તેને ટેવ પડી હતી. માત્ર બ્લાન્ચ જ તેને પુનર્જીવિત કરી શકે. એક ખૂણામાં તેના મનમાં ઘોળાતા વિષાદ તથા હતાશાના હુમલાઓ માત્ર તે જ સૂચવતા હતા કે તેણે તેને થોડા સમયથી દીઠી નહોતી અથવા તો તે તેને લીધા વિના કે તેની કાળજી રાખ્યા વિના ક્યાંક ચાલી ગઈ હતી. આવે પ્રસંગે પોતાને શું જોઈએ છે તે તે કહેતો નહોતો અને પોતાની ચીડ કે ખિન્નતાથી પણ તે સભાન નહોતો. જ્યારે તે એક-બે કલાક આમ બેસતો (અને જ્યારે બ્લાન્ચ આખો દિવસ માટે બહાર ગઈ હોય, કદાચ, આલ્બર્ટને મળવા ત્યારે ઘણી વાર મેં તેને આ રીતે દીઠો હતો.) ત્યારે તે અચાનક આસપાસ તાકી રહેતો, રઘવાયો બનતો, કૈંક સંભારવા મથતો હોય કે કોકને શોધતો હોય તેમ

તેની નજરને ભટકાવા દેતો. પણ કોઈને ન જોતાં અને પોતે શું પૂછવા માગતો હતો તેનું સ્મરણ ન કરી શકતાં તે વિસ્મૃતિમાં ફરી ડૂબી જતો. જ્યારે પ્રસન્ન, ખુશખુશાલ. ભવ્યવસ્ત્રધારી બ્લાન્ચ પોતાના રણકતા હાસ્ય સાથે ફરી પાછી આવી તેની પાસે દોડી જઈ તેની મશ્કરી કરવાની, અરે, તેને ચૂમી ભરવાની શરૂઆત કરતી – અલબત્ત, તે જવલ્લે જ આવું કરવાની યોજના ઘડતી – ત્યાં સુધી તેની આવી પરિસ્થતિ રહેતી. એક વાર તેને નીરખીને જનરલ એવો તો પ્રસન્ન થઈ ગયો કે તે રડી પડ્યો હતો – સાચે જ, હું પણ સ્તબ્ધ બની ગયો હતો.

અમારી વચ્ચે થયેલા તેના આગમનની પ્રથમ ક્ષણથી જ બ્લાન્ચે મારી સાથે તેનો પક્ષ લેવાનો પ્રારંભ કર્યો. તે બોલકી પણ બની, તેણે તે પણ યાદ કરાવ્યું કે મારે ખાતર તેણે જનરલને દગો દીધો હતો. તેના વિવાહ જાહેરમાં તેની સાથે થયા હતા અને તેણે તેને વચન આપ્યું હતું, તેને ખાતર તો તેણે તેનું કુટુંબ છોડ્યું હતું. અને અંતે તે પણ યાદ કરાવ્યું કે હું તેની નોકરીમાં હોવાથી મારે તે યાદ રાખવું જોઈએ. અને શું મને મારી પોતાની શરમ નથી આવતી ?... હું શાંત રહ્યો. અને તે સતત ને સતત બબડતી રહી. અંતે, હું જોરથી હસ્યો અને ત્યાં જ તેનો અંત આવ્યો. મારો મતલબ એ છે કે પહેલાં તેણે એમ માન્યું હતું કે હું મૂર્ખ હતો. પણ હવે છેવટે, તે એવા નિશ્ચિત તારણ પર આવી હતી કે હું ખૂબ સાનુકૂળ વ્યક્તિ હતો ! ટૂંકમાં, તે યોગ્ય યુવતીની સંપૂર્ણ કૃપા જીતી શક્યાનો મને આનંદ હતો. (બ્લાન્ચ ખરેખર અતિશય સુંદર સ્વભાવની યુવતી હતી – અલબત્ત, જો કે, પોતાની રીતે. મેં પહેલાં આવી તેની પ્રશંસા નથી કરી.) 'તું ભલો તથા હોશિયાર છે.' અંતના ભાગમાં તે મને કહ્યા કરતી અને-અને માત્ર દુઃખ એ છે કે તું, એવો તો મૂર્ખ છે ! તું ક્યારેય, ક્યારેય તારી સંપત્તિ નહિ વધારે !'

'એક સાચો રશિયન ! સાવ સાધુડો !' – તે બબડતી, અનેક વાર તેણે મને જનરલને ફરવા લઈ જવા મોકલ્યો – જાણે કે તે તેનો કૂતરો હોય અને તે તેને નોકરને હવાલે કરતી હોય તેમ જ. તોય તે હું તેને

રેસ્ટોરાંઓમાં, થિયેટરોમાં અને અન્ય સ્થળોએ લઈ ગયો. બ્લાન્ચે આ માટે મને પૈસા પણ આપ્યા. જો કે, જનરલ પાસે પોતાના પૈસા હતા અને લોકો સામે પોતાની નોટોનું પાકીટ લાવવું જનરલને ગમતું. એક વાર તેણે પેલેસ રોયલમાં દીઠેલી સાતસો ફ્રાન્કની પિન ખરીદતો તેને રોકવા માટે મારે બળ વાપરવું પડેલું. તે પિન બ્લાન્ચને ભેટ આપવાનું તેણે નક્કી કર્યું હતું. પણ તેને મન આ સાતસો ફ્રાન્કની પિનની શી કિંમત ? વળી, જનરલ પાસે કુલ એક હજાર ફ્રાન્કથી વધારે પૈસા નહોતા. તે પણ તેને ક્યાંથી મળ્યા તે હું ન જાણી શક્યો. મેં માન્યું કે તે આસ્ત્લે પાસેથી મળ્યા હશે. કારણ કે આસ્ત્લેએ તેનાં હોટેલનાં બિલો ચૂકવ્યાં હતાં. આ ગાળા દરમ્યાન જનરલનું મારા પ્રત્યેનું વલણ કૈંક અંશે આવું હતું. હું માનું છું કે તેને મારા ને બ્લાન્ચના સંબંધોની ગંધ આવી નહોતી. જો કે, મારું ભાગ્ય જોરદાર હતું એવી વાતો તેને કાને આવી હતી પણ તેને માની લીધું કે કાં તો હું બ્લાન્ચનો રહસ્યમંત્રી હોઈશ કે નોકર. સઘળા પ્રસંગોએ હંમેશ તે મારી સાથે મુરબ્બીવટથી અને જોહુકમીથી વાતો કરતો અને ક્યારેક તો તે મને નિયમિત ઉપાલંભ આપતો. એક વાર, નાસ્તા સમયે તેણે મને તથા બ્લાન્ચને ખૂબ ખૂબ રંજન પૂરું પાડ્યું. આમ તો, સામાન્ય રીતે તે સંવેદનશીલ વ્યક્તિ નહોતો, પરંતુ હવે તે મારાથી અચાનક દુભાતો હતો. કેમ, તે હું આ જ સુધી નથી જાણતો. પણ તેને પણ જાણ નથી. ટૂંકમાં પતાવીએ તો તેણે નિંદાનો અનંત મારો શરૂ કર્યો હતો. હું જુવાન કૂતરો હતો, હતાશ માણસ હતો તેવું તે બૂમો મારી કહેતો... તે તરત જ મને બતાવી દેશે... તે મને પાઠ ભણાવવાનો હતો... વગેરે વગેરે. પણ તેનો એક હરફ પણ કોઈ સમજતું નહિ. પોતે રડી પડે ત્યાં સુધી બ્લાન્ચ હસતી. અંતે, અમે તેને શાંત પાડતા અને ફરવા મોકલતા. ઘણી વાર મેં તેને દુઃખી જોયો હતો જાણે કે તે કશાક અંગે, કોઈક અંગે ફરિયાદ કરતો હોય અથવા તો બ્લાન્ચની ઉપસ્થિતિમાંય કશોય અભાવ અનુભવતો હોય. એકાદ બે વાર, આવા પ્રસંગોએ તેણે મારી સાથે વાત કરવાનો પ્રયત્ન કર્યો, પણ પોતાને સ્પષ્ટ કરવા તે અસમર્થ લાગતો હતો, ત્યારે તે લશ્કરની જિંદગીનાં સંભારણાં અંગે, તેની મૃત પત્ની અંગે, તેની આર્થિક સ્થિતિ અને

તેની મિલકત અંગે લવારો કરતો હતો. તે એવો એક શબ્દ કે એવું એક વાક્ય બોલતો જે તેને ગમતું અને દિવસમાં સો વાર તે દોહરાવતો; ભલેને તેને તેની લાગણીઓ કે તેના વિચારો સાથે લગીરે સંબંધ ન હોય. મેં તેની સાથે તેનાં સંતાનો વિશે વાત કરવા પ્રયત્ન કર્યો, પણ તેના અર્થહીન પ્રલાપ તથા વિષયાંતરને કારણે તે સત્વરે તેને પડતી મૂકતો, બબડતો, 'હા, હા, બાળકો, તું તું સાચું કહે છે, બાળકો !' એક વાર અને ફક્ત એક વાર અમે જ્યારે થિયેટરમાં જઈ રહ્યા હતા ત્યારે તેમને વિશે ચિંતા પ્રગટ કરી, 'તે કમભાગી બાળકો છે.' અને સાંજ સુધીમાં અનેક વાર તેણે 'કમભાગી બાળકો' શબ્દો દોહરાવ્યા. જ્યારે મેં એક વાર પોલિનાની વાત કાઢી, ત્યારે તે સખત ઉશ્કેરાઈ ગયો. 'તે કૃતઘ્ની સ્ત્રી છે,' તેણે કહ્યું, 'દુષ્ટ અને કૃતઘ્ની. તેણે કુળ બોળ્યું છે.' જો અહીં કાયદાઓ હોત તો હું તેને ભગાડી મૂકત હા, ભાઈ !' 'દ ગ્રિયક્ષેનું તો તે નામેય ન સાંભળી શક્યો. તેણે જ મારો સર્વનાશ કર્યો,' તેણે કહ્યું, 'તે ગળાકાપ લૂંટારો છે. બે વર્ષો સુધી તે મારો ઓથાર બની રહ્યો. મહિનાઓ સુધી મેં તેનાં સપનાં દીઠાં તે... તે... અરે, તેનું તો નામ જ ન દેતો.'

હું જોઈ શકતો હતો કે તેમની વચ્ચે બધું સરળ ચાલતું હતું, પણ હંમેશની જેમ હું કૈં ન બોલ્યો. મને પહેલાં સમાચાર બ્લાન્ચે આપ્યા – અમે છૂટાં પડ્યાં તેના બરોબર એક અઠવાડિયા પહેલાં 'તે નસીબદાર છે.' તે બકી ગઈ, 'દાદીમા હવે ખરેખર મરવા પડ્યાં છે, તે નક્કી મરી જશે. આસ્ત્લેએ અમને તાર કર્યો છે, અને તે જ તેનો વારસ છે તે તારે કબૂલવું પડશે. અને જો તે વારસ નહિ હોય તોય તેને વાંધો નહિ આવે. પહેલી વાત તો એ કે તેને પેન્શન મળે છે. બીજું એ કે પાછળ તેનો પોતાનો એક ઓરડો હશે ને ત્યાં તે સંપૂર્ણ સુખી હશે. હું જનરલની મેડમ બનીશ. સારા સામાજિક વર્તુળ સાથેય મારો સંપર્ક હશે (બ્લાન્ચ સદા એવાં સપનાં સેવતી.) અને પછી હું રશિયન જમીનદાર બનીશ, મારો પોતાનો કિલ્લો હશે, હવેલી હશે અને બધા પૈસા મારા હાથમાં જ પહેલાં આવશે.'

'ખેર ! પણ તે અદેખો થાય, અને આગ્રહ રાખે કે – શેનો તે તો ઈશ્વર જાણે – તો શું ? તું સમજી ?'

'અરે, ના, ના, ના તેવું કરવાની તેની હિંમત જ કેમ ચાલે ? મેં યોગ્ય પગલાં લીધાં છે. તું ચિંતા ન કરીશ. મેં આલ્બર્ટની અનેક વચનચિઠ્ઠીઓ પર તેની સહી કરાવી લીધી છે. કૈંક કરવા જશે – અને તેની સત્વરે ધરપકડ થશે, પણ તે હિંમત જ નહિ કરે.'

'ઠીક તો પછી તેને પરણ...'

તે કોઈ મહાન વિધિ વિનાનાં સાદાં લગ્ન હતાં, કુટુંબીજનો જ ઉપસ્થિત રહ્યાં હતાં. આલ્બર્ટ અને અન્ય નિકટના મિત્રોને નિમંત્ર્યા હતા. હોર્ટેન્સે, ક્લિઓપેટ્રા અને બીજાઓને દઢતાપૂર્વક દૂર રખાયાં હતાં. વરરાજાને પોતાના મોભાની ખૂબ ચિંતા હતી.

બ્લાન્ચે તેની ટાઈ બાંધી આપી અને તેના વાળમાં પણ સુગંધી તેલ નાંખી આપ્યું. તેના કોટ તથા સફેદ બંડીમાં તે જેવો દેખાવો જોઈએ, તેટલો સુંદર લાગતો હતો.

'ખરેખર, આમ જ થવું જોઈએ અને તે જ થયું.' જનરલના ઓરડામાંથી બહાર આવતાં જ બ્લાન્ચે જાહેર કર્યું, જાણે કે જનરલ આવો સુંદર હોય તે ખ્યાલ તેને પણ આશ્ચર્ય પમાડતો હોય ! આ બધી વિગતો સાથે મારે ઝાઝી નિસબત નહોતી. માત્ર નીરસ દર્શક તરીકે જ હું તેમાં ભાગ લેતો હતો. તે એટલે સુધી કે જે કૈં બન્યું તેમાંનું મોટાભાગનું હું ભૂલી ગયો છું. માત્ર એટલું જ યાદ છે કે બ્લાન્ચની વિધવા મા કમિન્જસ જેમ કમિન્જસ નહોતી પણ દ્યૂ પ્લેસેટ હતી તેમ તે પણ નહોતી. તો પછી અત્યાર સુધી તે બંને દ કમિન્જસ તરીકે કેમ ઓળખાવતાં હતાં તે તે નથી જાણતો, પણ જનરલને તેનાથી સાવ સંતોષ હતો અને દ કમિન્જસ કરતાં દ્યૂ પ્લેસેટ તેને સવિશેષ ગમતી હતી. લગ્નની સવારે, વસ્ત્રો પહેરી તૈયાર થઈને દીવાનખંડમાં તે આંટા મારતો હતો, ત્યારે તે અપૂર્વ ગંભીર તથા મહત્ત્વપૂર્ણ ખુમારી સાથે સ્વગત બોલ્યા જ કરતો હતો – 'મેડમઝે'લ બ્લાન્ચ દ્યૂ

પ્લેસેટ ! બ્લાન્ચ ! મિસ બ્લાન્ચ દ્યૂ પ્લેસેટ !' અને તેનો ચહેરો આત્મસંતોષથી ઝળહળી ઊઠ્યો. દેવળમાં રજિસ્ટ્રારની ઑફિસમાં અને ઘરે લગ્નભોજન વખતે તે માત્ર પ્રસન્ન અને સુખી જ નહોતો, ગર્વિષ્ઠ પણ હતો. બંનેને કૈંક થયું હતું. બ્લાન્ચ પણ વિશિષ્ટ ગૌરવ અનુભવતી દેખાતી હતી.

'હવે મારે સાવ જુદી જ રીતે વર્તવું પડશે,' અનન્ય ગંભીરતાથી તેણે મને કહ્યું, 'અરે જો તો ખરો, એક ભયંકર વાત તો હું ભૂલી જ ગઈ – વિચાર તો ખરો, મારા નવા નામનો ઉચ્ચાર કેમ કરવો તેય મારે શીખવું પડશે-ઝાગોર્યન્સ્કી, ઝાગોર્યન્સ્કી માદામ લા જનરલ દ સાગો-સાગો ! અરે, અઘરું લાગે છે. આટલાં બધાં વ્યંજનો ! પણ ખરેખર તો ગમે તેવું છે.'

અંતે, અમે છૂટાં પડ્યાં. અને બ્લાન્ચ, મૂર્ખ બ્લાન્ચે મને વિદાય આપતાં આપતાં બેએક આંસુ ખેરવ્યાં – 'તું સારો છોકરો હતો.' તેણે સરડકો બોલાવતાં કહ્યું, 'હું માનતી હતી કે તું મૂરખ હતો અને તું તેવો લાગતો હતો. પણ તે તને શોભતું હતું' અને આખરી વેળાએ મારો હાથ દબાવ્યા પછી તે અચાનક બોલી, 'ઊભો રહે,' અને પોતાના અંગત ઓરડામાં સરસરાટ પ્રવેશી અને મિનિટ પછી બે હજાર ફ્રાંકની નોટો મારે માટે લઈને આવી. આવું તો મેં ક્યારેય માન્યું ન હોત ! 'આ કામમાં આવશે. તું ભારે વિદ્વાન હોઈશ પણ તું ખૂબ મૂરખ છે. હું તને બે હજાર કરતાં વધારે તો નહિ જ આપું, કારણ કે – તું તે ગુમાવવાનો જ. અચ્છા, આવજે. આપણે હંમેશાં સારા મિત્રો બનીને રહીશું અને તું ફરી જીતે તો ચોક્કસ મારી પાસે આવજે અને તું સુખી થઈશ.'

મારી પાસે હજી પાંચસો ફ્રાન્ક બચ્યા હતા. વળી, મારી પાસે એક હજાર ફ્રાન્કની કિંમતની ભવ્ય ઘડિયાળ, હીરાનાં કાંડા-બટન અને અન્ય વસ્તુઓ પણ હતી. એટલે વગર ચિંતાએ હું હજી લાંબો સમય કાઢી શક્યો હોત. જાણીજોઈને હું આ નાનકડા નગરમાં થોડોક સ્વસ્થ થવા તથા આસ્ત્લેની રાહ જોવા વસ્યો. મને ચોક્કસ કહેવાયું હતું કે તે અહીંથી પસાર થશે અને પોતાના વ્યવસાય અર્થે ચોવીસ કલાક રોકાશે. હું બધી જ માહિતી

મેળવી લઈશ... અને પછી, પછી હું સીધો હેમ્બર્ગ જઈશ. હું રૂલેટ્ટનબર્ગ નહિ જાઉં. કદાચ આવતે વર્ષે જઈશ. લોકો કહે છે કે જો તમે એકના એક જ ટેબલ પર સતત બે વાર તમારું ભાગ્ય અજમાવો તો હંમેશાં અપશુકન જ થાય છે અને હેમ્બર્ગમાં રમવાની ખરેખર મજા આવે છે.

૧૭

અઢાર મહિના પછી હું આ નોંધ જોઉં છું અને મારાં દુઃખ અને વેદનાની વચ્ચે અત્યારે હું આકસ્મિક જ તે વાંચું છું. મારા મનના આનંદ માટે જ હું તેને ગંભીરતાપૂર્વક લઉં છું. મને લાગે છે કે ત્યારે, હેમ્બર્ગ જતો હતો તેની વાત કરતાં જ હું અટક્યો હતો... ઓ ભગવાન ! આમ જોઈએ તો હળવા હૈયે મેં તે પંક્તિ લખી હતી ? અથવા તો સાવ હળવે હૈયે તો નહિ જ, પણ કેવા આત્મવિશ્વાસથી અને કેવી અચળ આશાથી ? મને મારા પર લગીર અવિશ્વાસ હતો ? અને હવે લગભગ અઢાર મહિના વીતી ગયા છે અને મારા ખ્યાલ મુજબ મારી સ્થિતિ, એક ભિખારીથીય બદતર છે ! અને ભીખ એટલે ? હું ભીખની જરા પણ ચિંતા કરતો નથી ! મેં જ મારી જાતનો સર્વનાશ નોતર્યો છે. હવે કોઈ તુલના કરવાનો કે નીતિબોધ તારવવાનો કશો જ અર્થ નથી, અત્યારે. આવા સમયે નીતિબોધ તારવવો તે ઉપહસનીય જ લાગે ! આ આત્મસંતોષી લોકો – વાતોડિયાઓ કેવા અહંમન્ય દર્પથી પોતાનો બોધ આપવા તૈયાર છે ! જો તેઓ એટલું જ માત્ર જાણતા હોત કે હું મારી આ સમગ્ર કંટાળાજનક પરિસ્થિતિ કેવી રીતે સહી રહ્યો છું તો મને બોધ આપવાનો પ્રયત્ન કરવાની તેમને ઇચ્છા જ ન થાત. અરે, એવું કશું નવું, હું ન જાણતો હોઉં એવું આ દુનિયામાં શું છે જે તેઓ મને કહી શકે ? પણ વાત શી છે ? અહીં વાત આટલી જ છે – ફરી એક ચક્કર અને બધું જ બદલાઈ જાય, અને આ જ ઉપદેશકો મને મૈત્રીભર્યા ટીખળથી સૌ પહેલાં અભિનંદન આપનારાઓ હશે (મને તેની ચોક્કસ

ખાતરી છે.) અને અત્યારની જેમ તે મારાથી દૂર સરકી નહિ જાય. પણ મને તેમની લગીરે પરવા નથી ! અત્યારે હું શું છું ? કૈં જ નહિ. આવતી કાલે હું શું હોઈ શકું ? આવતી કાલે મૃત્યુમાંથી ઊઠીને હું ફરી જીવવા લાગું ! મારામાં રહેલો પુરુષ નકામો મરી જાય તે પહેલાં જ હું તેને કદાચ શોધી કાઢું !

ત્યારે, ખરેખર હું હેમ્બર્ગ ગયો પણ... ત્યાંથી ફરી પાછો હું રૂલેટ્ટનબર્ગ આવ્યો, સ્પા અને બેડન પણ પાછો ફર્યો. ત્યાં હું ધારાસભ્ય હિન્ત્ઝેનો હજૂરિયો બન્યો. ત્યારે તે દુષ્ટ ત્યાં મારો માલિક હતો ! હા, પૂરા પાંચ મહિના સુધી હું નોકર બનીને રહ્યો ! કારાવાસમાંથી હું છૂટ્યો કે તરત જ આ પરિસ્થિતિ જન્મી. (અહીં કરેલા દેવાને કારણે મને રૂલેટ્ટનબર્ગમાં કારાગારમાં પૂરવામાં આવ્યો હતો. કોઈ અજાણી વ્યક્તિએ મને મુક્ત કરાવ્યો – કોણ હતું તે ? પોલિના ? હું નથી જાણતો પણ કુલ બસો થેલરનું દેવું ચૂકવાઈ ગયું હતું અને મને મુક્ત કરાયો હતો.) હું હવે ક્યાં જઈ શકું ? હું આ હિન્ત્ઝે પાસે ગયો. તે જુવાન અને દુષ્ટ છે. તેને મહેનત કરવી ગમતી નથી અને હું ત્રણ ભાષાઓ બોલી-લખી શકું છું. પહેલાં તો હું તેના મંત્રી તરીકે રહ્યો, મહિને ત્રીસ ગલ્ડનના પગારે, પણ અંતે હું ખરેખર તેનો નોકર બની ગયો. મંત્રી તરીકે મને રાખવાનું તેને પાલવે તેમ નહોતું. તેણે મારો પગાર ઓછો કર્યો, પણ મારે જવા માટે અન્ય કોઈ સ્થાન નહોતું. એટલે જ્યાં હતો ત્યાં જ હું રહ્યો. અને આમ હું તેનો નોકર બની ગયો. તેની નોકરીમાં મને પૂરતું ખાવાપીવાનું નહોતું મળતું. બીજી બાજુ મેં પાંચ મહિનામાં સિત્તેર ગલ્ડનની બચત કરી એક સાંજે બેડનમાં મેં તેને જણાવી દીધું કે હું તેની નોકરી છોડી જવા માગું છું અને તે જ સાંજે હું જુગારના ટેબલો પાસે ગયો. ઓહ ! મારું હૈયું કેવું ઊછળતું હતું ! ના, મને પૈસા જ વહાલા નહોતા. હું તો માત્ર એટલું જ ઇચ્છતો હતો કે તે સૌ હિન્ત્ઝો, હોટેલના તે સૌ નોકરો, બેડનની તે સૌ રૂપસુંદરીઓ બીજે દિવસે મારી જ વાતો કરે, માત્ર મારી જ પ્રશંસા કરે અને મારી આ નવી જીતો સામે માથું ઝુકાવે. આ બધી મારી

બાલિશ ઇચ્છાઓ હતી, આ બધાં મારાં બાલિશ સ્વપ્નો હતાં. જાણે... કોને ખબર કે પોલિનાનેય હું મળું અને તેને સઘળું કહું અને તે ય જાણે કે હું વિધિના આ વિચિત્ર ચક્કરોમાંથી બહાર આવી ગયો હતો... ઓહ ! પૈસા જ માત્ર મને વહાલા નહોતા. હા, મને ગળા સુધી ખાતરી હતી કે મેં તે પૈસા કોઈ નવી બ્લાન્ચ પાછળ ઉડાવ્યા હોત અને વળી પાછો પારિસમાં, મારી જ સોળ હજારની ઘોડાની જોડી પર ત્રણ અઠવાડિયાં સુધી ઘૂમી વળ્યો હોત. હું સાચેસાચ જાણું છું કે હું કંજૂસ નથી. હું ઉડાઉ છું, તેવું હું પણ માનું જ છું અને છતાંય ક્ષોભ સાથે, ડરતા હૃદયે હું પૈસાની લેતીદેતી કરનારની બૂમ સાંભળું છું – એકત્રીસ, લાલ, એકી, બેકી. અથવા ચાર, કાળી અને માન્કની જોડી. અને કેવી લોભી નજરે ટેબલ પર વેરાયેલી વિવિધ નોટોનો તથા સોનાના સિક્કાઓનો ગંજ નિહાળું છું. જ્યારે પૈસાની લેતીદેતી કરનાર પોતાની ડોલ વડે તે ઉલેચે છે, ત્યારે તે અગ્નિની જેમ ચમકતો લાગે છે. અને સાથે સાથે કેવી લોભી નજરે હું પૈડાના બે ફૂટ લાંબા પટ્ટાને નિહાળું છું. જુગારના ઓરડામાં જતાં જતાં જ્યારે હું ડોલમાંથી ફેંકાતા સિક્કાઓના ખણખણાટ સાંભળું છું ત્યારે હું ઉત્તેજના અનુભવું છું.

અરે, તે એક બીજી સ્મરણીય સાંજ હતી, જ્યારે હું મારા સિત્તેર ગલ્ડન લઈને જુગારના ઓરડામાં ગયો. મેં ફરી 'પાસે' પર દસ ગલ્ડનની હોડ બકીને શરૂઆત કરી. કોણ જાણે કેમ પણ મને 'પાસે' પ્રત્યે પક્ષપાત છે. હું હાર્યો. મારી પાસે ચાંદીના સાઈઠ ગલ્ડન જ બચ્યા. મેં ક્ષણેક વિચાર કર્યો અને શૂન્ય પસંદ કર્યો. શૂન્ય પર એકી સાથે મેં પાંચ ગલ્ડન લગાવ્યા અને ત્રીજા દાવે શૂન્ય આવ્યો. મને એકસો પંચોતેર ગલ્ડન મળ્યા ત્યારે તો હું આનંદવિભોર બની ગયો. એક લાખ ગલ્ડન જીત્યો હતો ત્યારેય મને આટલો આનંદ થયો નહોતો. મેં તરત જ લાલ પર સો ગલ્ડનની હોડ બકી- અને હું જીત્યો, મેં બધા જ બસો ગલ્ડન લાલ પર લગાવ્યા અને હું જીત્યો, મેં ચારસો ગલ્ડન કાળી પર લગાવ્યા અને હું જીત્યો. આઠસો 'માન્કવે' પર લગાવ્યા અને હું જીત્યલે આમ, તે બધું મળીને સત્તરસો ગલ્ડન

જીત્યો હતો અને તેય પાંચ મિનિટમાં જ. હા, ખરેખર આવી ક્ષણોએ જ વ્યક્તિ પોતાની અગાઉની નિષ્ફળતાઓ ભૂલી જાય છે અને તમે જુઓ છો કે મારી જિંદગી કરતાં ય વધુ જોખમે મેં આ પ્રાપ્ત કર્યું હતું. મેં જોખમ ખેડવાનું સાહસ કર્યું હતું અને ફરી પાછો હું માણસ બન્યો હતો.

મેં હોટેલમાં ઓરડી રાખી અને બારણું બંધ કરી મેં રાતે ત્રણ વાગ્યા સુધી પૈસા ગણ્યા. બીજે દિવસે સવારે તરત જ નોકરને જગાડ્યો. મેં તે જ દિવસે હેમ્બર્ગ જવાનો વિચાર કર્યો. હવે હું ત્યાં નોકર નહોતો કે હું કારાવાસમાં ય નહોતો. ટ્રેન ઊપડવાના અડધો કલાક પહેલાં હું બે દાવ રમવા ગયો અને પંદર હજાર ફ્લોરિન મેં ગુમાવ્યા. તો ય મેં હેમ્બર્ગનો પ્રવાસ કર્યો અને એક મહિનાથી હું અહીં છું...

અલબત્ત, હું સતત ચિંતાતુર રહું છું. નાનામાં નાની રકમનો જુગાર રમું છું, કૈંક બનવાની પ્રતીક્ષા કરું છું, ગણતરીઓ કરું છું, આખો દિવસ જુગારના ટેબલ પાસે ઊભો રહી રમત નીરખું છું, અરે, રાતે ય તેનાં સપનાં નિહાળું છું અને આ બધા છતાંય. મને લાગે છે કે મને કોઈએ કશાક કાદવનો લેપ લગાડ્યો છે અને હું અક્કડ અને મૂંગો બની ગયો છું. આસ્ત્લે સાથેના મિલન પછી મારા પર પડેલ પ્રભાવને કારણે હું આ તારણ પર આવ્યો છું. અમે છેલ્લા છૂટા પડ્યા ત્યાર પછી મળ્યા નહોતા અને અત્યારે અચાનક જ અમે મળી ગયા. હું બાગમાં ફરતો ફરતો મનમાં ગણતરી કરતો હતો કે હવે હું લગભગ અકિંચન બની ગયો છું. જો કે, હજી મારી પાસે પચાસ ગલ્ડન હતા – અને તદુપરાંત મેં બે દિવસ પહેલાં જ રાખેલી હોટેલની નાનકડી ઓરડીનું બિલ પણ ચૂકવી દીધું હતું – જો હવે કદાચ હું કૈં પણ જીતું તો હું રમવાનું ચાલુ રાખી શકું અને જો હારું તો મારે ફરી કોકના નોકર બનવાનું – જો હું શિક્ષકને શોધતા કોઈ રશિયન કુટુંબને સત્વરે ન શોધી શકું તો. આમ વિચારતો વિચારતો હું પાસેના જ વિસ્તારમાં આવેલાં વન-ઉપવનમાં રોજની જેમ ફરતો હતો. ક્યારેક તો આ રીતે હું ચાર કલાક સુધી ફરતો. અને થાકીને ભૂખ્યો થતો ત્યારે હેમ્બર્ગ પાછો ફરતો. હું હજી

માંડ વનમાંથી ઉપવનમાં આવ્યો હોઈશ. ત્યાં જ મારી દૃષ્ટિ બાંકડા પર બેઠેલા આસ્ત્લે પર પડી. તેણે મને પહેલાં જ દીઠો હતો એટલે તેણે જ મને બોલાવ્યો. હું નિકટ બેઠો. તેનામાં થોડીક અક્કડતા જોતાં મેં મારો આનંદ સત્વરે રોક્યો, નહિતર તેને નિહાળતાં જ હું અતિશય આનંદવિભોર થયો હોત.

'એટલે તું અહીં છે ? મેં હમણાં જ તને મળવાનું વિચાર્યું હતું.' તેણે કહ્યું, 'મને કહેતાં ખચકાતો નહિ, હું જાણુ છું. છેલ્લા અઢાર મહિનાની તારી જિંદગીની એકેએક વાત હું જાણું છું.'

'હમ્, એટલે તું તારા પુરાણા મિત્રોનો આ રીતે પીછો પકડે છે ? તું તેમને ભૂલી નથી જતો તે તારું ગૌરવ છે. એક ક્ષણ. જો કે, તેં જ મને તે સુઝાડ્યું – રૂલેટ્ટનબર્ગના કારાગારમાં મને બસો ગલ્ડનના દેવા માટે જ્યારે પૂર્યો હતો ત્યારે મને છોડાવવા માટે શું તેં જ પૈસા આપ્યા હતા ? તે કોઈ અપરિચિત વ્યક્તિ હતી.'

'ના, ના. રૂલેટ્ટનબર્ગના કારાગારમાં તને બસો ગલ્ડનના દેવા માટે પૂરવામાં આવ્યો હતો ત્યારે મેં તને છોડાવ્યો નહોતો, પણ હું જાણતો હતો કે બસો ગલ્ડનના દેવા માટે તને કારાગારમાં પૂર્યો છે.'

'એટલે કે તું જાણે છે કે કોણે મને છોડાવ્યો ?'

'ના. તને કોણે છોડાવ્યો તે હું કહી શકતો નથી.'

'વિચિત્ર ! અહીં કોઈ રશિયન મને ઓળખતું નથી અને અહીંનું કોઈ રશિયન મને છોડાવે તે અશક્ય છે. રશિયામાં કોઈ ધર્મચુસ્ત એવા જ કોઈ ધર્મચુસ્તને છોડાવે છે, પણ હમણાં જ વિચાર આવ્યો કે કોઈ ધૂની અંગ્રેજે આવું વિચિત્ર કામ કર્યું હોય.'

આસ્ત્લે મને સાશ્ચર્ય સાંભળી રહ્યો. હું માનું છું કે તેણે મને હારેલો, હતાશ બનેલો જોવાની અપેક્ષા રાખી હતી.

'તેં તારો સ્વતંત્ર સ્વભાવ, અરે, તારો આનંદી સ્વભાવ પણ જાળવી રાખ્યો છે તે જોઈ મને આનંદ થાય છે.' તેણે કૈંક પ્રસન્ન નજરે કહ્યું.

'એટલે હું હાર્યો નથી. હતાશ થયો નથી, તેથી તને અંતરમાં ઈર્ષ્યા ઊપજે છે, ખરું ને ?' મેં હસતાં હસતાં કહ્યું.

તેને સમજવામાં થોડી વાર લાગી, પણ જ્યારે તે સમજ્યો ત્યારે તેણે સ્મિત વેર્યું. 'તું જે કૈં કહે છે તે મને ગમે છે. હું આ શબ્દોમાં તે જ ચતુર, ઉત્સાહી અને છતાંય ધૂની એવા પુરાણા મિત્રને નીરખું છું. એકી સાથે આવા અનેક વિરોધાભાસો માત્ર રશિયનો જ પોતાનામાં સંઘરી શકે. તેમના શ્રેષ્ઠ મિત્રોને દીન સ્થિતિમાં જોવાનું લોકોને સાચેસાચ ગમતું હોય છે. મોટા ભાગની મૈત્રી દીનતા પર જ આધાર રાખતી હોય છે અને બુદ્ધિમાનોને પરિચિત એવું આ પુરાણું સત્ય છે. પણ અત્યારે હું તને ખાતરી આપું છું કે તું હતાશ નથી થયો તેનો ખરેખર મને આનંદ છે. મને કહે, તું જુગાર છોડી દેવા માગે છે ?'

'અરે, જહન્નમમાં જાય જુગાર, હું ગમે ત્યારે તેને છોડી દઉં, જો માત્ર...'

'જો માત્ર તેં અત્યારે જે ખોયું છે તે ફરી પાછું જીતી શકે તો ? હું એમ માનતો હતો. તેં વાક્ય અધરું રાખ્યું – હું જાણું છું કે તેં તે તેમ જ રહેવા દીધું, પણ પરિણામે તારાથી સત્ય બોલાઈ ગયું. મને કહે, જુગાર રમવા સિવાય બીજું કશું તું કરે છે ?'

'ના, કશું જ નહિ...'

તેણે મારી તપસીલ લેવા માંડી. હું એકેએક વાતથી અજાણ હતો, મેં છાપાંય ભાગ્યે જ જોયાં હતાં અને આ બધો સમય એકે ય પુસ્તક મેં ખોલ્યું નહોતું.

'તું રીઢો બની ગયો છે.' તેણે કહ્યું. 'તેં માત્ર જિંદગીનો જ ત્યાગ નથી કર્યો, તારાં પોતાનાં અને સમાજનાં હિતો, માણસ તથા નાગરિક તરીકેનું તારું કર્તવ્ય, તારા મિત્રો – અને તારે મિત્રો હતાં જે – તે સહુનો ત્યાગ કર્યો છે. જુગારમાં જીતવા સિવાયનું તારી જિંદગીનું જે કૈં બીજું ધ્યેય હોય તે જ માત્ર તેં ત્યજી દીધું નથી, તેં તારી સ્મૃતિઓ પણ ત્યજી દીધી છે.

તારી જિંદગીનો આવેશભર્યો અને ઉત્કટ ગાળો મને યાદ છે, પણ મને ખાતરી છે કે તે ગાળાના સઘળા શ્રેષ્ઠ પ્રભાવોનું તને વિસ્મરણ થયું છે. તારાં સ્વપ્નો, તારી અતિઅગત્યની વર્તમાન ઇચ્છાઓ છે માત્ર એકી, બેકી, લાલ તથા કાળી અને મધ્યની બાર સંખ્યાઓથી આગળ ન જવું વગેરે વગેરે. મને તેની ચોક્કસ ખાતરી થઈ ગઈ છે.'

'બસ, આસ્ત્લે, બસ, મહેરબાની કર, મહેરબાની કરી મને બધું યાદ ન કરાવ,' મેં રાડ પાડી, હું વેદના અનુભવતો હતો, સાવ ભૂખ્યો હતો; 'તને સાચું કહું હું કશું જ ભૂલ્યો નથી, માત્ર સમય પૂરતું, મારી પરિસ્થિતિને હું સંપૂર્ણપણે ન પલટું ત્યાં સુધી મેં તે બધું મારા મનમાંથી ધકેલી દીધું છે, અરે, મારી સ્મૃતિઓને પણ ધકેલી દીધી છે, મનમાંથી. પણ પછી... પછી, તું જોઈશ કે હું નવજીવન પામ્યો છું.'

'તું હજી આજથી બીજાં દસ વર્ષો સુધી આ જ પરિસ્થિતિમાં હોઈશ,' તેણે કહ્યું. 'હું શરત મારવા તૈયાર છું – હું તને આ જ બાંકડા પર તેનું સ્મરણ કરાવીશ, જો હું જીવતો હોઈશ તો.'

'બસ, બહુ થયું,' મેં અધવચ્ચે જ કહ્યું, 'હું ભૂતકાળને નથી ભૂલી ગયો તે તને દર્શાવવા હું એટલું પૂછી શકું કે પોલિના અત્યારે ક્યાં છે ? જો તેં મને ના છોડાવ્યો હોય તો તેણે જ મને છોડાવ્યો હશે. તે દિવસ પછી આજ સુધી મારી પાસે તેના કોઈ સમાચાર નથી.'

'ના, ના, હું નથી માનતો કે તેણે તને છોડાવ્યો હોય. અત્યારે તે સ્વિત્ઝર્લૅન્ડમાં છે અને મહેરબાની કરી તું તેને વિશે મને કંઈ ન પૂછતો.' તેણે દૃઢતાપૂર્વક, કૈંક અંશે રોષપૂર્વક કહ્યું.

'તેનો અર્થ એ કે તેણે તને પણ અતિશય દુભવ્યો છે.' સ્વાભાવિકતાથી હું હસી પડ્યો.

'સહુ આદરણીય વ્યક્તિઓમાં કુમારી પોલિના અતિ આદરણીય છે, પણ ફરી કહું છું કે મહેરબાની કરી તું તેને વિશે મને કંઈ ન પૂછતો, તેં ક્યારેય તેને ઓળખી નથી અને તારા હોઠ પર તેનું નામ હોય તેને હું મારી નૈતિકતાનું અપમાન લેખું છું.'

'એમ ? તો ય તું ખોટો છે અને વળી તેની વાત સિવાય બીજી કઈ વાત મારે તારી સાથે કરવાની હોય ? મારા પ્રશ્નનો ઉત્તર આપ. છેવટે તો, આપણી સ્મૃતિઓએ માત્ર તે જ બધું સંઘરી રાખ્યું છે. ચિંતા ન કરીશ, હું તારું કોઈ પણ આંતરિક રહસ્ય જાણવા નથી માગતો... મને તો પોલિનાની બાહ્ય પરિસ્થિતિમાં જ રસ છે. એટલે તેની બાહ્ય પરિસ્થિતિ વિશે જ કહે અને તે પણ માત્ર બે શબ્દોમાં જ.'

'ઠીક, બે જ શબ્દોમાં કહેવાનું હોય તો કહું કે પોલિના લાંબા સમય સુધી બીમાર હતી, હજી પણ તે બીમાર છે. થોડા સમય માટે તે ઇંગ્લૅન્ડના ઉત્તરીય પ્રદેશમાં મારાં માતા તથા બહેન સાથે રહી. છ મહિના પહેલાં તેના દાદીમા – પેલી પાગલ સ્ત્રી તને યાદ છે ને ? – અવસાન પામ્યાં અને તેને સાત હજાર પાઉન્ડનો વારસો આપતાં ગયાં. અત્યારે, મારી પરિણીત બહેનના કુટુંબ સાથે પોલિના સ્વિત્ઝર્લૅન્ડમાં પ્રવાસ કરે છે. દાદીમાના વારસામાંથી તેનાં નાનાં ભાઈબહેનને લંડનમાં શિક્ષણ આપવાની જોગવાઈ કરી છે. એક મહિના પહેલાં, જનરલ – તેનો સાવકો બાપ હૃદયરોગના હુમલાથી પારિસમાં મૃત્યુ પામ્યો. મેડમઝે'લ બ્લાન્ચે તેની સારી સારવાર કરી, પણ જનરલને મળેલા દાદીમાના વારસાની એકએક વસ્તુ પોતાને નામે કરાવવાની વ્યવસ્થા તેણે કરી લીધી અને બસ – હું માનું છું કે વાત અહીં પૂરી થાય છે.'

'અને દ ગ્રિયક્ષ પણ સ્વિત્ઝર્લૅન્ડમાં પ્રવાસ કરે છે ?'

'ના, દ ગ્રિયક્ષ સ્વિત્ઝર્લૅન્ડમાં પ્રવાસ કરતો નથી, પણ હું નથી જાણતો કે તે અત્યારે ક્યાં છે. વળી, હું છેલ્લી વાર ચેતવણી આપું છું કે આમ દુર્જનની જેમ એકબીજાનાં નામ સાથે સાથે સાંકળવાની કે સૂચવવાની ચેષ્ટા છોડી દે. નહિતર તું મને તારી સાથે લડવાની ચોક્કસ ફરજ પાડીશ.'

'શું આપણી અગાઉની દોસ્તી છતાંય ?'

'હા, આપણી અગાઉની દોસ્તી છતાંય.'

'હું તારી હજાર વાર ક્ષમા યાચું છું, આસ્ત્લે. પણ માફ કરજે, મારે એ કહેવું જ પડશે કે આમાં કશું દૂભવે તેવું કે દુર્જનતા જેવું નથી. હું કુમારી પોલિનાનો દોષ નથી કાઢતો. વળી સામાન્ય રીતે તો ફ્રેન્ચ પુરુષ અને રશિયન યુવતી–એટલે કે તેમના સંબંધો, આપણે માટે પૂરા ન સમજી શકાય કે ન સમજાવી શકાય તેવા હોય છે, આસ્ત્લે.'

'જો તું દ ગ્રિયક્ષનું નામ બીજા નામ સાથે નથી સાંકળતો તો 'ફ્રેન્ચ પુરુષ અને રશિયન યુવતી' એવું કહી તું શું કહેવા માગે છે તે મને સમજાવ. તે 'સબંધ' કેવો હોય છે ? અને તેમાં ફ્રેન્ચ પુરુષ તથા રશિયન યુવતી જ કેમ ?'

'તને રસ પડ્યો ને ! પણ તે લાંબી કથા છે, આસ્ત્લે તે પહેલાં તારે ઘણુંબધું જાણવું જરૂરી છે. છતાંય, આ મહત્ત્વનો પ્રશ્ન છે, ભલે. પહેલી દૃષ્ટિએ આખી વાત વિચિત્ર લાગતી હોય. આસ્ત્લે, ફ્રેન્ચ પુરુષ સર્વાંગ સુંદર હોય છે. એક અંગ્રેજ તરીકે તું સંમત નહિ થાય, આસ્ત્લે, અને એક રશિયન તરીકે હું તો સંમત થતો જ નથી. તું કદાચ એમ પણ માને કે નરી ઈર્ષ્યાને કારણે આમ હશે, પણ અમારી યુવતીઓનો અભિપ્રાય જુદો હોઈ શકે, તને કદાચ રેસિન કૃત્રિમ, અવ્યવસ્થિત અને ફૂલફટાક લાગે, એક દૃષ્ટિએ કદાચ વિચિત્ર પણ લાગે. પણ તે આકર્ષણ છે, આસ્ત્લે, અને વળી તે મહાન કવિ છે – મને કે તને ન ગમતો હોય તોય. જ્યારે હજી અમે આદિમ અવસ્થામાં હતા ત્યારે ફ્રેન્ચ રાષ્ટ્રીયતાનું અનુસરણ કરનારે એટલે કે પારિસવાસીએ સુરુચિતાના ઢાંચામાં ઢળાવાનો પ્રારંભ કરી દીધો હતો. ક્રાંતિ તે ઉદાસતાની વારસ હતી. હવે જંગલીમાં જંગલી ફ્રેન્ચ પુરુષ પાસે સુવર્તન હશે, રીતભાત હશે, વાક્છટા હશે, વિચારો પણ હશે અને સંપૂર્ણ સુરુચિપૂર્ણ દેખાવ પણ હશે. પણ આ બધામાં તેનું અસ્તિત્વ, તેનો આત્મા કે તેનું અંતર કશોય ભાગ ભજવતું નહિ હોય. તેને આ સઘળું વારસામાં પ્રાપ્ત થયું છે. તેઓ તો છીછરામાં છીછરા હોય છે, નિમ્નમાં નિમ્ન હોય છે અને આસ્ત્લે, હું ચોક્કસપણે કહીશ કે સુંદર, બુદ્ધિમાન, અતિ કૃત્રિમ નહિ તેવી રશિયન યુવતી

જેવી અતિનિખાલસ અને વિશ્વાસુ વ્યક્તિ આ પૃથ્વી પર કોઈ નથી. દ ગ્રિયક્ષ, બહારથી પ્રતિષ્ઠાનો દેખાવ કરતો, ડોળ કરતો દ ગ્રિયક્ષ અનન્ય સરળતાથી તેનું હૃદય કદાચ જીતે. તે અતિ સુરુચિપૂર્ણ દેખાય છે અને આ યુવતી તે સુરુચિતાને તેના ખુદના આત્માની સૂરત, તેના આત્મા તથા હૃદયનું સ્વાભાવિક સ્વરૂપ માની લે છે, તેને વારસામાં મળેલો નકાબ નહિ. તને ન ગમે તોય મારે કહેવું પડશે કે મોટા ભાગના અંગ્રેજો જડ અને અનાકર્ષક હોય છે અને રશિયનો સૌંદર્ય પ્રત્યે અતિ સંવેદનશીલ હોય છે, તેમનામાં તેની અભિરુચિ પણ હોય છે, પણ આત્માના સૌંદર્ય અને મૂળગત ચારિત્ર્યનો ભેદ પામવા માટે અમારી સ્ત્રીઓ, વિશેષ કરીને અમારી યુવતીઓ પાસે છે તેના કરતાંય સવિશેષ સ્વાતંત્ર્ય અને મુક્તિ વ્યક્તિ પાસે હોવાં જોઈએ. અને કોઈ પણ હિસાબે વિશેષ અનુભવ તો હોવો જોઈએ. મને માફ કરજે, પણ જે કથ્યું તે વણકથ્યું થઈ શકતું નથી, પણ આ રીતે જોતાં પેલા હરામખોર દ ગ્રિયક્ષ કરતાં તને પસંદ કરવાનો નિર્ણય લેતાં પોલિનાને ખૂબ, ખૂબ લાંબો સમય લાગશે. તે તારી યોગ્યતા પ્રશંસશે, તારી મિત્ર બનશે, તારી પાસે હૃદય ખોલશે, છતાં પણ તેના અંતર પર તો સામ્રાજ્ય હશે પેલા ઘૃણાસ્પદ દુષ્ટ, હરામખોર, તુચ્છ, ધનલોભી દ ગ્રિયક્ષનું જ. મારે મન, આ હજી પણ નરી અકડાઈ તથા દર્પને કારણે ચાલુ જ રહેશે, કારણ કે આ જ દ ગ્રિયક્ષ એક વાર સંસ્કારી ઉમરાવનો, સંમોહમુક્ત ઉદાર વ્યક્તિનો, તેના કુટુંબને તથા બેજવાબદાર જનરલને સહાય કરતાં ઘસાઈ ગયેલ વ્યક્તિનો (કહેવા પૂરતા) જાદુ લઈને તેની પાસે આવ્યો હતો. આ બધાં કપટ તો પાછળથી ખુલ્લાં પડી ગયાં, પણ તે ખુલ્લી પડી ગયાનો કશો જ વાંધો નથી. તેને તો આપો તે જ પુરાણો દ ગ્રિયક્ષ. તેની તે જ ઝંખા છે. અત્યારના દ ગ્રિયક્ષનો જેટલો વધુ તિરસ્કાર તે કરે છે તેટલો જ વધુ તે પુરાણા દ ગ્રિયક્ષને ઝંખે છે. ભલેને, પછી તે પુરાણો દ ગ્રિયક્ષ માત્ર તેની કલ્પનામાં વસતો હોય ! તું તો છે માત્ર ખાંડ બનાવનારો આસ્ત્લે ખરુંને ?'

'હા. હું ખાંડ બનાવનાર પ્રસિદ્ધ પેઢી લોવેલ ઍન્ડ કંપનીનો ભાગીદાર છું.'

'તો પછી, આસ્ત્લે, જરા સમજ. એક બાજુ છે ખાંડ બનાવનાર અને બીજી બાજુ ઉદાર કલા-સૌંદર્યનો ઉપાસક. બેની વચ્ચે કશો જ મેળ નથી. અને હું તો ખાંડ બનાવનારો પણ નથી. હું તો છું જુગારના ટેબલ પર જુગાર રમનારો તુચ્છ જુગારી અને હું તો નોકર તરીકે પણ રહી ચૂક્યો છું. આ હકીકત કદાચ કુમારી પોલિના પણ જાણતી હશે, કારણ કે તેની પાસે નિપુણ સંશોધકો છે.'

'તારામાં કટુતા છે એટલે જ તું આવો બકવાસ કરે છે' આસ્ત્લેએ જાણીજોઈને સ્વસ્થતાથી કહ્યું, 'અને વળી તું જે કહે છે તેમાં નવું કશું નથી.'

'કબૂલ ! પણ મારા ઉદાર મિત્ર, ભયંકર વાત તો એ છે કે મારા આ સહુ આક્ષેપો ગમે તેટલા પુરાણા, ચવાઈ ગયેલા, વિચિત્ર હોય પણ તે સત્ય છે ! મેં અને તેં કશું જ પ્રાપ્ત કર્યું નથી.'

'તે અધમ બકવાસ છે. કારણ... કારણ... હું તને કહી જ દઉં,' આસ્ત્લેએ કંપતા સ્વરે કહ્યું. ત્યારે તેની આંખોમાં રોષ હતો. 'ઓ કૃતઘ્ની અને અયોગ્ય દુષ્ટ, ઓ દુઃખી વામણા પુરુષ, હું તને કહી જ દઉં કે તેના જ સૂચનથી હું હેમ્બર્ગ આવ્યો. તને મળવા, તારી સાથે લાંબી, નિખાલસ વાતો કરવા અને પછી તું શું માને છે, વિચારે છે અને શી આશા રાખે છે તે તેને કહેવા અને... યાદ રાખજે !'

'ખરેખર ? ખરેખર ?' મેં રાડ પાડી અને મારી આંખોમાંથી આંસુ છલક્યાં, કારણ કે હું માનું છું કે મારી જિંદગીમાં પહેલી જ વાર હું તેમને ન રોકી શક્યો.

'હા, ઓ દુઃખી માનવી. તે તને ચાહતી હતી અને આવું હું તને કહી શકું છું, કારણ કે તું ખોવાયેલો આત્મા છે. વળી, હું તને એમ જો કહું કે આજે પણ તે તને ચાહે છે તોય તું અહીં જ રહેવાનો, સમજ્યો ? હા, તેં તારો સર્વનાશ જાતે જ નોતર્યો છે. તારી પાસે કૈં કેટલી શક્તિઓ હતી,

ઉત્સાહી મન હતું અને તું ખરાબ માણસ નહોતો. કદાચ, તું તારા દેશને પણ કૈંક ઉપયોગી નીવડ્યો હોત, એ દેશને કે જ્યાં લોકોની ખોટ છે. પણ... તું અહીં જ રહીશ અને તારી જિંદગી ખતમ. હું તને દોષ નથી દેતો, પણ મારે મન બધા જ રશિયનો આવા જ હોય છે અથવા તેમનું વલણ આવું હોય છે, પછી ભલે તે જુગાર ન હોય, પણ તે તેના જેવું જ બીજુ કૈં હોય છે. આમાં અતિ જૂજ અપવાદો છે. પરિશ્રમ એટલે શું તે નહિ સમજનારો તું પહેલો જ નથી. હું તારા ખેડૂતોની વાત નથી કરતો. જુગારની આ રમત એ મુખ્યત્વે રશિયન રમત છે. અત્યાર સુધી તું પ્રામાણિક હતો અને તેં ચોર બનવાને બદલે નોકર થવું પસંદ કર્યું, પણ ભવિષ્યમાં શું બનશે તેનો મને ભય છે. બસ, આવજે ! તારે તો પૈસાની જરૂર છે ને ? આ રહ્યા તારે માટે દસ લ્યુઈસ ડૉલર[1]. હું તને વધારે નહિ આપું, કારણ કે તું ગમે તેમ પણ તે ગુમાવવાનો જ. લે લઈ લે અને આવજે. લે લઈ લે !'

'ના, આસ્ત્લે, અત્યારે જે કૈં સાંભળ્યું તે પછી તો નહિ જ...'

'લઈ લે,' તે ગર્જ્યો. 'મને ખાતરી થઈ છે કે તું હજી સજ્જન છે અને એક સાચો મિત્ર અન્ય મિત્રને આપે તેમ આ હું આપું છું. જો મને ખાતરી થઈ હોત કે તું સત્વરે જ જુગાર છોડી દઈ, હેમ્બર્ગ છોડી દઈ તું સ્વદેશ જાત તો તને નવી કારકિર્દી શરૂ કરવા હું સત્વરે તને દસ હજાર પાઉન્ડ આપવા તૈયાર થયો હોત. પણ હું તને દસ હજાર પાઉન્ડ નથી આપતો, માત્ર દસ લ્યુઈસ ડૉલર જ આપું છું; કારણ કે અત્યારે દસ હજાર પાઉન્ડ કે દસ લ્યુઈસ ડૉલર તારે મન તો સરખા જ છે. તેનાથી કંઈ ફેર પડતો નથી. તું બધા ગુમાવી દઈશ. લે અને આવજે !'

'હું તે લઈશ, જો તું મને છૂટા પડતાં તને ભેટવા દઈશ તો.'

'અરે, હું આનંદથી તને ભેટીશ.'

અમે ઉષ્માસહ ભેટ્યા અને આસ્ત્લે ચાલ્યો ગયો.

---

૧. ફ્રેન્ચ સોનાના સિક્કા – વીસ ફ્રાન્કના મૂલ્ય જેટલા

ના, તે ખોટો છે ! જો હું પોલિના અને દ ગ્રિયક્ષ અંગે કઠોર અને મૂર્ખ હતો તો તે રશિયનો અંગે કઠોર તથા મૂર્ખ હતો. હું મારે વિશે વાત નથી કરતો. છતાંય... છતાંય અત્યારે તો તે વાત અર્થહીન છે. તે માત્ર શબ્દો, શબ્દો અને શબ્દો છે અને અમારે જે જોઈએ છે તે તો કામ ! હવે મુખ્ય મુદ્દો છે સ્વિત્ઝર્લેન્ડ ! તો પછી આવતી કાલે – જો માત્ર આવતી કાલે જવું શક્ય હોય તો! મારે ફરી જિંદગી જીવવી જોઈએ, ફરી ઊભા થવું જોઈએ. મારે તેમને બતાવી આપવું જોઈએ. પોલિના ય જાણે કે હજી હું માણસ બની શકું છું. મારે માત્ર જરૂર છે... પણ હવે ઘણું મોડું થયું, પણ આવતી કાલે... ઓહ, મારી પાસે ભાવિની દષ્ટિ છે અને તે જુદી હોઈ જ ન શકે ! મારી પાસે અત્યારે પંદર લ્યુઈસ ડૉલર છે અને પંદર ગલ્ડનથી મેં પ્રારંભ કર્યો હતો... જો હું કાળજીપૂર્વક પ્રારંભું તો... અને ચોક્કસ હું અસાવધતાથી ન વર્તી શકું. સાચે જ, હું બાળક જેવો ન થઈ શકું. સાચે જ, હું સમજી શકું છું કે હું ખતમ થઈ ગયો છું ! પણ હું ફરી ઊભો કેમ ન થઈ શકું ? હા, મારી જિંદગીમાં એક વાર માટે માત્ર શાણા અને ધૈર્યવાન થવું જોઈએ – બસ, એટલું જ ! એક વાર માટે માત્ર દઢ ઊભા રહેવું જોઈએ અને હું એક કલાકમાં મારી નિયતિનો સમગ્ર ક્રમ બદલી શકું ! મુખ્ય વાત છે સંકલ્પબળની. મારા આ સર્વનાશ પહેલાંનો, સાત મહિના પહેલાંનો રૂલેટ્ટનબર્ગનો બનાવ યાદ કરવાની જ માત્ર જરૂર છે. ઓહ ! દઢનિર્ણયની તે નોંધપાત્ર ઘટના હતી. ત્યારે મેં બધું જ ગુમાવ્યું હતું, બધું જ... જ્યારે હું સ્ટેશનમાંથી બહાર નીકળતો હતો ત્યારે મેં જોયું અને મારી બંડીના ખિસ્સામાં માત્ર એક ગલ્ડન હતો. 'હવે હું મારું ખાણું લઈ શકીશ.' મેં વિચાર્યું પણ સો એક ડગલાં ચાલ્યા પછી મેં વિચાર બદલ્યો. હું પાછો ગયો. મેં તે ગલ્ડન માન્કવે પર લગાવ્યો. (ત્યારે માન્કવે નીકળ્યો.) અને ત્યારે, જ્યારે તમે વિદેશમાં, વતન તથા મિત્રોથી દૂર, એકલા હો, તે દિવસે શું ખાશો તે પણ ન જાણતા હો અને તમે તમારો છેલ્લો, એક માત્ર છેલ્લો ગલ્ડન હોડમાં લગાવી દો ત્યારે ખરેખર એક વિશિષ્ટ લાગણી અનુભવાય છે !

હું જીત્યો અને વીસ મિનિટ પછી ખિસ્સામાં એકસો સિત્તેર ગલ્ડન સાથે મેં સ્ટેશન છોડ્યું. આ હકીકત છે. તમે જુઓ કે વ્યક્તિનો અંતિમ ગલ્ડન પણ ક્યારેક કેવો ઉપયોગી નીવડે છે ! અને ત્યારે મેં મારી હિંમત ખોઈ હોત, મેં નિર્ણયનું સાહસ ન કર્યું હોત તો શું થાત ?

આવતી કાલે, આવતી કાલે આ સઘળાનો અંત આવશે !

●●●

પ્રવાહી અનુવાદ

– વિજય શાસ્ત્રી

પ્રસિદ્ધ રશિયન નવલકથાકાર ફ્યોદોર દોસ્તોયેવ્સ્કીની 'ધ ગૅમ્બલર' નવલકથાનો ગુજરાતી અનુવાદ વિદગ્ધ ભાવકમાં પણ પ્રથમ વાચને મિશ્ર પ્રત્યાઘાત જન્માવે તેવો છે. દોસ્તોયેવ્સ્કીની નવલકથાઓ બે રીતે લખાયેલી છે. એક : સિસૃક્ષાના પ્રબળ ઉદ્રેકમાંથી લખાયેલી. (જેમાં 'ક્રાઈમ ઍન્ડ પનિશમેન્ટ', 'બ્રધર્સ કેરેમેઝોફ' અને 'ઈડિયેટ'નો સમાવેશ થાય) બે : આજીવિકાના હેતુથી લખાયેલી. (જેમાં 'એન અનયુઝઅલ ઈવેન્ટ, 'પુઅર પીપલ', 'અ નાસ્ટી સ્ટોરી' અને આ 'ગૅમ્બલર'નો સમાવેશ થઈ શકે)

'જુગારી'નો નાયક ઍલેક્સિસ ઈવાનોવિચનો આખો કિસ્સો કૃતિના કેન્દ્રમાં છે. રૂઢ નવલકથાઓના જેવી ઘટનાઓની આનુપૂર્વી, કાર્યકારણ-સમ્બન્ધ અને રેખાયિત વસ્તુવિકાસ જેવી લાક્ષણિકતાઓ અહીં પણ મોજૂદ છે. પરંતુ તેમનું કાર્ય, સ્વરૂપ અને પ્રભાવ રૂઢ નવલકથા કરતાં વિલક્ષણ સ્વરૂપનો હોવાનું અનુભવાય છે; તેમાં જ દોસ્તોયેવ્સ્કીની બિન-સમાન્તરતા વાંચી શકાય. ઉપર જે 'મિશ્ર' પ્રતિભાવનો નિર્દેશ કર્યો તે આ અર્થમાં. એક તરફ રૂઢ ઓજારોનો વિનિયોગ અને બીજી તરફ અરૂઢ પ્રભાવનું નિષ્પાદન, અસંગતિ, નાયકની વિ-નાયકતા, માનવી હોવું એટલે કશા સુનિશ્ચિત પરિમાણની બહારની, અવ્યાખ્યેય નિયતિનો પર્યાય હોવું અને ક્ષણોમાંથી પસાર થતાં અકલ્પ્ય સ્વરૂપાંતર અનુભવવું એ દોસ્તોયેવ્સ્કીનું, રૂઢ પરિભાષા વાપરીને કહીએ તો 'દર્શન' છે.

'જુગારી'નો સમગ્ર કથાપ્રપંચ આભાસી સરળતા દાખવે છે. પ્રથમ વાચને સાવ તાલમેલિયો જણાતો ઘટનાક્રમ લેખકના અભિપ્રેતને પ્રતીકાત્મક રૂપે વ્યંજિત કરતો હોય છે. વિગતોની ઝાઝી આળપંપાળમાં નહીં પડીએ તો પણ જે મુખ્ય અને સાદ્યન્ત વહેતો કથાતંતુ છે તે અત્યંત વિલક્ષણ સંકેતો ધરાવે છે. કથાનાયક એલેક્સિસ ઈવાનોવિચ અઠંગ જુગારી છે. તે જુગાર રમે છે. પણ કોઈક બીજા – પોલિના – ને ખાતર. આ ઘટનાનો સંકેત એ છે કે માનવી પોતાની જિંદગી પોતાને માટે નહીં પણ બીજાને માટે જીવે છે અને તેનું પરિણામ અનિશ્ચિત છે. આ ઍબ્સર્ડ અસ્તિત્વનો સંકેત અહીં સાંપડે છે. લેખક કદાચ સૂચવવા માંગે છે કે આધુનિક માનવીના સમગ્ર કર્તૃત્વના પાયામાં કોઈક પરાયો, સ્વથી ઇતર એવો, હેતુ રહેલો છે. તે અઢળક ધન જીતે છે પણ જીતેલી સંપત્તિ પર તેનો કશો અધિકાર નથી ! આમ, કર્તૃત્વ અને અધિકારનો વિચ્છેદ તેની નિયતિ છે. ઈવાનોવિચે જીતેલી સંપત્તિ પર અધિકાર છે પોલિનાનો પણ એ પોલિનાની પોતાની કહેવાતી, 'અધિકૃત' સંપત્તિ પણ તેના પોતાના કર્તૃત્વનું પરિણામ નહીં હોવાથી બિનઅધિકૃત બની રહે છે ! આમ, વ્યવહારુતા અને નૈતિકતા તેમજ કર્તૃત્વ અને સ્વામીત્વની ત્રિજ્યાએ પરસ્પરને છેદે છે.

પોલિના અને એલેક્સિસનાં પાત્રોની પ્રકૃતિ પરસ્પરથી ભિન્ન છે એટલું જ નહીં, વિરોધી પણ બને છે. જેમ કે એલેક્સિસ સંપત્તિ (જુગારમાં) રળે છે પણ તેનો અધિકારી તે પોતે નથી તો પોલિના સંપત્તિની અધિકારિણી બને છે પણ તે સંપત્તિ તેણે પોતે રળેલી નથી. ભારતીય અધ્યાત્મની પરિભાષા વાપરીને કહીએ તો કર્મ કરે છે તે ફળનો અધિકારી નથી અને ફળનો અધિકારી છે તેણે કર્મ કર્યું નથી ! આમ, ઘટના એક જ છે. (ધન કમાવાની) પણ તેનાં પરિમાણો અને પરિણામો બંને પાત્રો માટે અલગ-અલગ બની રહે છે. આ પ્રકારની માનવીય અસ્તિત્વગત અસંગતિનો નિર્દેશ 'જુગારી'ની કેન્દ્રવર્તી ઘટનામાંથી સાંપડે છે.

આવો આ કથાનાયક પોતાની આ પ્રકારની પરાયાપણાની લાગણીથી પૂરો સભાન છે અને તેની એવી સભાનતા તેની વેદનાનો પર્યાય

બની રહે છે. જુગારની રમતની સમગ્ર ઘટના કથાનાયક થકી જ ઘટે છે છતાં તે Proxyથી રમતો હોવાથી તેની સાથે તેનો જે અ-લગાવ ઉત્પન્ન થાય છે તે સૂચક છે. માનવી જે પ્રવૃત્તિના તારે તાર સાથે ઓતપ્રોત થઈ ચૂક્યો હોય, જે પ્રવૃત્તિની સ્થૂળતાએ તેને સંપૂર્ણપણે ગ્રસી લીધો હોય એ પ્રવૃત્તિ સાથે જ તેને કશું આંતરિક સંધાન ન હોય, એ પ્રવૃત્તિ માટે તે outsider બની રહેતો હોય એ વક્રતા ઉપસાવીને કામૂ પૂર્વે જુદા જ પ્રકારનો outsider ઍલેક્સિસના પાત્રમાં આપણને અહીં મળ્યો છે.

દાદીમા, જનરલ આત્સ્લે, પોલિના, દ ગ્રિયક્ષ જેવાં પરિઘ પરનાં પાત્રોનું ચરિત્ર પણ દોસ્તોયેવ્સ્કીએ સાભિપ્રાયતાપૂર્વક પૂરી સ્પર્શક્ષમતાથી અને છતાં એક પરિમાણી રીતિએ આલેખ્યું છે. આ તમામ પાત્રોનાં વ્યક્તિત્વોમાં કશો આધ્યાત્મિક કે ચૈતસિક ઉઘાડ-વિકાસ વરતાતો નથી એ જોઈને કોઈને કદાચ આપણો ગુજ્જુ નવલકથાકાર યાદ આવે, કેમકે અપવાદ બાદ કરતાં ગુજરાતી નવલકથાનાં પાત્રો પણ ઝાઝી વિકાસશીલતા અને ખાસ તો કશી અ-કળ-તા દાખવતાં નથી. સકળ પુરુષ પણ આપણી નવલકથામાં અ-કળ નથી હોતો. તરત કળી શકાય તેવી ગતિવિધિ તે (સર્જકદીધી) દાખવે છે. પણ દોસ્તોયેવ્સ્કીની બાબતમાં મૂળ પાત્રોની મૂઢતા અને સ્થૂળતા લેખકની અ-શક્તિનું નહીં પણ સાભિપ્રાય સશક્તતાનું ફળ હોય છે. ઍલેક્સિસ જેવો સંવેદનપટુ માણસ પ્રવૃત્ત બન્યો તો છે, પણ તે કોનો માટે ? પોલિના, દાદીમા, જનરલ, આત્સ્લે પેલો councillor Hintze જેને લેખક - A scoundrel કહી* ઓળખાવે છે તેને માટે ! આમ, મૂઢ અને છતાં ધૂર્ત માનવીઓ માટે આ વિલક્ષણ પ્રતિભાશીલ કથાનાયક પોતાના સમગ્ર અસ્તિત્વને હોડમાં મૂકતો રહે છે એ પણ એક કરુણ-વક્રતા પ્રતીક થાય છે.

---

* જુઓ મૂળ પુસ્તકનું પાનું : 153

'ધ ગૅમ્બલર'નો આ ઉપરાંત જે ધ્વનિ છે તે અનેકવિધ અને અનંત શક્યતાઓથી સભર એવા માનવીય જીવનના કશીક એક જ અને તુચ્છ પ્રવૃત્તિમાં થતા રહેલા હ્રસ્વીકરણ - Reduction-નો કથાનાયક અઠંગ જુગારી તરીકે પોતાના જીવનને ઢાળી દે છે ત્યારે તેના માનવવ્યક્તિત્વનાં અન્ય તમામ પાસાંઓના આપોઆપ નિષેધ થઈ જાય છે. આ માનવીય વ્યક્તિત્વના હ્રસ્વીકરણની વાત તેમણે એક પાત્રના મુખે કહેવડાવી છે –

'You have become insensible. You've not only renounced life. your own interests and those of society, your duty as a man and a citizen, your friends. You've not only renounced every aim whatever in life, except winning at roulette - you have renounced your memories.' (Penguin Classicsમાં પ્રગટ થયેલી 'The Gambler' અંગ્રેજી અનુવાદક Jessie Coulson : 1966ની આવૃત્તિના પૃ. 157 પરથી આ પરિચ્છેદ લીધો છે. – વિ.)

ગુજરાતી અનુવાદ, મૂળ સાથે રાખીને વાંચતાં, અમુક ક્લિષ્ટતાઓ બાદ કરતાં ઠીક ઠીક પ્રવાહિતા ધરાવતા લાગે છે. કેટલાક વિશિષ્ટ શબ્દોના અર્થ અનુવાદકે કાળજીપૂર્વક પાદટીપમાં દર્શાવ્યા છે. માનવજીવનની નિયતિ અને તજ્જન્ય વિસંગતતાઓને પાત્રો અને પ્રસંગો વડે રૂપબદ્ધ કરીને વાયવી દર્શનને પણ એક Density આપવાનું જે સામર્થ્ય દોસ્તોયેવ્સ્કી પાસે છે એ આપણા ગુજ્જુ કથાકારોને પ્રાપ્ત થાય – પહોંચે તો આવા અનુવાદો વધુ લેખે લાગશે.

●●●

પ્રવાહી અનુવાદ

'જુગારી'નો સમગ્ર કથાપ્રપંચ આભાસી સરળતા દાખવે છે. પ્રથમ વાચને સાવ તાલમેલિયો જણાતો ઘટનાક્રમ લેખકના અભિપ્રેતને પ્રતીકાત્મક રૂપે વ્યંજિત કરતો હોય છે. વિગતોની ઝાઝી આળપંપાળમાં નહીં પડીએ તોપણ જે મુખ્ય અને સાદ્યન્ત વહેતો કથાતંતુ છે તે અત્યંત વિલક્ષણ સંકેતો ધરાવે છે. કથાનાયક એલેક્સિસ ઈવાનોવિચ અઠંગ જુગારી છે. તે જુગાર રમે છે. પણ કોઈક બીજા - પોલિના - ને ખાતર. આ ઘટનાનો સંકેત એ છે કે માનવી પોતાની જિંદગી પોતાને માટે નહીં પણ બીજાને માટે જીવે છે અને તેનું પરિણામ અનિશ્ચિત છે. આ ઍબ્સર્ડ અસ્તિત્વનો સંકેત અહીં સાંપડે છે. લેખક કદાચ સૂચવવા માંગે છે કે આધુનિક માનવીના સમગ્ર કર્તૃત્વના પાયામાં કોઈક પરાયો, સ્વથી ઇતર એવો, હેતુ રહેલો છે. તે અઢળક ધન જીતે છે પણ જીતેલી સંપત્તિ પર તેનો કશો અધિકાર નથી ! આમ, કર્તૃત્વ અને અધિકારનો વિચ્છેદ તેની નિયતિ છે. ઈવાનોવિચે જીતેલી સંપત્તિ પર અધિકાર છે પોલિનાનો પણ એ પોલિનાની પોતાની કહેવાતી, 'અધિકૃત' સંપત્તિ પણ તેના પોતાના કર્તૃત્વનું પરિણામ નહીં હોવાથી બિનઅધિકૃત બની રહે છે ! આમ, વ્યવહારુતા અને નૈતિકતા તેમજ કર્તૃત્વ અને સ્વામીત્વની ત્રિજ્યાએ પરસ્પરને છેદે છે.

– વિજય શાસ્ત્રી